ચેતન ભગત

રેવોલ્યુશન 2020



VISIT…

LANZAROTE
Caliente.COM

એક સમયની વાત છે. ભારતના એક નાના શહેરમાં બે છોકરા રહેતા હતા. બંને બુદ્ધિશાળી હતા, પણ બુદ્ધિનો ઉપયોગ એમણે જુદા જુદા માર્ગે કર્યો.

એકને પૈસા કમાવવા હતા.

બીજાને ક્રાંતિ કરવી હતી.

બંનેની સમસ્યા એક જ હતી. બંને એક જ છોકરીને પ્રેમ કરતા હતા.

'રૅવૉલ્યુશન ૨૦૨૦'માં તમારું સ્વાગત છે! આ કથા છે બાળપણનાં ત્રણ મિત્ર – ગોપાલ, રાઘવ અને આરતીની. જે પ્રેમ, ખુશી અને સફળતા મેળવવા મથે છે, પણ જે સમાજ ભ્રષ્ટાચારને વધાવે છે. એમાં આવાં સપનાં સહેલાઈથી પૂરાં થતાં નથી.

અન્યાયી અને ભ્રષ્ટાચારી સિસ્ટમની સામે ગોપાલે પરાજય સ્વીકારી લીધો, પણ રૂઘવે પોતાની લડાઈ ચાલુ રાખી. છેવટે જીત કોની થશે?

બસ્ટ સેલિંગ નવલકથાઓ – '૩ મિસ્ટેક્સ ઓફ માય લાઈફ' અને '૨ સ્ટેટ્સ'ના લેખક, ભારતના હૃદયસમા પ્રદેશમાંથી એક નવી, રોમાંચક કથા લઈને ફરી તમારી સામે આવ્યા છે તો તમે તૈયાર છોને, રેવોલ્યુશન માટે?

રેવૉલ્યુશન 2020

ચેતન ભગત, ચાર બેસ્ટસેલર નવલકથાઓ જેવી કે – **'ફાઈવ પૉઈન્ટ સમવન'**(૨૦૦૪), **'વન નાઈટ @ ધ કૉલ સેન્ટર'** (૨૦૦૫), **'ધ થ્રી મિસ્ટેક્સ ઑફ માય લાઈફ'** (૨૦૦૮) અને **'2 સ્ટેટ્સ : ધ સ્ટોરી ઑફ માય મૅરેજ** (૨૦૦૯)'ના લેખક છે.

ચેતનનાં પુસ્તકો પ્રકાશિત થતાંની સાથે જ બેસ્ટસેલર બની જાય છે અને આ પુસ્તકોના આધારે બોલિવુડની ફિલ્મો પણ બની છે. 'ન્યૂયૉર્ક' ટાઈમ્સે તો ચેતનને 'ધ બિગેસ્ટ સેલિંગ ઈંગ્લિશ લૅન્ગ્વેજ નૉવેલિસ્ટ ઈન ઈન્ડિયાઝ હિસ્ટરી' કહીને પોંખ્યો છે. જ્યારે 'Time' મૅગેઝિને તેને 'વિશ્વના એક્સો વગદાર માણસો'માં ગણાવ્યો છે. યુ.એસ.એ.ની ફાસ્ટ કંપનીએ '100 મોસ્ટ ક્રિએટિવ પીપલ ઈન બિઝનેસ'માં નોંધપાત્ર સ્થાન આપ્યું છે.

ચેતન અગ્રિમ એવાં અંગ્રેજી અને હિન્દી અખબારોમાં યુવાવર્ગ અને રાષ્ટ્રીય વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરતા લેખો લખે છે. પોતે પ્રેરણા અને પ્રોત્સાહન આપતો સારો વક્તા પણ છે.

૨૦૦૯માં ચેતને 'ઈન્ટરનેશનલ ઈન્વેસ્ટમેન્ટ બૅન્કિંગ'ની કારકિર્દી છોડીને પૂર્ણપણે લેખનકાર્ય કરી સમાજમાં હકારાત્મક પરિવર્તનની આશા રાખી છે. મુંબઈમાં તે પત્ની અનુષા જે IIM-A ખાતે પોતાની ક્લાસમેટ હતી – અને બે જોડિયા પુત્રો શ્યામ અને ઈશાન સાથે રહે છે.

ચેતન વિશે વધુ જાણકારી માટે www.chetanbhagat.com અથવા info@chetanbhagat.com પર Email કરો.

ચેતન ભગત એટલે...

ઘણા લેખકો પોતાના હૃદયની વાતને અથવા એક ચોક્કસ મુદ્દાને કલાત્મક રીતે સફળતાપૂર્વક રજૂ કરતા હોય છે. ચેતન ભગતના પુસ્તકો આ બંને કાર્યો સારી રીતે કરે છે.

– એ. આર. રહેમાન,
Time મૅગેઝિન

ભારતના ઊગી રહેલા-વિકસી રહેલા એક એન્ટ્રેપ્રિન્યોરિયલ વર્ગનો આગવો અવાજ.

– ફાસ્ટ કંપની મૅગેઝિન

ભારતનો પેપરબૅક કિંગ.

– ધી ગાર્ડીયન

ભારતીય ઈતિહાસમાં સૌથી વધુ વેચાતો નવલકથાકાર.

– ધ ન્યૂયૉર્ક ટાઈમ

ભારતીય પ્રકાશનક્ષેત્રનો રૉકસ્ટાર.

– ધ ટાઈમ્સ ઑફ ઈન્ડિયા

ચેતન ભગતે ભારતીય યુવા વાચકવર્ગના દિલ અને દિમાગનો સ્પર્શ કરી તેમને પુસ્તક સાથે જકડી રાખ્યા છે.

– ઈન્ટરનેશનલ હેરલ્ડ ટ્રિબ્યુન

રેવોલ્યુશન 2020

પ્રેમ-ભ્રષ્ટાચાર-મહત્ત્વાકાંક્ષા

ચેતન ભગત

અનુવાદ : વર્ષા પાઠક

amazon publishing

Kindle version published by Amazon Publishing, Seattle
www.apub.com

eISBN: 9781542096027

અર્પણ

મારી માતાને

વારાણસીને

પવિત્ર નદીને

ભારતીય વિદ્યાર્થીને

આભાર

આ બધાનો આભાર માનું છું : મારા વાચકો, જેમણે મને પ્રેમ અને આધાર આપ્યો.

ભગવાન, જે મારું ધ્યાન રાખે છે.

શાઈની એન્ટની, જે મારાં પુસ્તકોના પહેલા રીડર અને ઍડિટર છે.

અનુભા બંગ, જેણે આ પુસ્તક લખવામાં દરેક તબક્કે સહાય કરી.

નૂતન બેન્દ્રે, નિહારિકા ખન્ના, માઈકલ પરેરા, પ્રતીક ધવન, ઝીતીન ધવન અને અનુરાગ આનંદ, જેમણે કથા માટે મહત્ત્વનાં સૂચનો આપ્યાં.

સૌરભ રૂંગટા અને કિશોર શર્મા, જેમણે રિસર્ચમાં મારી મદદ કરી.

વારાણસીના અદ્‌ભુત લોકો.

મારી યાત્રા દરમિયાન મળેલા લોકો, જેમણે મારા દેશને વધુ સારી રીતે સમજવામાં મને સહાય કરી.

મારી માતા રેખા, પત્ની અનુશા, ભાઈ કેતન, તમે મારા જીવનમાં છો, એ જ મોટી વાત છે.

મારા પુત્રો ઈશાન અને શ્યામ, જ્યારે મને થોડી ઉદાસી કે મૂંઝવણ નડે, ત્યારે એ કહે છે, ‘ઈટ્સ ઓકે, ડેડી.’

ટ્વીટર અને ફેસબુક પરનો મારો બીજો પરિવાર.

રૂપા ઍન્ડ કંપની, મારા પ્રકાશક.

ફિલ્મ સર્જકો, જે મારી કથાઓને મોટા પડદા સુધી લઈ ગયા.

અને ફરી એક વાર તમે, મારા પ્રિય વાચકો, જે ક્રાંતિ જોવા ઝંખો છો.

આમુખ

'મને આશા છે કે તમે જ નહીં, આપણો આખો દેશ આ ચિનગારીને તપતી, ઝબકતી રાખશે. આવું બોલવું પણ કેટલું સારું લાગે છે કે, હું કરોડો ચિનગારીઓની ભૂમિ પર જન્મ્યો છું. થૅંક્યુ.'

વારાણસીના તિલક સભાગૃહમાં મારું પ્રવચન પૂરું થયું. તાળીઓ અને વ્હિસલના અવાજ ગૂંજી ઊઠ્યા. સિક્યુરિટી વૉલન્ટિયર્સ તરીકે ફરજ બજાવતા યુવાનો મારી આસપાસ સાંકળ બનાવીને મને સહીસલામત હૉલની બહાર લઈ ગયા.

'થૅંક્યુ સો મચ, સર.' મારી પાછળ કોઈનો અવાજ આવ્યો. મેં ફરીને જોયું તો મારા યજમાન ઊભા હતા, 'મિસ્ટર મિશ્રા, હું તમને જ શોધતો હતો.' મેં કહ્યું.

'પ્લીઝ, મને ગોપાલના નામે જ બોલાવજો. આપણી કાર ત્યાં ઊભી છે.'

ગંગાટેક કૉલેજના યુવાન ડિરેક્ટર ગોપાલ મિશ્રાની સાથે હું બહાર નીકળ્યો. એમની બ્લેક મર્સિડીઝ કારમાં બેસીને અમે ગીચ વિદ્યાપથ રોડ વટાવી ગયા.

'તો તમે અહીંનાં મંદિરો અને ઘાટ જોઈ લીધા?' ગોપાલે પૂછ્યું અને પછી તરત ઉમેર્યું, 'વારાણસીમાં એના સિવાય બીજું છે પણ શું?'

'હા, સવારે પાંચ વાગે ઊઠીને હું દશાશ્વમેધ ઘાટ અને વિશ્વનાથ મંદિરે પહોંચી ગયેલો. હું તો આ શહેરના પ્રેમમાં પડી ગયો છું.' મેં કહ્યું.

'વાહ, અને તમને વારાણસીમાં સહુથી વધુ શું ગમ્યું?'

'આરતી.'

'શું?' ગોપાલે આશ્ચર્યથી પૂછ્યું.

'ઘાટ પર વહેલી સવારે થતી આરતી! જિંદગીમાં પહેલી વાર મેં પરોઢિયે, નદીમાં તરતા મુકાયેલા આટલા દીવા જોયા. અદ્‌ભુત હતું એ દૃશ્ય.'

ગોપાલનાં ભવાં સંકોચાયાં.

'શું થયું? તમને વારાણસીની આરતીમાં કોઈ સૌંદર્ય નથી દેખાતું?'

'હા...હં... એની વાત નથી.' ગોપાલે તૂટક તૂટક શબ્દો ઉચ્ચાર્યા, પણ વધુ બોલ્યો નહીં.

'મને રમાડા હોટલ પર ઉતારી દેશો?' મેં પૂછ્યું.

'તમારી ફ્લાઇટ કાલે સવારે છે. આજે મારે ઘેર ડિનર માટે પધારો.' ગોપાલે કહ્યું.

'એવી ઔપચારિકતાની જરૂર નથી.'

'આ ઔપચારિકતા નથી. હું ખરેખર ઇચ્છું છું કે તમે મારે ઘેર આવો. ડિનર નહીં તો કમસેકમ ડ્રિન્ક મારી સાથે લો. દુનિયાની બેસ્ટ વ્હીસ્કી તમને પીવડાવીશ.'

મેં સ્મિત આપતાં માથું ધુણાવ્યું, 'થૅંક્યુ ગોપાલ, પણ હું વધુ પીતો નથી.'

'ચેતન સર, બસ એક ડ્રિન્ક? જેથી પછી હું લોકોને કહી શકું કે મેં 'ધ ચેતન ભગત,' ગ્રેટ ચેતન ભગત સાથે ડ્રિન્ક લીધું.'

હું હસી પડ્યો, 'આ કંઈ ગર્વ લેવા જેવી વાત નથી, પણ ડ્રિન્ક લીધા વિનાયે તમારે આવું કહેવું હોય તો છૂટ છે.'

'એમ નહીં. મારે ખરેખર તમારી સાથે બેસવું છે.' ગોપાલે આગ્રહ જાળવી રાખ્યો. મેં એની પાણીદાર, ધારદાર આંખોમાં જોયું. છેલ્લા છ મહિનામાં એણે મને અહીં આવવા માટે વીસ આમંત્રણ મોકલેલાં. છેવટે મારી પાસે હા પડાવીને જ એ જંપ્યો હતો. ગોપાલ લીધેલી જીદ મૂકે એવો નહોતો.

'સારું, એક ડ્રિન્ક.' મેં નમતું જોખી દીધું.

શહેરની બહાર લખનઉ હાઈવે પર દસ કિલોમીટરનું અંતર કાપીને અમે ગંગાટેક પર પહોંચ્યા. કૅમ્પસનું ગેટ ખોલીને ચોકીદારે સલામ કરી. કૉલેજના મેઇન બિલ્ડિંગ અને હૉસ્ટેલ જેવી જ ભૂખરા રંગની પથ્થરની દીવાલો ધરાવતા બંગલા પાસે પહોંચીને કાર ઊભી રહી. અમે ઘરની અંદર ગયા.

'ઘર તો બહુ સરસ છે.' મેં બ્રાઉન વૅલ્વેટ સોફા પર બેસતાં કહ્યું.

મારી નજર ઘરની ઊંચી છત પર ગઈ.

'થૅંક્યુ. બંગલાની ડિઝાઇન મારી છે. બાંધકામ ભલે કૉન્ટ્રાક્ટરે કર્યું, પણ પહેલેથી છેલ્લે સુધી ઝીણામાં ઝીણા કામ પર મારી નજર હતી.' ગોપાલે કહ્યું અને પછી રૂમના બીજે ખૂણે બનાવેલા બાર તરફ જતાં બોલ્યો, 'આ બંગલો એન્જિનિયરિંગ કૉલેજના ડિરેક્ટરનો છે. તમે તમારા દોસ્તો સાથે એક વાર આવી જ જગ્યા પર હલ્લો બોલાવેલોને?'

'તમને કોણે કહ્યું?' મેં પૂછ્યું.

'બધાંને ખબર છે. અમે તમારી ચોપડી વાંચેલી અને ફિલ્મ પણ જોઈ છે.'

અમે બંને હસી પડયા. ગોપાલે મારા હાથમાં વ્હીસ્કીનો ડબલ પૅગ ધરાવતો ક્રિસ્ટલ ગ્લાસ મૂકતાં કહ્યું, 'સિંગલ મૉલ્ટ, બાર વર્ષ જૂની વ્હીસ્કી છે.'

'મારી ચોપડીમાં હતો એવો આ ડિરેક્ટરનો બંગલો છે, પણ તમારે કોઈ દીકરી નથી. તમે તો હજી લગ્ન પણ નથી કર્યાં. આજ પહેલા મેં આટલી નાની ઉંમરનો કોઈ કૉલેજ ડિરેક્ટર નથી જોયો. શું છે તમારી વય?' મેં પૂછ્યું.

'છવ્વીસ વરસ.' ગોપાલે કહ્યું. એના અવાજમાં આછા ગર્વની છાંટ હતી, 'સહુથી નાનો ડિરેક્ટર છું અને સહુથી અભણ.'

'અભણ?'

'હા, હું ક્યારેય કોઈ કૉલેજમાં નથી ગયો.'

'શું?'

'હા. જોકે નામ પૂરતો એક કૉરસ્પૉન્ડન્સ કોર્સ કર્યો છે જેને એક જોક જ કહેવાય.'

'પણ આવડી મોટી કૉલેજ ખોલવી કોઈ જોક નથી.' મેં કહ્યું.

'ચેતનજી, અમારી કૉલેજમાં અત્યારે સોળસો વિદ્યાર્થી ભણે છે. વરસની ફી માથાદીઠ એક લાખ રૂપિયા! અમારું વાર્ષિક ટર્નઓવર સોળ કરોડ રૂપિયા છે. અને આજે તમારા હાથે એમબીએ કોચિંગનું ઉદ્ઘાટન થયું એ નવો બિઝનેસ છે.' ગોપાલ બોલ્યો.

મેં મારા ગ્લાસમાંથી નાનો ઘૂંટ ભર્યો. ગળામાંથી જાણે કોઈ ધગધગતું પ્રવાહી ઉતર્યાની લાગણી અનુભવી, 'ગોપાલ, તમારી પાસે બિયર કે વાઈન છે?' ખાંસી ખાઈને મેં પૂછ્યું.

ગોપાલનો ચહેરો સહેજ વીલો પડયો. હું એના બિઝનેસથી

પ્રભાવિત નહોતો થયો અને એની વ્હીસ્કી છોડીને સાદો બિયર માગી રહ્યો હતો.

'ન ભાવી હોય તો આપણે બ્લ્યુ લેબલની બૉટલ ખોલીએ. દસ હજાર રૂપિયાની એક બૉટલ છે.'

'ગોપાલ, વ્હીસ્કી મને ફાવતી નથી. બહુ સ્ટ્રૉંગ લાગે છે.' મેં ખુલાસો કર્યો.

ગોપાલ હસ્યો, 'સારી વ્હીસ્કી પીવાનું શરૂ કરો. ધીમે ધીમે જીભને આદત પડી જશે.' પણ પછી મારું મોઢું જોઈને એણે મારા ગ્લાસમાં થોડું વધુ પાણી નાખ્યું. મોંઘાદાટ સ્કોચનું સત્યાનાશ વળી ગયું, પણ કમસેકમ મારી હાલત બગડવામાંથી બચી ગઈ.

'જિંદગી એશ કરવા માટે છે. મને જુઓ આ વરસે ચાર કરોડ રૂપિયા કમાઈશ. મોજથી વાપરીએ નહીં તો કમાવાનો શું અર્થ?'

ભારત સિવાય કદાચ ભાગ્યે જ એવો બીજો કોઈ દેશ હશે જ્યાં લોકો વિનાસંકોચે બીજાના પગાર પૂછી લે છે અને પોતે સારું કમાતા હોય તો છૂટથી એનું પ્રદર્શન પણ કરી નાખે છે.

જોકે ગોપાલે એનો છેલ્લો સવાલ મને નહીં, પોતાની જાતને પૂછ્યો હોય એવું લાગતું હતું. તોયે સંવાદ આગળ વધારવા માટે મેં કહ્યું, 'હા, માણસે પોતાની લાઈફ માણવી...'

પણ ગોપાલ ખુદમાં મસ્ત હતો, 'આવતે વર્ષે મારી આવક પાંચ કરોડ થઈ જશે.'

મને ડર પેઠો કે વિષયાંતર નહીં થાય તો ગોપાલ એ પછીના ત્રીજા, ચોથા, પાંચમા વર્ષની આવક વિશે ભવિષ્ય ભાખ્યા કરશે. રૂમની એક તરફ, ઉપર જતી સીડી ભણી જોઈને મેં પૂછ્યું, 'ઉપરના ફ્લોર પર શું છે?'

'બેડરૂમ્સ અને અગાસી. ચાલો તમને બતાવું.'

અગાસી ઉપર પહોંચીને મેં આસપાસ જોયું.

'એક જમાનામાં આ બધું વેરાન પડેલું મારા દાદાની ખેતરાઉ જમીન હતી, જ્યાં કોઈ ખેતી નહોતું કરતું.'

'દસ એકર હશે.' મેં ધારણા બાંધી.

'પંદર! અમારી પાસે બીજી પંદર એકર જમીન હતી, પણ બાંધકામના ખર્ચ કાઢવા માટે એ વેચી દીધી.' આટલું કહીને ગોપાલે કૅમ્પસની પૂર્વ દિશામાં દેખાતી લાઈટ્સ તરફ આંગળી ચીંધી, 'ત્યાં એક

શૉપિંગ મૉલ બની રહ્યો છે.'

'ભારતના દરેક શહેરમાં હવે મૉલ બંધાઈ રહ્યા છે.' મેં કહ્યું.

'ઇન્ડિયા શાઈનિંગ, ચેતનજી.' આવું કહેતાં ગોપાલે મારી સાથે જામ ટકરાવ્યો.

મારાથી ચારગણી ઝડપે ગોપાલ વ્હીસ્કી ગટગટાવી રહ્યો હતો. મારો હજી પહેલો ગ્લાસ પૂરો નહોતો થયો ત્યાં એણે એના ગ્લાસમાં પાંચમો પૅગ રેડતાં મારી મશ્કરી કરી, 'તમે મોટા શહેરવાળા બસ, માત્ર સ્ટાઈલ મારવા પીઓ છો.'

'ગોપાસ, સાચે મને વધુ પીવાની આદત નથી.' એવું કહીને મેં ઘડિયાળમાં જોયું. દસ વાગી ગયેલા.

'ડિનર કેટલા વાગે?' એણે પૂછ્યું.

'તમે કહો ત્યારે.' મેં જવાબ આપ્યો. જોકે મારા પેટમાં હવે ઊંદરડા દોડી રહ્યા હતા.

ગોપાલે ગ્લાસ ઊંચો કર્યો, 'શું ઉતાવળ છે? બે માણસ, એક ભણેલો, બીજો અભણ... બંને લહેરમાં છે!'

મારે હકારમાં માથું હલાવવું પડયું. અમે પાછા નીચે લિવિંગ રૂમમાં જઈને બેઠા.

'તમે ખરેખર અડધી રાતે તમારા પ્રોફેસરની દીકરીને ઘેર પહોંચી ગયેલા?' ગોપાલે પૂછ્યું.

મારા હોઠ પર સ્મિત આવી ગયું, 'પ્રેમમાં પડેલા લોકો જાતજાતની મૂર્ખાઈઓ કરતા હોય છે.'

ગોપાલ જોરથી હસ્યો. ગ્લાસમાં હતી એટલી વ્હીસ્કી એકશ્વાસે ગટગટાવી જઈને એ બોલ્યો, 'પ્રેમ? જિંદગીને બરબાદ કરી નાખે છે.'

'આટલો ગુસ્સો? એટલા માટે આ ઘરમાં હજી સુધી મિસિસ ડિરેક્ટર નથી આવી?'

'મિસિસ ડિરેક્ટર?' કડવું હસીને ગોપાલે બૉટલ હાથમાં લીધી.

મારાથી બોલ્યા વિના ન રહેવાયું, 'ગોપાલ, જરા ધીમે! આટલું ફાસ્ટ પીવું જોખમી છે.'

'જોખમી?' ગોપાલે બૉટલ પકડીને હલાવી, 'જીવતો રહું તો મારે મોજ કરવી છે અને મરી જાઉં તો, અહીં કોને ફિકર છે? કોઈ મારી પાછળ રડવાવાળું નથી.'

'તમારાં માતાપપ્પા?'

'નથી.'

'મિત્રો?'

'સફળ લોકોને મિત્રો નથી હોતા.'

ગોપાલનું આલિશાન, સુંદર ઘર અચાનક મને સૂમસામ, ભેંકાર લાગવા માંડયું. એના હાથમાંથી બૉટલ લઈને મેં પાછી બારમાં મૂકી દીધી.

'ગોપાલ, તારી પાસે બધું છે તો પછી કેમ આવી નિરાશાવાદી વાતો કરો છો?'

'શું છે મારી પાસે, ચેતનજી?' ગોપાલ હવે પૂરો નશામાં હતો અને એના બોલવામાં હવે કોઈ દંભ નહોતો રહ્યો. વિશાળ કદનું ટીવી, સ્ટીરિયો સિસ્ટમ, પગ નીચે સિલ્વર કારપેટ, આ બધા તરફ હાથ ફેલાવતાં એ બોલ્યો, 'આ બધાનો શું અર્થ છે? મારી પાસે કંઈ નહોતું અને હજીયે...'

મને લાગ્યું કે વાતાવરણ વધુ પડતું ગંભીર બની ગયું હતું. માહોલને હળવો કરવા માટે મેં વાત બદલી, 'તો તમે મારી નવલકથામાં મારી ગર્લફ્રેન્ડ વિશે વાંચ્યું, હં? હવે તમારી વાત કરો. કોઈક તો આવી હશે, ક્યારેક તમારા જીવનમાં પણ.'

ગોપાલે જવાબ ન આપ્યો, પણ એનો ચહેરો જોતાં મને લાગ્યું કે હું ન બોલવાનું બોલી ગયેલો. ગોપાલે ટેબલ પર ગ્લાસ મૂકીને ઊબકો ખાધો.

'ગોપાલ, આર યુ ઓકે?' મેં પૂછ્યું.

ગોપાલ ઊભો થઈને બાથરૂમ તરફ દોડયો. બંધ દરવાજાની પાછળથી એની ઊલટીઓનો અવાજ મારા કાને પહોંચ્યો. મેં મારું ધ્યાન દીવાલ પર લટકતી તસવીરો પર કેન્દ્રિત કર્યું. કૉલેજના મહેમાન બની ગયેલા લોકો સાથે ગોપાલ દેખાતો હતો, 'થોડા દિવસોમાં મારી તસવીર પણ અહીં ટીંગાતી હશે?' મને વિચાર આવી ગયો.'

બાથરૂમમાંથી આવતા અવાજ બંધ થઈ ગયેલા, પણ પછીયે વીસેક મિનિટ સુધી ગોપાલ બહાર ન આવ્યો ત્યારે મને ચિંતા પેઠી. મેં બૂમ પાડીને ઘરમાં કામ કરતી બાઈને બોલાવી. અમે બાથરૂમ પાસે ગયાં.

મેં પહેલાં ધીમેથી અને પછી જોશથી બાથરૂમનો દરવાજો ખખડાવ્યો, ગોપાલના નામની બૂમો પાડી, પણ કોઈ જવાબ ન મળ્યો.

'લાગે છે બારણું તોડવું પડશે.' બાઈએ કહ્યું.

મારું દિમાગ ભમવા લાગ્યું. મુંબઈથી કૉલેજ ઓરિયેન્ટેશન પ્રોગ્રામમાં ચીફ ગેસ્ટ તરીકે અહીં આવ્યો ત્યારે કલ્પના નહોતી કરી કે

વારાણસીમાં લોકોના બાથરૂમના દરવાજા તોડવાની જવાબદારી માથે લેવી પડશે.



પથારીમાં સળવળાટનો અવાજ આવ્યો અને હું ખુરશી પર ઝબકીને જાગી ગયો. બેડસાઈડ ટેબલ પર મૂકેલી ઘડિયાળ સવારના ત્રણ વાગ્યાનો સમય બતાવતી હતી. ઘરના બાથરૂમમાં હોશકોશ ગુમાવીને પડેલા ગોપાલને હું મોડી રાતે, વારાણસીના લંકા વિસ્તારમાં આવેલી હેરિટેજ હૉસ્પિટલમાં લઈ આવેલો.

ગોપાલે પથારીમાં બેઠા થઈને એનાં લમણાં દબાવ્યાં. એને જોઈને મને મારા કૉલેજના દિવસો યાદ આવી ગયા. જોકે અહીં મારી સામે કોઈ કાચી ઉંમરનો વિદ્યાર્થી નહીં, પણ મોટી કૉલેજનો ડિરેક્ટર, દારૂ પીને બેહાલ પડયો હતો.

‘તમે આખી રાત અહીં બેઠા રહ્યા?’ એણે મારી સામે જોઈને થોડા આશ્ચર્યથી પૂછ્યું.

‘યજમાનને મરતા છોડીને કઈ રીતે જવાય?’

‘આઈ એમ સૉરી. મેં થોડું વધુ પી નાખ્યું.’

‘તમે ઠીક તો છોને?’ મેં પૂછ્યું.

‘હા, હવે થોડું સારું લાગે છે.’ ગોપાલે કહ્યું.

‘હું હમણાંની વાત નથી કરતો, ગોપાલ. તમારા જીવનમાં બધું ઠીકઠાક છે?’ મેં હળવેથી પૂછ્યું.

ગોપાલ ચહેરો ફેરવીને દીવાલ સામે તાકી રહ્યો.

એકાદ મિનિટના મૌન પછી હું ઊભો થયો, ‘હવે મારે નીકળવું જોઈએ. સવારની ફ્લાઈટ પકડતાં પહેલાં બે-ત્રણ કલાકની ઊંઘ ખેંચી લઉં!’

દરવાજે પહોંચ્યો, ત્યાં મારી પીઠ પર ગોપાલનો સવાલ અફળાયો, ‘ચેતનજી, તમને લાગે છે કે હું સારો માણસ છું?’

મેં પાછા વળીને જોયું.

‘બોલોને. હું સારો માણસ છું?’ ગોપાલે ફરીથી પૂછ્યું.

મેં ખભા હલાવ્યા, ‘ગોપાલ, હું તમને બહુ ઓળખતો નથી, પણ તમે મારો કાર્યક્રમ બહુ સારી રીતે ગોઠવ્યો. પૂરા આદર સાથે મારી મહેમાનગતિ કરી. મને તમારામાં કંઈ ફરિયાદ કરવા જેવું નથી લાગતું.’

'સાચે?'

'ગોપાલ, તમે નાની ઉંમરે ઘણી સિદ્ધિઓ મેળવી છે, પણ થોડું ધ્યાન રાખો. મોંઘામાં મોંઘી વ્હીસ્કી પણ તબિયતને બગાડી શકે છે.'

ગોપાલે આછું સ્મિત કર્યું, 'હું પીવાનું ઓછું કરી નાખીશ. બીજું કંઈ?'

'હા. તમે હજી યુવાન છો. દિલના દરવાજા બંધ નહીં કરી દેતા. પ્રેમ ગમે ત્યારે, ગમે ત્યાંથી આવી શકે છે.' આટલું કહીને મેં મારી રિસ્ટવૉચમાં જોયું, 'હવે મારે ખરેખર જવું જોઈએ. સવારની આરતીનો સમય થઈ ગયો.'

'એ જ એનું નામ હતું.' ગોપાલ બોલ્યો.

રૂમમાંથી નીકળવા માટે ઊપડેલા મારા પગ અટકી ગયા, 'કયું નામ? કોનું નામ?'

'આરતી.' ગોપાલ ધીમેથી બોલ્યો.

'આરતી કોણ? એ નામની કોઈ છોકરી તમને ગમતી હતી?'

'ગમતી હતી, એટલું કહેવું પૂરતું નથી.'

'તમે એના પ્રેમમાં હતા?'

'વારાણસીના બધાંય સાધુ અને પૂજારીને ભેગા કરો. ભગવાન માટેની એ બધાની ભક્તિનો સરવાળો કરો. આરતીને હું એથીયે વધુ પ્રેમ કરતો હતો.'

'એ પણ તમને પ્રેમ કરતી હતી?' મેં પૂછ્યું.

થોડી વાર વિચારીને ગોપાલે જવાબ આપ્યો :

'એ મારી જિંદગીની માલિક હતી. મારું સર્વસ્વ એના હાથમાં હતું.'

'તો પછી શું થયું?' મારી પૃચ્છાના જવાબમાં ગોપાલ હસ્યો, 'ચેતનજી, આ કોઈ ઇન્ટરવ્યૂ નથી. એક મૂરખ માણસની આખીયે વાર્તા સાંભળવી હોય તો બેસવું પડશે. એટલો સમય ન હોય તો આવજો, ગુડબાય!'

મેં અવઢવ અનુભવી. અહીં બેઠો રહ્યો, તો પછી ઊંઘવાનો સમય નહોતો મળવાનો અને રાતભરનો ઉજાગરો, મારી આવતી કાલના કામકાજને બગાડી નાખવાનો હતો. મેં ગોપાલ સામે જોયું. એની આંખોમાં એવું કંઈક હતું, જે મને બાંધી રહ્યું હતું. મને આ યુવાન ડિરેક્ટર વિશે વધુ જાણવાની ઇચ્છા થઈ આવી. કદાચ આ અનોખા, પવિત્ર

શહેરના માહોલની અસર હતી. મેં સૂવાનો વિચાર પડતો મૂક્યો અને પલંગની બાજુમાં, ખુરશી પર જઈને બેસી પડયો.

'ઓર એક ડ્રિન્ક થઈ જાય?' ગોપાલે પૂછ્યું.

મેં ડોળા કાઢયા. ગોપાલ હસી પડ્યો.

'હું તો ચાનું પૂછું છું.'

અમે ઍક્સ્ટ્રા હૉટ મસાલા ચા અને ગ્લુકોઝ બિસ્કિટ્સનો ઑર્ડર આપ્યો. નિરાંતે વાતો કરવા માટે, આનાથી વધુ શું જોઈએ?

'ક્યાંથી શરૂ કરું?' ગોપાલે પૂછ્યું.

'આરતીથી! જેણે તારી આ દશા કરી.'

'આરતી? પહેલી વાર મળતાંની સાથે એ છોકરીએ મારા માટે મુસીબત ઊભી કરી દીધી.' ગોપાલે ભૂતકાળમાં ડૂબકી મારી. ચામાં બિસ્કિટ બોળીને મેં કાન સરવા કર્યા.

અનુક્રમણિકા

૧

'બધી મમ્મીઓ આળસુ થઈ ગઈ છે. આ ડબ્બામાંયે બ્રેડબટર છે!' પ્લાસ્ટિકનું લંચબૉક્સ બંધ કરતાં મારાથી બબડી જવાયું. મેં અને રાઘવે હવે ખાલી ક્લાસરૂમના બીજા ડેસ્ક તરફ પગ ઉપાડયા.

જોકે રાઘવના ચહેરા પર હવે ડર દેખાવા લાગેલો, 'ગોપાલ, જવા દે હવે! પેલા લોકો હમણાં આવી જશે!'

'શશ...'

'મારા ડબ્બામાં આજે પૂરીભાજી છે. આપણે સાથે મળીને ખાઈ લેશું. આમ કોઈના ટિફિનમાંથી ચોરી કરવી ઠીક નથી.'

રાઘવની વાત સાંભળી જ ન હોય એમ મેં એક બીજો સ્ટીલનો નાનો ડબ્બો ઉપાડયો, 'લે, આને ખોલીને જો!'

ક્લાસના બીજાં છોકરા-છોકરીઓ સ્કૂલના મેઈન હૉલમાં હતાં. અમે મોર્નિંગ ઍસેમ્બ્લીમાં જવાને બદલે ખાલી ક્લાસરૂમમાં બીજાઓના ટિફિન પર દરોડો પાડયો હતો. જન-ગણ-મન થવાને હજી દસેક મિનિટની વાર હતી. ત્યાં સુધીમાં અમારે ફિફ્થ-'સી'ના ક્લાસમાં ફરી વળીને ડબ્બા ખોલવાના હતા. એમાંથી અમને ગમે એવી વાનગી શોધીને, ખાઈને, પછી ખાલી લંચબૉક્સ પાછા એમના મૂળ માલિકના દફતરમાં મૂકી દેવાના હતા.

'આમાં પરાઠા ને અથાણું છે. ખાવું છે?' રાઘવે સ્ટીલનો ડબ્બો મહાપ્રયત્ને ખોલીને મારી સામે ધર્યો.

'ના.' મારી નજર હવે પાછળની બેંચ પર પડેલા ગુલાબી રંગની બાર્બી સ્કૂલબૅગ પર હતી. આવી બૅગ તો છોકરીઓ જ વાપરે અને મોંઘી, ઈમ્પોર્ટેડ લાગતી બૅગમાં ખાવાનું પણ મસ્ત હશે એવું મેં ધારી લીધું.

ધારણા સાચી પડી. ગુલાબી બૅગમાંથી લાલ રંગનું નવુંનક્કોર લાગતું લંચબૉક્સ નીકળ્યું. ઢાંકણા પર વળી નાનકડી ચમચી રાખવાનીયે જગ્યા હતી. વાહ ભઈ, ફેન્સી લંચબૉક્સ ખોલ્યું અને અમને તો જાણે જૅકપોટ લાગ્યો. ઈડલી, ચટણી અને ચૉકલેટ કેકનો મોટો ટુકડો!

'મને તો બસ, કેકમાં રસ છે.' બોલીને મેં તરાપ મારી.

'ગોપાલ, આમ આખી કેક ન ખાઈ જવાય!' રાઘવ દબાતા અવાજે બોલ્યો.

'થોડીક ખાઈશ તો એને ખબર પડી જશે.' મેં મોઢું બગાડયું.

'અરે, બે ટુકડા કર. એક ખાઈને બીજો રહેવા દે. એને લાગશે કે ટિફિનમાં અડધી જ કેક હતી.' રાઘવે કહ્યું.

'પણ ટુકડા કરવા કઈ રીતે?'

'ફુટપટ્ટીથી' રાઘવે ઉપાય સૂચવ્યો અને મેં તરત અમલમાં મૂક્યો. મારી ફૂટપટ્ટીએ છરીનું કામ કર્યું. કેક કાપીને મેં એક ટુકડો રાઘવ સામે ધર્યો. એણે માથું ધુણાવતાં કહ્યું, 'કેક પેલી છોકરીની છે!'

'પણ દોસ્ત તો તું મારો છેને!' કહીને મેં કેકનો આખો ટુકડો મારા મોઢામાં નાખી દીધો. હાશ થયું. સવારથી પેટ ખાલીખમ હતું.

'તું કેમ ઘેરથી ટિફિન નથી લાવતો?' રાઘવે પૂછ્યું.

'મારા પપ્પા બિચારા સવાર-સાંજનું જમવાનું તો બનાવે છે. એને વળી વધારાની મજૂરી શું કામ કરાવવી?' મેં જવાબ આપ્યો.

મારા પપ્પા સરકારી સ્કૂલમાં ટીચર હતા. સવારે છ વાગે, મારાથીયે વહેલા ઘેરથી નીકળી જતા. મેં એમને કહી રાખેલું કે, 'મને બપોરે ભૂખ નથી લાગતી એટલે ટિફિન આપવાની જરૂર નથી.'

કેક પતાવીને હું આંગળા ચાટતો હતો ત્યાં ઍસેમ્બ્લી હૉલમાંથી જન-ગણ- મનનો અવાજ સંભળાયો. રાઘવે મને પરાણે એની સાથે ટટ્ટાર ઊભા રહેવાની ફરજ પાડી.

'તું કહે તો હું તારા માટે મારે ઘેરથી ટિફિન લઈ આવું!' રાષ્ટ્રગીતના છેલ્લી વારના 'જય હે' પછી રાઘવ બોલ્યો.

'ના રે, તારી મમ્મી તો સાવ બોરિંગ ટિફિન આપે છે. જ્યારે જુઓ ત્યારે ડબ્બામાંથી પૂરી જ નીકળે!' મેં રાઘવની ઑફર નકારી કાઢી.

ઍસેમ્બ્લી પતી ગયેલી. દૂરથી હવે અવાજ આવવા લાગેલા. મેં જલદી જલદી પેલું લંચબૉક્સ બંધ કરીને બૅગમાં મૂકી દીધું, પણ આ નવી લાગતી બૅગ કોની હતી, એ જાણવાની લાલચ રોકી ન શક્યો. બૅગમાંથી એક નોટબુક કાઢીને એના પર લગાવેલું લેબલ જોયું. 'આરતી પ્રતાપ પ્રધાન, વિષય : ગણિત, ધોરણ : પાંચ, વર્ગ : ક, ઉંમર : દસ વર્ષ. રોલ નંબર-૧, સનબીમ સ્કૂલ.'

'જલદી મૂકી દે હવે.' રાઘવ બોલ્યો. મેં બાર્બી બૅગને પાછી એના

મૂળ સ્થાને મૂકી દીધી અને પછી દોડીને અમે ક્લાસરૂમના છેવાડે પોતપોતાની જગ્યાએ ગોઠવાઈ ગયા. એ વખતે અમને જોનારને એવું જ લાગ્યું હોત કે બાપડા છોકરાઓની તબિયત સારી નથી.

થોડી જ વારમાં કલબલાટ કરતા, ચાર ડઝન જેટલાં છોકરા-છોકરીઓ ક્લાસરૂમમાં આવી પહોંચ્યાં. એમની પાછળ અમારાં ક્લાસટીચર સીમરન ગીલ મૅડમની પધરામણી થઈ. હજી બધાં પોતપોતાની સીટ પર પહોંચે એ પહેલાં તો મૅડમે બૉર્ડ પર મોટા અક્ષરે લખી નાખેલું – ગુણાકાર.

ટટ્ટાર બેસીને મેં આરતી પ્રધાન નામની એ છોકરી તરફ જોયું. સફેદ સ્કર્ટ, સફેદ બ્લાઉઝ, લાલ રંગનું સ્વેટર અને માથા પર બે ચોટલા! ચહેરો જુઓ તો આખા ક્લાસમાં એના જેવું સિરિયસ બીજું કોઈ જોવા ન મળે.

'આઈઈઈ...' બેસતાંની સાથે એણે ચીસ પાડી અને પાછી ઊભી થઈ ગઈ. સફેદ દૂધ જેવા એના સ્કર્ટ પર પડેલા ચૉકલેટના ડાઘા બધાએ જોયા. ધત્ તેરી, કેક કાપ્યા પછી મારી ફૂટપટ્ટી તો ત્યાં જ રહી ગયેલી.

'આરતી બેસી જા.' સીમરન મૅડમે એટલા જોરથી કહ્યું કે ક્લાસ આખો ધ્રૂજી ગયો, પણ આરતી ઊભી જ રહી, 'મૅડમ, કોઈએ મારી સીટ પર ગંદી ફૂટપટ્ટી રાખી દીધી. જુઓને મારો નવો યુનિફૉર્મ ખરાબ થઈ ગયો.' આરતી રડમસ સાદે બોલી.

સાંભળીને આખો ક્લાસ હસી પડયો અને આરતીની આંખમાંથી આંસુ ફૂટી નીકળ્યાં.

'શું?' સીમરન મૅડમે એમના હાથમાંનો ચોક બાજુએ મૂક્યો અને આરતીની પાસે આવીને એની સીટ પરથી ફૂટપટ્ટી ઉપાડી, 'આજે કોના લંચબૉક્સમાં ચૉકલેટ કેક આવી છે?' એમણે પૂછપરછ શરૂ કરી.

'મારા...' ડૂસકાં ભરી રહેલી આરતીએ જવાબ આપીને, બૅગમાંથી એનો ડબ્બો કાઢયો, ઉઘાડયો અને એના રડવાનો અવાજ વધુ મોટો થયો. 'કોઈ મારી કેક ખાઈ ગયું.' એણે એટલી તીણી ચીસ પાડી કે બાજુના ક્લાસવાળાએ પણ સાંભળી હશે.

'આખી નહીં, અડધી કેક.' મને કહેવાનું મન થઈ ગયું.

'ગુનો કબૂલી લઈએ?' બાજુમાં બેઠેલા રાઘવે ગણગણાટ કર્યો.

'ગાંડો થયો છે કે શું?' હું સામો બબડયો.

તીખી નજરે ક્લાસરૂમમાં આંટા મારી રહેલાં ગીલમૅડમ મારી

બાજુમાંથી પસાર થયાં. નીચી નજરે હું મૂંગો, સ્થિર બેસી રહ્યો. એ દિવસે મેં પહેલી વાર મૅડમના ગોલ્ડન કલરના, રંગીન નંગ જડેલા ચંપલ જોયાં.

ટીચરે પર્સમાંથી ટીશ્યૂ કાઢીને ફૂટપટ્ટી સાફ કરી અને કડક અવાજે બોલ્યાં, 'બોલો, આ કોણે કર્યું? પાછળથી પકડાયા તો એની ખેર નથી!'

કંઈ સાંભળ્યું ન હોય, એમ મેં તો મારી ગણિતની નોટબુક ખોલીને એમાં નજર ખોડી દીધી, પણ પછી આવેલા અવાજે મને ધ્રુજાવી દીધો, 'કોણ છે આ જી.એમ?'

મારા પેટમાં ફાળ પડી. ફૂટપટ્ટી પર મેં કોતરેલા અક્ષર મૅડમે વાંચી લીધેલા.

અમારા ક્લાસમાં જી.એમ. એક નહીં બે હતા. પહેલી બેન્ચ પર બેઠેલો ગિરીશ માથુર, વગર પૂછ્યે ઊભો થઈ ગયો, 'મૅડમ, ભગવાનના સોગન, મેં કંઈ નથી કર્યું.' એ બોલ્યો પણ ટીચર એને શંકાની નજરે જોઈ રહ્યાં.

'મૅડમ, ગંગામાતાના સોગન!' બોલતાં બોલતાં ગિરીશ ગળગળો થઈ ગયો.

હવે બધાએ માની લીધું. ગંગામાના સોગન ખાઈને કોઈ જૂઠું ન બોલે.

'ગોપાલ મિશ્રા' ટીચરની નજર મારા તરફ વળી. એ મારી પાસે આવ્યા. હું મૂંગો મૂંગો ઊભો રહ્યો. ટીચર પણ કંઈ બોલ્યાં નહીં. બસ, આખા ક્લાસને સંભળાય એટલા મોટા અવાજે મારા ગાલ પર બે લાફા પડયા.

અને પછી એમણે મૌન તોડયું, 'ખાવાનું ચોરી કરે છે, શરમ નથી આવતી? જા, ક્લાસની બહાર જઈને ઊભો રહે અને આરતી, તું બાથરૂમમાં જઈને તારું સ્કર્ટ અને મોઢું સાફ કરી આવ.'



'કેકના અડધા ટુકડા માટે કેવડું મોટું નાટક કરી બેઠી!' ક્લાસની બહાર ઊભા ઊભા મેં બાથરૂમ તરફ જઈ રહેલી આરતીને જોતાં બબડાટ કર્યો.

અમારી એ પહેલી મુલાકાત હતી. અહીંથી કહાણી શરૂ થાય છે. જોકે વાતની શરૂઆતમાં જ ચોર પુરવાર થયેલો છોકરો તમને કદાચ નહીં

ગમે, પણ સાંભળજો...'

મારો જન્મ વારાણસીમાં થયો. સમાજશાસ્ત્રના અમારાં ટીચર કહે છે કે, વારાણસી, દુનિયાનું સહુથી પ્રાચીન શહેર છે. ઈસ્વીસન પૂર્વે ૧૨૦૦માં અહીં લોકો રહેવા આવ્યા હતા. વરુણા અને અસી આ બે નદી પરથી શહેરને વારાણસી નામ મળ્યું છે. અહીંથી પસાર થતી આ બંને નદી આગળ જઈને ગંગાને મળે છે.

વારાણસીને કોઈ કાશી, તો કોઈ બનારસ પણ કહે છે. કોઈ એને મંદિરોની નગરી કહે છે, કારણ કે અહીં હજારો મંદિર છે, તો ઘણાં એને વિદ્યાનગરી તરીકે ઓળખે છે, કારણ કે દુનિયાભરમાંથી લોકો અહીં ભણવા માટે આવે છે, પરંતુ મારા માટે વારાણસી એટલે બસ, મારું ઘર!

હું ગઢોલિયા પાસે રહું છું. આ જગ્યાએ ચોવીસે કલાક એટલો ઘોંઘાટ રહે છે કે રાતે શાંતિથી સૂવું હોય તો કાને રૂનાં પૂમડાં ખોસવા પડે. બાજુમાં જ નદીનો ઘાટ છે. અસહ્ય ઘોંઘાટથી ક્યારેક બહુ ત્રાસ થઈ જાય ત્યારે આ ઘાટ પર જઈને બેસું અને સામેનાં મંદિરો નીરખ્યા કરું.

કોઈને આ શહેરમાં સુંદરતા, પવિત્રતા અને આધ્યાત્મિકતાનાં દર્શન થાય છે, તો કોઈને અહીં નરી ગંદકી દેખાય છે. મને મારું શહેર ગંદું નથી લાગતું. ગંદા તો એ લોકો છે, જેણે વારાણસીની આવી દશા કરી છે.

ગમે તેવું હોય, પણ જીવનમાં એક વાર તો વારાણસી જોવું જ જોઈએ એમ લોકો કહે છે. જોકે અમારા જેવા લોકોનું તો આખું જીવન વારાણસીમાં શરૂ થઈને, અહીં જ પૂરું થાય છે.

સ્કૂલના દિવસોમાં પાછા ફરીએ. ક્લાસની બહાર નીકળ્યા બાદ સમય પસાર કરવા માટે કંઈક તો કરવું પડે ને! ખિસ્સામાંથી પેન્સિલ કાઢીને મેં દીવાલ ચીતરવાની શરૂઆત કરી, પણ હજી પાંચ-ક, એટલું લખ્યું ત્યાં તો પેલી ત્રાગાંબાજ છોકરી બાથરૂમમાંથી પાછી ફરી.

'ભીંત પર લખે છે?' ઊભા રહી જતા એ બોલી.

'હા, જા, ચાડી ફૂંકી દે ટીચરને.' મેં કહી દીધું.

'મારું ટિફિન ચોરી કર્યું!' એણે વાત વધારી.

'આખું ટિફિન નથી ચોર્યું. અંદરથી થોડીક કેક કાઢીને ખાધી, એમાં આટલો કકળાટ શું કરી મૂક્યો?' મેં ગુસ્સાથી પૂછ્યું.

'સાચે તું બહુ ખરાબ છોકરો છે.' આટલું બોલીને આરતીએ ત્યાંથી ચાલતી પકડી.

૨

'આ લ્યો, ગળ્યું મોઢું કરો!' અમારા વકીલ દુબેકાકાએ મીઠાઈનું બૉક્સ ધરતાં કહ્યું.

'આ મીઠાઈ શેની છે?' પપ્પાએ પૂછ્યું.

'કોર્ટમાં સુનાવણીની તારીખ મળી ગઈ. બોલો, આ સારા સમાચાર નથી?' દુબેકાકા બોલ્યા.

મારું ધ્યાન હવે એમની વાતોમાં નહીં, પણ ચાર લાડુ ધરાવતા નાનકડા બૉક્સ પર હતું. અચાનક મને વિચાર આવી ગયો કે નાની વાતમાં મોટી નૌટંકી કરી નાખનારી પેલી છોકરીને એની કેકના બદલામાં એક લાડુ આપી દેવો જોઈએ.

આ પહેલા જોકે એવી ઈચ્છા પણ થઈ ગયેલી કે એક ચૉકલેટ કેક ખરીદીને એ વાયડીના ડેસ્ક પર પટકી દઉં, પણ કેક ખરીદવાના પૈસા નહોતા. પપ્પા મને ખિસ્સાખર્ચી નહોતા આપતા, પણ ક્યાંથી આપે? મમ્મીની માંદગીએ એમની રહીસહી બચત સાફ કરી નાખેલી.

જોકે એટલા પૈસાયે મમ્મીનો જીવ ન બચાવી શક્યા. હું ચાર વર્ષનો થયો, એના બે જ અઠવાડિયાંમાં મમ્મીની આંખ મીંચાઈ ગઈ. મને મમ્મીનું કે એ દિવસનું ખાસ સ્મરણ નથી, પણ પપ્પા કહેતા કે પછી લગભગ મહિના સુધી એમણે રોજ રાતે મમ્મીની ઓઢણી વીંટીને, મારી બાજુમાં સૂવું પડેલું.

પત્ની ગુમાવવાનું દુ:ખ ઓછું હોય, એમ એ જ અરસામાં પપ્પાના મોટાભાઈ, મારા ઘનશ્યામ તાયાજી સાથે જમીન બાબતે ઝઘડા શરૂ થયા.

તાયાજીએ અમારી સાથે મોટી છેતરપિંડી કરેલી. દાદાજીએ લખનઉ હાઈવે પાસેની એમની જગ્યા, બંને દીકરાને સરખે ભાગે વહેંચી આપેલી, પણ દાદાજીના અવસાન બાદ તાયાજીએ બૅન્કમાંથી મોટી રકમની લોન ઉપાડી અને બદલામાં એમની નહીં, પણ પપ્પાની પંદર એકર જમીન ગીરવે મૂકી.

જેના માટે લોન લીધેલી, એ વેપારમાં ખોટ ગઈ, લોનના હપતા

ભરવાના ફાંફાં પડવા લાગ્યા. એક દિવસ અમારે ત્યાં બૅન્કની નોટિસ આવી પડી કે લોનની ચૂકવણી નહીં થાય તો અમારી જમીનનો કબજો લઈ લેવાશે.

પપ્પાએ સ્વાભાવિક રીતે જ વિરોધ કર્યો. બૅન્કવાળાએ પપ્પા અને તાયાજી પર કોર્ટકેસ ઠોકી દીધો. બંને ભાઈઓએ એકબીજા પર કેસ કર્યા. અદાલતની કામગીરી તો બળદગાડાથીયે ધીમી ગતિએ ચાલે. તારીખ પર તારીખ પડતી રહી, પણ આજે દુબેકાકા સમાચાર લઈ આવેલા કે ઘનશ્યામ તાયાજી અદાલતની બહાર આપસી સમજૂતી માટે તૈયાર થયા હતા.

'કેવી સમજૂતી?' પપ્પાએ પૂછ્યું. મેં એક પછી બીજો લાડુ ઊંચકીને ખિસ્સામાં સેરવી દીધો.

'ઘનશ્યામ તમને તમારી જમીનના બદલામાં દસ લાખ રૂપિયા આપશે. બૅન્ક અને કોર્ટ સાથેની માથાકૂટ એ એકલો કરી લેશે. દસ લાખ લઈને તમે છૂટા!' આટલું કહીને દુબેકાકાએ પછી ઉમેર્યું, 'હું જાણું છું કે પંદર એકર ખેતરાઉ જમીનના બદલામાં દસ લાખ રૂપિયા બહુ ઓછા છે, પણ બીજી તરફ આ જમીન પર એક કરોડ રૂપિયાની લોન ઊભી છે.'

'લોન મેં નહોતી લીધી.' પપ્પાનો અવાજ ઊંચો થઈ ગયો.

'પણ બૅન્કમાં લોનની સામે તમારી જમીનના દસ્તાવેજ ગીરવે પડયા છે. શું જોઈને તમે ઘનશ્યામને તમારી પ્રોપર્ટીનાં કાગળિયાં આપી દીધેલાં?' દુબેકાકા સહેજ ચિઢાયા.

'એ મારો મોટોભાઈ છે.' પપ્પાની આંખોમાં રોષની જગ્યાએ આંસુ ડોકાયાં. જમીન કરતાંયે ભાઈ સાથેનો સંબંધ ગુમાવવાનું દુ:ખ એમના માટે વધુ મોટું હતું.

'ઠીક છે, તમે કહો તો આપણે થોડા વધુ પૈસા માગી લઈએ, પણ હવે આ કોર્ટના ચક્કર બંધ કરો.' દુબેકાકાએ મિત્રભાવે સૂચન કર્યું.

'ના, હું ખેડૂતનો દીકરો છું. મારી જમીન ખૂંચવી લેતાં પહેલાં એણે મારી લાશ પરથી જવું પડશે.' પપ્પાએ એમનો ફેંસલો સુણાવી દીધો. મેં બૉક્સમાંથી ત્રીજો લાડુ લેવા હાથ લંબાવ્યો.

'બેટા, જોઈએ તો બધા લઈ લે.' દુબેકાકાએ કહ્યું અને બીજી જ ક્ષણે આખું બૉક્સ ઉપાડીને મેં ઓરડાની બહાર દોટ મૂકી.



ધડ દઈને મેં લાડુનું બૉક્સ આરતીના ડેસ્ક પર પછાડયું.

'શું છે?' એણે નાક ચઢાવીને પૂછ્યું.

'મેં તારી કેક ખાધેલીને!' મેં કહ્યું અને પછી સાવ ધીમા અવાજે ઉમેર્યું, 'સૉરી.'

'મને લાડુ નથી ભાવતા.' આરતી બોલી.

'કેમ? તું અંગ્રેજ છે કે શું?'

'ના. પણ લાડુ ખાઈને મારે જાડીપાડી નથી થઈ જવું.'

'અચ્છા, ચૉકલેટ કેકથી તું જાડી નથી થવાની?'

'કહ્યુંને, મારે નથી જોઈતા.' આરતીએ બૉક્સને મારા તરફ ખસેડતાં કહ્યું. હું એને જોઈ રહ્યો. બે ચોટલા અને એમાં બાંધેલી લાલ રીબનમાં એ ખરેખર કાર્ટૂન જેવી દેખાતી હતી. પણ એના ચહેરા અને અવાજ પરથી લાગતું હતું કે એણે મારી માફી સ્વીકારી લીધેલી.

હાશકારો અનુભવતાં મેં છેલ્લી વાર પૂછી લીધું, 'ખરેખર તને લાડુ નથી જોઈતા?'

'ના, જાડી છોકરીને પછી ઍરહોસ્ટેસ બનવાનો ચાન્સ ન મળે.' આરતીએ કહ્યું.

'તારે ઍરહોસ્ટેસ બનવું છે?'

'હા. ઍરહોસ્ટેસ બનીને મારે આખી દુનિયા જોવી છે. મોટા થઈને તારે શું બનવું છે?'

'પૈસાદાર.' મેં ટૂંકો જવાબ આપ્યો.

આરતીએ સમજદારીના ભાવ સાથે માથું હલાવતાં પૂછ્યું, 'અત્યારે તું ગરીબ છે?'

'હા.'

'અમે પૈસાદાર છીએ. અમારે ત્યાં કાર છે.'

'અમારે ત્યાં કાર નથી.' કહીને મેં ત્યાંથી જવા માટે પગ ઉપાડયો, પણ આરતીનું બોલવાનું હજી પૂરું નહોતું થયું.

'તારી મમ્મી કેમ તને ટિફિન નથી આપતી?' એણે પૂછ્યું.

'મમ્મી નથી.'

'ગુજરી ગઈ?'

'હા.'

'ઓ.કે., બાય.' આરતીએ વાત પતાવી.

હું મારી સીટ પર પાછો ફર્યો. બૉક્સ ખોલીને હજી એક લાડુ

મોઢામાં મૂક્યો ત્યાં આરતી આવીને ઊભી રહી ગઈ, 'તું કોઈ કોઈ વાર મારા ટિફિનમાંથી ખાઈ લેજે, પણ બધું નહીં ઝાપટી જતો અને હા, કેક કે એવી કોઈ સારી ચીજ નહીં લેવાની!' એણે શરતી ઑફર મૂકી.

'થેંક યુ' મેં ઑફર સ્વીકારી લીધી.

'અને હા, ગંદવાડ નહીં કરવાનો. જોઈએ તો રિસેસમાં આપણે સાથે ખાઈશું.'

'તો તો તારા માટે કંઈ બચશે જ નહીં.' મેં ચેતવણી આપી.

'વાંધો નહીં. હું તો ડાયેટિંગ કરું છું.' આરતીએ કહી દીધું.

સાત વર્ષ પછી

૩

'પહેલાં મને ઘેર મૂકી જા. પછી ક્રિકેટ રમવા જજે.' આરતી બોલી.

ગંગાનાં પાણીમાં બપોર વિતાવીને અમે પાછા ફરી રહ્યા હતા. છેલ્લાં પાંચ વર્ષમાં આ સિલસિલો ભાગ્યે જ તૂટેલો. અઠવાડિયે એક વાર અમે અસ્સી ઘાટ પર પહોંચી જતાં, અને પછી ફૂલચંદભાઈની નાવ લઈને ગંગામાં ફરવા નીકળી પડતાં.

પણ હવે હું ક્રિકેટના મેદાન પર પહોંચવા ઉતાવળો થયેલો, 'આરતી, આમેય મને બહુ મોડું થઈ ગયું છે. રાઘવ બૂમાબૂમ કરતો હશે.'

'તો ચાલ, હું તારી સાથે આવું છું. ઘરમાં બેઠાંબેઠાં કંટાળી જઈશ.'

'ના.' મેં તરત કહી દીધું.

'કેમ?' આરતીએ આંખો પટપટાવી.

'ત્યાં છોકરાઓનું ટોળું હશે. ગયા વખતે તને જોઈને કેટલી સીટીઓ મારેલી એ ભૂલી ગઈ?'

'જોઈ લેશું.' આરતીએ એના કપાળે આવી ગયેલી લટ ખસેડતાં કહ્યું.

હું એને જોઈ રહ્યો. આરતીને ખબર નહોતી કે એને જોઈને બીજાઓ તો ઠીક, મારા હૃદયના ધબકારા પણ વધી જતા હતા.

સ્કૂલમાં શિક્ષકો પણ આરતીની સુંદરતાનાં વખાણ કરતાં નહોતા થાકતા. એમાંયે બે વર્ષ પહેલાં આરતી પંદર વર્ષની થઈ ત્યારે તો આખી સ્કૂલમાં એના નામની ચર્ચા થતી, 'સનબીમ સ્કૂલની મોસ્ટ બ્યુટીફૂલ ગર્લ... એણે તો ફિલ્મોમાં નસીબ અજમાવવું જોઈએ... મિસ ઈન્ડિયા કૉન્ટેસ્ટમાં ભાગ લેવો જોઈએ... આરતી સુંદર તો હતી જ અને ઉપરથી સિનિયર આઈએએસ ઑફિસરની દીકરી હતી. એના દાદા એક સમયના જાણીતા રાજકારણી હતા. આવી છોકરીની ખુશામત કરનારાઓની કમી નહોતી.

જે હોય તે, આરતી જેવી બીજી કોઈ છોકરી વારાણસીમાં નહોતી. મને ડર હતો કે સિગરા સ્ટેડિયમમાં એનો પગ મૂકતાંની સાથે ક્રિકેટની

આખીયે ગેમ ખાડે જતી રહેશે. બેટ્સમૅનને સામેથી ફેંકાતો બૉલ નહીં દેખાય, ફિલ્ડિંગ કરનારા કેચ પકડવાનું ભૂલી જશે, નવરા બેઠેલાઓ આખા ઉત્તરપ્રદેશને બદનામ કરતી સીટીઓ વગાડશે.

આ બધાથી બેખબર આરતી બોલી રહી હતી, 'રાઘવને પણ હું ઘણાં વખતથી નથી મળી.'

'કાલે ટ્યૂશનક્લાસમાં મળી લેજે.' મેં કહ્યું.

'પણ હું ઘર સુધી એકલી કેવી રીતે જાઉં?' આરતીએ બીજું બહાનું રજૂ કર્યું.

'રિક્ષા કરી લે.'

પણ વધુ કંઈ સાંભળવાને બદલે મારો હાથ પકડીને આરતી એના ઘર તરફ ચાલવા માંડી.

એક તરફ એને મારો હાથ છોડી દેવાનું કહેવાની ઈચ્છા થતી હતી. અમે કંઈ હવે બાર વર્ષનાં બચ્ચાં નહોતાં. પણ સાચું કહું તો સત્તર વર્ષની વયે આરતીનો સ્પર્શ વધુ ગમતો હતો.

બજારના ઘોંઘાટિયા રસ્તાઓને પાર કરીને અમે કૅન્ટોનમૅન્ટ તરફ વળ્યા. શહેરના આ શાંત, પોશ ગણાતા એરિયામાં આરતીના પપ્પા ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટ પ્રતાપબ્રીજ પ્રધાનનું ઘર હતું.

સાંજ ઢળવા લાગેલી. રાઘવ આજે નક્કી ગુસ્સે થવાનો, પણ આરતીની વાત મારાથી કઈ રીતે નકારી શકાય?

'થૅંક્યુ, અંદર આવે છે?' આરતીએ એના ઘર પાસે પહોંચતાં કહ્યું.

'ના. મોડું થઈ ગયું છે.' મેં કહ્યું.

અમારી આંખો મળી, પણ મેં જલદી નજર ફેરવી લીધી. ફરી એક વાર મેં ખુદને યાદ દેવડાવ્યું કે અમે માત્ર 'બેસ્ટ ફ્રેન્ડ્સ' હતા.

'મારે વાળ કપાવી નાખવા છે.' ગાલ પરથી લટ ખસેડતાં આરતી બોલી.

'ના.' મારાથી થોડા કડક અવાજે બોલાઈ ગયું.

'તારા માટે જ વાળ આટલા વધાર્યા છે, બાય!' આરતીએ પગ ઉપાડતા કહ્યું. મારા મનમાં હતી એવી લાગણીઓ હવે એને પણ થવા લાગી હશે? મારે પૂછવું હતું, પણ કઈ રીતે?

'કાલે ટ્યૂશનક્લાસમાં મળશું.' કહીને મેં પીઠ ફેરવી લીધી.



એન્જિનિયર બનવાની મારી કોઈ ઈચ્છા નહોતી, પરંતુ પપ્પાને ખુશ રાખવા માટે, રાઘવ અને આરતીની સાથે હું પણ દુર્ગાકુંડના જાણીતા જે.એસ.આર. કોચિંગ ક્લાસીસમાં જોડાયો હતો. મિસ્ટર ઝા, મિસ્ટર સિંઘ અને મિસ્ટર રાયે મળીને શરૂ કરેલા આ કોચિંગ ક્લાસમાં AIEEE (ઑલ ઈન્ડિયા એન્જિનિયરિંગ ઍન્ટ્રન્સ ઍક્ઝામ) અને IIT JEE (ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટૅક્નૉલૉજી જૉઈન્ટ ઍન્ટ્રન્સ ઍક્ઝામ) માટે અમને તૈયાર કરાઈ રહ્યા હતા.

તૈયારીના ભાગરૂપે ક્લાસમાં વારંવાર પરીક્ષાઓ લેવાતી. આવી જ એક ટેસ્ટનું રિઝલ્ટ આજે હતું. એંસીમાંથી છાંસઠ માર્ક્સ લઈ આવેલા રાઘવે હંમેશની જેમ આજે પણ બધાને પાછળ રાખી દીધેલા.

રાઘવના પપ્પા IITમાંથી એન્જિનિયર થયેલા. 'ભેલ'માં કામ કરતા પપ્પાનો દીકરો પણ એમના પગલે ચાલશે એમાં કોઈ શક નહોતો.

ટેસ્ટમાં મને એંસીમાંથી પચાસ માર્ક્સ મળેલા. ક્રિકેટની ભાષામાં કહીએ તો મારી હેસિયત બારમા ખેલાડી જેટલી હતી. સારી એન્જિનિયરિંગ કૉલેજમાં મને ઍડમિશન મળે, એવું પપ્પાનું સપનું પૂરું કરવા માટે કમસેકમ સાઈઠ માર્ક્સ જરૂરી હતા.

આરતીને કોઈ ફિકર નહોતી. એની આન્સરશીટ પર માત્ર અઠ્ઠાવીસ માર્ક્સ જોઈને અપસેટ થવાને બદલે એ હસી પડી. ટીચર થોડા નારાજ થયા, પણ હું જાણતો હતો કે એન્જિનિયરિંગના અભ્યાસમાં આરતીને કોઈ રસ નહોતો. બારમા ધોરણની સીબીએસઈ ઍક્ઝામમાં થોડી ઘણી મદદ મળે એ માટે આરતી આ ક્લાસમાં જોડાયેલી. એને કંપની આપવા માટે મેં ઍડમિશન લીધેલું અને આરતીના પપ્પાને ટૂંક સમયમાં શહેરના ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટ (ડી.એમ.) તરીકે પ્રમોશન મળવાનું હતું. એ જાણ્યા બાદ કોચિંગ ક્લાસવાળાએ આરતી પાસેથી ફી લેવાનું માંડી વાળેલું.

પ્રતાપબ્રીજ પ્રધાનની છાપ આમ તો પ્રામાણિક અધિકારી તરીકેની હતી, પણ હોદ્દાના આવા નાના-નાના લાભ લેવાનો એમને છોછ નહોતો.

'મેં તો AIEEEનું ફૉર્મ પણ નથી ભર્યું.' આરતી મારા કાનમાં ગણગણી.



'ફાઈનલ ઍક્ઝામમમાં મારી હાલત ખરાબ થવાની છે.' મેં રાઘવની સામે કબૂલાત કરી.

અમે નારદઘાટ પાસેની જર્મન બેકરીમાં બેઠાં હતાં. વારાણસીની બીજી જગ્યાઓની તુલનાએ જર્મન બેકરી થોડી ચોખ્ખી અને શાંત જગ્યા હતી. વિદેશથી આવતા ગોરાઓને અહીં થોડી સલામતીનો અનુભવ થતો હતો. લોકો અહીં ખાટલા પર બેસીને, લાકડામાંથી બનાવેલી ટ્રેમાં સૅન્ડવિચ, પેનકેક જેવી વિદેશી વાનગીઓ ખાઈ રહ્યા હતા. બે સૂકલકડી ડોસા, એક ખૂણે બેસીને સિતાર બજાવી રહ્યા હતા. ગોરાઓ માટે આ ભારતીય સંસ્કૃતિનો અનુભવ હતો.

મને આ ફીરંગી અડ્ડો ક્યારેય ઝાઝો નહોતો ગમ્યો, પણ આરતીની આ ફેવરિટ જગ્યા હતી. પરીક્ષાની મારી ચિંતાને અવગણીને એ આસપાસ બેઠેલા લોકોનાં કપડાં અને સ્ટાઈલને નીરખી રહી હતી.

'દસ માર્કનો તો સવાલ છે, તને વાંધો નહીં આવે.' રાઘવે મને આશ્વાસન આપવાની કોશિશ કરી.

'મારી અને એ દસ માર્ક્સની વચ્ચે પૂરા એક લાખ સ્ટુડન્ટ્સ ઊભાં છે.' મેં યાદ દેવડાવ્યું. મને લાગતું હતું કે હું એક દરિયામાં હતો, અને આજુબાજુ મારા જેવા લાખો નબળા છોકરા ડૂબકાં ખાઈ રહ્યા હતા. ભારતના શૈક્ષણિક માળખામાં અમારા જેવાને કોઈ સ્થાન નહોતું. માત્ર ત્રણ અઠવાડિયાંમાં AIEEE નામનું સુનામી આવશે અને અમે તળિયે ગરક થઈ જઈશું.

'તું પરીક્ષા નથી આપવાની?' રાઘવે આરતી તરફ જોઈને પૂછ્યું.

'ના. એ અઠવાડિયે તો શાહરૂખ ખાનની 'મૈં હું ના' રિલીઝ થવાની છે. એ તો જોવી જ પડે. આ લોકોએ ઍક્ઝામની ડેટ પાછી ઠેલવી જોઈએ.' આરતીએ હસીને જવાબ આપ્યો.

'તારે એન્જિનિયર નથી બનવું, તો કરવું છે શું?' રાઘવથી પૂછ્યા વિના ન રહેવાયું.

'કેમ ભાઈ, કંઈ ખાસ કરવું જરૂરી છે? હું તો ભારતીય નારી છું. લગન કરીને રસોડું સંભાળી લઈશ કે પછી એવા ઘરમાં જઈશ જ્યાં રસોઈ કરવા માટે નોકર હોય.' આરતી ખડખડાટ હસી પડી. રાઘવને પણ હસવું આવી ગયું.

મને જોકે આમાં કંઈ રમૂજી લાગ્યું નહીં. મારા માથે તો પરીક્ષાનો દૈત્ય સવાર હતો.

'ગોપાલજી, આટલા ગંભીર થઈ જવાની જરૂર નથી. હું તો મજાક કરતી હતી. તુંયે જાણે છે કે હું કંઈ ઘરમાં બેસી રહું એવી નથી!' આરતીએ મારા ખભે ટપલી મારતાં કહ્યું.

'શટઅપ, આરતી! મને ખબર છે કે તારે ઍરહોસ્ટેસ બનવું છે.'

મારું સાંભળીને રાઘવનાં ભવાં ઊંચકાયાં, 'ઍરહોસ્ટેસ? વાહ ભઈ!'

'ગોપાલ, તારા પેટમાં કોઈ વાત ટકતી જ નથી.' આરતી ચિઢાઈ ગઈ.

મેં તરત 'સૉરી' કહી દીધું. રાઘવ અમારો મિત્ર હતો, પણ અંગત નહીં. આરતી સાથેનો મારો સંબંધ મૈત્રીથી કંઈક વધુ હતો.

'તું ખરેખર ઍરહોસ્ટેસ બનવાને લાયક છે.' રાઘવે આરતીને ખુશ કરવાની કોશિશ કરી.

આરતીએ કટાણું મોઢું કર્યું, 'પણ ડૅડી મને વારાણસી છોડવાની રજા આપશે તોને! અહીં તો કોઈ ઍરલાઈન્સ નથી. જ્યાં જુઓ ત્યાં દેવ-દહેરાં છે. તો ચાલો, હું ટેમ્પલ હોસ્ટેસ બની જાઉં. ભાવિકો, પ્લીઝ જમીન પર તમારી જગ્યાએ ગોઠવાઈ જાવ, હમણાં પ્રાર્થના શરૂ થશે. પ્રસાદ તમારી સીટ પર પીરસાશે...!'

રાઘવે હવે હસતાં-હસતાં પેટ પકડી લીધું. મને ગુસ્સો આવી ગયો. એક તો એ આરતી સાથે તાળી પાડીને હસતો હતો અને એના પેટ પર જરા સરખીયે ચરબી નહોતી. ભગવાને ગોપાલને એવું સુડોળ, સ્નાયુબદ્ધ શરીર આપેલું કે મારા જેવાને ઈર્ષા થાય.

મારી નારાજગીની પરવા કર્યા વિના એ બંનેએ પછી પણ સાવ બાલિશ લાગે એવી વાતો પર ખિખિયાટા ચાલુ રાખ્યા.

સહન ન થયું ત્યારે હું ઊભો થઈ ગયો, 'ઘેર પપ્પા મારી વાટ જુએ છે.' એવું કહીને હું ત્યાંથી નીકળી ગયો.



ઘરની અંદર પપ્પા એટલા જોરથી ખાંસી ખાઈ રહ્યા હતા કે થોડી વાર માટે તો એમને ડોરબેલનો અવાજ પણ નહોતો સંભળાયો.

'તબિયત તો સારી છેને?' મેં ઘરમાં દાખલ થતાં પૂછ્યું.

'હા, રોજ હોય છે એવી.' પપ્પાએ આટલું કહીને ઉમેર્યું, 'દાળ ને રોટલા બનાવ્યા છે.'

'એ પણ રોજ હોય છે એવા.' મેં વાતાવરણને સહેજ હળવું બનાવવાનો પ્રયત્ન કર્યો. જોકે વાત સાવ ખોટી નહોતી.

મારા પપ્પાની ઉંમર એકસઠ હતી, પણ સતત ખાંસી ખાઈ ખાઈને એ હવે એંસી વર્ષના લાગતા હતા. ડૉક્ટરે આશા છોડી દીધેલી. કદાચ સર્જરીથી સારું થઈ શકે, પણ એટલા પૈસા ક્યાંથી કાઢવા? સ્કૂલવાળાએ તો એમને વર્ષો પહેલાં પાણીચું પકડાવી દીધેલું. એ લોકોનોયે વાંક નહોતો. ક્લાસમાં બોલતાં બોલતાં, પપ્પાને વારંવાર શ્વાસ ચઢી આવતો. મહિનાના ત્રણ અઠવાડિયાં ઘર ચાલે એટલું પૅન્શન એમને મળતું હતું.

વધુ કંઈ બોલ્યા વિના હું ચૂપચાપ જમવા બેસી ગયો, પણ પપ્પાએ વાત ઉખેળી, 'તારી ઍન્ટ્રન્સ ઍક્ઝામ...' પાછી ચઢેલી ઉધરસને કારણે એ વાક્ય પૂરું ન કરી શક્યા, પણ એમને શું કહેવું હતું એ હું સમજી ગયો.

'પપ્પા, મેં AIEEE માટે તૈયારી કરી લીધી છે.'

'JEE?' એમણે પૂછ્યું. ક્યારેક મને લાગતું હતું કે પરીક્ષા કરતાંયે પરિવારજનોની અપેક્ષા સાથે પનારો પાડવાનું વધુ અઘરું હતું.

'પપ્પા, હું JEEની ઍક્ઝામ આપી દઈશ, પણ IITમાં મને ઍડમિશન મળે એવી આશા નહીં રાખતા. ચાર લાખ સ્ટુડન્ટ્સમાંથી માત્ર ત્રણ હજાર...'

'થશે, થશે. તું હોશિયાર છે.' પપ્પાએ ભારપૂર્વક કહ્યું.

સંતાનોના પ્રેમમાં આંધળા થઈ જતા વડીલો વાસ્તવિકતા નહીં જોઈ શકતા હોય?

'પપ્પા, દુનિયામાં એન્જિનિયરિંગ સિવાય પણ બીજું ઘણું છે.' મેં કહ્યું, પણ પપ્પા એવું કંઈ સાંભળવા તૈયાર નહોતા.

જમીને પપ્પા એમની પથારીમાં આડા પડ્યા. એમનું માથું દાબતાં મેં બીજી વાત કાઢી, 'આપણે હવે તમારા પર સર્જરીનો વિચાર કરવો જોઈએ.'

'એના બે લાખ રૂપિયા ક્યાંથી કાઢશું?' કહીને પપ્પાએ આંખો બંધ કરી દીધી અને પછી થોડી વાર રહીને બોલ્યા, 'તું એન્જિનિયર થઈને સારી નોકરી શોધી કાઢ પછી મારી સર્જરી કરાવશું.'

મારાથી હવે ચૂપ ન રહેવાયું, 'તાયાજીએ આપણને દસ લાખ રૂપિયાની ઑફર કરેલી. એ સ્વીકારી લીધી હોત તો આજે બૅન્કમાં પડ્યાપડ્યાય પૈસા ડબલ થઈ ગયા હોત.'

'અને આપણી જમીન?' પપ્પાએ પૂછ્યું.

'આમેય એ જમીન કંઈ કામની નથી.'

'ચૂપ કર. ખેડૂતના મોઢે જમીનનું આવું અપમાન શોભતું નથી અને સાચો ખેડૂત એની જમીન ક્યારેય નહીં વેચે.'

'પપ્પા, હવે એ જમીન આપણી પાસે નથી. આપણે હવે ખેડૂત નથી રહ્યા. તમારા ભાઈએ...'

'તું જા હવે. પરીક્ષાની તૈયારી કર.' પપ્પા પડખું ફેરવી ગયા.

* * *

અડધી રાતે ઘરના ફોનની ઘંટડી વાગી. સામે છેડે આરતી હતી.

'મને સૂવા દે.' મેં કહ્યું.

'ખોટ્ટાડા, તું રાતના એકની પહેલાં ક્યારેય સૂતો નથી.'

'શું કામ છે?'

'બસ, તારી સાથે વાત કરવાનું મન થઈ ગયું.'

'વાત કરવા માટે બીજા લોકો છે ને!'

'આહા, હવે ખબર પડી કે તું કેમ રિસાયો છે.'

'બાય, આરતી.'

'એય, ફોન નહીં મૂકી દેતો. રાઘવના જોક સાંભળીને મને હસવું આવી ગયું, બસ! બાકી મારો બેસ્ટ ફ્રેન્ડ તો તું જ છે.'

'બેસ્ટ ફ્રેન્ડ?'

'કેમ વળી, આઠ વર્ષથી આપણે બેસ્ટ ફ્રેન્ડ્સ નથી?'

'અને રાઘવ?'

'એ માત્ર ફ્રેન્ડ છે. હું એની સાથે બોલું છું, કારણ કે એ તારો ખાસ દોસ્ત છે.'

'છોડ એ વાત. બોલ, તું કેમ છે?'

'આમ તો બધું ઠીકઠાક છે, પણ ડૅડી જીદ લઈને બેઠા છે કે મારે ગ્રૅજ્યુએશન તો પૂરું કરવું જ પડશે. મેં કહ્યું કે બારમા ધોરણ પછીયે ઍરહોસ્ટેસ બની શકાય, પણ એ સાંભળવા તૈયાર નથી.'

'એમની વાત સાચી છે. તારે કૉલેજમાં તો જવું જોઈએ.'

'મારા માર્ક્સ જોયાને! કઈ કૉલેજમાં મને ઍડમિશન મળવાનું? હું કંઈ તારા જેટલી હોશિયાર નથી.'

'હોશિયાર હું નહીં, રાઘવ છે.'

'લે કર વાત! આજે ક્લાસની એક ટેસ્ટમાં ઓછા માર્ક્સ આવ્યા તો

નિરાશ થઈ ગયો? તું સાવ સ્ટુપિડ છે!'

'સ્ટુપિડ હું નહીં તું છે.'

'સારું, સારું, આપણે બંને સ્ટુપિડ, ઓ. કે?. હવે એ કહે, તું જમ્યો?'

છેલ્લાં પાંચ વર્ષથી રોજ રાતે આરતી મને આ સવાલ પૂછતી આવેલી. મારા ગુસ્સાનું બાષ્પીભવન થઈ ગયું, 'હા, જમી લીધું.'

'તો જા હવે, પરીક્ષાની ચિંતા બાજુએ મૂકીને સૂઈ જા.'

'આરતી...' આટલું બોલીને હું અટકી ગયો.

'શું?'

'તું બહુ સારી છે.' આનાથી વધુ સારા શબ્દો મને સૂઝ્યા નહીં.

'સારી છું ને સ્ટુપીડ છું.' આરતી હસી.

'તું ન હોત તો મારું શું થાત?'

'શટઅપ, હું ક્યાં જવાની?'

'આરતી, આપણે હવે નાનાં નથી રહ્યાં.'

'તેં પાછી એની એ વાત શરૂ કરી દીધી? જાવ મોટા માણસ, હવે સૂઈ જાવ.'

'આરતી, તું હંમેશાં વાત ટાળી દે છે.'

'વાત કરશું, પણ હમણાં નહીં. એક વાર તારી ઍન્ટ્રન્સ ઍક્ઝામ પતી જવા દે!'

હું ચૂપ થઈ ગયો. આરતીનો અવાજ કોમળ થયો, 'ગોપાલ, શું કામ નાહકનો ગૂંચવાડો ઊભો કરે છે? આપણી દોસ્તીથી તું ખુશ નથી?'

'છું, પણ...'

'પણ ને બણ, ગુડનાઈટ, સ્વીટ ડ્રીમ્સ!'

'ગુડનાઈટ.'



'બસ, બહુ થઈ ગયું.' મેં ચોપડી બંધ કરતાં કહ્યું.

'વાંધો નહીં. તું હવે સૂઈ જા. ઍક્ઝામની પહેલાં પૂરતો આરામ કરવો જોઈએ અને હા, કાલે ઘણી બધી અણીદાર પેન્સિલ લઈ જવાનું નહીં ભૂલતો.' રાઘવે મારા હાથમાંથી મેથ્સની ટેક્સ્ટબુક લેતાં કહ્યું.

બીજે દિવસે ટ્રીગોનૉમેટ્રીની પરીક્ષા હતી. રાઘવ જાણતો હતો કે આ વિષયમાં હું થોડો કાચો છું એટલે જ છેલ્લી મિનિટના રિવિઝન માટે

એ મારે ઘેર આવ્યો હતો.

'જમીને જજે.' રસોડામાંથી નીકળતાં પપ્પાએ રાઘવને કહ્યું.

'આજે નહીં. એક વાર ગોપાલને રૅંક મળી જવા દો. પછી તમારી પાસે મોટી પાર્ટી લઈશ.' કહીને રાઘવે વિદાય લીધી.

૪

છેવટે રૅંક તો મળી, પણ ફેંકી દેવા જેવી. '૫૨,૦૪૩' કમ્પ્યૂટરના સ્ક્રીન પર મેં વાંચ્યું. AIEEEનું રિઝલ્ટ ઑનલાઈન જોવા માટે હું શિવપુરમાં રાઘવને ઘેર આવેલો.

આમ જુઓ તો માર્ક્સ સાવ ખરાબ નહોતા. પરીક્ષામાં બેઠેલા દસ લાખ વિદ્યાર્થીઓમાંથી સાડા નવ લાખને મેં પાછળ રાખી દીધેલા, પણ કમનસીબે NITમાં માત્ર ત્રીસ હજાર સીટ્સ હતી. કુદરતે પણ કેવી ક્રૂર મજાક કરેલી! હું એવા દુર્ભાગી લોકોમાંનો એક હતો. જે હોશિયાર ઠરેલા, પણ જેમની હોશિયારી અહીં કામ આવે તેવી નહોતી.

રાઘવનો નંબર ૫૮૨૦મો હતો. એના પપ્પા સ્વાભાવિક રીતે જ ખુશ હતા, પણ એમણે કહી દીધું, 'હજી JEEનું રિઝલ્ટ આવવા દે!' એમની નજર NIT નહીં, IIT પર હતી.

'હું જાઉં છું.' મેં ધીમેથી કહ્યું.

'પચાસ હજાર મળ્યા છે તો ક્યાંક તો ચાન્સ લાગી જશેને!' રાઘવના પપ્પાએ ધીમેથી કહ્યું. જોકે એ પણ પરિસ્થિતિથી વાકેફ હતા કે, આટલા માર્ક્સ પર મને કોઈ સારી એન્જિનિયરિંગ કૉલેજમાં ઓપન સીટ પર ઍડમિશન નહીં મળે. ઠાલું આશ્વાસન આપવા પાછળ એમનો ઈરાદો ભલે નેક હોય, પણ મને ઠેસ લાગી. જિંદગીમાં આટલી નાનપ મેં આ પહેલાં ક્યારેય નહોતી અનુભવી. આંખમાં ઊભરાઈ આવેલાં આંસુ એમને દેખાઈ જાય એ પહેલાં 'આવજો' કહીને હું રાઘવના ઘરની બહાર નીકળી ગયો.



ઘેર પહોંચ્યો ત્યારે પપ્પા અખબારોનો પથારો કરીને બેઠેલા, 'આજે AIEEEનું રિઝલ્ટ છે ને! કેમ ક્યાંય દેખાતું નથી?' એમણે પૂછ્યું.

'હવે છાપાવાળા આ રિઝલ્ટ નથી છાપતા.' મેં આમતેમ પડેલાં પેપર્સ ભેગાં કરતાં કહ્યું.

'તો ચાલ, NIT લખનઉ જઈ આવીએ.' પાંચ કલાકની મુસાફરી જાણે રમત વાત હોય એમ પપ્પાએ કહ્યું. એમની આંખોમાં આજે જબરી ચમક હતી.

આ ચમકને બુઝાવી દેવાની હિંમત મને નહોતી થતી. ખુદને થોડો સમય આપવા માટે હું રસોડામાં જતો રહ્યો. કોઈ પણ કામમાં નિષ્ફળતા મેળવવાનું આકરું હોય છે અને એથીયે વધુ આકરું લાગે છે, મા-બાપની સામે આ નિષ્ફળતા કબૂલવાનું!

રસોઈ બનાવવામાં મેં કલાક કાઢી નાખ્યો. એક પરીક્ષા, અડધો ડઝન ખોટા જવાબ અને જિંદગી જાણે રાતોરાત બદલાઈ ગયેલી.

જમતી વખતે વધુ વાત ન થઈ, પણ પપ્પાની આંખમાં ચમકતી આશા ઝીરવવાનું હવે મારા માટે શક્ય નહોતું. જમ્યા પછી હું એમના રૂમમાં ગયો.

'પપ્પા, મારું રિઝલ્ટ આવી ગયું. ૫૨,૦૪૩ની રૅન્ક મળી છે.'

'સારી કહેવાય?' એમણે નિર્દોષભાવે પૂછ્યું. મેં નકારમાં માથું ધુણાવ્યું.

'તને જોઈતી બ્રાન્ચમાં સીટ નહીં મળે?' હજીયે એમની આશા જીવંત હતી. મેં એના પર ઠંડું પાણી રેડતાં કહ્યું, 'મને NITમાં ઍડમિશન નહીં મળે.'

પપ્પાના ચહેરા પર હાવભાવ બદલાઈ ગયા. દરેક બાળકને જેનો ડર હોય છે. એ વાત એમની આંખમાં વંચાતી હતી, 'તારા માટે મેં આટલી મહેનત કરી, પણ એનું શું પરિણામ આવ્યું?' એ ઘડીએ મને થઈ એવી લાગણી બીજાં લાખો બાળકોએ એક યા બીજે સમયે અનુભવી હશે કે આનાં કરતાં તો માથામાં કોઈ ગોળી મારી દે!

'કેટલી વાર મેં કહેલું કે, ભણવામાં ધ્યાન આપ!' પપ્પા જેવા શબ્દો કદાચ દરેક મા-બાપે ઉચ્ચાર્યા હશે.

હતાશભાવે એ અંદરના રૂમમાં જતા રહ્યા. અડધો કલાક પછી હિંમત એકઠી કરીને હું એમની પાસે ગયો. પપ્પા માથા પર ગરમ પાણીની કોથળી રાખીને લાંબા થયા હતા.

'પપ્પા, હું બી.એસસી. કરીને સારી નોકરી શોધી કાઢીશ.' મેં કહ્યું.

સાદા ગ્રૅજ્યુએટને કોણ સારી નોકરી આપવાનું? પપ્પાનો પ્રતિભાવ હતો.

સાચી વાત, 'સિમ્પલ ગ્રૅજ્યુએટ'ની કોઈ કિંમત નહોતી.

'ફરીથી ટ્રાય કરજે.' પપ્પાએ થોડી વાર પછી કહ્યું. સૂચન અયોગ્ય નહોતું, પણ એક વાર એન્ટ્રન્સ એક્ઝામ આપવામાં જે તાણ અનુભવેલી, એનું પુનરાવર્તન કરવાની વાતે મારા મગજમાં અણધાર્યો ભડકો કર્યો, 'એ વખતે તમે જમીનનો સોદો મંજૂર કરી લીધો હોત તો આજે પ્રાઈવેટ એન્જિનિયરિંગ કૉલેજની ફી ભરવાના પૈસા આપણી પાસે હોત. તમારી જીદનું પરિણામ આજે મારે ભોગવવાનું આવ્યું.' હું રીતસર ચીસ પાડી બેઠો.

'પરીક્ષામાં નપાસ થાવ. પછી બાપની સામે બરાડા પાડો. બહુ સરસ!' ગરમ થેલીને કપાળે દબાવતાં પપ્પા બબડયા.

'સૉરી પપ્પા.' મને શરમ આવી ગઈ. પપ્પા ચૂપ રહ્યા, 'પપ્પા, થોડી ધીરજ રાખો. તમને નિરાશ નહીં કરું. એક દિવસ કંઈક કરીને બતાવીશ. તમારા પગમાં પૈસાના ઢગલા કરી દઈશ.' મરણિયા થઈને મેં કહ્યું.

'પૈસા કમાવા માટે મહેનત કરવી પડે અને એ તો તારે કરવી નથી.' એમણે કહ્યું.

પપ્પાને કેવી રીતે સમજાવું કે મહેનત તો મેં બહુ કરેલી. પચાસ હજારની રેન્ક મેળવવી કંઈ આસાન નથી, પણ તનતોડ મહેનતનું ફળ નહોતું મળ્યું. અંદરથી હું ભાંગી રહ્યો હતો. પપ્પા, બસ હાથ લંબાવે તો મારે એમને ભેટી પડવું'તું, એમના ખોળામાં માથું મૂકીને ધ્રૂસકે ધ્રૂસકે રડવું'તું. પણ પપ્પા નજર ફેરવી લેતાં બોલ્યા, 'જા, હવે ઘરડે ઘડપણ તો મને થોડી શાંતિ લેવા દે.'

હું મારા રૂમમાં ગયો. આટલાં વર્ષોમાં સાચું પૂછો તો, મમ્મીની ખોટ મને ભાગ્યે જ સાલી હતી. પણ AIEEEનું રિઝલ્ટ આવ્યું એ દિવસે લાગ્યું કે કાશ, આજે મારી મા અહીં મારી પાસે હોત!

પરીક્ષામાં છ સવાલના ખોટા જવાબ આપવા બદલ મેં જાતને બહુ કોસી. હવે પસ્તાવો કરવાનો કોઈ અર્થ નહોતો, પણ આ સહજ માનવવૃત્તિ છે. જીવનભર આપણે આવા કેટલાયે નિરર્થક અફસોસ, પસ્તાવાનો બોજ ઉપાડીને ચાલ્યા કરીએ છીએ.

મધરાતે લિવિંગરૂમમાં જઈને મેં આરતીને ફોન કર્યો.

'કેમ છે તું?' એણે શાંતિથી પૂછ્યું.

આરતી સુધી મારી નિષ્ફળતાના સમાચાર બપોરે જ પહોંચી ગયેલા, પણ એણે દિવસભર ફોન નહોતો કર્યો. આરતી મારી મનોસ્થિતિ

સમજતી હતી. જાણતી હતી કે સ્વસ્થ થયા પછી હું જ સામેથી ફોન કરીશ.

'આપણે કાલે નાવમાં વાત કરીશું.' મેં કહ્યું.

'સારું, અસ્સી ઘાટ પર કાલે સવારે સાડા ચાર વાગે!' આરતીએ જવાબ આપ્યો.

હું પપ્પાના રૂમમાં પાછો ગયો. મારી જેમ એમને પણ આજે ઊંઘ નહોતી આવવાની.

'સૉરી પપ્પા, તમે કહેશો એમ કરીશ. ફરીથી ઍન્ટ્રન્સ ઍક્ઝામ આપીશ. વધુ મહેનત કરીશ, એન્જિનિયર થઈને જ જંપીશ.' મારી આંખ છલકાઈ પડી.

પપ્પાએ મારા માથે હાથ મૂક્યો, 'બેટા, ભગવાન તારી સાથે છે. સૂઈ જા હવે!'

બીજે દિવસે સવારે સાડાચારે હું અસ્સી ઘાટ પર પહોંચી ગયો. નાવનો માલિક, ફૂલચંદ મારો દોસ્ત બની ગયેલો. એણે ક્યારેય મારી પાસેથી પૈસા નહોતા લીધા. ઊલટું કોઈ વિદેશી સાથે નાવ ભાડે આપવાના સોદામાં ભાષાની સમસ્યા ઊભી થાય અને હું મદદ કરું તો ફૂલચંદ મને દસ ટકા કમિશન આપતો. કલાક માટે એની નાવ ભાડે લેનારા ગોરાએ પાંચસો રૂપિયા આપવા પડતા, પણ મારે માત્ર પાછા ફરીને ચા-બિસ્કિટ જેટલો ખર્ચ કરવો પડતો.

અસ્સી ઘાટથી વીસેક મીટરના અંતરે નાવિકો અને સાધુઓની નજરથી દૂર આરતી મારી રાહ જોતી ઊભી હતી. વહેલી સવારના સૂરજ જેવા લાલ- કેસરી રંગનો દુપટ્ટો એણે ગળે વીંટાળ્યો હતો. 'પેલી તરફ જઈએ.' આરતીએ પશ્ચિમ દિશા તરફ આંગળી ચીંધતાં કહ્યું.

પૂર્વમાં દશાશ્વમેધ ઘાટ પર દિવસની પહેલી આરતી શરૂ થઈ ગયેલી. પરોઢિયે પણ ત્યાં લોકોની ભીડ હતી. એવું કહેવાય છે કે આ સ્થળે બ્રહ્માએ દસ અશ્વમેધ યજ્ઞ કરેલા. પવિત્ર ગણાતી વિધિઓ કરાવવા માટે અહીં દૂર દૂરથી લોકો આવતા હતા.

ધીમે ધીમે ઘંટનાદ અને મંત્રોચ્ચારના અવાજ ઓછા થવા લાગ્યા. માત્ર પાણીમાં પડતા હલેસાંનો અવાજ આવે, એવી શાંત જગ્યાએ પહોંચીને મેં નાવ અટકાવી, હલેસાં બાજુએ મૂક્યાં. આરતી મારી બાજુમાં આવીને બેઠી. એણે મારો ચહેરો હાથમાં લઈને એની તરફ ફેરવતાં કહ્યું, 'આવું તો ચાલ્યા કરે.'

'આરતી, મને બહુ ડર લાગે છે.' મારાથી કહેવાઈ ગયું.

'શાનો ડર?'

'જિંદગીમાં હું કંઈ નહીં કરી શકું.'

'સાવ નાખી દેવા જેવી વાત નહીં કર. જે લોકોને AIEEEમાં ટોપ રેંક ન મળે એ બધાંની જિંદગી ખતમ થઈ જતી હશે?'

'ખબર નહીં... મને કંઈ સૂઝતું નથી. પપ્પા ફરી વાર ટ્રાય કરવાનું કહે છે. એ બસ, મને એન્જિનિયર બનાવવાની રઢ લઈને બેઠા છે.'

'તારે ખરેખર એન્જિનિયર બનવું છે?' આરતીએ પૂછ્યું.

'આવા સવાલનો મારા માટે અર્થ નથી. મારા પપ્પા આઈએસએસ ઑફિસર નથી. મારા દાદા કોઈ મોટા પ્રધાન નહોતા. મારો ઉછેર એક સીધાસાદા ભારતીય પરિવારમાં થયો છે. અમારે બસ, આજીવિકા રળવાનો વિચાર કરવાનો છે. એન્જિનિયર થયો તો સારી નોકરી મળશે.'

'તું તો ભારે જુનવાણી નીકળ્યો.'

'બે ટંક પેટ ભરીને જમવા મળે, એ વિચાર જુનવાણી ગણો તોયે જરૂરી છે.'

આરતીએ હસીને મારા ખભે હાથ મૂક્યો. હું એને ભેટી પડયો. અચાનક મારા હોઠ એના હોઠની નજીક પહોંચી ગયા, પણ વધુ કંઈ થાય એ પહેલાં આરતી મને ધક્કો મારીને વેગળી થઈ ગઈ, 'શું કરે છે તું?' એણે દૂર બેસતાં કહ્યું.

'હું... મને...' મારી જીભ થોથવાઈ ગઈ.

'બસ કર ગોપાલ, શું કામ આપણી દોસ્તીને બગાડવા બેઠો છે?'

'આરતી, હું તને... તું મને બહુ ગમે છે.' મેં કહ્યું. પણ આઈ લવ યુ કહેવાની હિંમત ન થઈ.

'તું પણ મને બહુ ગમે છે.' આરતી બોલી.

'તો પછી એક નાનકડી કીસ શું કામ નથી કરવા દેતી?'

'કારણ કે મારે નથી કરવી. જો ગોપાલ, ગેરસમજ નહીં કરતો. વર્ષોથી તું મારો સહુથી નજીકનો દોસ્ત છે, પણ આ પહેલાંયે મેં તને કહેવાની કોશિશ કરી છે કે...'

'શું?'

'કે મેં તને ક્યારેય બીજી રીતે જોયો જ નથી.'

મેં નજર ફેરવી લીધી. હવે વધુ કંઈ બોલવાનો-સાંભળવાનો અર્થ નહોતો. આરતી મારી ઘવાયેલી લાગણી પર શબ્દોના મલમપટ્ટા

કરવાનો પ્રયાસ કરી રહી હતી, પણ હવે મારે કિનારે પહોંચી જવું હતું. પાંચ વાગવામાં દસ મિનિટ બાકી હતી. સાડા પાંચે જાપાનીઝ ટૂરિસ્ટનું ગ્રૂપ, ફૂલચંદની નાવમાં બેસીને ગંગામાં ફરવા નીકળવાનું હતું.

ઘાટ પર પહોંચ્યા, ત્યાં સુધી અમારી વચ્ચે કોઈ વાતચીત ન થઈ, 'સાંજે ઘેર આવીશ?' નાવમાંથી ઊતરતા આરતીએ પૂછ્યું.

'મારે તારી સાથે વાત નથી કરવી.' મેં કહ્યું.

''સાવ ઈડિયટ છે તું!

'હા, હું ઈડિયટ છું. તને આજે ખબર પડી? ઈડિયટ છું એટલે જ AIEEEમાં નપાસ થયો.' પાછું જોયા વિના હું ત્યાંથી નીકળી ગયો.

૫

ધાર્યું હતું, એમ JEEમાં પણ મારો ગજ ન વાગ્યો. રાઘવ ૧૧૨૩મી ઑલ ઈન્ડિયા રેંક મેળવીને વારાણસીમાં હીરો બની ગયેલો. સ્થાનિક અખબારોમાં એના ફોટા છપાયા. વારાણસીમાંથી માત્ર ચાર વિદ્યાર્થીએ JEE પાસ કરેલી અને વારાણસીના મૂળ રહેવાસી તરીકે તો માત્ર રાઘવે પરીક્ષા આપી હતી. બાકીના ત્રણે કોટામાંથી ફૉર્મ ભરેલાં.

'પણ એ છોકરા કોટા શું કામ ગયેલા?' પપ્પાએ અખબારમાંથી આંખ ઊંચી કરતાં પૂછ્યું.

'કોટા શહેર, IIT કોચિંગ ક્લાસીસનું પાટનગર ગણાય છે. દર વર્ષે દેશભરમાંથી હજારો છોકરા-છોકરીઓ ત્યાં ભણવા જાય છે અને દર વર્ષે IITમાં દાખલ થતાં ત્રીસ ટકા સ્ટુડન્ટ્સ કોટામાં તૈયાર થયા હોય છે.'

સાંભળીને પપ્પાને નવાઈ લાગી, પણ મને ઍન્ટ્રન્સ ઍક્ઝામ વિશે વધુ ચર્ચા કરવાની ઈચ્છા નહોતી. બારમા ધોરણની પરીક્ષામાં મને ૭૯ ટકા આવેલા. અલાહાબાદ યુનિવર્સિટીમાંથી બી.એસસી. કરવાનું મેં નક્કી કરી લીધેલું. અલબત્ત, રોજ ૧૨૦ કિલોમીટરની મુસાફરી કરવાનું મુશ્કેલ હતું, પણ મેં વિચારેલું કે રહેવાનું અલાહાબાદમાં રાખીશ અને શનિ-રવિવારે પપ્પાને મળવા વારાણસી આવી જઈશ, પણ ત્યાંનું ફૉર્મ ભરવા માટે મેં પપ્પા પાસેથી બસો રૂપિયા માગ્યા તો એ ભડકી ગયા.

'કેમ, તારે AIEEE ફરી નથી આપવી?'

'આપીશ, પણ અલાહાબાદ યુનિવર્સિટીમાં ઍડમિશન લઈને ત્યાંથી જ પછી AIEEEનું ફૉર્મ ભરી દઈશ.'

'એક સાથે બબ્બે કોર્સની તૈયારી કેવી રીતે થાય?'

'મારે એક આખું વરસ બગાડવાનું જોખમ નથી લેવું.' મેં સ્પષ્ટતા કરી દીધી.



રાઘવને ઘેર એને મળવા ગયો ત્યારે ત્યાં જાણે કોઈ માઉન્ટ એવરેસ્ટ

સર કરીને આવ્યું હોય એવો માહોલ હતો. એના પપ્પા મિસ્ટર કશ્યપને ભેલ કંપનીએ ત્રણ બેડરૂમનો ફ્લૅટ આપેલો, ત્યાં એમને અને એમના દીકરાને અભિનંદન આપવા આવેલા લોકોની ભીડ જામેલી.

મિસ્ટર કશ્યપે મને દૂરથી જોઈને આછું સ્મિત આપ્યું. મેં પણ એમના દીકરાની જેમ IIT રેંક મેળવી હોત તો એ કદાચ ઊભા થઈને મારી સાથે હાથ મિલાવત. એવો વિચાર મારા મનમાં રમી ગયો. પણ પછી લઘુતાગ્રંથિની લાગણી ખંખેરીને હું રાઘવની સાથે એના રૂમમાં ગયો, 'કયા શહેરની IITમાં જોડાવાનો ઈરાદો છે?' મેં ખુરશી પર બેસતાં પૂછ્યું.

'નો IIT! મેં IT-BHUમાં ઍડમિશન લેવાનું નક્કી કરી નાખ્યું છે.'

સાંભળીને મને નવાઈ લાગી. IT-BHU, એટલે બનારસ હિન્દુ યુનિવર્સિટીની ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટૅક્નૉલૉજી. વારાણસીની આ સહુથી પ્રતિષ્ઠિત કૉલેજ હતી અને એમાં ઍડમિશન લેવા માટે પણ JEE પાસ કરવી પડતી હતી. પરંતુ ગમે તેટલું મોટું નામ હોય, IITની તુલનાએ IT-BHU નીચે જ ગણાય.

'પણ કેમ?' મેં પૂછ્યું.

'મારે પાર્ટટાઈમ જર્નાલિઝમનો કોર્સ પણ કરવો છે.' રાઘવે જવાબ આપ્યો.

મને લાગ્યું કે રાઘવની ડાગળી ચસકી ગઈ છે કે શું? એને લખવાનો શોખ હતો. છાપામાં તંત્રીને લખેલા એના કાગળો અને થોડા લેખ પણ છપાઈ ચૂક્યા હતા, પરંતુ એન્જિનિયરિંગ અને પત્રકારત્વ... આ તો ગાંડપણ હતું.

'તારા લખવાના શોખને ખાતર તું IIT છોડી દેવા તૈયાર થયો છે?' મેં પૂછ્યું.

'પત્રકારત્વ માત્ર મારો શોખ નથી. એ જ મારું સપનું છે.'

'તો પછી એન્જિનિયરિંગ શું કામ કરે છે?'

'ડૅડીને ખુશ રાખવા, પણ એય, મેં એમને કહ્યું છે કે કમ્પ્યૂટર સાયન્સની બ્રાન્ચમાં સીટ મળે એટલા માટે હું BHUમાં જવા માગું છું. તું જઈને ભાંડો નહીં ફોડી નાખતો.' રાઘવે મને ચેતવણી આપી.

અમારી વાતચીત ચાલતી'તી ત્યાં જ રાઘવના પપ્પાએ એને બોલાવવા બૂમ પાડી એટલે એ જવા માટે ઊભો થયો.

ખરેખર લોકોને જ્યારે કંઈક મળી જતું હોય છે ત્યારે એ સૌ

આત્મકેન્દ્રી બની જતા હોય છે.

'તું મને એટલુંય નહીં પૂછે કે હું હવે શું કરવા ઈચ્છું છું?' મેં પૂછવા ખાતર પૂછ્યું.

એ ઊભો રહ્યો, 'ઓહ સૉરી યાર... બોલ, તું હવે શું કરવા ઈચ્છે છે?'

મને ખબર ન પડી કે એણે હૃદયથી પૂછ્યું કે પછી પૂછીને મારા પર ઉપકાર કર્યો?

'દોસ્ત, મળીએ પછી...' કહીને એ જતો રહ્યો.



'પપ્પા, હું કોટા નહીં જાઉં.' મેં કહ્યું. મને ગંધ સુધ્ધાં નહોતી આવી કે આખું અઠવાડિયું પપ્પાએ કોટા વિશે માહિતી ભેગી કરવામાં વિતાવેલું.

'પણ મારે તને કોટા મોકલવો છે. કોચિંગ ક્લાસમાં આખા વરસની ફી ત્રીસ હજાર રૂપિયા, દર મહિને ત્યાં રહેવાનો ખર્ચ ત્રણ હજાર, બધું મળીને...' પપ્પાએ ગણતરી માંડી.

'છાંસઠ હજાર અને આખું વરસ! પપ્પા આપણે ત્યાં પૈસાનું ઝાડ ઊગ્યું છે?'

'મેં તને નહોતું કહ્યું, પણ છેલ્લાં ત્રણ વર્ષમાં થોડા થોડા પૈસા બચાવીને મેં ચાલીસ હજારની ફિક્સ્ડ ડિપોઝિટ મૂકી છે. શરૂઆતમાં આટલાથી કામ ચાલી જશે. પછી કંઈ જ બંદોબસ્ત કરી લઈશ.'

'મારા ટ્યૂશનમાં તમારે રહીસહી બચત વાપરી નાખવી છે? આ કોટા છે ક્યાં?'

'રાજસ્થાનમાં. અહીંથી સીધી ટ્રેન જાય છે. બાવીસ કલાકમાં તો વારાણસીથી કોટા.'

'પણ અહીંની કૉલેજ શું ખોટી છે? એની ફી ભરવાના પૈસા આપોને! કમસેકમ અહીંથી તો બી.એસસી.ની ડિગ્રી મળવાની ખાતરી છે.'

'એવી મામૂલી ડિગ્રી શું કામની? ગયા વખતે તું સહેજ માટે રહી ગયો. બીજી વાર એક્ઝામ આપવા માટે કોટા જઈને બરાબર તૈયારી કરી નાખ.'

હું હેબતાઈ ગયો, 'પપ્પા, આવા ખર્ચા આપણને ન પરવડે અને માની લો કે હું કોટા ગયો, તો અહીં કોણ તમારું ધ્યાન રાખશે?'

'તું એવી ફિકર છોડી દે. આમેય મોટા ભાગનું ઘરકામ તો હું જ કરું છું ને!' પપ્પાએ યાદ દેવડાવ્યું.

મને આરતી યાદ આવી ગઈ. નાવમાં એણે મારી વાત નકારી કાઢેલી, પણ એના મનમાં મારા માટે લાગણી તો હતી જ. એવો એકેય દિવસ નહોતો જતો જ્યારે અમે વાત ન કરી હોય. અહીંની કૉલેજમાં દાખલ થવાનું સૂચન એણે જ મને કરેલું. મેં તો મારા માર્ક્સના આધારે કયા કોર્સમાં ઍડમિશન લેવું એ પણ વિચારી લીધેલું.

જોકે પપ્પા પાસે આમાંથી કંઈ બોલાય એવું નહોતું. જમી લીધા બાદ મેં ફરીથી આર્થિક કારણોની ચર્ચા માંડી તો પપ્પાએ એનો હાથ લાંબો કરતાં કહ્યું, 'આ સોનાની વીંટી મારા માટે નકામી છે. મને જરૂર પડી તો તારી માનાં ઘરેણાં પણ છે જ ને!'

'તમે મને કોટાના કોચિંગ ક્લાસમાં મોકલવા માટે મમ્મીનાં દાગીના વેચી નાખશો?' મને આંચકો લાગ્યો.

'એ તો આમેય તારી થનારી પત્ની માટે સાચવી રાખ્યા છે, પણ તું એન્જિનિયર થઈ જા. પછી તારા પૈસે એના માટે ઘરેણાં ઘડાવ્યા કરજે.'

'પણ તમે અચાનક વધુ બીમાર પડયા તો આ જ બધી મૂડી આપણને કામમાં આવશે.' મેં દલીલ કરી.

'તું એક વાર એન્જિનિયરિંગ કૉલેજમાં દાખલ થઈ ગયો તો મારી બધી બીમારી ગાયબ થઈ જશે.' પપ્પાએ હસતા મોઢે કહ્યું.

પપ્પાને હસતા જોવા માટે મારી આંખો તરસતી હતી, પણ આવી સ્થિતિમાં નહીં. આટલે દૂર જવું, આટલો ખર્ચ કરવો અને પછીયે સફળતા મળશે કે નહીં એ અનિશ્ચિત હતું. અને એ બધાથી વધીને, આરતીથી દૂર જવાનો વિચાર મારા માટે અસહ્ય હતો.

મારી લાગણીથી અજાણ પપ્પા એમના તાનમાં બોલી રહ્યા હતા, 'તારી માનું પણ આ જ સપનું હતું.'

મેં દીવાલ પર લટકતી તસવીર સામે જોયું. મમ્મી જાણે એમાંથી મને કહી રહી હતી, 'પપ્પાનું ધ્યાન રાખજે.'

'તો તું કોટા જવા તૈયાર છેને?' પપ્પાએ પૂછ્યું.

'તમે ખુશ રહેતા હો, તો હું કોઈ વાતની ના નહીં પાડું.' મેં જવાબ આપ્યો.

'મારો ગોપાલ...' કહેતાં પપ્પા મને ભેટી પડયા. AIEEEના રિઝલ્ટ પછી પહેલી વાર એમણે આવો સ્નેહ દાખવ્યો હતો.



કોટામાં રહેવા માટે જે થોડી ઘણી ઘરવખરીની જરૂર પડવાની હતી. એની ખરીદી માટે આરતી મારી સાથે નીકળેલી. નાદેશર રોડ પરની દુકાનોમાં વસ્તુની પસંદગી અને ભાવની રકઝક કરવાની જવાબદારી એણે જ સંભાળી લીધેલી, પરંતુ એણે જ્યારે સ્ટીલની એક મોટી તપેલી ઉપાડી ત્યારે મારાથી ન રહેવાયું, 'ત્યાં ટિફિન સિસ્ટમ છે. હું કંઈ રોજ રસોઈ કરવા નથી બેસવાનો.'

'આ તો ઈમરજન્સી માટે છે. હું કોટા આવીશ તો રોજ તારા માટે રસોઈ બનાવીશ.' આરતી બોલી.

'સાચે?' હું એની સામે તાકી રહ્યો.

'હા, હું ડેડીને કહીશ કે મારે પણ આ વર્ષ રિપીટ કરવું છે.' આરતીએ આંખ મીંચકારતાં કહ્યું અને પછી હસી પડી, 'સ્ટુપિડ, હું મજાક કરું છું. તને મેં કહેલું તો ખરું કે મેં અગ્રસેન કૉલેજમાં સાઈકોલૉજી ઑનર્સ કોર્સ માટે ફૉર્મ ભરી દીધું છે.'

મેં હેંગર પસંદ કરવામાં ધ્યાન પરોવ્યું, 'પણ તું વારાણસીથી આટલે દૂર જાય છે, એ મને નથી ગમતું.' આરતી બોલી.

'તું કહે તો અબઘડી મારી ટિકિટ કૅન્સલ કરી નાખું!'

આરતીએ મારા ગાલ પર હાથ મૂકતાં કહ્યું, 'મારો બેસ્ટ ફ્રેન્ડ મને છોડીને જાય છે, એ કેવી રીતે ગમે? પણ ગોપાલ, કોટા જવાનો તારો નિર્ણય બરાબર છે. તારે જવું જ જોઈએ.'

એ દિવસે ખરીદીનું બિલ આરતીએ ધરાર મને ચૂકવવા ન દીધું.

મને સમજાતું નહોતું કે આખરે એ છોકરીના મનમાં છે શું! પેલે દિવસે નાવમાં એણે મારું મોઢું તોડી લીધેલું, પણ પછીયે રોજ ફોન કરીને 'તું જમ્યો'વાળો સવાલ પૂછવાનું ચાલુ રાખેલું. કોટા નહોતી આવવાની પણ ઘરવખરી ખરીદવા મારી સાથે નીકળી હતી...! હું વધુ ને વધુ ગૂંચવાતો ગયો.



'સીગરામાં નવું ડોમીનોઝ ખૂલ્યું છે. ત્યાં જઈએ?' આરતીએ પૂછ્યું.

પણ વારાણસી છોડતાં પહેલાં મારે આ શહેરને ધરાઈધરાઈને પી લેવું હતું. હું આરતીને લલિતા ઘાટ પર લઈ ગયો.

સાંજની સાથે ગંગાનાં પાણીનો રંગ બદલાઈ રહ્યો હતો. ડાબી તરફ મણીકર્ણિકા ઘાટ પર હંમેશની જેમ અનેક ચિતાઓમાંથી જ્વાળા નીકળી રહી હતી. એવું કહેવાય છે કે શિવે એક વાર નૃત્ય કરતી વખતે એમના કાનનું કુંડળ અહીં પાડી દીધેલું. વારાણસીમાં વ્યક્તિના અગ્નિદાહ માટે આ સહુથી પવિત્ર સ્થળ મનાય છે.

આરતીએ હળવેથી મારો હાથ પકડયો. આ પહેલાંય મેં જાહેરમાં આવું કરવા બદલ એને અનેક વાર ટોકી હતી, પણ આરતીને પરવા નહોતી. એ કહેતી હતી કે આમાં કંઈ ખોટું નહોતું. અમે બેસ્ટ ફ્રેન્ડ્સ હતાં.

શરૂઆતમાં કદાચ આ શબ્દો ગમ્યા હશે, પણ 'વી આર બેસ્ટ ફ્રેન્ડ્સ' એવું સાંભળતાંની સાથે હવે મને અણગમો થવા લાગ્યો હતો. આરતીની જિંદગીમાં મારું શું સ્થાન હતું, એ મારે જાણવું હતું.

'આરતી, આપણો સંબંધ ફ્રેન્ડશિપથી આગળ વધે એમાં તને શું વાંધો છે?' મેં હિંમત કરીને ફરી વાર પૂછી લીધું.

'પ્લીઝ ગોપાલ, પાછી એ વાત શરૂ નહીં કરતો.' આરતી બોલી અને થોડી વાર અમે બેઉ ચૂપ થઈ ગય. દૂર ઘાટ પર સંધ્યા આરતી શરૂ થઈ ગયેલી. એક ડઝન જેટલા પૂજારી મોટી મશાલ જેવા દીવાથી ગંગાની આરતી ઉતારી રહ્યા હતા. ભાવિકોની પ્રાર્થનાના અવાજથી વાતાવરણ ગુંજતું હતું. સેંકડો દેશીવિદેશી સહેલાણીઓ ત્યાં ટોળે વળ્યાં હતાં. રોજ જુઓ તોયે વારાણસીના ઘાટ પર થતી ગંગા આરતી, જોનારને દર વખતે મંત્રમુગ્ધ કરી દે એવી હોય છે.

મારી બાજુમાં બેઠેલી આરતી પણ એવી જ હતી. મોરપીછ રંગના સલવાર-કમીઝ અને કાનમાં ચાંદીના લાંબા ઈયરિંગ્ઝ પહેરીને બેઠેલી આરતી પરથી મારી નજર નહોતી હટતી.

'ગોપાલ, મને ખરેખર એવી કોઈ લાગણી નથી થતી.' છેવટે આરતીએ મૌન તોડયું.

'મારા માટે?'

'કોઈ માટે નહીં.' આટલું કહીને આરતી ઊભી થઈ ગઈ. ઘાટ પરથી એણે પાંચ રૂપિયાના અડધો ડઝન દીવા ખરીદ્યા અને પછી એક દીવો પ્રગટાવીને મારા હાથમાં મૂકતાં બોલી, 'ચાલ, સાથે મળીને પ્રાર્થના કરીએ.'

ઝગમગતો દીવો પાણીમાં તરતો મૂકીને આંખો મીંચીને આરતી ગણગણી, 'કોટામાં જઈને તારા બધાં સપનાં પૂરાં થાય!'

મેં આરતી સામે જોયું. મારાં સપનાં કોટામાં નહોતાં. મને જે જોઈતું હતું, એ તો હું વારાણસીમાં મૂકીને જઈ રહ્યો હતો.

ફોટા

૬

મેં દ્વારકા ઍક્સ્પ્રેસમાં વારાણસીથી કોટાની મુસાફરી ત્રેવીસ કલાકમાં પૂરી કરી.

અહીં પહોંચતાં પહેલાં મેં વિનીતને ઈ-મેઈલ કરેલો. મૂળ વારાણસીના વિનીતે છેલ્લું વર્ષ કોટામાં વિતાવેલું. એના કહેવા પ્રમાણે બંસલ અને રેઝોનન્સ આ કોટાના બે બેસ્ટ ગણાતા કોચિંગ ક્લાસીસ હતા, પણ એમાં દાખલ થતાં પહેલાં ત્યાંય ઍન્ટ્રન્સ ટેસ્ટ આપવી જરૂરી હતી. શહેરમાં અલબત્ત બીજા પણ થોડા હળવા નિયમ ધરાવતા ક્લાસીસ હતા.

જોકે એ પહેલાં મારે કોટામાં રહેવા માટેની જગ્યા શોધવાની હતી. વિનીતે ઈ-મેઈલમાં પેઈંગગેસ્ટ તરીકે રહી શકાય એવી થોડી જગ્યાઓ સૂચવેલી.

'ગાયત્રી સોસાયટી, મહાવીરનગર બંસલ ક્લાસીસ પાસે' કોટા રેલવે સ્ટેશનમાંથી બહાર નીકળીને મેં એક ઑટો રિક્ષા પકડી.

કોટાના રસ્તા ધૂળિયા હતા. ટ્રાફિક જામ, પ્રદૂષણ અને જ્યાં જુઓ ત્યાં ટેલિકોમ, અન્ડરવૅર અને કોચિંગ ક્લાસીસની જાહેરાતનાં પાટિયાં! ભારતના કોઈ પણ બીજા નાના શહેરથી કોટા જુદું નહોતું લાગતું. તો પછી અહીં, દુનિયાની સહુથી અઘરી ગણાય એવી પરીક્ષામાં પાસ થઈ જાય એવા હજારો સ્ટુડન્ટ્સ કઈ રીતે પેદા થતા હશે?

'IIT કે મેડિકલ?' ભૂખરા વાળ અને એવા જ દાંત ધરાવતા ઑટો ડ્રાઈવરે પૂછ્યું.

ત્યારે મને ખ્યાલ આવ્યો કે કોટા બીજાં શહેરોથી કઈ રીતે જુદું પડતું હતું. અહીં કદાચ દરેક જણ, ઍન્ટ્રન્સ ઍક્ઝામ જેવા શબ્દોથી પરિચિત હતું.

'IIT' મેં જવાબ આપ્યો.

'બંસલ અહીંના બેસ્ટ ક્લાસીસ છે. એમની ઍન્ટ્રન્સ ઍક્ઝામ આવતે અઠવાડિયે છે.'

'તમને કેવી રીતે ખબર?' મેં નવાઈભેર પૂછ્યું.

ઑટો ડ્રાઈવર હસી પડયો, 'મારો આખો પરિવાર શિક્ષણના ક્ષેત્રમાં છે. મારું નામ શંકર, હું મૂળ અલવરનો છું. મારી ઘરવાળી ટિફિન બિઝનેસ ચલાવે છે. દિવસમાં બે વારના માત્ર પંદરસો રૂપિયા.' અલવરે ખિસ્સામાંથી એનું બિઝનેસ કાર્ડ કાઢીને આપ્યું. મેં મારી ઓળખાણ આપી.

'રસોઈની ઝંઝટમાં પડયા વિના તમે ભણવામાં ધ્યાન આપો. પરીક્ષા બહુ અઘરી છે.' એણે કહ્યું.

'કઈ પરીક્ષા?' મેં પૂછી નાખ્યું.

'IIT માટે JEE! કમઓન ગોપાલભાઈ, અમે કંઈ સાવ અભણ નથી.'



અમે ગાયત્રી સોસાયટીના કમ્પાઉન્ડમાં પહોંચ્યા. મકાનો ખખડધજ હતાં અને ઝાડુવાળો સફાઈના નામે એના લાંબા હાથાવાળા ઝાડુથી ચારેકોર ધૂળ ઉડાડી રહ્યો હતો.

'કોને મળવું છે?' મેઈન ગેટ પર બેઠાબેઠા તમાકુ ચોળી રહેલા વૉચમૅને પૂછ્યું.

'રૂમ ભાડે જોઈએ છે.' મેં જવાબ આપ્યો.

'IIT કે મેડિકલ?' ફરી વાર આ પ્રશ્ન પુછાયો, મારો જવાબ સાંભળ્યા બાદ વૉચમૅને પેટાપ્રશ્ન ફંગોળ્યો, 'ફર્સ્ટ ટાઈમર કે રિપીટર?'

'શું ફેર પડે છે?' મેં અકળાઈને પૂછ્યું.

'ફેર તો ઘણો પડે છે. ફર્સ્ટ ટાઈમર અહીં આવીને સ્કૂલમાં પણ દાખલ થાય છે. આખો દિવસ એ લોકો ઘરની બહાર રહે. પણ ઍક્ઝામ રિપીટ કરનારા માત્ર કોચિંગ ક્લાસમાં જાય છે અને બાકીનો સમય ઘરમાં સૂઈ રહે છે. કોઈ કોઈ મકાનમાલિકને આ નથી ગમતું એટલે પૂછ્યું.'

'રિપીટર'' જવાબ આપતી વખતે ખુદબખુદ મારી આંખો ઝૂકી ગઈ. તમાકુ ચાવી રહેલા અજાણ્યા વૉચમૅનની સામે પણ હું એક વાર નપાસ થયેલો એ કબૂલતાં મને શરમ આવી ગઈ.

'હે ભગવાન, એક ઓર રિપીટર! પણ વાંધો નહીં, કોશિશ કરીએ. પણ પહેલેથી કહી દઉં કે અડધા મહિનાનું ભાડું મને કમિશન તરીકે આપવું પડશે. શું છે તમારું બજેટ?'

'બે હજાર.'

'બસ, બે હજાર? થોડું વધારો. ચાર હજારમાં મસ્ત ઍરકન્ડિશન્ડ રૂમ મળી જશે. જોકે સાથે બીજા લોકો પણ હશે.'

'મને નહીં પરવડે.' મારો જવાબ સાંભળીને વૉચમૅનનું મોઢું કટાણું થયું, પણ એ પછી મને મકાનના પાંચમે માળ 'સિંગલ પ્રાઈવેટ રૂમ' તરીકે ઓળખાતી જગ્યાએ લઈ ગયો, જે હકીકતમાં બારી વગરનો, મૂળ સ્ટોર રૂમ હતો. જોતાંની સાથે મારો શ્વાસ ઘૂંટાવા લાગ્યો. આરતી યાદ આવી ગઈ. વળતી ટ્રેન પકડીને વારાણસી પાછા ફરી જવાની ઈચ્છા જોર કરી ગઈ. માથું ધુણાવીને હું પગથિયાં ઊતરી ગયો.

પરંતુ બીરજુ નામનો એ વૉચમૅન હવે મને છોડવા તૈયાર નહોતો. થોડી રકઝક બાદ એને ખાતરી થઈ ગઈ કે મારું બજેટ બે હજારથી વધુ નહોતું જ ત્યારે એણે ગાલ ખંજવાળતાં કહ્યું, 'આનાથી ડબલ સાઈઝનો એક રૂમ છે. બારીઓ, મોટો પંખો... એક રિટાયર્ડ કપલ ત્યાં રહે છે. એ જગ્યા તમારા બજેટમાં આવી જશે.'

'તો પહેલાં કેમ બતાવી નહીં?'

'એક પ્રૉબ્લેમ છે.'

'શું?'

'આ પહેલાં એક સ્ટુડન્ટ ત્યાં રહેતો હતો. પરીક્ષામાં નાપાસ થયો, તો એણે ત્યાં આત્મહત્યા કરી લીધી. બે વર્ષથી રૂમ ખાલી પડયો છે. કોઈ ત્યાં રહેવા તૈયાર નથી થતું.'

'મને ચાલશે. વારાણસીમાં દુનિયાભરના લોકો મરવા માટે આવે છે. જનમ થયો ત્યારથી મેં ચિતામાં બળતા અને નદીમાં તરતાં મડદાં જોયાં છે.'

વૉચમૅન મારી બૅગ ઉપાડીને બાજુના મકાનના ત્રીજે માળે લઈ ગયો. બારણું ખોલનારા સજ્જન અને એમની પત્નીની વય સાઈઠની આસપાસ લાગતી હતી. રૂમ ચોખ્ખોચણાક હતો. પલંગ, ટેબલ, કબાટ અને પંખો... મને બીજું શું જોઈએ? 'પંદરસો રૂપિયા' મેં કહ્યું.

વૉચમૅને મારી સામે અને પેલા યુગલે એકબીજાની સામે જોયું. છેવટે ધીરગંભીર દેખાતા પુરુષે મારી સામે હાથ લાંબો કર્યો, 'મારું નામ આર. એલ. સોની. હું પીડબલ્યુડીમાં કામ કરતો હતો.'

મેં હાથ મિલાવતાં કહ્યું, 'મારું નામ ગોપાલ. હું IIT રિપીટર છું, પણ આ વખતે પાસ થઈને જ અહીંથી નીકળીશ.'

૭

કોટામાં ફરી ફરીને ભેગા કરેલા કોચિંગ ક્લાસીસના બ્રોશર્સનો ખડકલો મેં પલંગ પર કર્યો. છેલ્લા ત્રણ દિવસમાં મેં આજ કામ કરેલું. ક્લાસીસ ઘણા હતા, પણ બંસલ, રેઝોનન્સ અને કરિયરપાથ સહુની ટોપ ચોઈસ હતા. જોવાનું એ કે આ ત્રણ ક્લાસીસમાં દાખલ થવા માટે જે ઍન્ટ્રન્સ ઍક્ઝામ આપવી પડે એનું કોચિંગ કરનારા ક્લાસીસ પણ હવે કોટામાં શરૂ થઈ ગયેલા.

કોચિંગ ક્લાસ નંબર વન, કોચિંગ ક્લાસ નંબર ટુ, પછી એન્જિનિયરિંગ કૉલેજ અને એન્જિનિયર થયા બાદ મોટા ભાગના સ્ટુડન્ટ્સ એમબીએ કરવા દોડે. એ માટે પાછા બીજા કોચિંગ ક્લાસમાં જોડાવાનું, 'લાઈફ બન ગઈ' એવું કહી શકાય, એવી જગ્યાએ પહોંચતાં પહેલાં મારા જેવા લાખો ઈન્ડિયન સ્ટુડન્ટ્સ આ ક્લાસ, કૉલેજ, ક્લાસ, એક પછી બીજી પરીક્ષાના ચક્કરમાંથી પસાર થતાં હતાં. એટલી મહેનત ન કરવી હોય તો બીરજુની જેમ વૉચમૅન બની જવાનું અને એથીયે સહેલો રસ્તો જોઈએ તો મનોજ દત્તાની જેમ ગળાફાંસો ખાઈ લેવાનો.

મેં રૂમનો પંખો ચાલુ કર્યો. બે વર્ષ પહેલાં આ જ પંખા પર મનોજ નામના છોકરાએ લટકીને પ્રાણ છોડેલા. પંખાએ રૂમની ગરમ હવાને એકથી બીજા ખૂણામાં ધકેલવાનું શરૂ કર્યું.

બારણે ટકોરા મારીને મિસ્ટર સોની રૂમમાં દાખલ થયા. લંચનું ટિફિન ટેબલ પર મૂકીને એમણે હળવેથી પૂછ્યું, 'ઘેર ફોન કર્યો?'

અહીં આવ્યો ત્યારથી એવો એકેય દિવસ નહોતો ગયો જ્યારે દિવસમાં બે વાર મિસ્ટર સોનીએ આવી પૃચ્છા ન કરી હોય. કદાચ એમને લાગતું હતું કે મનોજ દત્તાએ પરિવાર સાથે પૂરતો સંપર્ક નહોતો રાખ્યો અને એટલે જ એ એકલા એકલા ગૂંગળાઈ ગયેલા છોકરાએ આપઘાત કર્યો.

મેં હા પાડી દીધી. મિસ્ટર સોનીએ જતાં જતાં સુવાક્ય ઉચ્ચાર્યું, 'દુનિયામાં મા-બાપથી વધુ વહાલ તમને કોઈ નહીં કરે.'

બારણું બંધ કરીને મેં શર્ટ ઉતાર્યું. દસ દિવસથી મેં નાવ નહોતી ચલાવી. બાવડા પર ચરબીના થર જામી ગયા હોય એવું લાગતું હતું. કસરત કરવી જરૂરી હતી, પણ એ પહેલાં આ બ્રોશર્સના ગંજનો સામનો કરવાનો હતો.

પપ્પાને મેં દસ દિવસમાં બે વાર ફોન કરેલો. એ મજામાં લાગ્યા. મેં હજી એકેય ચોપડી ઉઘાડી નહોતી, પણ પપ્પાને કહી દીધું કે આવતા વર્ષ માટે જોરદાર તૈયારી શરૂ થઈ ગઈ છે. એ ઓર મજામાં આવી ગયા.

આરતીને ચાર વાર ફોન કરેલો, પણ બે વાર એની મમ્મીએ ફોન ઉપાડીને 'આરતી બહાર ગઈ છે'નો મૅસેજ આપ્યો અને પછી બે વાર એનો અવાજ સાંભળીને મેં ફોન મૂકી દીધો. બીજા પૈસાવાળાં છોકરા-છોકરીઓની જેમ આરતી શું કામ સેલફોન નહોતી લઈ લેતી? એની પાસે મારો કોઈ કૉન્ટેક્ટ નંબર નહોતો.

મેં જમીને બ્રોશર્સ વાંચવાનું, ના, માત્ર જોવાનું શરૂ કર્યું. અંદર શું લખેલું એ વાંચવાને બદલે બ્રોશર્સના કવર પર છપાયેલી ટૉપ રૅંકર્સની તસવીરો જોવામાં મેં સમય પસાર કર્યો. લાગતું હતું કે દુનિયાના સહુથી કદરૂપા લોકો IITના ટૉપ રૅંક મેળવતા હતા.

દરેક ક્લાસમાં ઍપ્લિકેશન ફૉર્મની સાથે હજાર રૂપિયા ભરવાના હતા. ક્લાસમાં ઍડમિશન મળે કે ન મળે, એક હજાર રૂપિયા તો ગયા જ સમજો. મારી પાસે પચાસ હજાર રૂપિયા હતા. છ મહિના પછી વધુ મોકલવાનું વચન પપ્પાએ આપેલું. લિમિટેડ બજેટમાંથી ગણી ગણીને ખર્ચ કરવાનો હતો. મેં છેવટે સેંકડોમાંથી પાંચ ક્લાસીસમાં અરજી કરવાનો નિર્ણય લીધો.



સાંજે સાત વાગે હું રૂમની બહાર નીકળ્યો. મારા જેવા છોકરાઓથી રસ્તા ઉભરાતા હતા. એસટીડી બૂથમાં જઈને આરતીને ઘરે ફોન કર્યો. આ વખતે એના પપ્પા, મિસ્ટર પ્રધાનનો અવાજ સંભળાયો. મેં રિસીવર પાછું મૂકી દીધું, 'પૈસા તો આપવા પડશે' દુકાનદારે એના મશીન તરફ જોઈને કહ્યું.

કોઈની સાથે વાત કરવાની ઈચ્છાએ બહુ જોર પકડેલું. પપ્પા સાથે સવારે વાત થઈ ગયેલી. મેં રાઘવને ફોન કર્યો.

'અરે ગોપાલ, અમે તને જ યાદ કરીએ છીએ.' રાઘવે ઉત્સાહભેર

કહ્યું.

‘અમે એટલે કોણ?’ મેં પૂછ્યું.

‘આરતી અહીં જ બેઠી છે. દોસ્ત, તું કેમ છે, કોટા કેવું છે, અહીં તારી ખોટ બહુ સાલે છે...’

રાઘવની વાક્ધારામાંથી મારા કાને માત્ર આરતીનું નામ પડ્યું હતું, ‘આરતી તારા ઘરમાં છે?’ મેં પૂછ્યું.

‘હા. કૉલેજમાં કયા કોર્સમાં ઍડમિશન લેવું, એની ચર્ચા કરવા આવી છે.’

રાઘવ વધુ કાંઈ બોલે એ પહેલાં આરતીએ એના હાથમાંથી રિસીવર ઝૂંટવી લેતાં કહ્યું, ‘ગોપાલ, તું ક્યાં છે?’

‘કોટામાં. મેં તારે ઘેર ફોન કરેલો, પણ તું મળી નહીં. મારે તારી સાથે વાત કરવી છે.’

‘તો કરને હમણાં!’

‘ના. તું રાઘવના ઘરમાં છે.’

‘તો શું થઈ ગયું?’

‘કહ્યુંને, પછી વાત કરશું. કાલે તું કેટલા વાગે ઘરમાં હોઈશ?’

‘બપોરે આ ટાઈમે.’

‘અચ્છા. પણ તું અત્યારે રાઘવને ઘેર કેમ આવી છે?’

‘બસ, એમ જ.’ આરતીનો જવાબ સાંભળીને મારા દિમાગમાં ખતરાની ઘંટડી વાગી.

‘સમજાતું નથી કે મારે સાઈકૉલૉજી લેવું કે બી.એસસી. હોમસાયન્સ!’ આરતી બોલી.

‘તારી ઈચ્છા શું છે?’ મેં પૂછ્યું.

‘મારી ઈચ્છા અત્યારે તો સહુથી સહેલો વિષય શોધવાની છે. ડૅડીએ કહ્યું એટલે ફરજિયાત ગ્રૅજ્યુએશન કરવું પડે છે, પણ છેવટે મારે તો ઍરહોસ્ટેસ જ થવું છે.’

‘આહા, ઍરહોસ્ટેસ થવાનો પ્લાન હજી પડતો નથી મૂક્યો.’

‘રાઘવ કહે છે કે, વર્ષોથી જોયેલું સપનું એમ સહેલાઈથી પડતું ન મૂકી દેવાય.’

મારા દાંત ભીંસાયા. તો રાઘવે હવે આરતીને શિખામણ, માર્ગદર્શન આપવાની જવાબદારી લીધેલી. JEE પાસ કર્યું એટલે એને છોકરીઓને કારકિર્દીની બાબતમાં લેક્ચર આપવાનું લાઈસન્સ મળી ગયું?

'કાલે વાત કરશું.' મેં ગુસ્સા પર માંડ માંડ કાબૂ રાખતાં કહ્યું.

'ઓ.કે. બાય.' આરતીએ કહ્યું.

'આરતી, તું મને બહુ યાદ આવે છે.' રહી રહીને હું કહેવા ગયો, પણ ત્યાં સુધીમાં સામે છેડે રિસીવર મુકાઈ ગયેલું.



બંસલ ક્લાસીસમાં પગ મૂકતાંની સાથે ઘડીભર હું ઠરી ગયો. આ કોઈ નાના શહેરનો મામૂલી કોચિંગ ક્લાસ નહોતો. મોટી ઈન્સ્ટિટ્યૂટ કે કૉર્પોરેટ ઑફિસમાં જોવા મળે, એવી વિશાળ લૉબીમાં ઊભા રહીને મેં આસપાસ જોયું. ત્યાંથી પસાર થઈ રહેલા શિક્ષકો અને ક્લાસનો યુનિફૉર્મ પહેરેલા વિદ્યાર્થીઓના ચહેરા પર એવી ગંભીરતા હતી, જાણે એ અવકાશમાં કોઈ સેટેલાઈટ છોડવાની તૈયારી કરી રહ્યા હોય.

ઍડમિશન ઑફિસમાં બેઠેલા માણસે મારું ફૉર્મ લેતાં પૂછ્યું, 'હાઈ પર્ફોર્મર?'

'એટલે?' મેં મૂંઝાઈને પૂછ્યું.

'એટલે જો બારમા ધોરણમાં ૮૫ ટકાથી વધુ આવ્યા હોય કે AIEEEમાં ૪૦,૦૦૦ સુધીની રેંક મળી હોય એવા હાઈ પર્ફોર્મરને અહીં ૩૦ ટકા ડિસ્કાઉન્ટ મળે છે.'

'બારમામાં ૭૯ ટકા અને AIEEE રેંક ૫૨,૦૪૩.' મેં જવાબ આપ્યો.

'તો પૂરી ફી ભરવી પડશે.'

'કંઈ ડિસ્કાઉન્ટ મળી શકે?' અહીં ભાવતાલ થાય છે કે નહીં, એ ખબર નહોતી પણ મેં કોશિશ કરી જોઈ.

'એનો આધાર અહીંની ઍન્ટ્રન્સ ઍક્ઝામના રિઝલ્ટ પર છે.' ઍડમિશન ઑફિસરે જવાબ આપ્યો અને પછી તરત ઉમેર્યું, 'જોકે તમારા માર્ક્સ જોતાં લાગે છે, અહીં ગજ નહીં વાગે. બીજા ક્લાસીસમાં ફૉર્મ ભરી દેજો.'

'થૅંક્યુ.'

ઑફિસરે આમતેમ નજર નાખીને કોઈ સાંભળતું નથી, એની ખાતરી કરી અને પછી સહેજ આગળ ઝૂકીને મારા હાથમાં એક કાર્ડ સરકાવતાં કહ્યું, 'મારા કઝીને હમણાં જ નવી ઈન્સ્ટિટ્યૂટ શરૂ કરી છે. પહેલાં એ બંસલમાં જ ભણાવતો હતો. બંને જગ્યાએ કોર્સ મટીરિયલ

સરખું છે, પણ ત્યાં હું તમને પચાસ ટકા ડિસ્કાઉન્ટ અપાવી દઈશ.'

'ડ્રીમ IIT'નું વિઝિટિંગ કાર્ડ લઈને હું બહાર નીકળ્યો. બીજી જગ્યાએ પણ આવા અનુભવ થયા. પ્રતિષ્ઠિત ક્લાસીસવાળા રિપીટરને લેવા બહુ રાજી નહોતા.

આમાંથી દરેક ઈન્સ્ટિટ્યૂટ, દર વર્ષે એમને ત્યાંથી પાંચસો વિદ્યાર્થીને IITમાં મોકલવાનો દાવો જોરશોરથી કરતી હતી. કોઈ નહોતું બોલતું કે ક્લાસમાં દાખલ થતાં દસ હજારમાંથી આ પાંચસો એટલે કે પાંચ ટકાને સફળતા મળતી હતી. જોકે IIT-JEEની પરીક્ષામાં માંડ બે ટકા રિઝલ્ટ આવતું હતું. એટલે તુલનામાં, કોટાનો રેકોર્ડ ઊજળો હતો અને આ રેકોર્ડ ખરાબ ન થાય, એટલે દરેક ક્લાસવાળા પોતાને ત્યાં બને એટલા હોશિયાર વિદ્યાર્થીને દાખલ કરવા મથતા હતા. તેમ છતાં દેશભરમાંથી મારા જેવા લાખો આશાવાદી છોકરા-છોકરીઓ અહીં ફૉર્મ ભરવા માટે લાઈન લગાડતાં હતાં.

'એઈમ-IIT' અને 'કરિયરઈગ્નાઈટ'માં ઓછી ભીડ હતી. કરિયરઈગ્નાઈટવાળાએ તો હું ત્યારે ને ત્યારે ઍડમિશન લઈ લઉં તો વીસ ટકા ડિસ્કાઉન્ટની ઑફર પણ મૂકી. આ ઑફર આપનારો એક સમયે બંસલમાં હતો.

લાગતું હતું કે કોટામાં કોચિંગ કરતી દરેકેદરેક વ્યક્તિ, ક્યારેક ને ક્યારેક બંસલ સાથે જોડાયેલી હતી.

૮

બીજે દિવસે આરતી સાથે ફોન પર વાત થઈ. ફરી એક વાર મેં મિત્રોમાંથી પ્રેમી બનવાની વાત કરી અને ફરી એક વાર આરતીએ મારો પ્રસ્તાવ નકારી કાઢ્યો.

'ફોન પર પૈસા બગાડવાને બદલે આસપાસમાં કોઈ સાયબરકાફે શોધીને જી-મેઈલ આઈડી બનાવી લે. પછી રોજ સાંજે આપણે પેટભરીને ચેટિંગ કરીશું.' આરતીએ સજેશન આપ્યું. એનું ID હતું – flyingaarti@gmail.com



કોટામાં ગયા બાદ અઠવાડિયાની અંદર મારી જિંદગીના અમુક નિર્ણય આપોઆપ લેવાઈ ગયા. બંસલની ઍન્ટ્રન્સ ઍક્ઝામમાં હું નપાસ થયો. રેઝોનન્સવાળાએ છેલ્લી ઘડીએ એની ફીમાં મને ન પરવડે એવો જંગી વધારો કરી નાખ્યો. છેવટે કરિયરપાથમાં મેં ધ્રૂજતે હાથે પચીસ હજાર રૂપિયાનો ડ્રાફ્ટ સુપરત કર્યો.

કોર્સ મટીરિયલ, આઈકાર્ડ, ટાઈમટેબલ, વર્ક શિટ્સ અને ત્રણ જોડી યુનિફૉર્મ લઈને હું બહાર નીકળતો હતો ત્યાં કાળો કોટ પહેરેલા એક જણે મને અટકાવ્યો, 'કૉંગ્રેચ્યુલેશન્સ! હું સંજીવસર છું, પણ બધાં મને મિસ્ટર પુલી કહે છે. હું અહીં ફિઝિક્સ ભણાવું છું.'

અમે હાથ મિલાવ્યા. મેં ધારી લીધું કે આખા કોટામાં પુલી પ્રૉબ્લેમ્સ ઉકેલવામાં સંજીવસરની બરોબરી કરી શકે એવું કોઈ નહોતું એટલે જ એ મિસ્ટર પુલી હતા.

પછીના દિવસોમાં ખ્યાલ આવ્યો કે દરેક ઈન્સ્ટિટ્યૂટમાં જુદા જુદા ઍક્સપર્ટ્સ હતા. કરિયરપાથમાં આવા બીજા રત્ન પણ હતા. મેથ્સ ભણાવતા વર્માને ટ્રીગ્નોમેટ્રી સ્વામીનું બિરુદ મળેલું. ભલભલા કેમિકલ ઈક્વેશન્સનું બૅલેન્સિંગ કરી આપતા મિસ્ટર જાડેજાને બધાં બૅલેન્સ-જી કહેતા હતા.



મહિનાની અંદર હું પાકો કોટાવાસી થઈ ગયો. બીજા હજારો સ્ટુડન્ટ્સની જેમ મારી જિંદગીને પણ હવે એક રિધમ મળી ગયેલો. કરિયરપાથનું ટાઈમટેબલ સ્કૂલ જેવું હતું, પણ સામાન્ય સ્કૂલ જેવાં મસ્તી-તોફાનને અહીં સ્થાન નહોતું.

કોટાની સ્કૂલોમાં બારમા ધોરણમાં ભણતા છોકરાઓ, આ વધારાના ક્લાસ એટેન્ડ કરી શકે એટલે કોચિંગનો સમય બપોરનો હતો. જોકે હકીકતમાં અહીં જોડાયેલા વિદ્યાર્થીઓમાંથી ભાગ્યે જ કોઈ પોતાની સ્કૂલમાં હાજરી આપતા હતા. એમની ગેરહાજરી અંગે કોઈ સમસ્યા ઊભી ન થાય એ માટે કરિયરપાથવાળા, સ્કૂલોને તગડી રકમની લાંચ ચૂકવતા હતા એવી અફવા હતી.

ક્લાસીસનું સમયપત્રક મને તોડી નાખે એવું હતું. બપોરના બે વાગ્યાથી શરૂ થતાં લેક્ચર્સ રાતે નવ વાગે પૂરાં થાય. પછી દોડીને ઘેર જઈને, જલદીથી જમીને ડેઈલી પ્રેક્ટિસશીટ લઈને બેસી જવાનું. રોજના દસ પ્રૉબ્લેમ્સ સોલ્વ કરતાં કરતાં મધરાત થઈ જતી. થોડા કલાકની ઊંઘ લીધા બાદ બીજા દિવસના ક્લાસ માટે તૈયારી કરવાની. આ બધાની વચ્ચે સમય મળે ત્યારે રૂમની સફાઈ, કપડાંની ધુલાઈ, જરૂરી ચીજવસ્તુની ખરીદી કરી લેવાની.

સાજા માણસને ગાંડો કરી મૂકે એટલી બીઝી લાઈફ થઈ ગયેલી, પણ હું એમાં ગૂંથાઈ ગયો, કારણ કે મારે મારી જાતને સતત વ્યસ્ત રાખવી હતી. નહીં તો કોટામાં લાગતી એકલતા મને મારી નાખત.

એક દિવસ ક્લાસમાંથી નીકળતાં રાતના સાડા નવ થઈ ગયા. આરતી સાથે ચેટિંગ કરવાનો રોજનો સમય નીકળી ગયેલો. તોયે હું સાયબરકાફેમાં જઈને બેઠો અને મારા આશ્ચર્ય વચ્ચે આરતી ઑનલાઈન હતી. 'ફ્લાઇંગઆરતી' સાથે ચેટ કરવા માટે મેં મારું નામ 'ગોપાલકોટાફેક્ટરી' રાખ્યું હતું.

આરતી ઑનલાઈન મળ્યાનો આનંદ બીજી જ ઘડીએ ઓસરી ગયો. જ્યારે એણે ટાઈપ કર્યું કે, 'હું બનારસ હિન્દુ યુનિવર્સિટીના કમ્પ્યૂટર સેન્ટરમાં બેઠી છું. રાઘવે અહીંની કૉલેજમાં ઍડમિશન લીધું છે. એ કહે છે કે મને મન થાય ત્યારે હું અહીં આવી શકું છું.'

મારું મગજ ચકરાવા લાગ્યું.

ગોપાલકોટાફેક્ટરી : રાઘવને તું કેટલી વાર મળે છે?

ફ્લાઈંગઆરતી : આ વળી કેવો સવાલ છે? દોસ્તોને કેટલી વાર મળીએ એની ગણતરી રાખવાની હોય?

ગોપાલકોટાફેક્ટરી : એ બસ દોસ્ત છે?

ફ્લાઈંગઆરતી : હા, અને તારે એન્જિનિયર નહીં ડિટેક્ટિવ બનવાની જરૂર હતી.

થોડી વાર આવી આડીઅવળી વાત કર્યા પછી આરતીએ ટાઈપ કર્યું, 'ગોપી, જમ્યો?'

મેં જવાબ આપ્યો, 'ના. ઘરે જઈને જમીશ.'

આરતીએ લખ્યું, 'કુલ!'

મેં અસ્વસ્થતા અનુભવી. છોકરીઓ કંઈ છુપાવવા માગતી હોય ત્યારે છોકરાની જેમ બોલવા લાગે છે, 'કુલ' જેવા શબ્દપ્રયોગ કરવા લાગે છે. આરતી શું છુપાવતી હતી?

ગોપાલકોટાફેક્ટરી : 'તું જમી?'

ફ્લાઈંગઆરતી : 'આજે રાઘવ મને પાર્ટી આપવાનો છે, પણ સાલો લુખ્ખો છે. એની કૅન્ટીનમાં લઈ જવાનું કહે છે. આ લે, રાઘવ આવી ગયો. તને હાય કહે છે. ચાલ, હવે બહુ મોડું થઈ ગયું. કૅન્ટીનમાં જલદી કંઈ ખાઈને ઘેર ભાગવું પડશે. બાય XOXO.'

હું પાછો ગૂંચવાયો. આમ તો 'X' એટલે ભેટવાની નિશાની અને 'O' એટલે કીસ. પણ હું નહોતો માનતો કે આરતીએ આવા કોઈ ઈરાદા સાથે મને XOXO લખ્યું હોય.

આરતી લૉગઑફ કરીને જતી રહી, પણ મારી પાસે હજી વીસેક મિનિટનો ઈન્ટરનેટ ટાઈમ બચેલો. પછી મેં એ કર્યું, જે અહીં આવતા મોટા ભાગના છોકરા કરતા હતા. ઈન્ટરનેટ પર જઈને IITની સત્તાવાર વેબસાઈટ પર નજર ફેરવી અને પછીની મિનિટો પોર્નોગ્રાફિક સાઈટ્સ પર વિતાવી. કોટામાં રહેતા છોકરાઓને સહુથી વધુ જરૂર આ બે જ ચીજની જ હતી. કોચિંગ સેન્ટર, આમાંથી એક સુધી પહોંચવા સહાય કરતા હતા.

૯

કોટા આવ્યાને મને ત્રણ મહિના પૂરા થયા. બીજે દિવસે આરતીનો જન્મદિવસ હતો. ક્લાસની ટેસ્ટમાં પહેલી વાર હું ટોપ પચીસ સ્ટુડન્ટ્સની હરોળમાં પહોંચ્યો હતો. કૅમિસ્ટ્રીમાં વીસ અને ગણિતમાં દસ પૉઈન્ટનો સુધારો થયેલો. બૅલેન્સ-જી અને અમારા પરમ્યુટેશન ગુરુ શિશિરસર થોડા ખુશ હતા, પણ ફિઝિક્સના મારા નબળા માર્ક્સ જોઈને મિસ્ટર પુલી નારાજ થઈ ગયેલા. એમણે માઈક લઈને લેક્ચર ઝાડયું, ‘IITની સીટ કોઈ જોક નથી.’ (અરે ભાઈ, કોણ આવું બોલવાની મૂર્ખાઈ કરી શકે?) ‘હરીફાઈ કાતિલ છે. એ જ પાર ઊતરશે, જે સૂતાં, જાગતાં, ખાતાં, પીતાં, અરે શ્વાસ લેતા પણ IITનું રટણ કરતું રહેશે અને ત્યાં જવા માટે સખત મહેનત કરતો રહેશે.’

ક્લાસની દરેક ટેસ્ટમાં, બધાથી આગળ રહેનારા વીસ વિદ્યાર્થીને રાજકુમાર જેવા લાડ થતા હતા. એમને રત્ન એટલે કે GEMS એટલે કે ગ્રૂપ ઑફ એક્સ્ટ્રા મેરિટોરિયસ સ્ટુડન્ટ્સનો ઈલ્કાબ અપાતો હતો.

આ વીસ મોંઘેરાં રત્નોને ભણવા સિવાય બીજી કોઈ વાતમાં રસ નહોતો અને કરિયરપાથને એમની પ્રતિષ્ઠા વધારવા માટે આવા જ ભણેશરીઓની જરૂર હતી. ‘લક્સ’ સાબુ બનાવનારા એમની બ્રાન્ડ ઍમ્બેસેડર કેટરિના કૈફને સાચવે, એવી રીતે કરિયરપાથવાળા એમના આ વીસ રત્નોને સંભાળતા હતા.

હું એમનાથી પાંચ ડગલાં પાછળ હતો. જોકે પહેલા પચીસમાં આવ્યો, એની ખુશી પણ જેવીતેવી નહોતી અને આ ખુશીની વહેંચણી આરતી સિવાય, બીજા કોની સાથે કરી શકાય? વળી મેં એને કહેલું કે એના જન્મદિવસે, સહુથી પહેલાં હું એને ‘હેપી બર્થડે’ કહીશ.

મોડી રાતે એસટીડી બૂથ પર પહોંચીને બરાબર અગિયારને અઠ્ઠાવન મિનિટે મેં આરતીના ઘરનો નંબર જોડયો. લાઈન બીઝી હોવાનું સિગ્નલ મળ્યું. એ પછી પાંચ વાર ટ્રાય કરી, પણ સામે છેડેથી સતત ઍંગેજડનો ટોન મળતો રહ્યો.

'બીજાનો વારો આવવા દે, ભાઈ!' દુકાનદારે મને ટોક્યો.

સદ્દનસીબે મારી પાછળ માત્ર એક જ જણ હતો. એણે ગુવાહાટી ફોન કરીને મમ્મીને હેપી બર્થડે કહ્યું અને બારને પાંચ સુધીમાં વાત પતાવી નાખી.

મેં દોડીને ફરીથી આરતીનો નંબર ઘુમાવ્યો, પણ હજીયે એની લાઈન વ્યસ્ત હતી. પછી તો બબ્બે મિનિટે હું નંબર જોડતો રહ્યો, પણ એકેય વાર સફળતા ન મળી. દુકાનવાળાની નજરમાં હવે મારા માટે દયા ઝલકવા લાગી. જોકે સાડાબાર થયા ત્યારે એ દુકાન બંધ કરવા ઉતાવળો થયો.

કોણ જાણે કેમ, મારા દિમાગમાં શુંયે ઝબકારો થયો તે મેં રાઘવને ફોન કર્યો. આજે શુક્રવારની રાત હતી. રાઘવ ઘરમાં જ હોવો જોઈએ. પણ શંકા સાચી પડી. રાઘવનો નંબર પણ એંગેજડ આવ્યો. મેં કટ કરીને પાછો આરતીનો નંબર જોડયો. બીઝી, કટ, પાછો રાઘવ, બીઝી, કટ, પાછી આરતી... પાગલ થઈને હું બંનેના ફોન નંબર જોડતો રહ્યો અને બીઝી ટોનનું સિગ્નલ સાંભળતો રહ્યો. મારી પહેલાં રાઘવે આરતીને ફોન કરીને હેપી બર્થડે કહી દીધું? અને એટલું કહેવામાં આટલો બધો સમય લાગે?

'બસ કર ભાઈ, હવે દુકાન બંધ નહીં કરું તો પોલીસ આવી જશે.' દુકાનદારે અકળાઈને કહ્યું.

'અત્યારે બીજું કોઈ એસટીડી બૂથ ખુલ્લું હશે?' મેં પૂછ્યું.

'હા. રેલ્વે સ્ટેશન પર.' દુકાનની લાઈટ બંધ કરીને એણે પાંચ કિલોમીટર દૂર આવેલા સ્ટેશનનો રસ્તો ચીંધ્યો. આવા સમયે સ્ટેશને જવા માટે ઑટોરિક્ષાવાળાએ જેટલા પૈસા માગ્યા એ મારી પહોંચની બહાર હતા. છેવટે મુઠ્ઠી વાળીને મેં સૂમસામ રસ્તા પર દોટ મૂકી. સ્ટેશન પહોંચ્યો ત્યારે રાતનો એક વાગેલો.

મોડી રાતે પણ કોટા સ્ટેશન પર માણસોની ચહલપહલ હતી. એક ટ્રેન આવી અને અનરિઝર્વ્ડ કમ્પાર્ટમૅન્ટ પર લોકોએ રીતસર હલ્લો બોલાવ્યો. હું એસટીડી બૂથ તરફ ધસી ગયો. આ વખતે સામે છેડે ફોનની ઘંટડી રણકતી સંભળાઈ. મારું માથું ફાટ ફાટ થતું હતું.

'હેલો' સામેથી મિસ્ટર પ્રધાનનો અવાજ આવ્યો.

'હેલો, અંકલ? અંકલ, હું ગોપાલ!'

'ઓહ... આરતી...' એમણે પાડેલી બૂમમાં થોડી અકળામણ હતી.

ફોનની નજીક આવેલી આરતી અને પપ્પા સાથેનો એનો સંવાદ મને સંભળાતો હતો.

'આરતી, હજી તારા કેટલા મિત્રો ફોન કરવાના છે? કેટલી વાત કરીશ?'

'ડૅડી, આજે મારો બર્થડે છે.' કહીને આરતીએ રિસીવર હાથમાં લીધું.

'હેપી બર્થડે આરતી.' મેં અવાજમાં કૃત્રિમ ઉત્સાહભરીને કહ્યું.

'હેય ગોપાલ, થેંક્સ. તું મારા માટે આટલે મોડે સુધી જાગતો રહ્યો?'

'પછી પાંચ કિલોમીટર દોડીને અહીં આવ્યો, અને પાછો પાંચ કિલોમીટર ચાલતો જઈશ.' આવું બોલવાને બદલે મેં કહ્યું, 'કલાકથી તારો કૉન્ટેક્ટ કરવાની કોશિશમાં છું. લાઈન સતત બીઝી હતી.'

'હા, યુ.એસ.થી મારા કઝીનનો ફોન હતો.'

'અમેરિકન કઝીને કલાક સુધી વાત કરી?' મેં કટાક્ષમાં પૂછ્યું.

'કલાક શેનો? વાત તો માંડ બે મિનિટ થઈ હશે, પણ પછી મેં રિસીવર બરાબર નહોતું મૂક્યું.'

'તો પછી કોણે મૂક્યું?'

'ગોપાલ, મારી ઊલટતપાસ લેવાનું બંધ કર. આજે મારો જન્મદિવસ છે.'

'અને, જન્મદિવસે તું જૂઠું બોલે છે?'

'શું?'

'આપણી દોસ્તીના સોગન ખાઈને બોલ કે તું રાઘવ સાથે વાત નહોતી કરતી.'

'દોસ્તીના સોગન? આ શું બાળક જેવી વાત કરે છે!'

'બોલ, રાઘવનો જ ફોન હતોને? તમારી વચ્ચે શું ચાલી રહ્યું છે?'

'ગોપાલ, મને શું કામ મારા જન્મદિવસે ત્રાસ આપે છે?'

'મારા સવાલનો જવાબ આપ.'

'મોડું થઈ ગયું છે, ડૅડી આસપાસ આંટા મારી રહ્યા છે. કાલે નેટ પર મળીએ?'

'કાલે મારા ક્લાસીસ મોડે સુધી છે.'

'તો રવિવારે બપોરે ચેટ પર મળીશું. બાય, ગોપાલ!'

'બાય આરતી.' ફોન મૂકીને મેં પાંચ કિલોમીટર દૂર આવેલા ઘર તરફ પગ ઉપાડયો. રડી પડવાનું મન થયું પણ જાતને મેં દિલાસો આપ્યો.

રવિવાર સુધી રાહ જોઈ લે.



આરતી રવિવારે ઑનલાઈન આવી જ નહીં. સાયબરકાફેમાં હું બે કલાક એની રાહ જોતો બેસી રહ્યો. એક વીડિયો લાઈબ્રેરી ઊભી થઈ જાય એટલી પોર્નોક્લીપ્સ ડાઉનલોડ કરી નાખી, પણ આરતી ન આવી.

છેવટે કમ્પ્યૂટરના સીપીયુને લાત મારીને સાયબરકાફેના માલિકનો ગુસ્સો વહોરીને, એની માફી માગીને હું બહાર નીકળ્યો અને સીધો એસટીડી બૂથ પર પહોંચ્યો.

આ વખતે સામે છેડે આરતીની મમ્મી હતી. મિસ્ટર પ્રધાન કરતાંયે એમની મિસિસના દિમાગમાં વધુ રાઈ ભરેલી હતી. ઠંડા અવાજે એણે કહ્યું, 'રાઘવની સાથે આરતી કાનપુર ગઈ છે.'

મને આંચકો લાગ્યો. વારાણસીથી કાનપુર ત્રણસો કિલોમીટર દૂર છે. 'આરતી કાનપુર ગઈ છે?'

'હા. ત્યાંની IITમાં કોઈ ફેસ્ટિવલ છે. રાઘવ ડિબેટિંગ ટીમમાં છે અને આરતીએ પણ કોઈ સિંગિંગ પ્રોગ્રામમાં ભાગ લીધો છે. તારે કંઈ કામ હતું?'

મેં દાંત ભીંસ્યા, 'ના, કંઈ અરજન્ટ કામ નથી, પણ એ લોકો મોડી રાતે પાછા આવશે તો રસ્તામાં કોઈ જોખમ નહીં નડે?'

'શેનું જોખમ? આરતી સરકારી ગાડીમાં, સિક્યુરિટી ગાર્ડની સાથે ગઈ છે. ઓ.કે.? અને તું ભણવામાં ધ્યાન રાખજે. પાસ થઈ ગયો, તો તને પણ રાઘવની જેમ કોઈ સારી કૉલેજમાં ઍડમિશન મળશે. એયને, પછી તુંયે એની જેમ મોજ કરજે.'

'જી આન્ટી.' સારી કૉલેજમાં જોડાવાની કસમ ખાઈને મેં ફોન મૂક્યો. ખિસ્સામાં હાથ નાખ્યો ત્યારે ભાન થયું કે હવે માત્ર સો રૂપિયા બચેલા અને નવેમ્બર મહિનો પૂરો થવામાં હજી દસ દિવસ બાકી હતા. ફોન કરવામાં પૈસા વાપરી નાખવા બદલ મેં જાતને ઠપકારી.

પણ આરતીના વિચારોએ પૈસાના વિષયને દૂર હડસેલી દીધો. મનમાં બેઠેલો એક ગોપાલ એવું કહેતો હતો કે આરતી અને રાઘવ વચ્ચે સાદી મિત્રતાથી વિશેષ કંઈ નથી, પણ બીજો ગોપાલ કહેતો હતો કે રાઘવ તારાથી વધુ દેખાવડો છે, એનું ભાવિ વધુ ઊજળું છે અને ભૂલી ગયો કે એણે JEE કેટલી સહેલાઈથી પાસ કરી નાખેલી?

રાતભર હું પડખાં ઘસતો રહ્યો. આરતી ખોટ્ટાડી હતી, પણ એણે મને દગો આપેલો. એનામાં દિલ જેવું કંઈ નથી... બધું સાચું, પણ એ દિમાગમાંથી નહોતી હટતી. લોકો સાચું જ કહે છે, ઈશ્ક બડી કૂત્તી ચીઝ હૈ!

૧૦

ક્લાસમાં એ દિવસે અચાનક ટેસ્ટ લેવાઈ, જેમાં હું ખાસ ઉકાળી ન શક્યો. કૅમિસ્ટ્રીના ક્લાસમાં બૅલેન્સ-જીએ મને ખખડાવી નાખ્યો, કારણ કે એમણે પૂછેલા એક સાદા સવાલનો જવાબ સુધ્ધાં મને નહોતો આવડયો. પણ મને કોઈ પરવા નહોતી. મારા દિમાગ પર માત્ર આરતીના વિચાર સવાર હતા.

ક્લાસ પૂરો થતાંની સાથે હું સાયબરકાફે ભણી દોડયો. આરતી ઑનલાઈન નહોતી. એને ફોન કરીને મારી જાતને વધુ નીચી પાડવાનું મન નહોતું થતું. હું વિચારવા લાગ્યો કે શું કરું ને શું નહીં?

કરિયરપાથમાં મારું આખું અઠવાડિયું બહુ ખરાબ ગયું. ક્લાસમાં સહુથી પાછળ રહી ગયેલા વિદ્યાર્થીઓમાં હવે મારું નામ હતું, 'તું કોઈ બૂરી સંગતમાં નથી ફસાયોને?' શિશિરસરે પૂછ્યું.

'બૂરી કે સારી, મારી કોઈ સંગત જ નથી.' મેં જવાબ આપ્યો.

'હુંયે એક સમયે કોટામાં તારી જગ્યાએ હતો. અહીં એકલા જીવવું બહુ મુશ્કેલ છે. કોઈ સારા દોસ્ત બનાવી લે.' શિશિરસરે કહ્યું.

રવિવારે હું પાછો સાયબરકાફેમાં ગયો. હંમેશની જેમ ઈ-મેઈલ બૉક્સ ખાલી હતું, પણ પાંચેક મિનિટમાં આરતી ઑનલાઈન હોવાનું સિગ્નલ મળ્યું.

મેં મક્કમ રહેવાનો પ્રયાસ કર્યો, પણ પછી રહેવાયું નહીં. સામેથી ચેટ શરૂ કરી.

ગોપાલકોટાફૅક્ટરી : હાય, આરતી.

બે મિનિટના મૌન પછી જવાબ આવ્યો.

ફ્લાઈંગઆરતી : હાય, ગોપાલ.

આજે એણે મને 'ગોપી'નું સંબોધન નહોતું કર્યું. કંઈક ગરબડ હતી.

ગોપાલકોટાફૅક્ટરી : તું અપસેટ છે?

ફ્લાઈંગઆરતી : આઈ એમ ફાઈન.

છોકરી આવો જવાબ આપે અને એમાંય 'ફાઈન'નો એફ કેપિટલમાં

લખે ત્યારે સમજી જવાનું કે આગળ ખતરો છે.

ગોપાલકોટાફૅક્ટરી : ચેટ કરીએ?

ફ્લાઇંગઆરતી : તું પાછો બૂમાબૂમ શરૂ ન કરવાનો હોય તો જ.

ગોપાલકોટાફૅક્ટરી : સૉરી, પેલા દિવસ માટે. તું તો જાણે છે, મને જલદી ગુસ્સો આવી જાય છે, પણ સુધરવાની કોશિશ ચાલુ છે.

ફ્લાઇંગઆરતી : ઠીક છે. માફ કરી દીધો.

ઘડીક મને પાછો ગુસ્સો આવી ગયો. છેલ્લા રવિવારે એણે મને ટીંગાડી રાખેલો. વાંક એનો હતો, પણ માફી હું માંગી રહ્યો હતો. બે-ચાર ઊંડા શ્વાસ ભરીને મેં શાંત થવાની કોશિશ કરી. મારે એની પાસે વાત કઢાવવાની હતી. ચેટ આગળ ચાલી.

ગોપાલકોટાફૅક્ટરી : બીજું શું ચાલે છે?

ફ્લાઇંગઆરતી : ખાસ કંઈ નહીં. કૉલેજમાં આખો દિવસ જાય છે. થોડા ફ્રેન્ડ્સ બનાવ્યા છે.

ગોપાલકોટાફૅક્ટરી : કોઈ ખાસ ફ્રેન્ડ? ☹

મારો ગુસ્સો અને કુતૂહલ બતાવવા માટે મેં સ્માઈલીનું સિમ્બોલ મૂક્યું.

ફ્લાઇંગઆરતી : ગોપી, તું યે શું...

એણે મને આખરે ગોપી કહ્યો. આરતી હવે સારા મૂડમાં લાગતી હતી. સાવધાનીપૂર્વક મેં ખણખોદ શરૂ કરી. થોડી આનાકાની બાદ આરતીએ ફોડ પાડ્યો.

ફ્લાઇંગઆરતી : રાઘવ, બીજું કોણ? બહુ લુચ્ચો છે. એની જાળમાં મને ફસાવી દીધી.

ગોપાલકોટાફૅક્ટરી : એટલે, હવે તમે બહુ નજીક આવી ગયા, એમ જ ને?

ફ્લાઇંગઆરતી : બસ, એવું જ સમજી લેને!

ગોપાલકોટાફૅક્ટરી : એવું એટલે કેવું? તમારી વચ્ચે બધું થઈ ગયું?

ફ્લાઇંગઆરતી : ગોપી, તું કેવા વિચિત્ર સવાલ પૂછે છે?

ગોપાલકોટાફૅક્ટરી : પૂછું જ ને! તું તો મને કહેતી હતી કે તને આ બધામાં કોઈ રસ નથી. બસ, બધા સાથે સાદી દોસ્તી રાખવી છે. તો હવે શું થઈ ગયું? JEE રેંકવાળો મળતાંની સાથે તને કપડાં ઉતારવાનું મન થઈ ગયું?

મારા દિમાગનો પારો ઊંચે ચઢવા લાગેલો.

ફ્લાઇંગઆરતી : બોલતાં પહેલાં વિચાર કર.

ગોપાલકોટાફૅક્ટરી : શું કામ? તું બહુ સીધીસાદી પવિત્ર નારી છે? એની સાથે શું શું કરીને આવી છે?

ફ્લાઇંગઆરતી : શટઅપ! અમારી વચ્ચેનો સંબંધ બીજાથી જુદો, બહુ ખાસ છે.

ગોપાલકોટાફૅક્ટરી : ખાસ એટલે તું એને ખુશ રાખવા માટે એની હૉસ્ટેલના રૂમમાં ગયેલી કે કાનપુરમાં જ બધું પતી ગયેલું?

આરતી તરફથી કોઈ જવાબ ન આવ્યો. મને ભાન થયું કે હું વધુ પડતું કહી ગયેલો, પણ થૂંકેલું પાછું ગળવાનું શક્ય નહોતું અને હવે હું માફી માગવાના મૂડમાંય નહોતો. કમ્પ્યૂટરની સામે આરતીના જવાબની રાહ જોતો બેસી રહ્યો.

ત્રણ મિનિટ પછી મારી સ્ક્રીન પર મૅસેજ આવ્યો – ફ્લાઇંગઆરતી ઈઝ ઑફલાઈન.

મેં રિફ્રેશની કી દબાવી. બીજો મૅસેજ આવ્યો : ફ્લાઇંગઆરતીના કૉન્ટેક્ટ લિસ્ટ પરથી તમારું નામ નીકળી ગયું છે.



આરતીએ એના કૉન્ટેક્ટ લિસ્ટમાંથી મારી બાદબાકી કરી નાખી એ દિવસથી મેં ભણવાનું છોડી દીધું. ક્લાસમાં જતો, પણ ઘેર આવીને ડેઈલી પ્રૅક્ટિસ શીટ્સ કરવાને બદલે હવે મેં રોજ રાતે ગલીના નાકે ચમન ચાવાળાની રેંકડી પર જવાનું શરૂ કર્યું. બીજા છોકરા ત્યાં આવતા, પણ એ લોકો ચા પીતા પીતા વાંચતા હતા, વર્કશીટ્સ કરતા હતા. હું એકલો બેઠો બેઠો ચાનો કપ લઈને આવતા-જતા લોકોને કલાકો સુધી જોયા કરતો.

ત્યાં એક દિવસ મારી મુલાકાત પ્રતીક સાથે થઈ, 'રિપીટર?' એણે મારી ચાના પૈસા ચૂકવીને બાજુમાં બેસતાં પૂછ્યું.

'હા અને તું?'

'ક્વીટર' એણે જવાબ આપ્યો.

'એટલે?'

'કોટા આવીને બધા પ્રયાસ કરી જોયા, પણ એકેય પરીક્ષામાં પાસ ન થયો. બસ, હવે અહીં ટાઈમપાસ કરું છું.'

'મારી ગાડી AIEEEમાં ૫૦,૦૦૦ પર આવીને અટકી ગઈ, પણ ટ્રાય કરું છું. આ વખતે કદાચ ચાન્સ લાગી જાય.' મેં કહ્યું.

'પણ અત્યારે તારા મોઢા પરથી લાગે છે કે તુંયે મારી જેમ ક્વીટર બનવાની તૈયારીમાં છે. બધું છોડીને ભાગી જવાનો વિચાર કરી રહ્યો છે.' પ્રતીક બોલ્યો.

'ના, આઈ એમ ફાઈન પણ થોડી મૂંઝવણમાં છું. ક્લાસમાં ફીનો બીજો હપતો ભરવાનો છે, પણ પૈસા નથી.'

'તો ઘેર પાછો જતો રહે.' પ્રતીકે સિગારેટ સળગાવતાં કહ્યું.

'ના, પપ્પા મારા પર મોટી આશા બાંધીને બેઠા છે. ક્યાંકથી ઉધાર લઈને એ ફીની વ્યવસ્થા કરી દેશે. બસ, આ ટૅન્શન ઊતરી જાય એટલે મારી ગાડી પાછી પાટે ચઢી જશે.'

'ઊતરી ગયેલી?' પ્રતીકે પૂછ્યું.

મેં જવાબ ન આપ્યો, પણ એણે અંદાજ બાંધી લીધો, 'છોકરીનું લફરું લાગે છે.'

સાંભળીને પહેલાં તો મને ગુસ્સો આવી ગયો. હજી હમણાં મળેલા આ અજાણ્યા માણસને મારી જિંદગીમાં પંચાત કરવાનો શું હક છે? થોડી વાર અમે બંને ચૂપચાપ બેસી રહ્યા. પ્રતીક એની સિગારેટમાં અને હું આરતીના વિચારોમાં વ્યસ્ત રહ્યા. છેવટે મારાથી કહેવાઈ ગયું, 'હા.'

'તને છોડી ગઈ?' પ્રતીક હસ્યો,

'ક્યારેય મારી હતી જ નહીં.' મેં સાચું કહ્યું.

'ચાલ્યા કરે, દોસ્ત! આપણા જેવા લોકોની કિસ્મતમાં આ જ લખ્યું હોય છે. માર્ક્સ, રેંક, છોકરી, કંઈ સહેલાઈથી મળતું નથી.' પ્રતીકે કહ્યું એમાં હું સહમત હતો.

'સાચી વાત. બધા આપણને મૂરખ બનાવે છે. કોટાના કોચિંગ ક્લાસીસથી માંડીને ત્યાં પેલી...' મારા મોઢામાંથી પહેલી વાર આરતી માટે ગાળ નીકળી ગઈ.

પ્રતીક હસી પડયો. મને એક મારા જેવો મિત્ર મળી ગયો. પછી તો અમે રોજ ચમનની રેંકડી પર મળવા લાગ્યા, પણ પછી એક દિવસે જે બન્યું એણે મારું માથું ફેરવી નાખ્યું. મિસ્ટર પુલીનું બોરિંગ લેક્ચર સાંભળતા સાંભળતા મને ઝોકું આવી ગયું. ગુસ્સે થઈને એણે મને ક્લાસમાંથી બહાર કાઢી મૂક્યો.

'સાલાઓને આજે મેં ફીનો બીજો હપતો ચૂકવ્યો, તોય એમણે આવું કર્યું!' મારા ગુસ્સાનો પાર નહોતો. પ્રતીકને લાગ્યું કે આજે ચાથી કામ નહીં ચાલે. એ મને એના રૂમ પર લઈ ગયો.



પ્રતીકના રૂમમાં વિદ્યાર્થીજીવનનું કોઈ લક્ષણ નહોતું દેખાતું. આસપાસ પડેલી બિયરની બૉટલ્સ, સિગારેટના ઠૂંઠાં, દીવાલ પર અર્ધનગ્ન છોકરીઓની તસ્વીરો... એણે કબાટમાંથી રમની બૉટલ કાઢી.

એ દિવસે મેં પહેલી વાર દારૂનો સ્વાદ ચાખ્યો. પહેલો ઘૂંટ કડવો ઝેર લાગ્યો, પણ એક કડવાશને ભૂલવા માટે આ બીજી કડવાશ કામમાં આવી ગઈ. દારૂ પીતાં પીતાં મેં પ્રતીકની સામે હૈયું ઠાલવી દીધું.

પ્રતીકે સાંભળી લીધું, પણ મને શાંતિ આપી શકે એવા શબ્દો એની પાસે નહોતા. એણે વાતાવરણને હળવું કરવા માટે મજાકમશ્કરીનો સહારો લીધો. મારાથી સહન ન થયું. હું ત્યાંથી નીકળી ગયો.

પરંતુ પછીના ત્રણ મહિના દરમિયાન, પ્રતીક જ મારો એકમાત્ર દોસ્ત હતો. પ્રતીક અને દારૂ! પણ આ દોસ્તી ખર્ચાળ હતી. રોજ કોણ મફતમાં દારૂ પીવડાવે? મારે પણ પૈસા ખર્ચવા પડતા.

બહુ ઝડપથી મારાં ખિસ્સાં ખાલી થઈ ગયાં. ઘેરથી પૈસા મગાવવા માટે જીભ નહોતી ઊપડતી. પપ્પાએ લોકો પાસે ઉધાર લઈને, મારી ફીનો છેલ્લો હપતો ભરેલો.

પરંતુ છૂટકો નહોતો. શરમ છોડીને મેં પપ્પાને ફોન કર્યો, ‘બુક્સ ખરીદવા માટે બે હજાર રૂપિયાની તાતી જરૂર છે. ગમે ત્યાંથી વ્યવસ્થા કરો.

૧૧

કોટા આવ્યાના પાંચ મહિના બાદ મારો જન્મદિવસ હતો.

મારા માટે આ કોઈ ખાસ દિવસ નહોતો. રૂટિન સિવાય મેં બીજું કંઈ વિચાર્યું નહોતું, પણ આગલી રાતે પોણા બારની આસપાસ મારા રૂમને દરવાજે મિસ્ટર સોનીએ ટકોરા માર્યા, 'કોઈ છોકરીનો ફોન છે.'

'હેપી બર્થડે, ગોપાલ.' ફોન પરનો અવાજ એટલો અણધાર્યો, અનપેક્ષિત હતો કે ઘડીક લાગ્યું હું સપનામાં હતો. કોટાની ધગધગતી બપોરે શીતળ વરસાદના છાંટા પડી રહ્યા હતા અને પછી વરસાદ મારી આંખોમાંથી વહી નીકળ્યો. 'આરતી?' માંડ માંડ હું બોલી શક્યો.

'ચાલો, કમસેકમ મારો અવાજ તો તેં ઓળખ્યો. તને ડિસ્ટર્બ કર્યો?'

આ પહેલાં મેં અનેક વાર મનમાં ને મનમાં આ સીન ભજવી નાખેલો. આરતી કોઈ વાર ફોન કરશે, પણ હું એને ભાવ નહીં આપું. બહુ બીઝી હોવાનો દેખાવ કરીશ.

પણ આરતીનો અવાજ સાંભળતાની સાથે જ એ બધાં વિચાર ઊડી ગયા, 'ના, ના. તું મને કઈ રીતે ડિસ્ટર્બ કરે?' મારાથી બોલાઈ ગયું. મહિનાઓથી દિલોદિમાગ પર ઘેરાઈ રહેલું ઉદાસીનું વાદળ પલક ઝબકતામાં વિખેરાઈ ગયું. હે ભગવાન, જન્મદિવસ, વરસમાં એક જ વાર શું કામ આવતો હશે?

'બર્થડેની ઉજવણી માટે શું પ્લાન કર્યો છે?'

'ખાસ કંઈ નહીં. કદાચ ફ્રેન્ડ સાથે ડિનર માટે જઈશ.' મેં જવાબ આપ્યો.

'ફ્રેન્ડ, હં...' આરતીના અવાજમાં મસ્તી આવી.

'છોકરો છે, પ્રતીક એનું નામ!' મેં તરત ખુલાસો કર્યો.

'અચ્છા અચ્છા.'

'આરતી. છેલ્લે મેં ચેટ વખતે, ગમે તે કહી નાખ્યું એ માટે સૉરી!'

આરતી થોડી વાર મૂંગી રહી અને પછી મારા મન પરથી બધોય

બોજ ઊતરી જાય એમ બોલી, 'ચાલ, ભૂલી જા બધું. આજે તારો જન્મદિવસ છે. હું ઈચ્છું છું કે તું ખુશ રહે.'

'રાઘવ કેમ છે?' મારાથી પૂછ્યા વિના ન રહેવાયું.

'જલસા કરે છે. BHUમાં એનું પહેલું સેમિસ્ટર પૂરું થઈ ગયું.'

'ચોપડામાં માથું ઘાલીને મંડી પડયો હશે.'

'ના રે, હવે એ કૅમ્પસ મૅગેઝિનનો સંપાદક બની ગયો છે. જ્યારે જુઓ ત્યારે એની જ વાત કરતો હોય.' આટલું કહીને આરતીએ ઉમેર્યું, 'રાઘવ ખરેખર જુદી જ માટીનો માણસ છે. એને સમાજ માટે, દુનિયા માટે કેટલું બધું કરવું છે!'

'જાણું છું, એ પહેલેથી આવો છે.'

'ગોપાલ, હું રાઘવની સાથે ખુશ છું અને તું જો મને તારી સાચી દોસ્ત માનતો હોય તો તારે અમારા સંબંધને સ્વીકારવો પડશે.'

'હાસ્તો...' પરાણે મેં કહ્યું. પછી થોડી આડીઅવળી વાતો કરીને આરતીએ ગુડબાય કહ્યું.

'થૅંક્યુ આરતી, પાછા ફોન કે ચેટ પર...' હું અટકી ગયો.

આરતી હસી પડી, 'તને પાછો મારા કૉન્ટેક્ટ લિસ્ટમાં મૂકી દઉં છું.'

'આરતી, ફરી એક વાર સૉરી!'

'ચાલ, હવે ઘેલા ન કાઢ! સામે ઊભો હોત તો હું તારા ગાલ ખેંચી કાઢત. ચેટ પર મળશું.' કહીને આરતીએ ફોન મૂકી દીધો.

હું મારા રૂમમાં ચાલીને નહીં, જાણે ઊડીને પાછો ફર્યો. આરતી મારી જિંદગીમાં પાછી ફરી હતી. વેરવિખેર થઈ ગયેલા મારા જીવનને ફરીથી સમેટવાનું, સજાવવાનું હતું. મને ફરી ભણવાની, ફરી જીવવાની ઈચ્છા થઈ રહી હતી.



કરિયરપાથવાળાને સમજાતું નહોતું કે જેના નામનું એમણે લગભગ નાહી નાખેલું એ છોકરો રાતોરાત, આટલી ઝડપે કઈ રીતે સુધરવા લાગ્યો હતો. એમને ખબર નહોતી કે આ બધું હું આરતી માટે કરતો હતો. સાયબરકાફેમાં જઈને હું રોજ આરતીને મારો પ્રોગ્રેસ રિપોર્ટ આપતો હતો. ઊંડે ઊંડે આશા હતી કે એક દિવસ રાઘવથી કંટાળીને એ મારી પાસે પાછી ફરશે.

એક વાર એણે ફરિયાદ કરી કે કૉલેજનું મૅગેઝિન પૂરું કરવા માટે રાઘવે છેલ્લી ઘડીએ એની સાથે ફિલ્મ જોવા જવાનું માંડી વાળેલું. સાંભળીને મને નવાઈ લાગી કે ગમે તેવું કામ હોય, પણ આરતીને મળવાનો મોકો જતો કરે, એ માણસ કેવો કહેવાય? પણ જેવો હોય તેવો, રાઘવ આરતીના સપનાનો રાજકુમાર હતો.

ક્યારેક તો એવુંય થતું કે આરતી મારી સાથે ચેટ કરતી હોય ત્યાં એને રાઘવનો ફોન આવે અને આરતી મને પડતો મૂકીને ઊપડી જાય. આવું થાય ત્યારે હું હચમચી જતો. આરતી સાથે સંબંધ રાખવા બદલ જાતને ધમકાવતો, પણ પછી યાદ આવતું કે ત્રણ મહિના આરતી મારી સાથે નહોતી બોલી ત્યારે મારી કેવી હાલત થયેલી. ફરીથી આવું થયું તો હું સાવ ભાંગી પડવાનો હતો. ભલે, રાઘવનું નામ સાંભળીને દિલમાં કાંટા ભોંકાય, પણ કમસેકમ, આરતી મારી સાથે વાત તો કરતી હતી! મારા માટે તો એ પણ બહુ હતું.

આખરે જૉઈન્ટ ઍન્ટ્રન્સ ઍક્ઝામ(JEE)નો દિવસ આવી ગયો.

આગલી સાંજે પપ્પા સાથે વાત કર્યા બાદ મેં આરતીને ઘેર ફોન કર્યો, તો રાઘવે ઉપાડયો. એક સમયના દોસ્તોની વચ્ચે હવે શારીરિક ઉપરાંત માનસિક અંતર પણ એટલું વધી ગયું કે અમે માત્ર થોડા ઔપચારિક વાક્યોની આપ- લે કરી શક્યા. હું નહોતો જાણતો કે આરતીએ એને મારા વિશે કેટલું કહ્યું હશે.

પછી આરતીએ ફોન લીધો, ‘આજે હું તારા માટે પ્રાર્થના કરવા વિશ્વનાથ મંદિરે ગયેલી.’

સાંભળીને હું ખુશ થઈ ગયો, પણ ખુશી ઝાઝી ન ટકી. આરતીએ ઉમેર્યું, ‘મારી સાથે આ આળસુના પીર જેવા રાઘવને પણ ઘસડી ગયેલી અને એણે... ઓયમા... રાઘવ...’ આરતી ખડખડાટ હસી પડી. રાઘવ એના ચાળા પાડી રહ્યો હતો. થોડી વાર એ ચાલ્યું અને હું રિસીવર પકડીને બેસી રહ્યો. એસટીડી કોલનો ખર્ચ મેં એમનો પ્રેમાલાપ સાંભળવા કરેલો?

પણ ફોન મૂકતાં પહેલાં આરતીએ કહ્યું, ‘ગોપાલ, મારે ખાતર પાસ થઈ જજે.’ અને મારામાં જોશ આવી ગયું. આરતી માટે, મારે આ પરીક્ષામાં સફળતા મેળવવાની હતી.



‘કેવું ગયું પેપર?’ JEE પતી ગયાની સાંજે પપ્પાએ મને ફોન પર

પૂછ્યું.

'ગયા વખત કરતાં સારું.' મેં પ્રામાણિક જવાબ આપ્યો. જોકે કહ્યું નહીં કે પેપરની અધવચ્ચે બે-ત્રણ સવાલે મને ગૂંચવી નાખેલો. દારૂ અને ડિપ્રેશનની અસર હેઠળ, મેં જે ચેપ્ટર્સમાં ધ્યાન નહોતું આપ્યું, એમાંથી પુછાયેલા સવાલના જવાબ હું આપી ન શક્યો, ઊલટું એ મથામણમાં મેં દસ મિનિટ બગાડી નાખી. JEEમાં એક એક મિનિટ કીમતી હોય છે. બૅલ વાગી ગયો અને છેલ્લા સવાલનો જવાબ અધૂરો રહી ગયો. નજર સામે મેં મારા ૫૦૦ પૉઈન્ટ્સ પાણીમાં જતા જોયા.

હવે AIEEEની તૈયારી કરવાની હતી.

હું ભણવામાં પડી ગયો. આરતીની કૉલેજમાં વૅકેશન પડેલું. એ એના મમ્મી-ડૅડી સાથે યુ.એસ.એ.માં રહેતી એની કોઈ આન્ટીને મળવા ગઈ. રાઘવ એના વૅકેશન દરમિયાન એક લોકલ ન્યૂઝપેપરમાં ટ્રેઈની તરીકે જોડાયો હતો.

આરતીના કહેવા પ્રમાણે રાઘવના પપ્પા નારાજ હતા. એ તો દીકરાને એન્જિનિયર તરીકે જ જોવા ઈચ્છતા હતા, પણ રાઘવના નિર્ણયને આરતીનો પૂરેપૂરો ટેકો હતો.

કોટામાં મેં AIEEE આપી દીધી. મને લાગતું હતું કે આ વખતની પરીક્ષામાં મેં છેલ્લા વર્ષ કરતાં અનેકગણો વધુ સારો દેખાવ કરેલો. પાસ થઈ જવાની આશા હતી. જોકે આવી પરીક્ષાઓમાં રિઝલ્ટ આવે ત્યાં સુધી કંઈ કહેવાય નહીં.

પરંતુ મારો કોટાવાસ પૂરો થયો હતો. પરીક્ષા પૂરી થઈ એ જ સાંજે મેં વારાણસી જતી ટ્રેન પકડી. પ્રતીક મને સ્ટેશને મૂકવા આવ્યો.

'તું ક્યારે રાયપુર પાછો જઈશ?' મેં પૂછ્યું.

'ઘરના લોકો લેવા આવે ત્યારે!' પ્રતીકે હળવા સૂરે કહીને મને વિદાય આપી.

વારાણસી

૧૨

વારાણસી સ્ટેશને મને કોઈ લેવા નહોતું આવ્યું. મેં કોઈને મારા આગમનની જાણ નહોતી કરી. મને ભણાવવા માટે પપ્પાએ મહિને ત્રણ ટકાના જંગી વ્યાજવાળી જે લોન લીધેલી એનો આંકડો હવે દોઢ લાખ પર પહોંચ્યો હતો. એમાં રિક્ષાભાડાનો ખર્ચ ઉમેરવાની મારી ઈચ્છા નહોતી.

વારાણસીની હવામાં મેં ઊંડો શ્વાસ ભર્યો. ગઢોલિયાની ગીચ અને ગંદી ગલીઓ પણ આજે મને સુંદર લાગતી હતી. દુનિયામાં ઘર જેવી બીજી કોઈ જગ્યા નથી અને અહીં આરતી હતી. બહારના લોકો વારાણસીમાં ભગવાનના દર્શન કરવા આવે છે, પરંતુ મને તો અહીંના કણેકણમાં બસ આરતીનો ચહેરો દેખાતો હતો. પણ પહેલાં ઘેર જવાનું હતું.

ઘર અને પપ્પા, બંનેની હાલત પહેલાં કરતાં વધુ ખરાબ હતી. પહોંચતાની સાથે મેં ઘર સાફ કરવા માટે ઝાડુ હાથમાં લીધું, પણ પપ્પાએ ઝૂંટવી લીધું, 'વરસ પછી ઘેર આવ્યો અને આવતાંની સાથે આ શું કરવા મંડી પડયો?'

પહેલાંની જેમ એમણે મારા ભાણામાં સૂકી રોટલી અને પાતળી દાળ મૂકી, પણ આજે મને એમાં અમૃતનો સ્વાદ લાગ્યો.

મારી ગેરહાજરીમાં પપ્પા ભાગ્યે જ બીજા લોકો સાથે વાત કરતા હતા. આજે મારી સામે એમની જીભ અને હૃદયનાં દ્વાર ખૂલી ગયાં. જમતાં જમતાં એ સતત બોલતા રહ્યા. જૂનો જખમ પણ તાજો કર્યો.

'કેસ હજી હતો ત્યાંનો ત્યાં છે. સુનાવણીની તારીખ મળે ત્યારે ઘનશ્યામ હાજર નથી રહેતો. કદાચ મારા મરવાની રાહ જુએ છે. પછી તો બધી સમસ્યા આપોઆપ ઉકેલાઈ જશે.'

'પપ્પા, આવું શું કામ બોલો છો? હું જઈને વકીલ સાથે વાત કરીશ.' મેં કહ્યું.

પપ્પાએ હાથ હલાવ્યો, 'કોઈ ફાયદો નથી. મારી પાસે વકીલને

આપવાના પૈસા નથી. એ તો હવે મારા ફોન પણ નથી ઉપાડતો. પણ એ વાત મૂક. બોલ, તારું રિઝલ્ટ ક્યારે છે?'

'આવતે મહિને.' હું હવે આરતી સાથે વાત કરવા ઉતાવળો થયેલો. જમીને હાથ સુધ્ધાં ધોયા વિના મેં આરતીનો નંબર જોડયો.

'આજે સાંજે મારી સાથે નૌકાવિહાર માટે આવશો, મૅડમ?' મેં કહ્યું.

'ગોપાલ!' સામે છેડે આરતી જાણે ઊછળી પડી, 'ક્યારે આવ્યો?'

'કલાક પહેલાં. હવે તું કહે, ક્યારે મળીશ, આજે સાંજે ઘાટ પર?'

''હા. આરતીએ કહ્યું, પણ પછી તરત એને કંઈ બીજું યાદ આવ્યું, 'ના, ના, આજે તો રાઘવની કૉલેજમાં એક પ્રોગ્રામ માટે જવાનું છે. તુંયે સાથે ચાલ.'

'ના. પહેલાં તને એકલા મળીને ખૂબ બધી વાતો કરવી છે.'

'હું તને લેવા માટે ડૅડીની કાર મોકલું છું. આપણે રસ્તામાં વાતો કરીશું.' આરતીએ નિર્ણય કરી લીધો. હું કઈ રીતે ના પાડું? એને મળવા માટે વધુ એક દિવસ રાહ જોવા જેટલી ધીરજ મારામાં નહોતી.

'બાપ રે ગોપાલ, આપણે એક વરસ પછી મળીશું.' આરતી બોલી.

'ત્રણસોને પાંચ દિવસ પછી.' મેં કહ્યું.

'લ્યો, કોટા જઈને તારું ગણિત પાકું થઈ ગયું, તો મળીએ જલદી!'



સરકારે આપેલી લાલબત્તીવાળી, સફેદ ઍમ્બેસેડર કારમાં બેસો, એટલે આપોઆપ એક પ્રકારની સત્તા, તાકાતનો અનુભવ થવા લાગે. બીજાં વાહનો તમારા રસ્તામાંથી હટી જાય. પોલીસ તમને વિનાકારણ સલામ મારે. આરતીના પપ્પાની કારમાં બેઠાં બેઠાં મને વિચાર આવી ગયો કે લોકો એન્જિનિયર બનવા માટે શું કામ મજૂરી કરતા હશે? ખરો પાવર તો સિવિલ સર્વિસમાં હતો.

ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટના બંગલાની બહાર ગાડી ઊભી રહી. ગુલાબી સલવાર- કમીઝ પહેરેલી આરતી ઘરમાંથી નીકળી અને હું બીજું બધું ભૂલી ગયો, 'હાય, આરતી.' ગાડીમાં બેઠાં બેઠાં હું માંડ બોલી શક્યો, પણ આરતી તો મને ભેટી પડી. એની સુગંધમાં હું તરબતર થઈ ગયો.

'કેવું લાગે છે, વારાણસીમાં પાછા ફરીને?' આરતીએ પૂછ્યું.

'મારી જિંદગીનો આ સહુથી સુખી દિવસ છે. મારું ચાલે તો આ

શહેર છોડીને ક્યારેય બહાર ન જાઉં!' મેં જવાબ આપ્યો.

'પણ IITમાં ઍડમિશન મળી ગયું તો પછી જવું જ પડશેને!' આરતીએ હસીને કહ્યું. હું હસી ન શક્યો. મેં જલદીથી વાતનો વિષય બદલ્યો, 'રાઘવના શું ખબર?'

'B.Tech કરે છે, પણ માત્ર કરવા ખાતર. એને તો હવે પત્રકારત્વનો કીડો વળગ્યો છે. કૉલેજ મૅગેઝિનની શકલ બદલી નાખી. નામ પણ નવું આપ્યું છે – 'BHUKamp', ભૂકંપ. નવા મૅગેઝિનની ટેગલાઈન છે, દુનિયાને હચમચાવી નાખો.' આરતીએ રાઘવની પ્રવૃત્તિનો સવિસ્તર અહેવાલ આપ્યો.

અમે યુનિવર્સિટીના સભાગૃહમાં પહોંચ્યાં. પાંચસો માણસ બેસાડવાની ક્ષમતા ધરાવતો હૉલ ખીચોખીચ ભરાઈ ગયેલો. હું આરતી સાથે બીજા નંબરની હરોળમાં ગોઠવાયો.

આરતીના કહેવા પ્રમાણે આજનો કાર્યક્રમ, કૉલેજ મૅગેઝિનને નવા રૂપમાં રજૂ કરવા માટે હતો, પણ શરૂઆત ડાન્સથી થઈ.

'આઈ એમ ગોના મેક અ ચેન્જ, ફોર વન્સ ઈન માય લાઈફ...' માઈકલ જેક્સનનો અવાજ વાતાવરણમાં ગુંજી ઊઠયો.

'આ મૅગેઝિન લૉન્ચ છે કે ડાન્સ શો?' મેં થોડા તુચ્છકાર સાથે પૂછ્યું.

'રાઘવ કહે છે, લોકોને પહેલાં મનોરંજન આપો. એ બરાબર પકડમાં આવી જાય ત્યાર બાદ તમારે જે કહેવું હોય એ કહો.' આરતીના ચહેરા પર સ્ટેજનો પ્રકાશ રેલાતો હતો, 'ઍન્ટરટેઈન ઍન્ડ ચેન્જ.' એણે ભારપૂર્વક રાઘવના શબ્દોનું પુનરુચ્ચારણ કર્યું.

ડાન્સ પૂરો થયા બાદ રાઘવ સ્ટેજ પર આવ્યો અને આવતાંની સાથે એણે ઑડિયન્સને વશમાં કરી લીધું. હું તો એને જોઈને આભો થઈ ગયો. કસરત કરીને સુદૃઢ સુડોળ બનાવેલા શરીર પર ફૉર્મલ સૂટ પહેરીને ઊભેલો રાઘવ રોકસ્ટાર જેવો લાગતો હતો. એની સરખામણીમાં હું સાવ બેડોળ, કદાચ બૂઢો લાગતો હોઈશ. રાઘવના અવાજમાં પણ ગજબની મોહિની હતી.

'આ કોઈ મામૂલી કૉલેજ નથી, તમે મામૂલી સ્ટુડન્ટ્સ નથી તો આપણું મૅગેઝિન શું કામ મામૂલી, નબળું હોવું જોઈએ? લેડીઝ ઍન્ડ જેન્ટલમૅન, આજે હું તમારી સામે રજૂ કરું છું ભૂ-કંપનો પહેલો અંક!'

સ્ટેજ પર એન્લાર્જ કરેલા મૅગેઝિન કવર પર સ્પોટલાઈટ પડી.

હૉલ તાળીઓના ગડગડાટથી ભરાઈ ગયો. મેં આરતી સામે જોયું. આરતીની નજર સ્ટેજ પર હતી. રાઘવ બોલી રહ્યો હતો.

'દુનિયા બદલાઈ રહી છે. આપણી કૉલેજ, આપણા શહેર, આપણા દેશે પણ બદલાવાનો સમય આવી ગયો છે. આ પરિવર્તન કોણ લાવશે? આપણે લાવીશું. ક્રાંતિની શરૂઆત અહીંથી થઈ છે. આપણે દુનિયાને હચમચાવી નાખશું.'

તાળીઓનો અવાજ વધુ મોટો થયો. રાઘવની ઑડિટોરિયલ ટીમના સભ્યોએ હૉલમાં 'ભૂ-કંપ'ની પ્રત વહેંચવાનું શરૂ કર્યું, 'અમારી પહેલી કવરસ્ટોરી, આપણી હૉસ્ટેલના રસોડા પર છે. જોઈ લો, ત્યાં રસોઈ કેવી રીતે બને છે!'

મેં 'ભૂ-કંપ'નાં પાનાં ફેરવ્યાં. અંદર હૉસ્ટેલ કીચનની તસવીરો હતી. જમીન પર આંટા મારતા વાંદા, મીઠાઈ પર બણબણતી માખીઓ, પગેથી લોટ ગૂંદી રહેલા માણસો... ચારે તરફથી ઊબકા, અરેરાટીના અવાજ આવ્યા.

'આ તસવીરો અમે સંસ્થાના ડિરેક્ટરને મોકલી છે. પરિસ્થિતિ જરૂર સુધરશે અને હા, ભૂકંપમાં માત્ર ગંભીર વાતો નથી. અહીં જોક્સ, વાર્તા, કવિતા, બધું છે. અરે, ડેટિંગ માટેની ટિપ્સ અને નોકરી માટે અરજી કરવાની ટેક્નિક્સ પણ છે...' રાઘવ સ્ટેજ પરથી ઊતર્યો, એ પછીયે લગભગ મિનિટ સુધી તાળીઓ અને વધાઈનો શોરબકોર ચાલુ રહ્યો.



કાર્યક્રમ પૂરો થયા બાદ અમે કૉલેજની કૅન્ટીનમાં જઈને બેઠાં. આરતીએ ટેબલ પર મુકાયેલી સૅન્ડવિચ સામે શંકાની નજરે જોયું.

'ફિકર નહીં કર. હૉસ્ટેલનું કીચન ભલે ગંદું હોય, પણ આ કૅન્ટીન સાફસૂથરી છે.' રાઘવ બોલ્યો અને પછીયે આરતી ખચકાઈ, તો એણે સૅન્ડવિચ ઉપાડીને, પોતાના હાથે આરતીને ખવડાવવાનું શરૂ કર્યું.

અંદરખાને હું બળી ગયો. માંડ માંડ સ્વસ્થતાનો દેખાવ જાળવીને મેં વાતચીતનો પ્રયાસ કર્યો, 'રાઘવ, તું તો સાવ બદલાઈ ગયો.'

'કેવી રીતે?' રાઘવે એના મસાલાઢોસાનો ટુકડો તોડતાં પૂછ્યું.

'આ મૅગેઝિનને બધું... પણ કેમ?'

'કેમ એટલે, મને ગમે છે એટલે.'

રાઘવે જવાબ આપ્યો. આરતી મૂંગી મૂંગી અમારી વાત સાંભળતી

હતી. કદાચ એ પોતાની સામે બેઠેલા બે છોકરાની સરખામણી કરતી હતી. રાઘવ સામે મારો કોઈ ક્લાસ નહોતો, પણ હા, એક વાતમાં મારું પલ્લું ભારે હતું. દુનિયામાં બીજો કોઈ પુરુષ ન કરી શકે એટલો પ્રેમ હું આરતીને કરતો હતો.

‘લોકો એન્જિનિયરિંગ કૉલેજમાં ભણીને પછી સારી નોકરી મેળવવાના સપનાં સાથે આવે છે, મૅગેઝિન ઍડિટ કરવા માટે નહીં!’ મેં રાઘવ સામે જોઈને કહ્યું.

રાઘવે માથું ધુણાવ્યું, ‘આ તો બહુ સંકુચિત દૃષ્ટિ કહેવાય. એન્જિનિયર બનવું બહુ સારી વાત છે, પણ જરા આપણી આસપાસ નજર નાખી જુઓને! ઉકરડા જેવી જગ્યાએ આપણી રસોઈ બને છે, લૅબોરેટરીમાં હજીયે જૂનાં, ખખડધજ મશીનો છે અને શહેરની હાલત જોઈ છે? વારાણસી આટલું ગંદું કેમ છે? આપણી નદીઓને કોણ સાફ કરશે?

‘આપણે તો નહીં જ, બહારની દુનિયાને છોડો. અહીં તો ખુદના જીવનને સંભાળવાનું પણ ભારે પડે છે.’ મેં કહ્યું.

રાઘવે મારી સામે ચમચી હલાવી, ‘બસ, આ જ મનોવૃત્તિ મારે બદલવી છે.’

‘ભાડમાં જા! કોઈથી કંઈ નથી બદલાવાનું. હૉસ્ટેલના રસોઈયા તારી માની જેમ રાંધવાના નથી અને વારાણસીની વાત કરતો હોય તો, હજારો વર્ષથી આ શહેરને, દુનિયાના લોકોએ મોટી કચરાપેટી બનાવી દીધી છે. અહીં આવો, તમારા પાપનો કચરો ઠાલવો અને શુદ્ધ થઈ ગયાનો ભ્રમ લઈને પાછા જાવ! પાછળ એ કચરાના ગંજ કોણ સાફ કરશે, વારાણસીમાં રહેનારાનું શું થશે, એની પરવા કોને છે?’ હું ઊકળી પડયો.

‘છોકરાઓ, શાંત પડો. શું કામ આટલા સિરિયસ થઈ જાવ છો?’ આરતીએ છેવટે મોઢું ઉઘાડયું અને પછી રાઘવનું નાક ખેંચતાં બોલી, ‘આ માણસ તો એક નંબરનો જિદ્દી છે. કોઈનું કહ્યું નહીં સાંભળે.’

રાઘવે લંબાવેલો હાથ આરતીએ પકડી લીધો અને પછી એને શુંયે સૂઝ્યું કે જઈને સીધી રાઘવના ખોળામાં બેસી પડી.

આસપાસ બેઠેલા લોકોનું ધ્યાન અમારા ટેબલ ભણી ખેંચાયું. એન્જિનિયરિંગ કૉલેજમાં આવું દૃશ્ય ભાગ્યે જ જોવા મળે. પ્રેમમાં આંધળા થઈ જતા લોકોને કદાચ ખબર નથી રહેતી કે દુનિયાની નજરે એ કેટલા બેવકૂફ દેખાઈ રહ્યા હોય છે.

રાઘવે થોડા સંકોચ સાથે આરતીને ખોળામાંથી ઊભી કરી. કૃત્રિમ ગુસ્સો કરીને આરતી પોતાની સીટ પર પાછી ફરી. મને ત્યાંથી ભાગી છૂટવાનું મન થયું. આરતીને મળવું હતું, પણ આ રીતે નહીં, 'આપણે હવે નીકળીએ?' મેં પૂછ્યું.

'હા, મારે દસ પહેલાં ઘેર પહોંચી જવાનું છે.' આરતી બોલી.

'પપ્પા કેમ છે?' બિલ ચૂકવતાં રાઘવે પૂછ્યું.

'બહુ બીમાર છે, પણ ઑપરેશનમાં મોટો ખર્ચ થાય એટલે હૉસ્પિટલમાં જવાનું ટાળ્યા કરે છે.'

'એ તો મૂર્ખાઈ કહેવાય.'

'હા. વર્ષો પહેલાં અમારી જમીન ખરીદવા માટે તાયાજીએ ઑફર મૂકેલી. પૈસા બહુ ઓછા કહેલા, પણ એટલાયે લઈ લીધા હોત તો આજે હૉસ્પિટલાઈઝેશનનો ખર્ચ નીકળી જાત.'

'પણ જમીન તમારી છે. શું કામ સસ્તા ભાવે વેચવી જોઈએ?' રાઘવ બોલ્યો.

'વાહ, પપ્પા તારી વાત સાંભળીને ખુશ થઈ જાત!' મેં કારમાં બેસતાં કટાક્ષભાવે કહ્યું.

પણ આરતી મારી સાથે તરત બેસી જવાને બદલે રાઘવનો હાથ પકડીને, થોડે દૂર લઈ ગઈ. એ લોકો ઝાડની પાછળ હતાં તોયે શું કરતાં હતાં, એ હું કળી ગયો. મને લાગ્યું કે જમેલું બધું પેટમાંથી બહાર આવી જશે.

પાછી આવેલી આરતીના હોઠ પરથી લિપસ્ટિક રોળાઈ ગયેલી. ડ્રાઈવરે ગાડી સ્ટાર્ટ કરી. કાર સ્ટીરિયો પર કૈલાશ ખેર ગાઈ રહ્યો હતો, 'ટૂટા ટૂટા એક પરિન્દા.'

'કેમ આટલો સિરિયસ થઈ ગયો?' આરતીએ પૂછ્યું.

'પપ્પાનો વિચાર કરું છું.' મારો જવાબ સાંભળીને આરતીએ સમજદારીના ભાવ સાથે માથું હલાવ્યું.

પણ હકીકતમાં એ કંઈ નહોતી સમજતી. એને ક્યારેય સમજાવાનું પણ નહોતું કે મારા જેવા નિષ્ફળ, મૂર્ખાઓ પાસે ભલે દિમાગ ન હોય પણ દિલ તો હોય છે.

૧૩

મારા કરતાંયે પપ્પાને જેની વધુ રાહ હતી એ દિવસ આવી ગયો.

'આપણે સાથે બેસીને તારું રિઝલ્ટ જોઈશું.' આરતીનો આગ્રહ હતો.

આજે પણ મને એ ક્ષણ બરાબર યાદ છે. રૂમની છત પર ગડગડ કરતો સિલિંગ ફેન, સરકાર તરફથી આરતીના પપ્પાને મળેલી ટ્રૉફીઓ, કમ્પ્યૂટર ટેબલ પર પાથરેલું લાલ અને કાળા રંગનું ટેબલક્લોથ, એના પરનું બ્લેક કલરનું લેપટોપ અને સ્ક્રીન પર દેખાતું મારું રિઝલ્ટ. રોલ નંબરની બાજુમાં ૪૪,૩૪૨!

ઘરથી દૂર ધૂળિયા શહેરમાં એકલા રહીને તન-મન ભાંગી જાય એટલી કરેલી મહેનત, પપ્પાને માથે ડુંગરની જેમ ખડકાયેલું દેવું... અને એ બધાનું શું પરિણામ આવ્યું હતું? ફરી એક વાર સાબિત થઈ ગયેલું કે સફળતા મારા નસીબમાં નહોતી.

હું કોઈ પ્રતિભાવ ન આપી શક્યો. ગુસ્સો, ડર, હતાશા, એવી કોઈ લાગણી મને અડી નહીં. મારું દિમાગ બહેર મારી ગયેલું. આરતી કંઈ આશ્વાસનના શબ્દો બોલી રહી હતી એ મેં સાંભળ્યા, પણ કંઈ સમજાયું નહીં. યંત્રવત્ મેં ઘરની દિશામાં પ્રયાણ કર્યું.

પરંતુ પછી રિઝલ્ટ સાંભળીને પપ્પાએ મારા ગાલ પર તમાચો માર્યો અને હું તંદ્રામાંથી બહાર આવી ગયો. દસ વર્ષ પછી પહેલી વાર એમના તરફથી આ સજા મળી હતી. હું એને લાયક હતો.

'આવું કેવી રીતે થયું? કોટામાં જઈને તેં કંઈ કર્યું જ નહીં.' પપ્પાના અવાજમાં દુ:ખની સાથે રોષની ધ્રુજારી હતી.

'ના, ના.' મારે પપ્પાને કહેવું હતું કે કોટામાં રાતોની રાત મેં ભણવામાં ગાળી હતી. દિવસભર ક્લાસમાં બેસીને, મારા માર્ક્સ સુધારવાની મથામણ કરી હતી. મારાથી થઈ શકે એટલું બધુંય કર્યું હતું. બસ, થોડા માર્ક્સ ઓછા પડયા અને હું હજારોની પાછળ ધકેલાઈ ગયો. બોલો, પપ્પા, શું કરું?

પણ મેં આવું કંઈ કહ્યું નહીં. નાના બાળકની જેમ રડતો રહ્યો.

'હવે કરજ કેમ કરીને ફેડશું?' પપ્પા બહુ જલદી બીજો વધુ મોટો સવાલ પૂછી બેઠા. મારી પાસે એ વખતે કોઈ જવાબ નહોતો.

'હવે કેમ મૂંગો થઈ ગયો, તને કોઈ શરમ છે કે નહીં?' બોલતાં બોલતાં પપ્પાને ઉધરસ ચઢી આવી. હું એમની નજીક ગયો, તો પપ્પાએ ધક્કો મારી દીધો.

'પપ્પા, તમને તાવ ચઢયો છે.' મેં કહ્યું.

'હા, અને એ કોણે આપ્યો?' પપ્પાએ ઘૃણાથી કહ્યું. મારી પાસે બોલવા માટે કંઈ નહોતું બચ્યું. બીજી રૂમમાંથી એમની દવા લાવી આપવાની લાયકાત પણ હવે જાણે મારામાં નહોતી રહી. કોઈની જિંદગીનું સત્યાનાશ કાઢી નાખ્યા બાદ, કરવા જેવું એક જ કામ રહે. કમસેકમ એ વ્યક્તિને થોડી વાર માટે એકલી છોડી દો! હું ઘરની બહાર નીકળી ગયો.



'તારી દશા મને સમજાય છે. હુંયે આ પરિસ્થિતિમાંથી પસાર થઈ ચૂક્યો છું.' વિનીત બોલ્યો.

અમે અસ્સી ઘાટ પર બેઠાં હતાં. એ દિવસોમાં વિનીત સિવાય બીજા કોઈ સાથે મને વાત કરવાની ઈચ્છા નહોતી થતી. આરતી સાથે પણ નહીં. રાઘવ સાથે બોલવાનો સવાલ જ નહોતો ઊઠતો. એ માણસને સહેલાઈથી મળી ગયેલી સફળતાની કિંમત નહોતી અને પપ્પા તો રિઝલ્ટ આવ્યા પછી ત્રણ દિવસથી મારી સાથે બોલ્યા નહોતા.

વિનીતે RSTCમાં ઍડમિશન લીધેલું. સાડીનો બિઝનેસ કરતા એક શ્રીમંત વેપારીએ રિદ્ધિસિદ્ધિ ટૅક્નકિલ કૉલેજના નામે આ પ્રાઈવેટ એન્જિનિયરિંગ ઈન્સ્ટિટ્યૂટ શરૂ કરી હતી. આખું નામ બોલતા શરમ આવતી હતી એટલે ત્યાં ભણતા છોકરા ખુદને માત્ર RSTCના સ્ટુડન્ટ્સ ગણાવતા હતા, પરંતુ એમને એ કૉલેજમાં ભણાવવા માટે મા-બાપે દર વર્ષે એક લાખ રૂપિયાની તોતિંગ ફી ભરવી પડતી હતી.

'તારી કૉલેજમાંથી નીકળ્યા બાદ નોકરી મળી જાય?' મેં પૂછ્યું.
'નસીબની વાત છે. જોકે સાઈઠ ટકાને મળી જાય છે.' વિનીતે કહ્યું.
'અને, બીજા ચાલીસ ટકા?'

'પરિસ્થિતિ ધીમે ધીમે સુધરી રહી છે, પણ ત્યાં સુધીમાં કોઈ ને

કોઈ બીજી નોકરી તો મળી રહે. કૉલ સેન્ટરમાં, ક્રેડિટ કાર્ડ્સ સેલમાં...'

'એન્જિનિયર થઈને પછી કૉલ સેન્ટરમાં જોડાવાનું?' મેં આઘાતથી પૂછ્યું.

'બેટમજી, આટલા ભડકી જવાની જરૂર નથી. આ ગ્રેટ ઈન્ડિયન ઍજ્યુકેશન રેસમાં તારા-મારા જેવા લાખો જણ ધૂળ ફાકે છે. જેટલું મળે એનાથી ખુશ રહેવાનું અને અમીર બાપના બેટા હો તો B.Tech કર્યા પછી MBA કરવાનું. નોકરી મળવાની તક થોડી વધે.'

'પણ પ્રાઈવેટ કૉલેજમાં આટલું ભણવા માટે ખર્ચ કેટલો થાય? અને પછી જો નોકરી મળે તોયે કેટલાં વર્ષે એટલા પૈસા કમાઈ શકીએ?' મેં ગણતરી કરી.

'હા, પણ ફી તો મા-બાપ ભરે છેને! એ કૉલર ઊંચા કરીને કહી શકે કે એમનો છોકરો એન્જિનિયરિંગ કૉલેજમાં ભણે છે અને છોકરાને ચાર વર્ષની શાંતિ.'

પૈસાથી આ શાંતિ ખરીદવાની મારી હેસિયત નહોતી. આડીઅવળી વાત કરીને અમે છૂટા પડતા હતા ત્યારે વિનીતે કહ્યું, 'તારે કોઈ કૉલેજમાં જોડાવું તો પડશે. બે અઠવાડિયાં પછી ડૉ. સંપૂર્ણાનંદ સ્પોર્ટ્સ સ્ટેડિયમમાં કરિયરફેર છે. ત્યાંથી કોઈ સસ્તી કૉલેજની માહિતી મળી જશે.'

'પણ મારી પાસે પૈસા જ નથી. દેવામાં અમે ગળાડૂબ છીએ.'

'અરે, ત્યાં એક આંટો તો મારી લે! AIEEEમાં તારી રેંક સાવ ખરાબ નહોતી. તને કદાચ કોઈ પ્રાઈવેટ કૉલેજમાં ડિસ્કાઉન્ટ પણ મળી જાય.'



મારા માટે જોકે એ સમયે કૉલેજ ઍડમિશન કરતાં વધુ મહત્ત્વની વાત હતી, પપ્પાને ફરી મારી સાથે બોલતા કરવાની.

પપ્પા એમના રૂમમાં સૂતા હતા. મેં ત્યાં જઈને વાત માંડી, 'પપ્પા, હું જાણું છું કે તમે અપસેટ છો અને એમાં વાંક મારો જ છે, પણ પ્લીઝ મારી વાત સાંભળો : સિગરાના કાફે કૉફી ડેમાં સ્ટાફની જરૂર છે. બારમું ધોરણ પાસ કરનારા ત્યાં એપ્લાય કરી શકે છે અને મેં કરી દીધું છે. મહિને પાંચ હજાર રૂપિયાનો પગાર કંઈ ખોટો નથી અને આમેય આપણે ક્યાં જિંદગીભર કૉફીશૉપમાં કામ કરવું છે? બસ, થોડા મહિના કામ કરીને થોડા ઘણા પૈસા ભેગા કરી લઉં પછી આપણે પ્રાઈવેટ કૉલેજનું

વિચારીશું.'

પપ્પા કંઈ બોલ્યા નહીં.

'તમે ચૂપ રહ્યા એટલે મને મંજૂરી મળી ગઈ એવું માની લઉં?' મેં પપ્પાને ઉશ્કેરવાનો પ્રયાસ કર્યો. એ ના પાડે, ધમકાવે, મને ફરીથી લાફો મારી દે. એ બધું મંજૂર હતું. બસ, એ મારી સાથે ફરી બોલવાનું શરૂ કરે!

પણ પપ્પા ચૂપ રહ્યા. ધીરજ ગુમાવીને હું એમની પાસે ગયો, 'મને શું કામ આવી સજા આપો છો?' એમનો ખભો હલાવતાં મેં કહ્યું.

કોઈ પ્રતિભાવ ન મળ્યો અને હવે મળવાનો પણ નહોતો. રહીરહીને મને ભાન થયું કે હું અનાથ થઈ ગયો હતો.

૧૪

વારાણસીમાં મરવાનો એક સહુથી મોટો ફાયદો કે અંતિમવિધિ કરવામાં પાછળવાળાને કોઈ તકલીફ ન નડે. શહેરનો આ સહુથી મોટો ઉદ્યોગ છે. હરિશ્ચંદ્ર ઘાટનું ઈલેક્ટ્રિક સ્મશાનગૃહ અને પ્રાચીન, વધુ પવિત્ર ગણાતો મણિકર્ણિકા ઘાટ, આ બંને મળીને વર્ષના પિસ્તાલીસ હજાર એટલે કે દિવસના લગભગ સો મૃતદેહના અંતિમસંસ્કાર કરે છે. અહીં જોકે નાનાં બાળકો અને સર્પદંશથી મૃત્યુ પામેલાને પ્રવેશ નથી. એમનાં મડદાં ઘણી વાર તો નદીમાં સીધેસીધા પધરાવી દેવાય છે.

પરંતુ અગ્નિમાં કે જળમાં, 'કાસ્યમ મરણમ મુક્તિ' એવી સંસ્કૃત ઉક્તિમાં હિન્દુઓ માને છે. ભલે ગમે તેટલાં પાપ કર્યાં હોય, પણ કાશી એટલે કે વારાણસીમાં મરનારને સ્વર્ગની પ્રાપ્તિ થાય એવું લોકો કહે છે. ભગવાન બેઠા બેઠા જાણે આ રિયાલિટી શોની અંદર, કાશીમાં મરનારાને સ્વર્ગમાં વાઈલ્ડકાર્ડ એન્ટ્રી આપે છે! સાચી ગણો કે ખોટી, પણ આ માન્યતાના આધારે વારાણસીમાં વસતા હજારો લોકો રોજીરોટી રળે છે.

અંતિમ સંસ્કાર માટે લાકડાથી માંડીને પંડિતજી સુધીની બધીયે વસ્તુ એક છાપરા નીચે પૂરી પાડતી દુકાનો અહીં છે. પોતાને સીટીગાઈડ ગણાવતા લોકો વિદેશીઓને 'કાશીનું મરણ'વાળો લાઈવ શો જોવા માટે મણિકર્ણિકા ઘાટ પર લઈ આવે છે, 'આહ, ઓહ!' કરીને બળતી ચિતાની તસવીરો પાડવા માટે ટૂરિસ્ટો પૈસા ચૂકવે છે. આખી દુનિયામાં કદાચ વારાણસી એકમાત્ર એવું શહેર હશે, જ્યાં મૃત્યુ સહુથી મોટું ટૂરિસ્ટ ઍટ્રેક્શન છે.

પરંતુ મરનારને અંતિમ મંઝિલે પહોંચાડવામાં એક્સપર્ટ ગણાતા આ શહેરની અંદર મારા પપ્પા મૃત્યુ પામ્યા ત્યારે હું મૂંઝાઈ ગયો. આટલાં વર્ષોમાં મેં ક્યારેય અંગત વ્યક્તિનો મૃતદેહ જોયો નહોતો. ઠાઠડી બાંધી નહોતી. લૌકિક વિધિમાં ભાગ લીધો નહોતો. અને કદાચ આવું કંઈ ભૂતકાળમાં જોયું હોય તોય એ ઘડીએ યાદ નહોતું. પરીક્ષામાં નિષ્ફળતા અને પપ્પાનું અવસાન, ઉપરાઉપરી બની ગયેલી આ બે ઘટનાએ મારા

દિમાગને સુન્ન કરી નાખેલું. કદાચ મેં જ પપ્પાને મારી નાખેલા.

પપ્પાના ગણ્યાગાંઠયા દોસ્ત અને સંપર્કમાં રહેલા એમના થોડા જૂના વિદ્યાર્થીઓને મેં જાણ કરી. અમારા જૂના વકીલ દુબે કાકાને ફોન કર્યો અને એમણે ઘનશ્યામ તાયાજીને ખબર પહોંચાડયા.

જિંદગીભર પપ્પાનું લોહી ચૂસનારા, એમને જીવતેજીવત મારી નાખનારા ઘનશ્યામ તાયાજી આ પ્રસંગે આદર્શ મોટાભાઈના રૂપમાં પ્રગટયા. મોંઘાં, શ્વેત વસ્ત્રોમાં કાકા, કાકી, એમનાં બે દીકરા, બે દીકરી, સહુ ભારેખમ મોઢું રાખીને હાજર થઈ ગયાં. એમણે બીજાં સગાંવહાલાંને જાણ કરી. વિધિસર અંતિમવિધિ કરાવવા માટે પંડિતે દસ હજાર રૂપિયા માગ્યા. એમની સાથે જબરદસ્ત ભાવતાલ કરીને તાયાજીએ સાત હજાર રૂપિયામાં નક્કી કર્યું અને પાંચસો રૂપિયાની કડકડતી નવી નક્કોર નોટોમાં સોદો પતાવી નાખ્યો.

હરિશચંદ્ર ઘાટ પરના ઈલેક્ટ્રિક સ્મશાન ગૃહમાં અંતિમ સંસ્કાર ઓછા ખર્ચે થઈ શકે, એવી મારી વાતને નીતા તાઈજીએ તોડી પાડતાં કહી દીધું, ‘અરે, એ તો અડધો સમય ચાલતું નથી અને તું શું કામ ફિકર કરે છે. અમે બેઠા છીએ ને! અંતિમ સંસ્કાર તો બરાબર વિધિસર જ થવા જોઈએ.’

પપ્પાના અવસાન પછી ચોવીસ કલાકે, મણિકર્ણિકા ઘાટ પર મેં એમની ચિતાને આગ આપી. ધુમાડામાં ભૂતકાળનાં દૃશ્યો તાજાં થવા લાગ્યાં. મને યુનિફૉર્મ પહેરાવીને, માથું ઓળી આપીને સ્કૂલે મોકલતા પપ્પા યાદ આવી ગયા. એ ઘડી સુધી સૂકી રહેલી મારી આંખો અચાનક ભરાઈ આવી. ધ્રુસકે ધ્રુસકે હું રડી પડયો.

અડધો કલાક પછી મોટા ભાગના લોકો સ્મશાનમાંથી નીકળી ગયા હતા. હું ચૂપચાપ લાકડાને રાખ થતા જોઈ રહ્યો. અચાનક પાછળથી કોઈએ મારા ખભે હાથ મૂક્યો. ફરીને જોયું તો બે હટ્ટાકટ્ટા, પાન ચાવી રહેલા અજાણ્યા માણસો દેખાયા.

‘તું આનો દીકરો છે?’ મોટી મૂછ ધરાવતા માણસે ચિતા તરફ ઈશારો કરતાં પૂછ્યું.

‘હા.’ મેં જવાબ આપ્યો.

‘તારા બાપે અમારી પાસેથી બે લાખ રૂપિયાનું કરજ લીધેલું.’ એણે કહ્યું.



'ઘનશ્યામ તાયાજી માત્ર ત્રણ લાખ રૂપિયા આપવાની વાત કરે છે?' આઘાતના માર્યા મેં દુબેકાકાની સામે જોઈને પૂછ્યું.

હાથમાં કાગળિયાં ઊથલાવતાં એમણે કહ્યું, 'ત્રણ લાખ મળતા હોય તોયે કંઈ ખોટા નથી! ઉઘરાણી કરનારા તારી પાછળ પડયા છે અને એ લોકો બહુ ખતરનાક છે. તારા ભલા માટે કહું છું કે આ કાગળ પર સહી કરી દે.'

મેં કાગળ હાથમાં લઈને વાંચવાનો પ્રયત્ન કર્યો, પણ કંઈ સમજાયું નહીં, 'ત્રણ લાખ બહુ ઓછા ન કહેવાય? વર્ષો પહેલાં આ જ જમીન માટે તાયાજીએ દસ લાખની ઑફર આપેલી.' મેં યાદ દેવડાવ્યું.

'એ સમય નીકળી ગયો. વિચારી લેજે.' દુબેકાકાએ બદલાયેલી પરિસ્થિતિ ઓછા શબ્દોમાં સમજાવી દીધી.

હું ચૂપચાપ બેસી રહ્યો. દુબેઅંકલ હવે કોના પક્ષે હતા?



ડૉ. સંપૂર્ણાનંદ સ્પોર્ટ્સ સ્ટેડિયમમાં એક વિશાળ શામિયાણાની નીચે કરિયર ફેર ભરાયો હતો. વિનીતે મને એવું કહીને આગ્રહ કરી અહીં ધકેલેલો, 'ત્યાં મારા મિત્ર સુનીલને મળજે. સુનીલ મેળાવડાનો ઈવેન્ટ મૅનેજર છે અને બધા સ્ટોલવાળાને ઓળખે છે.'

કરિયર ફેરનો દેખાવ કોઈ મોટા વ્યાપારી મેળાવડા જેવો હતો. સેંકડો ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ અને તેના માલિકો, સ્ટાફમૅમ્બર્સ અને વિદ્યાર્થીઓ પોતપોતાના સ્ટોલ લગાવીને બેઠેલા. મોટા મોટા બેનર્સ પર કૉલેજનાં મકાનો, કૅમ્પસની તસવીરો હતી. જેમની પાસે પોતાનાં મકાન નહોતાં, એમણે પ્રૉફેશનલ આર્ટિસ્ટ પાસે તૈયાર કરાવેલ ચિત્રોનું પ્રદર્શન કરેલું.

'એક વાર કૉલેજનું પોતાનું મકાન તૈયાર થઈ જાય પછી જોજો, ઉત્તરપ્રદેશનું આ બેસ્ટ કૅમ્પસ હશે.' એક સ્ટોલનો માલિક ત્યાં ઊભેલા વડીલ યુગલને ઊજળા ભવિષ્યની ખાતરી આપી રહ્યો હતો. આ મકાન બંધાતું હશે એ દરમિયાન બાંધકામની જગ્યાએ ઊભા કરેલા ટેમ્પરરી ક્લાસરૂમમાં છોકરાઓ કઈ રીતે ભણશે એવી ચર્ચાને અહીં સ્થાન નહોતું. ભગવાન કે પછી દાદાજીના નામે કૉલેજ શરૂ કરનારાઓ સપનાં વેચવા આવ્યાં હતાં.

એમાંથી સિત્તેર ટકા એન્જિનિયરિંગ કૉલેજો હતી, પરંતુ મેડિકલ,

હોટલ મૅનેજમૅન્ટ, ઍવિયેશન અને BBA જેવા કોર્સ ભણાવતી કૉલેજોએ પણ ફેરમાં દુકાન ખોલી રાખેલી.

અને લોકોને પોતાની તરફ ખેંચવા માટે એ લોકો જે હદ પર ઊતરી આવેલા એ જોઈને ભલભલા દુકાનદારો પણ હેબતાઈ જાય.

ફરતા ફરતા બપોરના સમયે હું SGVC એટલે કે શ્રી ગણેશ વિનાયક કૉલેજના સ્ટોલ પર પહોંચ્યો. સુનીલ સાથે અહીં મળવાનું નક્કી થયેલું. ઊભા ઊભા મેં એમના બ્રોશર્સ વાંચવાનું શરૂ કર્યું. કમ્પ્યૂટર સાયન્સથી માંડીને મેટાલર્જી સુધીના તમામ એન્જિનિયરિંગ કોર્સ આ કૉલેજમાં ભણાવાતા હતા. કૉલેજના સ્ટાફ અને સુવિધાઓ વિશેનું જે વર્ણન હતું એ તો IITના ડિરેક્ટરને પણ શરમાવી દે.

'ગોપાલ.' મારી પાછળથી અવાજ આવ્યો.

મેં ઊંચું જોયું. જાંબુડી રંગનું શર્ટ, ટાઈટ બ્લેક જિન્સ, એના પર મોટા સિલ્વર બક્કલવાળો બેલ્ટ અને આંખો પર ફિલ્મી સ્ટાઈલના સનગ્લાસીસ, 'સુનીલ?'

'હા અને તું આ શું વાંચી રહ્યો છે?'

'બ્રોશર.'

'ગાંડો થયો છે કે શું? સીધો ફી અને પ્લેસમૅન્ટનું પાનું જોઈ લે. એ લોકો કહે છે એવી નોકરીનાં બે વર્ષના પગારમાં આખા કોર્સની ફી નીકળી જતી હોય તો ઠીક છે, બાકી, આગળ જા!' સુનીલે કહ્યું.

'પણ એમની ટીચિંગ મેથડ...' મારું વાક્ય સુનીલે પૂરું ન કરવા દીધું. ગાળ બોલીને એણે મારા હાથમાંથી બ્રોશર ઝૂંટવી લીધું. સ્ટોલ પર ઊભેલા સ્ટુડન્ટના હાથમાંથી કેલ્ક્યુલેટર લઈને એણે ફટાફટ ગણતરી માંડી, 'ટ્યૂશન ફી પચાસ હજાર, હૉસ્ટેલના ત્રીસ હજાર, બાકી આડોઅવળો નકામો વીસ હજારનો ખર્ચ ગણી લે. ચાર વર્ષના ચાર લાખ રૂપિયા. પણ એવરેજ પ્લેસમેન્ટ છે દોઢ લાખ રૂપિયા ખાડામાં નાખ, આપણે બીજે જઈએ.'

હું સુનીલની પાછળ ઘસડાયો. પછીનું સ્ટોપ હતું ચિન્ટુમલ ગ્રૂપ ઑફ ઈન્સ્ટિટ્યૂટ્સ. નેશનલ હાઈવે-૨, અલાહાબાદ.

અલાહાબાદ શહેરથી ત્રીસ કિલોમીટરના અંતરે આ કૉલેજ હતી, 'મારે ચીન્ટુમલ નામની કૉલેજમાં નથી જવું.' મેં વિરોધ કર્યો.

'શટઅપ, કૉલેજનું આખું નામ કોણ પૂછવા આવવાનું છે? સુનીલે સ્ટોલ પરથી બ્રોશર ઉપાડીને સીધા ફી ઍન્ડ પ્લેસમેન્ટના પાના પર

નજર નાખી, 'વરસે સિત્તેર હજાર રૂપિયાની ફી, ફાઈનલ પ્લેસમેન્ટ એક લાખને ચાલીસ હજાર... આ કંઈ ઠીક લાગે છે.'

ચાલીસેક વર્ષનો એક સ્થૂળકાય માણસ અમારી પાસે આવ્યો, 'આ વર્ષે અમારે ત્યાં વધુ સારી પ્લેસમેન્ટ્સ થશે. આઈ એમ જ્યોતિ વર્મા, ડીન ઑફ સ્ટુડન્ટ્સ.'

આભો થઈ જતાં હું એને જોઈ રહ્યો. કૉલેજના ડીન ઊઠીને સેલ્સમૅન જેવું કામ કરે, એ મારી કલ્પનાની બહાર હતું.

'પેલા લોકો, પ્લેસમેન્ટની બાબતમાં ગપ્પાં હાંકે છે. એમને ત્યાંથી પાસ થયેલાને ભાગ્યે જ સારી નોકરી મળે છે.' વર્માએ શ્રી ગણેશ વિનાયક કૉલેજના સ્ટોલ તરફ ઈશારો કરતા કહ્યું.

મેં બ્રોશર પર નજર નાખી. શ્રી ગણેશ સ્ટોલ તરફથી ઉતાવળે પગલે એક માણસ આવીને મારી બાજુમાં ઊભો રહ્યો, 'શું કહેતો હતો આ?' એણે જ્યોતિ વર્મા સામે જોતા પૂછ્યું.

મેં માત્ર માથું ધુણાવ્યું. દેખાવે જ્યોતિ જેવા જ લાગતા માણસે પોતાની ઓળખાણ મહેશ વર્મા તરીકે આપીને પૂછ્યું, 'અમારી કૉલેજમાં શું કામ નથી આવતા?'

'મોંઘી છે.' મેં જવાબ આપ્યો.

'તમારું બજેટ બોલોને! કોઈ વ્યવસ્થા થઈ જશે.'

'શું?' પહેલી વાર મેં સાંભળ્યું હતું કે કૉલેજમાં ફીની રકમ માટે પણ રકઝક થઈ શકે.

'બજેટ બોલો. અત્યારે ઍડમિશન લેવા તૈયાર હો તો દસ ટકા ડિસ્કાઉન્ટ આપીશ.'

મેં સુનીલ સામે જોયું. એણે આંખના ગોગલ્સ માથે ચઢાવ્યા, વાતનો દોર હાથમાં લઈ લીધો, 'ત્રીસ ટકા હોય તો બોલો. ચીન્ટુમલ તમારા કરતાં સસ્તી છે.'

'એ લોકોને પોતાનું મકાન પણ નથી.'

'તમને કેવી રીતે ખબર?'

'એ મારો ભાઈ છે. હમણાં ઝઘડીને જુદો થયો છે, પણ એના રિપોર્ટ સારા નથી.' મહેશ વર્માએ ફોડ પાડયો.

'મહેશભાઈ, તમે અહીંથી જાવ.' જ્યોતિભાઈ આવીને ઊભા રહ્યા.

'ચાલ બેટા, આપણે ત્યાં.' મહેશે મારો હાથ પકડતાં કહ્યું.

'પણ તારે શું કામ ત્યાં જવું છે?' જ્યોતિએ આડો હાથ કરતાં

પૂછ્યું.

‘એ મને ડિસ્કાઉન્ટ આપે છે.’ મેં કહ્યું.

‘તો મેં ક્યાં ડિસ્કાઉન્ટ આપવાની ના પાડી? શ્રી ગણેશમાં જઈને જિંદગી બરબાદ થઈ જશે. એ લોકો પાસે તો પોતાની એક લૅબોરેટરી પણ નથી. એના સ્ટોલમાં જે ફોટા છે એ બધા બીજી કૉલેજના છે.’ જ્યોતિએ મારો બીજો હાથ પકડતાં કહ્યું.

‘શટઅપ.’ મહેશે ચીસ પાડી.

‘યુ શટઅપ, ઍન્ડ ગેટઆઉટ.’ જ્યોતિએ વધુ જોરથી કહ્યું.

મહેશની આંખમાં ખુન્નસ ઊતરી આવ્યું. પલક ઝપકતામાં એણે ચીન્ટુમલ કૉલેજનું બેનર પકડીને ફાડી નાખ્યું. લાલઘૂમ થઈ ગયેલો જ્યોતિ એના દુશ્મનના સ્ટોલ ભણી દોડયો અને એણે ત્યાં ટેબલ પર પડેલા બ્રોશર્સ નીચે ફેંકી દીધા. ઘડીભરમાં બંને પક્ષ વચ્ચે લડાઈ જામી પડી. લડતા લડતા પણ જ્યોતિએ મારો કૉલર પકડીને કહ્યું, ‘હું તને પચાસ હજારમાં સીટ આપી દઈશ.’

પરંતુ હવે મારે મફતમાંયે ચીન્ટુમલમાં નહોતું જવું. જાન બચાવીને ત્યાંથી દોડયો, પણ એક જણનો ધક્કો વાગતાંની સાથે ટેબલ પર જઈને પડયો. લાકડાના ટેબલ પર સફેદ કાપડને બાંધી રાખવા માટે લોખંડના ખીલા ઠોકી રખાયેલા. એમાંથી એક ખીલો મારા ગાલમાં પેસી ગયો. ગાલેથી લોહી અને કપાળેથી પરસેવો ફૂટી નીકળ્યાં. લોકો ભણવા માટે ખૂનપસીનો વહાવી દેવાની વાત કરતા હોય છે, આનું નામ!

સુનીલે હાથ પકડીને મને ઊભો કર્યો અને અમે બેઉ જાણે મરણિયા થઈને સ્ટેડિયમની બહાર જવા માટે દોટ મૂકી.



સિગરાના આઈપી મૉલ પર પહોંચીને અમારા પગ ધીમા પડયા. સુનીલ મને ત્યાં આગલે અઠવાડિયે ખૂલેલા કાફે કૉફી ડેમાં લઈ ગયો. સો રૂપિયામાં એણે બે કપ કૉફી ખરીદી.

સો રૂપિયામાં મારું તો આખું અઠવાડિયું નીકળી જાય, પણ આવી કોઈ ટિપ્પણ કરવાને બદલે મેં પૂછ્યું, ‘કોણ હતા એ લોકો?’

‘અલાહાબાદનું વર્માફેમિલી છે. એમનો મૂળ ધંધો તો દેશી દારૂનો છે, પણ હવે એમણે કૉલેજ શરૂ કરી છે.’ સુનીલે જવાબ આપ્યો.

‘શું કામ?’

'પૈસા, બીજું શું? શિક્ષણના ધંધામાં પુષ્કળ પૈસા છે. વળી સમાજમાં પ્રતિષ્ઠા પણ વધે. લોકો એમને દારૂવાળા નહીં, પણ ઍજ્યુકેશનિસ્ટ તરીકે ઓળખવા લાગે.'

'પણ એમનું વર્તન તો ગુંડા જેવું હતું.'

'એ ગુંડા જ છે. ભાઈઓ વચ્ચે ઝઘડા થયા. એકમાંથી બે કૉલેજ થઈ. હવે પોતપોતાના ક્લાસ ભરવા માટે લડે છે.'

'આવા લોકો કૉલેજ ખોલે છે?'

'હા. રાજકારણીઓ, બિલ્ડરો, બીડી બનાવનારા, જેને જેને કાળાધંધાનો જરાસરખોયે અનુભવ હોય એને શિક્ષણના ધંધામાં સારું ફાવી જાય છે.' સુનીલે મને જ્ઞાન આપતાં આપતાં ખિસ્સામાંથી સેલફોન કાઢ્યો.

એ દિવસોમાં સેલફોન હજી બધા પાસે નહોતા આવ્યા. સામે છેડે અકળાઈ ગયેલા કોઈ માણસને સાંત્વન આપતો હોય એમ સુનીલ બોલ્યો, 'ચોબેજી, શું કામ આટલા પરેશાન થાવ છો? જાણું છું કે મેળાવડો બંધ કરવાનો ટાઈમ થઈ ગયો છે, પણ હજી બે કલાક ખમી જાવને! તમને ખબર તો છે કે આ કરિયર ફેર આપણા એમએલએ શુક્લાજીના આશીર્વાદ સાથે શરૂ થયો છે અને હા...' સુનીલ ઊભો થયો. મને બેસી રહેવાનો ઈશારો કરીને એ ફોન સાથે કૉફીશૉપની બહાર ગયો.

મેં આસપાસ નજર નાખી. અમીર ઘરનાં છોકરા-છોકરીઓ મોંઘી કૉફી સાથે વધુ મોંઘા ભાવના ડોનટ્સ અને કુકીઝ ખરીદવા માટે ભીડ કરી રહ્યાં હતાં.

એ જ વખતે દરવાજામાંથી લેધર જૅકેટ્સ પહેરેલા માણસો અંદર દાખલ થયા. એમને ઓળખતાંની સાથે મેં નજર ફેરવી લીધી, પણ સ્મશાનમાં મળેલા માણસે મને જોઈ લીધો. 'બાપના મોતની ઉજવણી કરવા બેઠો છે?' નજીક આવીને ચાનો કપ ટેબલ પર મૂકતાં એક જણ બોલ્યો.

'હમણાં મારી પાસે પૈસા નથી.' મેં ધીમા અવાજે કહ્યું.

'તો બોલ, પૈસાને બદલે તારા શરીરમાંથી કયું અંગ કાઢીને લઈ જઈએ?' હાથમાં કોકાકોલાનું કેન પકડીને ઊભેલો મૂછાળો માણસ બોલ્યો.

'પણ એના કંઈ પૈસા નહીં ઊપજે.' બંને જણ જોરથી હસ્યા.

સુનીલ એનો ફોનકૉલ પતાવીને પાછો ફર્યો, 'તારા દોસ્ત છે?' એણે

પેલા માણસો તરફ જોતાં પૂછ્યું.

'એના બાપના દોસ્ત!' સામેથી જવાબ મળ્યો.

'તમને ક્યાંક જોયા છે.' આવું કહેતાં સુનીલે આંખો ઝીણી કરી અને પછી ચપટી વગાડતાં બોલ્યો, 'અરે હા, એમએલએ શુક્લાજીને ત્યાં.'

'તું તારું કામ કર.' મૂછાળો સહેજ નર્વસ થતાં બોલ્યો.

પણ સુનીલ પર એમની અસર નહોતી, 'મેં ચોક્કસ તમને શુક્લાજીના ઘરમાં જોયા છે. મારું નામ સુનીલ! સનશાઈન ઈવેન્ટ્સમાં મૅનેજર છું. અમે શુક્લાજી સાથે ઘણું કામ કર્યું છે.' કહીને સુનીલે હાથ લંબાવ્યો. સહેજ ખચકાઈને પેલા લોકોએ સુનીલ સાથે હાથ મિલાવ્યા.

'તારા આ દોસ્તે અમને ઉધારી ચૂકવવાની છે. એને કહે કે જલદી આપી દે. નહીં તો...' ચાનો કપ લઈને ઊભેલા માણસે વાક્ય અધૂરું છોડ્યું. હું અને સુનીલ મૂંગા રહ્યા. કોઈ સંદેશ આપતો હોય એમ મૂછાળાએ એની બાઈકની ચાવી ત્રણ વાર ટેબલ પર ઠપકારી અને છેવટે ડોળા કાઢતા બંને ત્યાંથી રવાના થયા.

'મારે કૉલેજની જરૂર નહીં પડે. બે-ચાર દિવસમાં આ ગુંડાઓ મને સ્મશાનમાં ઍડમિટ કરી દેશે.' મેં ક્યારનોય રોકી રાખેલો શ્વાસ છોડતાં કહ્યું.

'બેસ, એક કપ કૉફી વધુ પીએ.' સુનીલે કહ્યું. ફરીથી મને કહેવાની ઈચ્છા થઈ ગઈ કે કૉફીને બદલે મને રોકડા આપી દે, પણ શબ્દો અંદર જ રહ્યા! કૉફીનો બીજો કપ પીતાં પીતાં મેં સુનીલને મારી કરમકથની સંભળાવી. બાળપણ, કોટા, મારી નિષ્ફળતા, પપ્પાનું અવસાન...

'તો હવે તારા માથે કરજ છે અને ચૂકવવાનો કોઈ ઉપાય નથી.' સુનીલે વાતમાંથી સાર કાઢ્યો.

'એક ઘર બચ્યું છે, પણ એની કંઈ ખાસ કિંમત નહીં ઊપજે અને એ વેચી દીધા બાદ હું તો રોડ પર આવી જાઉં.'

'પણ જમીન છેને!' સુનીલ બોલ્યો.

તકરારમાં પડેલી અમારી જમીન વિશે સુનીલ પાસે મેં માત્ર નામ પૂરતો ઉલ્લેખ કરેલો, પણ એણે વાત પકડી લીધી.

'ખેતરાઉ જમીન છે, શહેરથી દસેક કિલોમીટર દૂર.' મેં કહ્યું.

સુનીલની આંખો પહોળી થઈ, 'એ તો સાવ નજીક ગણાય. કેટલી છે?'

'ત્રીસ એકર. એમાં અમારો હિસ્સો પંદર એકર છે, પણ કાકાએ

આખી જમીન ગપચાવી જવી છે. બાર વર્ષથી કોર્ટમાં કેસ ચાલે છે, પણ મેં આશા મૂકી દીધી છે.'

સુનીલ થોડો વિચાર કરીને બોલ્યો, 'તને મદદ કરી શકું, પણ એમાં મારો કટ રાખવો પડશે.'

'કટ? કમિશન?'

'હા, દસ ટકા.'

'પણ શેમાંથી?'

'તું જે બિઝનેસ કરે એમાં દસ ટકા ભાગ મારો રાખવાનો.'

'પણ કેવો બિઝનેસ?' હું અકળાઈ ગયો. અહીં ખાવાના પૈસા નહોતા અને સુનીલ બિઝનેસની વાતો કરતો હતો.

'તું એક કૉલેજ શરૂ કરી દે.' સુનીલે બૉમ્બ ફોડયો.

'શું?' હું ચમક્યો. સુનીલ ઘાટ પરના સાધુઓની સાથે ભાંગબાંગ ચઢાવીને આવેલો કે શું?

'જો ગોપાલ, તારી પાસે જમીન છે અને એ પણ શહેરથી આટલી નજીક. આ સહુથી મોટી મહત્ત્વની વાત છે.'

'જમીન મારી પાસે નથી. કહ્યું તો ખરું કે કોર્ટમાં કેસ ચાલે છે.'

'એનો ઉકેલ આપણે લાવી દઈશું.'

'આપણે એટલે કોણ? અને આ જમીન ખેતીની છે. કાયદો કહે છે કે એગ્રિકલ્ચરલ જમીન પર માત્ર ખેતી કરી શકાય.'

'આ દેશના અમુક લોકો કાયદાથી પર છે.'

'કોણ?'

'એક છે આપણા એમએલએ રમણલાલ શુક્લા! એમની મહેરબાનીથી મેં ઘણાં કામ કર્યાં છે. તારું પણ કામ કરાવી આપીશ. તું મને કટ આપજે. એમનો કટ હું પહોંચાડી દઈશ.'

'તું મજાક કરે છે?'

'તને આ મજાક લાગે છે? મારા પર ભરોસો નથી આવતો?'

સાચો જવાબ ન આપવામાં શાણપણ હતું, પણ મેં કહ્યું, 'મેં પોતે હજી કૉલેજમાં પગ નથી મૂક્યો ત્યાં આખી કૉલેજ કેવી રીતે ખોલી શકું?'

સુનીલ હસ્યો, 'ભારતમાં કૉલેજ શરૂ કરનારા મોટા ભાગના લોકો તારા જેવા જ છે, પણ શું ફરક પડે છે? શાણા લોકો કૉલેજ ખોલે છે અને મુર્ખાઓ એમાં ભરતી થવા જાય છે. તો આવતા અઠવાડિયે મિટિંગ ગોઠવી દઉં છું. પણ યાદ રહેશે ને?'

'શું?'
સુનીલે ચપટી વગાડી, 'મારા દસ ટકા!'

૧૫

ઘણા દિવસો પછી હું અને આરતી નાવમાં ફરવા નીકળેલાં. વહેલી સવારના પવનમાં આરતીનો લીલો દુપટ્ટો ઊડી રહ્યો હતો, 'હવે શું કરીશ?' એણે પૂછ્યું.

'કૉરસ્પૉન્ડન્સ કોર્સ અને નોકરી.'

'લોનનું શું થશે?'

'વાંધો નહીં આવે. મોટા ભાગનું કરજ પપ્પાએ ઉતારી નાખેલું.' હું ખોટું બોલ્યો. મારી ચિંતાનો બોજ આરતીને માથે નાખીને, મારે સમય નહોતો બગાડવો, 'રાઘવ સાથે તું ખરેખર ખુશ છેને?' મેં પૂછ્યું. અંદરખાને આશા હતી કે આરતી ના પાડશે, પણ એણે તો ઝગમગતા ચહેરે હા પાડી.

'શું કરે છે એ?' નિરાશા છુપાવીને મેં પૂછ્યું.

'રાઘવે એના ઘરવાળાને કહી દીધું છે કે એ એન્જિનિયર તરીકે નોકરી નહીં કરે. એને પત્રકાર બનવું છે અને હા, એણે હવે યુનિવર્સિટી પૉલિટિક્સમાં ઝુકાવ્યું છે. કહે છે એને ઘણું બધું બદલવું છે.'

'મૂરખ છે.' મેં કડવાશથી કહ્યું અને કિનારાની દિશામાં હલેસાં ચલાવ્યાં.

આરતીના વાળ હવે લાંબા થઈને એની કમરે પહોંચ્યા હતા. પરોઢિયાના અજવાળામાં એનો ચહેરો જાણે અંદરથી ઝગારા મારતો હતો અને એના હોઠ સામે તો મારે જોવું જ નહોતું. જોતાંની સાથે એને ચૂમી લેવાની ઝંખના જાગી હતી. આરતી હવે બીજા કોઈની થઈ ગયેલી. આ વાસ્તવિકતા દિમાગ જાણતું હતું, પણ હૃદય હજીય સ્વીકારવા માટે તૈયાર નહોતું.

આરતીના ચહેરા પર સહેજ ઉદાસી ઝબકી ગઈ, 'ગોપાલ, આપણે શું કામ મોટા થઈ ગયા?'



એ પહેલાં મેં ક્યારેય વિધાનસભ્યનું ઘર નહોતું જોયું. બપોરે ત્રણ વાગે અમે કચેરી વિસ્તારમાં આવેલા શુક્લાજીના વિશાળ બંગલે પહોંચ્યા.

ગેટની બહાર બે-ત્રણ પોલીસજીપ ઊભી હતી અને બંગલાની ફરતે સિક્યુરિટી ગાર્ડ્સની ફોજ તૈનાત હતી. સુનીલે મેઈન ગેટ પર પોતાની ઓળખાણ આપી. અમારી સાથે ગિરીશ બેદી નામનો માણસ પણ હતો.

અમે અંદર ગયા ત્યારે ગામડેથી આવ્યા હોય એવા લાગતા લોકો, શુક્લાજીને મળવાની રાહ જોતા, બહાર ઘાસ પર બેઠા હતા. સુનીલના કહેવા પ્રમાણે શુક્લાજીના બંને દીકરા વિદેશની કૉલેજમાં ભણતા હતા અને પરિવારના બીજા સભ્યો પણ મોટા ભાગે દેશની બહાર રહેતા હતા. પક્ષના કાર્યકર્તાઓથી ભરેલો શુક્લાજીનો બંગલો એમના ઘર કરતા ઑફિસ જેવો વધુ લાગતો હતો.

બંગલાની અંદર ઑફિસમાં, સ્ટાર્ચ કરેલા સફેદ કુરતો પાયજામો પહેરીને શુક્લાજી બેઠા હતા. આધેડવય અને સહેજ મોટું પેટ હોવા છતાં એમનો દેખાવ હેન્ડસમ ગણાય એવો હતો.

'વૈજ્ઞાનિકને કહો કે પહેલાં શુક્લાજીને રિપોર્ટ જોવો છે. હા, ગંગા અમારી યે છે. આવજો, હવે મારે એક મિટિંગ છે.' સેલફોન પર વાત પૂરી કરીને શુક્લાજીએ ટેબલ પર પડેલી ફાઈલ ઉઘાડી.

'સર, હું સુનીલ છું. સનશાઈન ઈવેન્ટ્સમાંથી! અમે... અમે કરિયર ફેર કરીએ છીએ.' બહાર મારી સાથે પૂરા આત્મવિશ્વાસથી વાત કરનારા સુનીલની જીભ હવે થોથવાઈ રહી હતી.

'કામની વાત કરો.' શુક્લાજી બોલ્યા.

'સર, જમીન!' સુનીલે એટલું જ કહ્યું.

'ક્યાં? કેટલી?' શુક્લાજીની આંખો ફાઈલ પર અને કાન અમારા ભણી હતા. સામાન્ય માણસોની તુલનાએ, રાજકારણીઓ એકસાથે અનેક કામ કરવામાં વધુ પાવરધા હોય છે.

'શહેરથી દસ કિલોમીટર દૂર લખનઉ હાઈવે પર ત્રીસ એકર છે.' સુનીલે કહ્યું.

'કોની જમીન છે?' શુક્લાજીએ ફાઈલ બંધ કરીને પૂરું ધ્યાન અમારા પર કેન્દ્રિત કર્યું.

હવે મેં મોઢું ઉઘાડ્યું, 'સર, મારી જમીન છે. મારું નામ ગોપાલ મિશ્રા!' મેં થેલામાંથી પ્રોપર્ટીનાં કાગળિયાં બહાર કાઢતાં કહ્યું.

'અને તમે?' શુક્લાજીએ બેદી તરફ જોયું.

'ગિરીશ બેદી ઍજ્યુકેશન કન્સલ્ટન્ટ, આપણા જ માણસ છે. નવી કૉલેજની ડિઝાઈન શરૂ કરવામાં મદદ કરે છે.' સુનીલે ઓળખાણ આપી.

'નવી કૉલેજ?' શુક્લાજીએ પૂછ્યું.

'સર, ખેતીની જમીન છે.' સુનીલે કહ્યું.

'પણ ખેતીની જમીનને શૈક્ષણિક હેતુસર વાપરવાની છૂટ મળી શકે છે.' બેદી તરત બોલ્યો.

'તારી ઉંમર બહુ નાની લાગે છે. તારા પપ્પાજી શું કરે છે?' શુક્લાજીએ મને પૂછ્યું.

'મા-બાપ બંને ગુજરી ગયાં.'

'હં, તો પ્રૉબ્લેમ શું છે?'

'મારા કાકા.'

'આ જમીન તો નવું ઍરપૉર્ટ થવાનું છે એની નજીકમાં છે.' શુક્લાજીએ ધ્યાનપૂર્વક જમીનનો નકશો નિહાળતાં કહ્યું.

'ખબર નહીં.' મેં પ્રામાણિકતાપૂર્વક જવાબ આપ્યો.

શુક્લાજીએ ઈન્ટરકૉમ ઉપાડીને બહાર બેઠેલા એમના સ્ટાફને સૂચના આપી કે આ મિટિંગ પૂરી ન થાય ત્યાં સુધી અમને કોઈએ ખલેલ ન પહોંચાડવી અને પછી મારી તરફ વળીને બોલ્યા, 'ગોપાલ, હવે બોલ આ જમીનનો શું પ્રૉબ્લેમ છે?'

પછી લગભગ કલાક સુધી શાંતિપૂર્વક એમણે મારી વાત સાંભળી. છેલ્લે છેલ્લે મેં એ પણ કહી દીધું કે, 'સર, મારે તમારા માણસોને બે લાખ રૂપિયા આપવાના છે.'

'મારા માણસોને?' શુક્લાજીએ આશ્ચર્યના ભાવે પૂછ્યું.

'ના સર, તમારા માણસોને નહીં.' સુનીલે ઉતાવળે આટલું બોલીને ટેબલ નીચે મારા પગને જોરથી લાત મારી. મને શું ખબર કે વ્યાજખાઉ શાહુકારો સાથે વિધાનસભ્યોની સાંઠગાંઠ હોય છે, પણ એ વિશે જાહેરમાં કબૂલવાનું ન હોય.

બેદીએ તરત વાતમાં ઝુકાવ્યું, 'સર, આ જગ્યા એન્જિનિયરિંગ કૉલેજ માટે ઉત્તમ છે. પંદર એકર બહુ થઈ ગઈ.'

'પંદર શું કામ? જમીન આપણી છે. પૂરી ત્રીસ એકર લઈશું.' શુક્લાજીના શબ્દો સાંભળીને હું ભાવાવેશમાં આવી ગયો. જિંદગીમાં પહેલી વાર આવા કોઈ શક્તિશાળી માણસે મને ટેકો આપ્યો હતો. એ વખતે શુક્લાજીએ જમીન માટે 'આપણી' શબ્દ વાપર્યો એ મારા

ધ્યાનબહાર ગયું.

સુનીલે મને આછું સ્મિત આપ્યું. જાણે કહેતો હોય કે, 'જો, તને કામની જગ્યાએ લઈ આવ્યો કે નહીં?'

'સર, પંદર એકર બસ છે.' મેં ડરતાં ડરતાં કહ્યું. એટલું મળે તોય બસ હતું.

'મેં કહ્યુંને, ત્રીસ! બાકીની જમીનનો ઉપયોગ પછી કરશું. એક વાર કૉલેજ ખૂલી જાય, બાજુમાં ઍરપૉર્ટ ઊભું થઈ જાય પછી કદાચ આપણને રેસિડેન્શિયલ કે કમર્શિયલ ઝોનિંગ મળી જશે.' વિધાનસભ્યએ ભાવિ ભાખ્યું.

વાત મને સમજાઈ નહીં, પણ વિચાર્યું કે શુક્લાજી કહે છે તો બરાબર જ હશે. તોયે પુછાઈ ગયું, 'પણ જમીન મળશે કઈ રીતે?'

'એ અમારા પર છોડી દે. પહેલાં તો કહે કે તું કૉલેજ ચલાવી શકીશ?' શુક્લાજીએ પૂછ્યું.

'હું?'

'હા, લોકો કૉલેજને તારા નામ અને ચહેરાથી ઓળખશે. હું તો સાઈલન્ટ પાર્ટનર રહીશ.'

'પણ મને કંઈ અનુભવ નથી અને કૉલેજ બનાવવાના પૈસા પણ મારી પાસે નથી.'

'અનુભવ આ બેદીસાહેબ દેશે અને કન્સ્ટ્રક્શન સહિતનો બીજો ખર્ચ હું કરીશ.'

શુક્લાજીની વાત સાંભળીને હું ગૂંચવાઈ ગયો. અચાનક આ બધા શું કામ મારી મદદ કરવા તૈયાર થઈ ગયેલા?

મારી અવઢવ કળી ગયેલો સુનીલ નમ્રભાવે બોલ્યો, 'શુક્લાજી, આ ગોપાલને તમારી શરતો સમજાવી દો અને હા, મારો પણ ખ્યાલ રાખજો.'

'મારે કંઈ નથી જોઈતું. બસ, આ શહેરને એક સારી કૉલેજ મળે એ જ બસ છે.' શુક્લાજીએ ભલે કહ્યું, પણ અંદરખાને સહુ જાણતા હતા કે આ દંભ હતો. તોયે થોડું નાટક કરવું જરૂરી હતું, 'ના સર, એવું તો ન ચાલે!' સુનીલ બોલ્યો.

શુક્લાજીએ વિચારવાનો દેખાવ કરીને કહ્યું, 'જોઈએ, પછી વિચારીને કહીશ, પણ છોકરા, તું તૈયાર છેને!' એમણે મારી સામે જોઈને પૂછ્યું.

એમની એક નજરમાં મને મારી ઉંમર દસ વર્ષ વધી ગયાની લાગણી થઈ. સહેજ ખચકાટ સાથે મેં પૂછ્યું, 'આપણે કેસ કઈ રીતે ફિક્સ કરશું?'

શુક્લાજી હસી પડયા, 'આપણે કેસ ફિક્સ નથી કરતા. કેસની અંદર માણસોને ફિક્સ કરી દઈએ છીએ.'

અમને બરબાદ કરી નાખનારા લોકોને પાઠ ભણાવવાની તક મળી હતી. મેં કહ્યું, 'તમે એમને ફિક્સ કરી દો. તો પછી હું તમને જોઈએ એટલો હિસ્સો આપવા તૈયાર છું.'

'પંદર એકર.' શુક્લાજીએ તરત જવાબ આપીને ઉમેર્યું, 'એ જમીનનું રેસિડેન્શિયલ કે કમર્શિયલ જગ્યા તરીકે રી-ઝોનિંગ થાય ત્યાં સુધી એમ ને એમ રહેવા દે. અત્યારે બાકીના પંદર એકરમાં કૉલેજ બનાવવાની તૈયારી શરૂ કરી દો.'

'કૉલેજમાં તમારી કેટલા ટકા માલિકી રહેશે?' મેં પૂછ્યું.

'એ તારા પર છોડું છું. કૉલેજ ટ્રસ્ટ છે. ત્યાંથી કંઈ નફો નથી રળવાનો.'

'નફો ન મળે તો કોઈ માણસ કૉલેજ શું કામ ખોલે?' મારાથી પૂછાઈ ગયું.

બેદીએ ઊંડો શ્વાસ લઈને ધીરજપૂર્વક વાત સમજાવી, 'ટ્રસ્ટીઓ એમના ખર્ચ પેટે ટ્રસ્ટમાંથી અમુક રકમ લઈ શકે. ક્યારેક સ્ટુડન્ટ પાસેથી રોકડ રકમમાં ફી લઈ શકાય. રોકડાનો હિસાબ કોઈ બહારનાને આપવાની જરૂર નથી હોતી. કૉલેજ બનાવનારા કૉન્ટ્રેક્ટર પાસેથી પણ કીકબેક તરીકે થોડી રકમ પાછી માગી લેવાની. આ બધો નફો જ કહેવાય.'

બેદીને આગળ બોલતાં અટકાવીને મેં પૂછ્યું, 'પણ આ બધું તો ગેરકાનૂની ગણાય.'

થોડી વાર માટે તો રૂમમાં સન્નાટો થઈ ગયો. પછી ધીમે રહીને શુક્લાજીએ મૌન તોડયું, 'મને લાગે છે કે આ છોકરો કંઈ કરી નહીં શકે. તમે લોકોએ અમસ્તો મારો આટલો સમય બગાડયો.'

બેદી અને સુનીલે માથું ઝુકાવી દીધું. મને મારી ભૂલનો અહેસાસ થયો અને જલદીથી બગડેલી બાજીને સુધારવાની કોશિશ કરતાં કહ્યું, 'માફ કરજો. હું તો માત્ર સમજવાનો પ્રયાસ કરું છું.'

'શું?' બેદીએ ચિઢાઈને પૂછ્યું.

'તમારા કહેવાનો મતલબ એ કે કૉલેજમાંથી કાયદેસર કમાણી કરવાનું શક્ય જ નથી?' મેં પૂછ્યું.

બેદીએ માથું હલાવ્યું, 'જો ભાઈ, કાયદો અને નૈતિકતાના નિયમો પણ કહે છે કે, કૉલેજ કમાણી માટે નથી ઊભી થતી.'

'તો કોઈ શું કામ મહેનત કરે?'

'શું થાય, સમાજના કલ્યાણ માટે અમારે રાજકારણીઓએ શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવી પડે છે.' શુક્લાજી બોલ્યા અને સહુ મોટે સાદે હસી પડયા. મને લાગ્યું કે એ બધા મારા અજ્ઞાન પર હસતા હતા.

'જો ગોપાલ, વિચિત્ર અને નકામા લાગે તોયે આ નિયમો છે અને આપણે એમાંથી રસ્તો કાઢવાનો છે. ટ્રસ્ટ બનાવવું પડશે. તું અને શુક્લાજી એમાં ટ્રસ્ટી રહેશો. આ બેદી તને બધું સમજાવી દેશે.' સુનીલ બોલ્યો.

'અને બેદી, છોકરાને એ પણ સમજાવી દેજો કે કાયદાકાનૂનની પંચાતમાં ન પડે. વેદિયાવેડા કરવા હોય એણે શિક્ષણના ક્ષેત્રમાં આવવું જ નહીં.' શુક્લાજી બોલ્યા.

બેદીએ મારા તરફ જોયું, 'બિલ્ડિંગ પ્લાન માટે વારાણસી નગર નિગમની મંજૂરી લેવી પડશે. કૉલેજ માટે AICTE પાસે માન્યતા લેવી જરૂરી છે. જુદા જુદા વિભાગ તરફથી ઈન્સ્પેક્શન થશે. બધાનું ધ્યાન રાખવું પડશે.'

'મતલબ લાંચ આપવી પડશે.' મારાથી બોલાઈ ગયું.

'શશશ...' શુક્લાજીએ ઠપકાભરી નજર નાખતાં કહ્યું, 'આ બધી વાતો અહીં નથી કરવાની. જાવ, હવે બહાર જઈને ચર્ચા કરજો.'

અમે ઊભા થયા, પણ શુક્લાજીએ કહ્યું, 'ગોપાલ, તું એક મિનિટ બેસ.' બેદી અને સુનીલ બહાર નીકળી ગયા.

'તારાથી આ બધું થશે? નીકળી જવું હોય તો હજીય સમય છે.' શુક્લાજી બોલ્યા.

'થોડું અઘરું તો છે.' મેં કબૂલ કર્યું.

'મોટા માણસ બનવાનું સહેલું નથી.'

હું નીચી નજરે જમીન સામે તાકી રહ્યો.

'ગોપાલ, તારા મિત્રો આગળ નીકળી જશે અને તારે પાછળ પડયા રહેવું છે?'

મેં માંડ માંડ ઊંચું જોયું.

'ગોપાલ, તારી કોઈ ગર્લફ્રેન્ડ છે?'

મેં નકારમાં માથું ધુણાવ્યું.

'કારણ જાણે છે? અત્યારે તારી કોઈ હેસિયત જ નથી.'

બનારસ હિન્દુ યુનિવર્સિટીના કૅમ્પસમાં એક ઝાડની પાછળ એકમેકમાં લપેટાઈને ઊભેલા આરતી અને રાઘવ મને યાદ આવી ગયાં. રાઘવ કોટા ગયો હોત અને એની જગ્યાએ હું BHUમાં હોત તો આરતી શું કરત? મેં શુક્લાજી સામે જોયું. એ માણસ મને રગેરગે ખોટો, ભ્રષ્ટાચારી લાગતો હતો, પણ એ મને એક તક આપી રહ્યો હતો. જિંદગીમાં ક્યારેક આવી એક તકની જ જરૂર હોય છે. પછી એ કૉલેજનું ઍડમિશન હોય કે નોકરીનો ઈન્ટરવ્યૂ!

મેં નિર્ણય લઈ લીધો. ગળું ખંખારીને કહી દીધું, 'હું બધું કરીશ. દેશમાં લાંચ આપનારો હું એકલો માણસ નથી. બધાં કરે છે, પણ મારે મોટા માણસ બનવું છે.'

શુક્લાજી એમની જગ્યાએથી ઊભા થઈને મારી પાસે આવ્યા. હળવેથી મારી પીઠ થાબડતાં એ બોલ્યા, 'સમજી લે કે તું મોટો માણસ થઈ ગયો, કારણ કે હું તારી પડખે છું. હવે જા અને તારા પેલા હરામી કાકા વિશેની બધી માહિતી મારા સેક્રેટરીને આપતો જજે.'

'તમારા માણસોને આપવાના પૈસાનું શું?' મેં પૂછ્યું.

'બે લાખ? એની મારે મન કોઈ વિસાત નથી.' શુક્લાજીએ ટેબલ પાસે પાછા ફરીને ડ્રોઅર ખોલ્યું. એમાંથી ચલણી નોટોના બે બંડલ કાઢીને મારી તરફ ફેંકતાં કહ્યું, 'એક સુનીલ માટે અને બીજું તારા માટે!'

'મારા માટે કેમ?'

શુક્લાજીએ મસમોટું સ્મિત આપતાં કહ્યું, 'મારી કૉલેજ ચલાવવા માટે, ડિરેક્ટર સર!'

૧૬

શુક્લાજીએ મને આપેલા નોટોના બે બંડલમાં દસ દસ હજાર રૂપિયા હતા. એમાં એક મેં લીધું. મોજશોખનો સવાલ નહોતો. મોટા ભાગના રૂપિયા જીવનજરૂરિયાતની ચીજો ખરીદવામાં, બિલો ભરવામાં વપરાઈ ગયા. હા, વર્ષોથી મનમાં ધરબી રાખેલી એવી એક ઈચ્છા, મેં આ પૈસામાંથી પૂરી કરી લીધી. આરતીને હું શહેરની સહુથી મોંઘી હોટલ, તાજગંગામાં ડિનર માટે લઈ ગયો.

આરતીએ એની કોઈ આન્ટીએ યુ.એસ.થી મોકલેલો લાંબો બ્લ્યુ ડ્રેસ પહેર્યો હતો. એના પર વિશ્વનાથ ગલીમાં ખરીદેલી ઈમિટેશન જ્વેલરી શોભતી હતી, ‘આને બદલે આપણે ઘાટ પર ભેળપુરી ખાવા ગયા હોત તો?’ આરતીએ તાજની કૉફીશૉપમાં પ્રવેશતાં કહ્યું. એને કદાચ મારી આર્થિક પરિસ્થિતિની ચિંતા હતી.

‘ના, નવો બિઝનેસ શરૂ કરવા જઈ રહ્યો છું. એની આ પાર્ટી છે.’ બેઠા બાદ મેં આરતીને સમાચાર આપ્યા.

‘સ્મગલિંગ?’ આરતીને લાગ્યું કે હું મજાક કરતો હતો.

‘શટઅપ. હું નવી કૉલેજ શરૂ કરવાનો છું.’

‘શું?’ આરતીએ એટલા જોરથી કહ્યું કે આસપાસ બેઠેલાં સહુનું ધ્યાન અમારા ભણી ખેંચાયું.

‘હા, મને સારા પાર્ટનર મળી ગયા છે. બહુ જલદી જમીનનો કેસ પતી જશે અને ત્યાં રિ-ઝોનિંગ કરાવીને અમે કૉલેજ બનાવીશું.’

‘ઓહો, તું તો મોટો માણસ થઈ જવાનોને!’ આરતીએ હળવા સૂરે કહ્યું, પણ મને ઠેસ લાગી, ‘કેમ, તેં માની લીધેલું કે હું જિંદગીમાં કંઈ કરી નહીં શકું?’

‘ના, ના... આ તો અચાનક સાંભળીને મને નવાઈ લાગી.’ આરતીએ ઝટ દઈને કહ્યું અને પછી સ્વાભાવિક ગણાય એવો સવાલ પૂછ્યો, ‘જમીન માટે તો કાકા સાથે ઝઘડો ચાલે છે ને?’

‘હા, પણ આપસમાં સમજૂતીથી મામલો પતી જાય એવો પ્રયાસ

ચાલુ છે.' મેં જોકે ફોડ પાડયો નહીં કે શુક્લાજીના માણસો સમજૂતી કરાવવા માટે કયા પ્રકારના પ્રયાસ કરી રહ્યા છે.

એ લોકોએ ત્રણ વાર ઘનશ્યામ તાયાજીના ઘરની મુલાકાત લીધેલી. પહેલી વાર વરંડામાં બકરાનું લોહી છાંટી આવ્યા. બીજી વાર ઘરનાં બધાં સોફા, ખુરશી અને ગાદીઓને છરીથી ચીરીને લીરેલીરા ઉડાવી દીધા. આ બધું કરતી વખતે એમણે મોઢું બંધ રાખેલું. ત્રીજી વાર એમણે ટેબલ પર પિસ્તોલ મૂકીને વાત માંડી. તાયાજીની જમીનનો હિસ્સો આઠ લાખ રૂપિયામાં ખરીદી લેવાની પ્રપોઝલ મૂકીને કહ્યું, 'જલદી વિચારી લેજો.'

આ બધું આરતીને કહેવાનો અર્થ નહોતો.

'કેવી કૉલેજ શરૂ કરીશ?' આરતીએ પૂછ્યું.

'એન્જિનિયરિંગ કૉલેજ! મારે મોટા માણસ બનવું હોય તો કામ પણ મોટા કરવા પડશે.'

'ગોપાલ, મારી નજરમાં તો તું પહેલેથી મોટો માણસ છે. જાણે છે, શું કામ?'

'શું કામ?'

'કારણ કે તારું દિલ બહુ મોટું છે.' આરતીએ ટેબલ પર પડેલા મારા હાથને સ્પર્શતાં કહ્યું.

મારું દિલ મોટું હોય કે નાનું, પણ આરતીનો સ્પર્શ થતાંની સાથે એકાદ- બે ધબકારા ચૂકી ગયું. મેં જલદીથી વાત બદલી નાખી.

'તારી કૉલેજમાં શું ચાલે છે?'

'કૉલેજ સાવ બોરિંગ છે, પણ મેં ઍવિયેશન એકેડેમીમાં જોડાવાનું નક્કી કરી નાખ્યું છે. ત્યાં ક્લાસરૂમનો દેખાવ ઍરોપ્લેનના ઈન્ટિરિયર જેવો છે.'

'ઍજ્યુકેશનના ફિલ્ડમાં કેટલું નવું નવું બની રહ્યું છે!' મેં વિચાર કરતાં કહ્યું.

'હા, પણ અમારા જેવા લોકોને માત્ર સ્ટુડન્ટ બનવાનો મોકો મળે છે. લાખોમાં એક, તારા જેવા આખેઆખી કૉલેજ ખોલવાની હિંમત કરે છે.'

'દિલ્હી બહુ દૂર છે અને રસ્તો કઠિન છે.'

'હશે, પણ જીવનમાં તું આનાથીયે મોટી ઘણી કઠિનાઈઓ પાર કરી ગયો છે. તેં હવે જે કામ હાથમાં લીધું છે એ પણ પૂરું થશે જ.'

'સાચે તને એવું લાગે છે?'

આરતીએ હકારમાં માથું હલાવ્યું અને મારા માટે તો આનાથી મોટું પ્રોત્સાહન બીજું કોઈ હોઈ જ ન શકે. ઘડીભરમાં પાગલ દિલે અનેક સપનાં ગૂંથી નાખ્યા. કૉલેજના પ્લાન સાંભળ્યા બાદ આરતી હવે પાછી મને મળવા તૈયાર થઈ જશે. પછી...

મેં મારા વિચારો પર બ્રેક મારતાં પૂછ્યું, 'રાઘવ કેમ છે?'

'હમણાં થોડો ઉદાસ રહે છે.'

સાંભળીને મારા બત્રીસે કોઠે દીવા પ્રગટયા, પણ પરાણે મોઢું ગંભીર રાખીને મેં પૂછ્યું, 'કેમ?'

'યુનિવર્સિટીમાં એ જનરલ સેક્રેટરીની ચૂંટણી હારી ગયો. બીજી હૉસ્ટેલો સાથે એ ગંદી તડજોડ કરવા તૈયાર નહોતો. એનું પરિણામ ભોગવવું પડયું.' આરતી બોલી.

'હં.'

'રાઘવ કહે છે કે લડાઈને જીતવા માટે સિદ્ધાંતો નેવે ન મુકાય. ખોટા રસ્તે જીત મળે તોયે એ શું કામની?'

'પણ હંમેશાં વાસ્તવિકતામાં આવા સિદ્ધાંતોથી કામ નથી થતાં.' મેં કહ્યું.

'ખબર નહીં, પણ થવા જોઈએ.' આરતીએ માથું હલાવ્યું, 'આવતા વર્ષે એ પાછો લડવાનો છે.'

'B.Tech કોર્સ, મૅગેઝિન, ઈલેક્શન... આ બધું કરવામાં એને તારા માટે ટાઈમ મળે છે ખરો?'

'બહુ ઓછો, પણ શું કરું? એને આ બધું કરવામાં મજા આવતી હોય તો હું નહીં રોકું.'

ટેબલ પર ડિનરના અંતમાં આવેલી ચૉકલેટ કેક આરતીએ પોતાના તરફ ખેંચી લીધી, 'ખબરદાર, પાછી ચોરીની કોશિશ કરી છે તો!'

'આરતી, રાઘવ ખરેખર નસીબદાર છે કે તું એને મળી!' મારાથી બોલાઈ ગયું, પણ પછી વધુ કંઈ કહેવા ઉપડેલી જીભને મેં રોકી દીધી.



અડધી રાતે ઘરની ડોરબેલ રણકી. આંખો ચોળતા મેં દરવાજો ખોલ્યો. તો સામે ઘનશ્યામ તાયાજી ઊભેલા દેખાયા. સાથે નીતા તાઈજી અને એમનો ત્રીસ વર્ષનો દીકરો અજય પણ હતાં.

ઘરમાં આવીને બેઠાં બાદ પાંચેક મિનિટ તો કોઈ કંઈ બોલ્યું નહીં,

પણ પછી અચાનક અજય ઊકળી પડયો, 'શું કામ અમને સતાવે છે?'

'હેં?' મેં આંખો પટપટાવી.

'ગોપાલ, ઉપર બેઠેલો ભગવાન બધું જુએ છે. તારાં કર્યાં તારે એક દિવસ ભોગવવાં પડશે.' તાયાજી બોલ્યા.

'પણ મેં શું કર્યું?'

'બીટ્ટુ આજે બાળમંદિરથી પાછો ઘેર નથી આવ્યો.' તાઈજી બોલતાં બોલતાં રડી પડયાં.

અજયના ચાર વર્ષના પુત્ર બીટ્ટુને મેં માત્ર એક વાર જોયેલો. પપ્પાની અંતિમ વિધિ વખતે એ એની માના ખોળામાં બેઠો હતો અને આજે એ બાળમંદિરમાંથી ગુમ થઈ ગયેલો. 'પણ એમાં હું શું કરું?' મેં પૂછ્યું.

'મને ખબર છે આ તારા માણસોએ કર્યું છે. એમને મારી જમીન જોઈએ છે.' તાયાજી બોલ્યા.

'સાચું કહું છું, હું કંઈ નથી જાણતો. થોડા માણસો મારી પાસે પણ જમીન ખરીદવા આવેલા, પણ મેં કહી દીધું કે એનો કેસ તો અદાલતમાં ચાલે છે.' મેં બચાવ કર્યો.

'પણ મારી પાસે જે લોકો આવ્યા, એમને જમીન ખરીદવી નથી. એમણે તો કહ્યું કે જલદીથી બધા કેસ સેટલ કરીને આખી જમીન ગોપાલને સોંપી દો.'

'કમાલ કહેવાય, પણ તો હવે સવાલ એ છે કે તમને શું વધુ પ્યારું છે, જમીન કે બીટ્ટુ?'

'શટઅપ, આ બધા તારા કારસ્તાન છે.'

'મારા કહ્યા પર ભરોસો ન બેસતો હોય તો પોલીસમાં જાવ.' મેં શાંતભાવે સૂચવ્યું.

'ના, ના, પોલીસને વચમાં નથી નાખવી.' તાઈજી ગભરાઈ ગયાં.

'તો પછી તમે જાણો. મને તો આ લોકો બહુ ખતરનાક લાગે છે. બીટ્ટુ સાવ નાનો છે. એને મારીને ક્યાંક નાખી દેશે તો ખબરેય નહીં પડે.'

અજયે મારો કૉલર પકડી લીધો, 'તેં જ આ બધું કરાવ્યું છે. તારો બાપ કેટલો ભલો માણસ હતો અને તું...'

'ભાઈ, મારો કૉલર છોડી દો.' મેં શાંત પણ કડક અવાજે કહ્યું. તાઈજીએ અજયના હાથ મારા શર્ટ પરથી હટાવ્યા.

'એ લોકો જમીન માટે કેટલા પૈસા આપવા તૈયાર છે?' મેં

તાયાજીને પૂછ્યું.

'આઠ લાખ.'

'કંઈ ખોટા નથી.'

'બજારમાં એની ચારગણી કિંમત છે.'

'પણ મને તો તમે આ જ જમીન માટે ત્રણ લાખ ઑફર કરેલા.'

'કહ્યુંને, તેં જ આ બધું કરાવ્યું છે.' અજય પાછો ભડક્યો.

'તાયાજી, આને શાંત પાડીને ઘરે લઈ જાવ. આપણને સહુને જમીન કરતાં બીટ્ટુ વધુ વહાલો છે.' મેં કહ્યું.

'આ શું થવા બેઠું છે?' તાઈજીએ બહાર નીકળતાં કકળાટ કર્યો.

'કર્મના ફળ સહુએ ભોગવવાં પડે. તાઈજી, પણ આ વાત તાયાજી તમને વધુ સારી રીતે સમજાવશે.' મેં હસીને દરવાજો બંધ કર્યો.



બીટ્ટુ ત્રણ રાત સુધી ઘેર ન આવ્યો ત્યારે તાયાજી અને અજયને અક્કલ આવી. વિધાનસભ્ય શુક્લાજીની ઑફિસમાંથી ચોથે દિવસે સવારે મને ફોન આવ્યો, 'હું શુક્લાજીનો પીએ શર્મા બોલું છું. સાહેબે આજે રાતે તમને જમવા બોલાવ્યા છે. અને હા, મિસ્ટર ઘનશ્યામ મિશ્રા અને મિસ્ટર અજય મિશ્રાએ ડૉક્યુમેન્ટ્સ પર સહી કરી દીધી છે.'



'ચિયર્સ.' શુક્લાજીએ મારી સાથે વ્હીસ્કી ભરેલો ગ્લાસ ટકરાવ્યો. એમના વૈભવી બંગલાના લિવિંગ રૂમમાં અમે બેઠા હતા. સુનીલ અને બેદી પણ ત્યાં હાજર હતા. હળવા પગલે ફરી રહેલા ત્રણ વેઈટર્સ, અમને કબાબ, નટ્સ અને મીની સમોસા પીરસી રહ્યા હતા. રૂમની દીવાલ પર લટકી રહેલી શુક્લા પરિવારની તસવીર પર મારું ધ્યાન ગયું.

'મારા બે દીકરા નિખિલ અને અખિલ. યુ.એસ.માં ભણે છે. હજી થોડા વર્ષ એમને ત્યાં જ રાખવા છે.' શુક્લાજી બોલ્યા.

કોઈ કહેતું હતું કે શુક્લાજીના છૂટાછેડા થઈ ગયેલા. કોઈ કહેતું હતું કે લખનઉમાં એમનો બીજો પરિવાર વસે છે. મને જોકે શુક્લાજીના અંગત જીવન વિશે જાણવામાં ઝાઝો રસ નહોતો. હું અહીં કૉલેજ વિશે વાત કરવા આવેલો.

બેદીએ લંબાણપૂર્વક સમજાવ્યું કે વારાણસી નગર નિગમ, અમારી

જમીનને એગ્રિકલ્ચરલમાંથી ઍજ્યુકેશનલ બનાવવા માટે રિ-ઝોનિંગની પરમિટ આપશે અને પ્લાન મંજૂર થતાંની સાથે મકાનનું બાંધકામ શરૂ થઈ જશે.

'રિ-ઝોનિંગ જલદી કરાવો. આઠ લાખ રૂપિયા મેં અહીં ડાંગર ઉગાડવા માટે નથી આપ્યા.' શુક્લાજી બોલ્યા અને પછી એમને જાણે યાદ આવ્યું, 'એ લોકોને પણ કોઈ પ્રસાદી ધરવી પડશેને!'

'હા સાહેબ, રિ-ઝોનિંગ થાય એટલે જમીનની કિંમત પાંચગણી વધી જાય. વીએનએનવાળા દસ લાખ માગે છે.'

'દસ લાખ?'

'આ તો તમારા માટે સ્પેશિયલ રેટ છે. બાકી સામાન્ય માણસે તો ત્રીસ એકરના રિ-ઝોનિંગ માટે ઓછામાં ઓછા ચાલીસ લાખ આપવા પડશે.'

'હે ભગવાન, એટલા માટે તો અમારા જેવા લોકોએ ઍજ્યુકેશનના ફિલ્ડમાં ઝંપલાવવું પડે છે. શું થશે આ દેશનું?' શુક્લાજીએ રાષ્ટ્રના ભાવિની ચિંતા દાખવી.

ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટ પ્રધાન પાસેથી પણ મંજૂરી લેવી પડશે. જોકે કૉલેજનું કામ છે અને વીએનએન તરફથી લીલી ઝંડી મળી ગઈ તો એ પ્લાન પાસ કરી દેશે. પણ પ્રધાન પ્રામાણિક અધિકારી છે. બેદીએ કહ્યું.

'કેટલો પ્રામાણિક?' શુક્લાજીનાં ભવાં સંકોચાયાં.

'એ પોતે પૈસા નથી ખાતો, પણ ખાતા હોય એમને રોકતો નથી.'

'બહુ સરસ. માણસની પ્રામાણિકતા બીજાને ન નડવી જોઈએ.' સુનીલે અભિપ્રાય આપ્યો.

'સુનીલ, તારું કામ હવે પતી ગયું. આગળનો પ્રોજેક્ટ અમે સંભાળી લઈશું. તારી ફી તારે ઘેર પહોંચી જશે. થૅંક્યુ!' શુક્લાજીએ સુનીલના હાથમાં જૉની વૉકર બ્લેક લેબલની બૉટલ પકડાવતાં કહ્યું.

સુનીલ સમજીને ઊભો થઈ ગયો. કમર જેટલી વાળી શકાય એટલી વાળીને એણે શુક્લાજીનો આભાર માન્યો અને વિદાય થયો.

'પ્રધાનની દીકરી મારી મિત્ર છે.' મેં કહ્યું.

'સારું, પણ ત્યાં ખાસ વાંધો નહીં આવે.' કહીને શુક્લાજી એમના બેડરૂમમાં ગયા અને થોડી વારે પ્લાસ્ટિકની વજનદાર થેલી લઈને બહાર આવ્યા, 'આમાં દસ લાખ છે. વીએનએન માટે.' એમણે મારા હાથમાં બૅગ પકડાવતાં કહ્યું.

'દસ લાખ!' હું ધ્રૂજી ગયો. જિંદગીમાં મેં ક્યારેય આટલા પૈસા એકસાથે જોયા નહોતા.

'બેદીજી, છોકરાને મદદ કરજો અને હા, ઍજ્યુકેશનમાં પડેલા આ બધા લોકોને માત્ર પૈસા જોઈએ છે કે બીજુંયે કંઈ?' શુક્લાજીએ પૂછ્યું.

'એટલે?' બેદીએ સામે પૂછ્યું.

'છોકરી, બોકરી એવું કંઈ! જરૂર પડે તો કહેજો. આપણો માણસ વિનોદ બધી વ્યવસ્થા કરી દેશે.'

'જરૂર કહીશ, પણ સામાન્ય સંજોગોમાં પૈસાથી પતી જાય છે.' બેદીએ સ્વાનુભાવે કહ્યું.

'અચ્છા બેદીજી, આ ગોપાલની પોતાની ઑફિસ તૈયાર થઈ જાય, ત્યાં સુધી તમારે ત્યાં બેસે તો કોઈ વાંધો છે?'

'ના રે. શું વાંધો હોય?'

અડધા ખાલી થયેલા અમારા ગ્લાસને વેઈટર ભરી ગયો. બેદીએ ઘૂંટ ભરી કહ્યું, 'ટ્રસ્ટનાં પેપર તૈયાર છે. આ અઠવાડિયે એના પર સહી થઈ જશે, પણ ગોપાલ, કૉલેજનું નામ શું રાખશું, એ વિચાર્યું છે?'

મેં ખરેખર એ ઘડી સુધી નહોતું વિચાર્યું, 'ટૅક્નૉલૉજીને લગતું કંઈ રાખીએ?' મેં કહ્યું.

'અને શહેરને લગતું! કાલે ઊઠીને હું લોકોને કહી શકું કે મેં એમના માટે આ કર્યું.' શુક્લાજીએ પોતાનો વિચાર રજૂ કર્યો.

'ગંગાટૅક?' મને તત્કાળ સૂઝી આવ્યું,

શુક્લાજીએ મારો ખભો થાબડયો, 'વેલડન, ગોપાલ. તારું ભાવિ બહુ ઊજળું છે.' આ વખતે એમણે પોતાને હાથે મારો ગ્લાસ ભર્યો.

૧૭

બેદીએ મારા ટેબલ પર ખડકી દીધેલા ડૉક્યુમૅન્ટ્સ પર મેં નજર નાખી, 'ટ્રસ્ટની નોંધણી કરાવવા માટે લાંચ આપવી પડશે?'

'હા. રજિસ્ટ્રાર ઑફ કંપનીઝને! દરેક ટ્રસ્ટ ત્યાં રજિસ્ટર કરાવવું પડે છે.'

'પણ નો પ્રોફિટ ટ્રસ્ટને રજિસ્ટર કરાવવા માટે શું કામ લાંચ આપવી જોઈએ?'

'કારણ કે નહીં આપીએ તો રજિસ્ટ્રાર આપણા ટ્રસ્ટને માન્યતા આપવામાં ગલ્લાંતલ્લાં કરશે. અને ઠીક છે ચાલીસ હજારથી વધુ ખર્ચ નહીં થાય. તું હવે જલદી સહી કરી આપ.' બેદીએ થોડા અકળાઈને કહ્યું.

એ કામ પત્યા પછી બેદીએ મારા હાથમાં લેટર્સની બીજી થપ્પી પકડાવી. દરેક લેટરની સાથે ત્રણ-ચાર ફાઈલ્સનો સૅટ જોડેલો હતો.

'હવે આ શું છે?'

'UGC એટલે કે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનને આપવાની ઍપ્લિકેશન!'

ઍપ્લિકેશન ફાઈલ પર મેં નજર ફેરવી. એમાં કૉલેજમાં કયા પ્રકારના કોર્સ અને સુવિધાઓ હશે. પ્રોફેસરને કઈ રીતે સ્ટાફ પર લાવશે. આ બધી માહિતી હતી. બેદીએ બીજી જૂની ઍપ્લિકેશન્સ પરથી આ બધી ઈન્ફર્મેશનનો બેઠો ઉતારો કર્યો હતો. મેં દરેક લેટર પર સહી કરીને પૂછ્યું, 'હવે?'

'હવે એ લોકો સાઈટ ઈન્સ્પેક્શન માટે તારીખ આપશે. એ પછી બાંધકામ શરૂ કરવા માટે સૈદ્ધાંતિક માન્યતા મળશે.'

'અને, એના માટે આપણે પૈસા ખવડાવવા પડશે. બરાબર?' મેં પૂછ્યું.

બેદી હસી પડયો, 'વાહ, તું તો બહુ જલદી વેપારની આંટીઘૂંટી સમજી ગયો. યેસ, પૈસા ખવડાવવા પડશે. સાઈટ પર આવનારા દરેક ઈન્સ્પેક્ટરને રૂપિયા ભરેલું કવર આપવું પડશે. જોકે અત્યારે તો

ઈન્સ્પેક્શનની તારીખ મેળવવા પૂરતા જ પૈસા આપવાના છે.'

'તારીખ મેળવવા માટે પૈસા... તમે મજાક કરો છો!' મેં કહ્યું.

'ના. સરકારમાં, ખાસ કરીને શિક્ષણના ક્ષેત્રમાં કોઈ પણ કામ કરાવવા માટે પૈસા આપવા પડશે એવું માનીને જ ચાલવાનું.' આટલું કહીને બેદીએ મને નામોનું એક લિસ્ટ સંભળાવ્યું. આપણા દેશમાં બાળકોને ભણાવવા માટે સ્કૂલ કે કૉલેજ ખોલવી હોય તો પહેલાં કેટલાં જણના ખિસ્સાં ભરવાં પડે, એ મેં ત્યારે જાણ્યું.

UGC ઉપરાંત અમારે AICTE, એટલે કે ઑલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેક્નિકલ ઍજ્યુકેશનને પણ કાગળ લખવાનો હતો. દેશમાં ક્યાંય પણ એન્જિનિયરિંગ કૉલેજ શરૂ કરવાની પરવાનગી AICTE આપે છે. વળી દરેક પ્રાઈવેટ કૉલેજ, સરકારી યુનિવર્સિટી સાથે ઍફિલિયેશન રાખવું ફરજિયાત છે. એ માટે સ્ટેટ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પાસેથી મંજૂરી મેળવવાની હતી. જોકે શુક્લાજીની પહોંચ ઉપર સુધી હતી અને એમાં પૈસાનું વજન ઉમેરાય એટલે ક્યાંય વિઘ્ન નડવાની સંભાવના નહોતી.

'UGC અને AICTE તરફથી ઈન્સ્પેક્શન માટે કોણ આવશે?' મેં પૂછ્યું.

'સરકારી કૉલેજના માન્યતાપ્રાપ્ત પ્રોફેસરોને ઈન્સ્પેક્ટર તરીકે નિમાય છે. આ કામમાં જોકે પુષ્કળ પૈસા કમાવાની તક મળે છે. એટલે આ પોસ્ટ માટે પ્રોફેસરો પણ લાંચ આપે છે.'

'કોને?'

'UGCમાં બેઠેલા ઉચ્ચાધિકારીઓને કે પછી સરકારના શિક્ષણખાતામાં કોઈને! એ લોકો ધંધો લઈને બેઠા છે અને ભાઈ, હવે આપણે આપણા ધંધામાં ધ્યાન આપીએ. શુક્લાજીને કહો કે વધુ પૈસાની જરૂર છે.' બેદીએ જ્ઞાનસત્ર સમાપ્ત કરતાં કહ્યું.



'શુક્લાજી મારા મોટાભાઈ જેવા છે, એમનું કામ તો મારે કરવું જ પડે.' શહીદ ઉદ્યાનની સામે આવેલી વારાણસી નગર નિગમની ઑફિસમાં અમે બેઠા હતા.

સાંજના છ વાગે મોટા ભાગનો સ્ટાફ ઘરે જવા રવાના થઈ ગયેલો, પણ લાંચિયા અધિકારીઓ ઉત્સાહભેર ઓવરટાઈમ કરતા હતા. આવો

જ એક લાંચિયો ડેપ્યુટી કૉર્પોરેટર મિસ્ટર સિંહા એના શુક્લાજી સાથેના સંબંધ વિશે અમને કહી રહ્યો હતો. જોકે સગા ભાઈનું કામ પણ એ પૈસા લીધા વિના નહોતો કરવાનો એ સ્પષ્ટ હતું.

'ડૉક્યુમૅન્ટ્સ અને બીજું બધું મારે ઘેર પહોંચાડી દેજો.' વાતચીતના અંતે 'બધું' શબ્દ પર ભાર મૂકતાં સિંહાએ સૂચના આપી. જોકે ઑફિસમાંથી નીકળતી વખતે એણે પૂછી લીધું, 'કેટલા?'

'દસ.' મેં જવાબ આપ્યો.

'રિ-ઝોનિંગ અને બિલ્ડિંગ પ્લાનનું કામ કરવાનું છે. ઓછામાં ઓછા પંદર થશે અને એ પણ શુક્લાજીનું કામ છે એટલે ઓછા કરું છું.'

'અગિયાર.' મેં કહ્યું.

'સાડાબાર! બસ, હવે વધુ કંઈ બોલીને મને નહીં શરમાવતો.' સિંહા બોલ્યો.

'તું તો ભાવતાલ કરવામાં પાવરધો થઈ ગયો.' બેદીએ મને શુક્લાજીની ઑફિસે ઉતારતાં કહ્યું.



'તારે હાથે વધેર.' શુક્લાજીએ મારા હાથમાં શ્રીફળ આપતાં કહ્યું. એમના ચમચાઓની જમાત કૉલેજસાઈટ પર હાજર હતી.

ભૂમિપૂજનનો દિવસ હતો. ત્રણ મહિનાની ભાગદોડના અંતે ક્રમસેક્રમ ભૂમિપૂજન કરાવવા માટે જરૂરી એવી બે ડઝન મંજૂરીઓ મળી ગયેલી. UGC અને AICTE તરફથી આખરે સૈદ્ધાંતિક માન્યતા આવી ગઈ હતી. અંતિમ ઈન્સ્પેક્શન, કૉલેજ ખૂલવાના દિવસે થવાનું હતું. હવે બસ, ભગવાનના આશીર્વાદની જરૂર હતી અને સદ્નસીબે, એના માટે તો નોટોના બંડલ નહોતા ફેંકવાના.

મેં આસપાસ નજર નાખી. આરતી હજી નહોતી આવી.

'ચાલ બેટા, જલદી કર!' શુક્લાજી ઉતાવળા થયા હતા.

હાથમાં રાઘવનું માથું છે, એવી કલ્પના કરીને મેં પૂરા જોશ સાથે પથ્થર પર નારિયેળ વધેર્યું. નાની કાચલી મારી આંગળીમાં પેસી ગઈ. લોકોએ તાળીઓ પાડી. મેં ઘવાયેલી આંગળી મોઢામાં મૂકી.

બે મજૂરે મળીને કાદવવાળી જમીન પર મોટું પાટિયું ઊભું કર્યું. એના પર લખ્યું હતું – ગંગાટૅક એન્જિનિયરિંગ કૉલેજ.

મહિનાઓથી આ દૃશ્ય જોવા માટે મારી આંખો તલસતી હતી,

પણ આજે આંખોની સામે આવ્યું તો હૃદયમાં લાગણીનો શૂન્યાવકાશ હતો. કદાચ આ તબક્કે પહોંચવા માટે લાંચરુશ્વતના જે કળણમાંથી પસાર થવું પડેલું, એની અંદર મારો બધો ઉત્સાહ શોષાઈ ગયેલો. છેલ્લે ઈલેક્ટ્રિસિટી કનેક્શન અને કન્સ્ટ્રક્શન સાઈટ લેબરની માન્યતા મેળવવા માટે પૈસા આપ્યા બાદ લાંચનો આંકડો થતો હતો – બોત્તેર લાખ, ત્રેવીસ હજાર ને ચારસો રૂપિયા.

શુક્લાજીએ આ પ્રસંગે પત્રકારો સહિત સોએક મહેમાનને નોતરેલા. કેટરિંગ સર્વિસ દ્વારા બધાને સફેદ બૉક્સમાં ગરમાગરમ સમોસા અને જલેબીનું વિતરણ થયેલું. એ ખાતાંખાતાં સહુએ શુક્લાજીનું પ્રવચન સાંભળ્યું.

‘ત્રણ વર્ષમાં આ સપનું સાકાર થઈને તમારી સામે ઊભું હશે. આ કૉલેજ વારાણસીને મારા તરફથી ભેટ આપું છું...’

જોકે અમુક પત્રકારોને આ ભાષણમાં ખાસ રસ નહોતો. એમણે કૉલેજની માલિકીથી માંડીને કૉલેજ બનાવવા માટે આવેલા રૂપિયા વિશે જાતજાતના સવાલો પૂછ્યા, પણ શુક્લાજી રીઢા રાજકારણી હતા. ‘અરે ભાઈ, વારાણસીને સારી એન્જિનિયરિંગ કૉલેજ મળે, એટલે ઘણાં દાતાઓએ દાન આપ્યું છે. કંઈ લીધું નથી. તમે પત્રકારો કેમ આટલા વહેમીલા થઈ ગયા છો?’

પત્રકારોએ પછી બીજી દિશામાં આક્રમણ કર્યું, ‘શુક્લાજી, ગંગા ઍક્શન પ્લાનમાં મોટો ભ્રષ્ટાચાર થયાનું બહાર આવ્યું છે. સ્કેમમાં તમારું નામ પણ છે.’

‘એ વાત જૂની થઈ ગઈ. કોઈ સ્કેમ-બેમ નથી. અમે ગંગાને સ્વચ્છ કરવા માટે પૈસા વાપરેલા. બસ, હવે મારે બીજું કંઈ નથી કહેવું. અહીં પધારવા બદલ તમારા સહુનો આભાર!’ સાઈટ પર ટેમ્પરરી ઊભા કરેલા મંચ પરથી શુક્લાજી ઊતરી ગયા. પત્રકારો એમની કાર તરફ દોડયા. હું મહેમાનોની ખાતરબરદાસ્તમાં રોકાઈ ગયો.

બાંધકામ માટે ઈંટ, લોખંડના સળિયા જેવો સામાન ભરીને એક ટ્રક આવી. એની પાછળ લાલબત્તીવાળી સફેદ ઍમ્બેસેડર કાર આવીને ઊભી રહી.

એમાંથી ઊતરીને આરતી મારા તરફ દોડી આવી, ‘સો સો સો સૉરી! પૂજા થઈ ગઈ?’

મારા ચહેરા પર સ્મિત આવી ગયું, ‘આરતી વિના પૂજા-પ્રાર્થના કેવી

રીતે પૂરી થાય?'

વારાણસી

બીજાં ત્રણ વર્ષ પછી

૧૮

રાઘવને એન્જિનિયર તરીકેની ડિગ્રી મળી ગઈ. ખબર નહીં, એણે એની ગ્રૅજ્યુએશન પાર્ટીમાં મને શું કામ બોલાવેલો, પણ હું ગયો. જેથી કરીને કોઈને એવું ન લાગે કે મને રાઘવની ઈર્ષા થતી હતી.

ઈર્ષા શું કામ થાય? મારી પોતાની કૉલેજ, ગંગાટૅક ખૂલવાને આડે હવે માત્ર ત્રણ મહિના હતા. છેલ્લાં ત્રણ વરસ રાત-દિન મહેનત કરીને છેવટે મેં કૉલેજનું મકાન ઊભું કરી દીધેલું. AICTE તરફથી ફાઈનલ ઈન્સ્પેક્શનની તારીખ આવી ગયેલી અને બહુ જલદી, ફૅકલ્ટી માટેના ઈન્ટરવ્યૂ પણ શરૂ થઈ જવાના હતા. હું પોતે એક દિવસ મારી કૉલેજમાંથી લોકોને ડિગ્રી આપવાના તબક્કે પહોંચી ગયેલો. એ સંજોગોમાં રાઘવની એ ડિગ્રીની મારે મન શું કિંમત હોય?

ત્યાં આરતી સાથે મારી મુલાકાત થઈ. લગભગ એક વર્ષથી અમે નહોતાં મળ્યાં. એવું નહોતું કે મળવાની ઈચ્છા મરી ગયેલી, પરંતુ જ્યારે મળે ત્યારે આરતીને મોઢે રાઘવની વાતો સાંભળીને મને ત્રાસ થઈ જતો હતો. એના કરતાં કન્સ્ટ્રક્શન સાઈટ પર કામ કરતા માણસો સાથે ઘાંટાઘાંટ કરવાનું મને વધુ ફાવી ગયેલું.

રાઘવનાં મા-બાપે, આ એક રાત પૂરતું ઘર રાઘવ અને એના મિત્રોને હવાલે કરી દીધેલું. પાર્ટીમાં ત્રીસેક છોકરા અને ત્રણ છોકરી હતાં અને હા, આરતી! એનો ઍવિયેશન કોર્સ હવે પૂરો થઈ ગયેલો. એ પણ મારી જેમ પાર્ટીમાં આવેલા લોકોને બહુ ઓળખતી નહોતી. શોરબકોરથી દૂર, બાલ્કનીમાં ઊભાં રહીને અમે વાતે વળગ્યાં.

'મેં બધી ઍરલાઈન્સમાં ઍપ્લિકેશન મોકલી છે. જોઈએ, ક્યાંથી ઈન્ટરવ્યૂકૉલ મળે છે!' આરતીએ કહ્યું.

'પણ વારાણસીમાં કોઈ ઍરલાઈન્સ નથી.'

'હા, ઍરહોસ્ટેસ તરીકે કામ કરવું હોય તો મારે દિલ્હી, મુંબઈ કે પછી બૅંગલોર જવું પડશે, પણ હવે રાઘવ અહીં છે. થોડી ગૂંચવાઈ છું.'

'પણ મેં તો સાંભળ્યું છે કે એ ઈન્ફોસીસમાં જોડાવાનો છે.'

'એને ઑફર મળી છે, પણ રાઘવને એન્જિનિયર તરીકે કામ નથી કરવું.'

'તો?'

'એણે અહીંના ન્યૂઝપેપર ''દૈનિક''માં રિપોર્ટર તરીકે નોકરી લઈ લીધી છે.'

'કેટલો પગાર મળશે?' મારાથી પૂછ્યા વિના રહેવાયું નહીં.

'ઈન્ફોસીસમાં મળે એનાથી ત્રીજા ભાગનો!' આરતીએ જવાબ આપ્યો.

'એનાં મમ્મી-પપ્પાએ વાંધો ન લીધો?'

'એમણે તો બૂમાબૂમ કરી મૂકી. સવાલ માત્ર પૈસાનો નથી. એમને દુઃખ કે ગુસ્સો એ વાતનો છે કે દીકરો એની એન્જિનિયરિંગની ડિગ્રી વેડફી નાખશે.'

'તો?'

'તો શું? રાઘવને પરવા નથી. એ કહે છે કે ક્રાંતિ, એટલે કે રૅવૉલ્યુશનનો પ્રારંભ ઘરમાંથી થવો જોઈએ. વ્યક્તિ અને તેનાં પારિવારિક મૂલ્યો બદલાય, એ પછી જ સમાજને બદલવાનું શક્ય બને.'

'રૅવૉલ્યુશન?'

'હા. રાઘવને આ છંદ વળગ્યો છે. ધ ગ્રેટ ઈન્ડિયન રૅવૉલ્યુશન! ભારતીય મહાક્રાંતિ!'

'મતલબ?'

'રાઘવ કહે છે કે એક દિવસ ખરેખર ભારતમાં લોકક્રાંતિ થશે, પણ હવે તારી વાત કર. તું કેમ મને ભૂલી ગયો?'

'કોણે કહ્યું કે ભૂલી ગયો?' મેં કહ્યું. અમારી આંખો મળી. મેં અસ્વસ્થતા અનુભવી અને છેવટે પલક ઝપકાવી દીધી.

'મારી પાસે મોબાઈલ ફોન છે. નંબર આપું?' આરતીએ પૂછ્યું.

મારી પાસે પણ શુક્લાજીએ આપેલો સેલફોન હતો. અમે નંબરની આપ- લે કરી.

'મારે તારી કૉલેજ જોવી છે.' આરતી બોલી.

'શરૂ થવા દે. ઉદ્દ્ઘાટનમાં તને જરૂર બોલાવીશ.'

'કૉલેજ તારા માટે પૅશન છે?' અચાનક આરતીએ પૂછ્યું.

'પૅશન?'

'હા, પૅશન, ઝનૂન! જે રાત-દિવસ તારા માથા પર સવાર રહે,

જેના માટે તું બીજું બધું છોડી દેવા તૈયાર થઈ જાય.'

'પૅશન કે ઝનૂન તો નથી જાણતો, પણ મારા માટે એ જિંદગીએ આપેલી સહુથી મહત્ત્વની તક છે.'

'ગોપાલ, તેં જીવનમાં ક્યારેય કોઈ ચીજ માટે આવું ઝનૂન, આટલી ઉત્કટતા નથી અનુભવી?' આરતીના પ્રશ્નનો જવાબ મારી પાસે હતો. સમજણો થયો ત્યારથી એ જ મારું ઝનૂન હતી.

પણ મોટેથી મેં કહ્યું, 'પૈસા. મારે પુષ્કળ પૈસા કમાવા છે.'

'જા જા, એ તો મહત્ત્વાકાંક્ષા, ઍમ્બિશન કહેવાય, પૅશન નહીં.'

'હશે. ચાલ હવે અંદર જઈએ.' હું નહોતો ઈચ્છતો રાઘવ મને આરતીની સાથે જોઈ લે.

પણ આરતીએ મારો હાથ પકડી લીધો, 'તું હવે મને મળતો જ નથી. વાત શું છે? કોઈ ગર્લફ્રેન્ડ મળી ગઈ છે?'

'ના.'

'તો શોધી કાઢ. એક વાર પ્રેમમાં પડી જો! દુનિયામાં એનાથી વધીને બીજી કોઈ વસ્તુ નથી.'

'હા. જ્યારે તમારા પ્રેમનો સામેથી પડઘો પડે.' મારાથી બોલાઈ ગયું.

'ગોપાલ.'

'સૉરી.'

'એ બધો ભૂતકાળ થઈ ગયો. હવે હું રાઘવ સાથે ખુશ છું. તું પણ કોઈને શોધી લે.'

'મને કોઈની જરૂર નથી.'

આરતીએ મારો ચહેરો પકડીને એના તરફ ફેરવ્યો, 'હું, નસીબ હશે તો પ્લેનમાં ચીપ્સ વેચતી ફરતી હોઈશ. તું કૉલેજનો માલિક છે. મારા કરતાં લાખગણી સારી છોકરી તને મળી જશે.'

'શક્ય જ નથી.' કહીને હું લિવિંગ રૂમમાં જતો રહ્યો.

પાર્ટીની રંગત જામી હતી. રાઘવ પાસે જઈને મેં કહ્યું કે એક કૉન્ટ્રાક્ટર સાથે મિટિંગ હતી, એટલે મારે નીકળવું પડશે. રાઘવે ખાસ વાંધો ન લીધો.

હું બહાર નીકળતો હતો ત્યાં આરતી મારી પાછળ આવી, 'ગોપાલ.'

'શું?' મેં પાછળ જોયું.

'હજીયે તારા મનમાં મારા માટે એવી લાગણી છે?'
'ના.' કહીને હું રીતસર દોડીને ત્યાંથી નીકળી ગયો.

૧૯

મજૂરોને બપોરે જમવા માટે એક કલાકની છુટ્ટી મળતી હતી, પરંતુ બે કલાક વીતી ગયા પછીયે થોડા જણ હજી વડલાની નીચે આરામ ફરમાવી રહ્યા હતા.

AICTEના ફાઈનલ ઈન્સ્પેક્શનની આડે માંડ અઠવાડિયું બચ્યું હતું. ક્લાસરૂમમાં કલરનો હજી એક હાથ મારવાનો હતો. હું ટૅન્શનમાં હતો, પણ આ લોકોને કંઈ પડી નહોતી. હંમેશની જેમ રાડારાડ કરીને મેં એમને કામે વળગાડયા.

ઝાડ નીચે, એક મજૂરે છોડેલા અખબાર પર મારી નજર ગઈ, 'વારાણસીને વધુ કૉલેજોની જરૂર છે.' આવા મથાળા નીચે લખનારનું નામ હતું રાઘવ કશ્યપ.

છાપું ઉપાડીને મેં લેખ વાંચવાનું શરૂ કર્યું. લેખકના કહેવા પ્રમાણે વારાણસીમાં છેલ્લાં દસ વર્ષની અંદર વિદ્યાર્થીઓની સંખ્યા જેટલી વધી હતી, એના પ્રમાણમાં કૉલેજો સાવ ઓછી હતી. રાઘવનું સૂચન હતું કે કૉલેજોને જો કાયદેસર નફો રળવાની મંજૂરી અપાય તો, મોટા ઔદ્યોગિક ગૃહોને પણ શિક્ષણના ક્ષેત્રમાં આવવાની ઈચ્છા થાય અને પરિણામે શિક્ષણનું સ્તર સુધરે વગેરે વગેરે. લેખમાં એક બૉક્સની અંદર, વારાણસીમાં શરૂ થઈ રહેલી પાંચ કૉલેજના નામ હતા. લિસ્ટમાં ગંગાટેકનું નામ જોઈને મેં જબરો રોમાંચ અનુભવ્યો. છાપામાં પહેલી વાર મારી કૉલેજનું નામ છપાયું હતું.

હરખાઈને મેં શુક્લાજીને ફોન કર્યો અને પછી રાઘવ સાથે વાત કરવાનું વિચાર્યું. ઉદ્ઘાટન પહેલાં મારી કૉલેજ વિશે એના છાપામાં છપાય તો મોટો ફાયદો મળે, પણ રાઘવનો ફોન નંબર મારી પાસે નહોતો.

'મારે માત્ર રાઘવનો નંબર જોઈએ છે.' આવું દસ વાર જાતને યાદ દેવડાવ્યા બાદ મેં આરતીનો નંબર જોડયો, 'ઓહો, ગોપાલ?' આરતીને આશ્ચર્ય થયું.

'કેમ છે તું?' મેં પૂછવા ખાતર પૂછ્યું.

'બહુ મજામાં નથી. તું કેમ છે?'

આરતી શું કામ મજામાં નહોતી, એવી પૃચ્છા કરવાને બદલે મેં પૂછ્યું, 'તારી પાસે રાઘવનો નંબર છે? આજે છાપામાં એણે લખેલો એક લેખ મેં વાંચ્યો. ગમ્યો એટલે ફોન કરવો છે.'

'હા, હા, એ રાજી થશે.' કહીને આરતીએ નંબર આપ્યો.

'થેંક્યુ આરતી, પછી વાત કરીશું.' એટલું બોલીને હું ફોન બંધ કરવા જતો હતો ત્યાં આરતીએ પૂછ્યું, 'તારે જાણવું નથી કે મારો મૂડ આજે કેમ ખરાબ છે?'

'કેમ?' નછૂટકે મારે પૂછવું પડ્યું.

'મમ્મી-પપ્પા મને વારાણસીમાંથી બહાર જવાની ના પાડે છે.'

'તો પછી તું ઍરહોસ્ટેસ કેવી રીતે બનીશ?'

'એ જ કહું છું. વારાણસીમાં રહીને શું હું બોટહોસ્ટેસ બનવાની?'

'એમને સમજાવી જો.'

'નથી સમજતા.' આટલું કહીને આરતીએ અચાનક પૂછ્યું, 'તું એમની સાથે વાત કરીશ?'

'હું?' ચમકી જતાં મેં પૂછ્યું.

'હા. કેમ નહીં?'

'રાઘવને કહેને! એ લોકો મારા કરતાં રાઘવનું કહ્યું વધુ માનશે.'

'અરે, રાઘવ પોતે પણ ઈચ્છે છે કે હું વારાણસીમાં રહું. એને આ શહેર છોડવું નથી. વળી આખો દિવસ એ છાપાના કામમાં એટલો બીઝી રહે છે કે મારાં મા-બાપને તો ઠીક, મને મળવાનીયે એને ફુરસદ નથી.'

'તારા કોઈ બીજા ફ્રેન્ડ્સ નથી? કે કોઈ ટીચર...?'

'એમ કહી દેને કે તારે મને મદદ કરવી નથી.' આરતી ચિઢાઈ.

'એવું નથી, પણ હું કઈ હેસિયતે તારાં મમ્મી-ડૅડી સાથે આ વિષયમાં વાત કરી શકું?'

'ફાઈન.' આરતીએ ગુસ્સામાં કહ્યું.

'મારો સાઈટ એન્જિનિયર બોલાવે છે. હું તને પછી ફોન કરીશ.' ખોટું બોલીને મેં લાઈન કાપી નાખી.

જોકે પછી તરત પાછો ફોન કરવાની ઈચ્છા થઈ. બીજા બધાને છોડીને આરતીએ મારી પાસે મદદ માગેલી, પણ પછી રી-ડાયલનું બટન દબાવવા જતાં મને યાદ આવ્યું કે આરતી સંપૂર્ણપણે રાઘવની હતી. એની જિંદગીમાં મારું કોઈ સ્થાન નહોતું. આરતીની નજીક જઈને હવે મને

દુઃખ સિવાય બીજું કંઈ નહોતું મળવાનું.

મેં રાઘવને ફોન કર્યો. એણે તરત ઉપાડયો.

'હેય ગોપાલ, પેલે દિવસે પાર્ટીમાં આવવા માટે થૅંક્સ! બોલ, શું ચાલે છે?'

'આજે તારો લેખ વાંચ્યો. મજા આવી ગઈ.'

'સાચે? થૅંક્સ.'

'ગંગાટૅકનો ઉલ્લેખ કરવા બદલ આભાર.'

'એ બૉક્સ તો અમારી રિસર્ચ ટીમે બનાવેલું.'

'અમારી કૉલેજ લગભગ તૈયાર થઈ ગઈ છે. એના પર કંઈ લખને!' મેં મુદ્દાની વાત કરી.

રાઘવ સહેજ ખચકાયો, 'અમારા છાપાની નીતિ છે કે કોઈ ચોક્કસ સંસ્થાના નામ સાથે ન લખવું.'

'જવા દે તો!'

'પણ તારા પર એક સ્ટોરી કરી શકાય.'

'મારા પર?'

'હા, કેવી રીતે વારાણસીના એક યુવાને આપબળે કૉલેજ ઊભી કરી, એવું બધું!'

'પણ મારી હેસિયત તો અહીં નોકરિયાત જેવી છે.' મેં નમ્રતા દાખવી.

'ખરા માલિક એમએલએ શુક્લા છે ને?'

'હં, એ ટ્રસ્ટી છે.'

'મકાન બાંધવાના પૈસા એમણે આપ્યા?'

'બીજાઓ પાસેથી ફાળો મેળવી આપ્યો.'

'કોની પાસેથી?' રાઘવે પૂછ્યું. મને લાગ્યું કે એ મારી ઊલટતપાસ લઈ રહ્યો હતો.

'શુક્લાજી ઘણા સખાવતી સજ્જનોને ઓળખે છે, પણ બોલ, તારે મારો ઈન્ટરવ્યૂ કરવો છે કે નહીં.' મેં પૂછ્યું.

'હા. તું દૈનિકની ઑફિસમાં આવીશ?'

'તું મારી ઑફિસે આવી જા. આવતા શનિવારે.' મેં કહ્યું. મારે રાઘવને મારી નવી આલીશાન ઑફિસ બતાવવી હતી. રાઘવે આનાકાની વિના હા પાડી.

હું કૅમ્પસ બિલ્ડિંગની બહાર નીકળ્યો ત્યાં બેદીનો ફોન આવ્યો,

'ફેકલ્ટી માટે કાલે સાત પ્રોફેસરના ઈન્ટરવ્યૂ ગોઠવ્યા છે.'

'એ લોકો અહીં આવશે?' મેં પૂછ્યું.

'ના. આપણે એમને ઘેર જવું પડશે. આ વિસ્તારમાં બીજી ત્રણ કૉલેજ ખૂલી રહી છે. ટીચરોની મોટી ડિમાન્ડ નીકળી છે. આપણે ગમે તે કરીને એમને ખેંચી લાવવાના છે.'

મેં ઊંડો શ્વાસ લીધો. રોજ ઊગતો દિવસ એક નવી ચૅલેન્જ લઈને આવતો હતો.



સવારે આઠના ટકોરે અમે પ્રોફેસર એમ. સી. શ્રીવાસ્તવને ઘેર પહોંચી ગયા. શ્રીવાસ્તવ NIT અલાહાબાદમાંથી ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગના પ્રોફેસર તરીકે નિવૃત્ત થયા હતા. અમારી કૉલેજના ડીન તરીકે IITવાળું ન મળે તો કમસેકમ 'NIT'માંથી કોઈને નીમવાની જરૂર હતી.

ત્રીસ વર્ષનો અનુભવ ધરાવતા શ્રીવાસ્તવ AICTE ગોલ્ડ સ્ટાન્ડર્ડ ગણાતા હતા. પરંતુ ગોલ્ડની જેમ એમનો ભાવ પણ તોતિંગ હતો, 'મહિને બે લાખ રૂપિયા' એમણે કહી દીધું.

પ્રોફેસરનાં પત્નીએ અમને ચાની સાથે પૌંઆનો નાસ્તો પીરસતાં, સોદાબાજીમાં ઝુકાવ્યું, 'શ્રી મમ્મી કૉલેજમાંથી એમને દોઢ લાખ રૂપિયાની ઑફર મળી ગઈ છે. પ્લસ કાર અને ડ્રાઈવર.'

'મૅડમ, અમે હજી નવા છીએ. ઍડમિશન વખતે કેવો રિસ્પોન્સ મળશે એ જાણતા નથી. વળી તમને આટલો મોટો પગાર આપું તો બધાં ફૅકલ્ટી મૅમ્બર્સ આવી જ મોટી માગણી મૂકશે.' મેં એકસાથે બધી તકલીફ વર્ણવી દીધી.

'પણ બધાંને મારો પગાર જણાવવાની શું જરૂર છે?' પ્રોફેસરે પૂછ્યું.

'એ કેવી રીતે છુપાવી શકાય? એકાઉન્ટ્સ ડિપાર્ટમેન્ટને તો બધી માહિતી આપવી પડેને?'

'અરે, પણ પચાસ ટકા કે એનાથીયે વધુ પગાર રોકડામાં આપજો. એનાથી મારો ટૅક્સ બચશે અને બીજા પ્રોફેસરોને મારી ઈર્ષા નહીં થાય. વળી, AICTEમાં મારી સારી ઓળખાણ છે. ઈન્સ્પેક્શનમાં તમારી કૉલેજ પાસ થઈ જવાની ગૅરન્ટી છે.' શ્રીવાસ્તવે કહ્યું.

ત્યાં ને ત્યાં અમે પોણા બે લાખ રૂપિયામાં ડીનની પોસ્ટ ભરી દીધી.

લાખ રોકડા અને માત્ર ૭૫ હજાર ચેક પર.

શ્રીવાસ્તવે, કૉલેજનો બીજો સ્ટાફ નિયુક્ત કરવામાં એમની મદદની ઑફર મૂકી. જોકે આ મદદ મફતમાં નહોતી મળવાની. સારા પ્રોફેસર શોધીને સ્ટાફ પર લઈ આવવા માટે એમણે 'સર્ચ ફી'ના નામે માથાદીઠ દસ હજાર રૂપિયા માગ્યા.

'કબૂલ છે. ક્યારથી આવશો?' મેં પૂછ્યું.

'તમે કહો ત્યારે. અઠવાડિયે ત્રણ દિવસ હું કૉલેજમાં આવીશ.'

'ત્રણ દિવસ?' મને આંચકો લાગ્યો, 'તમે તો ડીન છો. રોજ નહીં આવો તો કૉલેજ કેવી રીતે ચાલશે?'

'ડીન છું એટલે ત્રણ દિવસ આવીશ, બાકી તો અઠવાડિયામાં એક દિવસથી ચાલી જાય.'

'શું?' મારી આંખો પહોળી થઈ ગઈ.

'પ્રાઈવેટ કૉલેજમાં કયા પ્રોફેસર રોજ ભણાવવા જાય છે? પણ ફિકર નહીં કરતા. AICTEના ઈન્સ્પેક્ટરને તો હું એવું જ કહીશ કે મારા સહિત આખી ટીચિંગ ફૅકલ્ટી રોજ કૉલેજમાં આવે છે.' શ્રીવાસ્તવે મને આશ્વાસનના સૂરે કહ્યું.

'પણ ડીનની ગેરહાજરીમાં પ્રોફેસરો પર કોણ ધ્યાન રાખશે? ક્લાસ સમયસર, સરખી રીતે લેવાય છે કે નહીં, એ કોણ જોશે?' મેં મૂંઝાઈને પૂછ્યું.

શ્રીવાસ્તવ હસી પડયા, 'આ પ્રાઈવેટ કૉલેજ છે. બધું મૅનેજ થઈ જશે. બેદીજી, આ ભાઈને જરા સમજાવો.'

બેદીએ ચાનો કપ નીચે મૂકતાં માથું હલાવ્યું, 'ભણાવવા વિશે આપણે પછી વિચારીશું. અત્યારે તો ઈન્સ્પેક્શન અને પછી ઍડમિશન પર ધ્યાન આપવાનું છે. એક વાર કૉલેજ ચાલુ થઈ જાય પછી તો સિનિયર સ્ટુડન્ટ્સ એમનાથી જુનિયર ક્લાસવાળાને ભણાવશે. ઘણી કૉલેજમાં આવું થાય છે.'

'ઍડમિશન માટે કોઈ રણનીતિ તૈયાર કરી છે?' શ્રીવાસ્તવે પૂછ્યું.

'બધાં છાપાંમાં જાહેરખબર આપી છે. કરિયર ફેરમાં સ્ટોલ રાખ્યો છે. સ્કૂલ અને કોચિંગ ક્લાસીસનો પણ સંપર્ક કરી લઈશું.' મેં અમારી તૈયારી રજૂ કરી.

'સ્કૂલનો સંપર્ક કઈ રીતે કરશો?'

'અમે પોતે જઈશું અને કૉલેજ પર તૈયાર કરેલું પ્રેઝન્ટેશન

આપીશું.'

'પ્રેઝન્ટેશનને કોણ પૂછે છે? પ્રિન્સિપાલ સાથે સેટિંગ કર્યું છે?' શ્રીવાસ્તવે પૂછ્યું.

'કરી નાખશું.' બેદીએ જવાબ આપી દીધો.

'શું કરી નાખશું?' મેં પૂછ્યું. બેદી મને પૂછ્યા વિના કેવા કેવા સેટિંગ કરી નાખતો હતો?

'કહું છું, પણ અત્યારે તો નીકળીએ. હજી બીજી ઘણી મિટિંગ કરવાની છે.' બેદીએ કહ્યું. એની સાથે મારે પણ ઊભા થવું પડ્યું.

બહાર સુધી અમને મૂકવા આવેલા શ્રીવાસ્તવે પૂછ્યું, 'મારો પહેલો પગાર ક્યારે મળશે?'

'હું રોકડા ઘરે મોકલી દઈશ.' મેં ખાતરી આપી.

'હાશ, આ ડીનવાળો જમેલો પતી ગયો એટલે મોટું ટૅન્શન ઊતર્યું.' ગાડીમાં બેસતાં બેદી બોલ્યો.

'મને તો એ મિસ્ટર ડીનને બદલે મિસ્ટર ડીલ જેવો વધુ લાગ્યો.' મેં મારો અભિપ્રાય આપ્યો.

'એણે આ પહેલાં પ્રાઈવેટ કૉલેજમાં કામ કર્યું છે. અંદર-બહાર બધી જાણકારી એની પાસે છે.'

'એ સ્કૂલના પ્રિન્સિપલ સાથે કયા સેટિંગની વાત કરતા હતા?' મને યાદ આવ્યું.

બેદીએ મને ફરીથી નવો પાઠ ભણાવવાનું શરૂ કર્યું, 'સ્કૂલમાંથી નીકળતા બાળકો ક્યાં ઍડમિશન લે છે. એ વિષયમાં ટીચરો મહત્ત્વનો ભાગ ભજવે છે. એન્જિનિયર બનવા માગતા સ્ટુડન્ટ્સ પહેલાં તો IIT અને NITમાં ટ્રાય કરશે. મોટા ભાગના એમાં નિષ્ફળતાને વરશે. પછી ક્યાં જશે?'

'ક્યાં?'

'બસ, ત્યાં જ આપણું કામ શરૂ થાય છે. ઍન્ટ્રન્સ ઍક્ઝામમાં નપાસ થયેલા છોકરા એમનું સપનું પૂરું કરવા માટે પ્રાઈવેટ કૉલેજ તરફ જોશે, પણ પ્રાઈવેટ કૉલેજ તો ગલીએ ગલીએ છે. છોકરો એમાંથી કોના પર પસંદગી ઉતારશે?'

'કોના પર?'

'એ એની સ્કૂલના ટીચર અને પ્રિન્સિપાલ પાસે માર્ગદર્શન મેળવવા જશે. વિદ્યાર્થી તો એના શિક્ષક પર જ ભરોસો કરેને!'

'એટલે આપણે પહેલેથી પ્રિન્સિપાલને પટાવી રાખવાના?' મેં કહ્યું.

'હા. સમજી ગયોને?'

'એમને લાંચ આપવી પડે?'

'હા. પણ યાદ રાખજે, ક્યારેય વાતચીતમાં લાંચ જેવો શબ્દ નહીં વાપરવાનો. ગણતરી સાદી છે. સ્ટુડન્ટની ઍડમિશન ફીના દસ ટકા, એની સ્કૂલના પ્રિન્સિપાલને પહોંચાડી દેવાના. પ્રિન્સિપાલ જ નહીં, જે જે લોકો આપણી કૉલેજ ભરવામાં મદદ કરે, એ બધાને દસ-દસ ટકા આપવાના.' બેદીએ આ ગણિત મારા મગજમાં ઠસાવી દીધું અને પછી પૂછ્યું, 'મીડિયામાં પબ્લિસિટી માટે વિચાર્યું?'

મને રાઘવ યાદ આવ્યો અને પછી તરત આરતી. ગમે તેટલા આડાઅવળા વિચારો કરો, પણ દિમાગ તો ફરી ફરીને એને જ્યાં જવું હશે ત્યાં જ જવાનું.

બેદી અમારી કૉલેજમાં પહેલી બેચમાં બસો સ્ટુડન્ટ્સ કઈ રીતે ભરવા એની વાતો કરતો રહ્યો. મારું મન બીજે ભટકતું હતું. કારની બારીની બહાર ખેતરોમાં, વાદળોમાં મને આરતીના વાળની લટ, એની ઓઢણી લહેરાતી દેખાતી હતી. કિસ્મતનો ખેલ તો જુઓ, જેના સિવાય બીજું કોઈ યાદ નહોતું આવતું, એ સ્ત્રી બીજાની થઈ ગયેલી.

૨૦

ઑફિસની બારીમાંથી મેં રાઘવને કૅમ્પસમાં દાખલ થતાં જોયો.

જલદીથી મેં ઍરકન્ડિશનરના રિમોટ પર આંગળી દબાવી. રૂમનું ટેમ્પરેચર ઓર નીચું ગયું. ફરી એક વાર મેં આસપાસ નજર ફેરવી લીધી. આટલી બૂમાબૂમ કર્યા પછીયે વિઝિટર્સ સોફા નહોતો આવ્યો, પણ એ સિવાય ઑફિસનું બધું ફર્નિચર તૈયાર થઈ ગયેલું. મારા માટે બનાવેલી ખુરશી કોઈ મૉડર્ન સિંહાસનથી કમ નહોતી. એના પર બેસી જઈને મેં ટેબલ પર પડેલી ફાઈલોમાં આંખો ખોડી દીધી. અહીં પગ મૂકતાંની સાથે રાઘવ અંજાઈ જવો જોઈએ.

'હેલો, આપણે બે વાગ્યે જ મળવાનું નક્કી કરેલુંને!' અધખુલ્લા બારણા પર ટકોરા મારતાં રાઘવ બોલ્યો.

ચમકી જવાનો દેખાવ કરતા મેં ઊંચું જોયું અને પછી રાઘવને આવકારતાં કહ્યું, 'હાય રાઘવ. સૉરી, પણ એટલું કામ રહે છે કે ટાઈમનું ભાન જ નથી રહેતું.'

રાઘવે મારી સામે બેસીને નોટપેડ, પેન અને થોડાં પ્રિન્ટઆઉટ્સ કાઢયાં, 'અહીં આવતાં પહેલાં મેં તમારી કૉલેજ વિશે થોડી માહિતી ભેગી કરી છે.'

'ખાસ કંઈ મળ્યું નહીં હોય. અમે હજી સાવ નવા છીએ.' મેં કહ્યું.

'હા, પણ તમારા એક ટ્રસ્ટી શુક્લાજી વિશે ઘણું વાંચવા મળ્યું.'

'અફકોર્સ એ બહુ જાણીતા ને લોકલાડીલા રાજકારણી છે. પણ કૉલેજના સંચાલનમાં એ બહુ ભાગ નથી લેતા.'

'પણ બીજી ઘણી પ્રકૃતિ સાથે સંકળાયેલા છે.' રાઘવે પ્રિન્ટઆઉટ્સ તરફ જોતાં કહ્યું.

'ચા?' કહીને મેં પ્યૂનને બોલાવવા માટે બેલ મારી. એને મેં પહેલેથી કહી રાખેલું કે ચાની સાથે નાસ્તામાં ઓછામાં ઓછી પાંચ વાનગી હોવી જોઈએ અને હા, ચા પણ ખાસ મહેમાનો માટે રાખેલા બોનચાઈના કપમાં સર્વ કરવાની સૂચના હતી. અલબત્ત, રાઘવ કોઈ સ્પેશિયલ

મહેમાન નહોતો, પણ એને ખબર પડવી જોઈએ કે અમે અહીં કેવા મોંઘા, ફેન્સી કપમાં ચા પીએ છીએ.

મારી વિશાળ ઑફિસમાં આમતેમ નજર ફેરવી રહેલા રાઘવને જોઈને મને પૂછવાનું મન થઈ ગયું કે તમારા છાપામાં કોઈ પાસે આવી ઑફિસ છે?

રાઘવની આંખ, મારી પાછળ ટેબલ પર મુકાયેલા કૅમ્પસના મિનિયેચર મૉડલ પર સ્થિર થઈ. 'આ જોઉં જરા?' એણે પૂછ્યું.

'હા.' હું કૂદીને ઊભો થયો. મૉડલ પરથી મેં એને આખા કૅમ્પસનો લે- આઉટ સમજાવ્યો, 'અહીં હૉસ્ટેલ છે. વિદ્યાર્થીઓ વધતા જશે, તેમ તેમ રૂમ પણ વધારતા જઈશું. લૅબોરેટરીઝ માટે જુદું મકાન છે.. ત્યાં બધાં સાધનો ઈમ્પોર્ટેડ છે... મેં લંબાણપૂર્વક વર્ણન કર્યું.

'પ્રોફેસરોની સંખ્યા કેટલી છે?' રાઘવે એના પેડમાં માહિતી ટપકાવતાં પૂછ્યું.

'અમારી ઈચ્છા છે કે પંદર વિદ્યાર્થી દીઠ ઓછામાં ઓછો એક પ્રોફેસર હોવો જોઈએ. જોઈ લેજે, એક દિવસ અમે BHUથીયે વધુ સારી કૉલેજવાળા કહેવાતા હોઈશું.'

રાઘવે મારી સામે જોયું. મેં ખુલાસો કર્યો, 'હરીફાઈ કરવી જ હોય તો શ્રેષ્ઠ સાથે કરવી. બાકી, બીજું કોણ છે?'

રાઘવે સહમતીદર્શક માથું હલાવ્યું. બે મોટી ટ્રેમાં ચાની સાથે નાસ્તો આવ્યો. બિસ્કિટ્સ, ડ્રાયફ્રુટ્સ, સમોસા, પોટેટો ચીપ્સ અને ફ્રુટ્સ.

'આ ચા છે કે લંચ?' રાઘવે ટિપ્પણ કરી અને પછી ચાનો કપ ઉપાડતાં પૂછ્યું, 'કૉલેજ બનાવવામાં કેટલો ખર્ચ થયો?'

'બહુ બધો! એન્જિનિયરિંગ કૉલેજ સસ્તામાં નથી બનતી.' મેં હસીને કહ્યું.

'તોયે અંદાજે કેટલો?' એણે મૂળ પ્રશ્ન પકડી રાખ્યો.

ખર્ચનો ચોક્કસ આંકડો હું જાણતો હતો. તોયે રાઘવને મેં કહ્યું, 'એમ અંદાજ બાંધવાનું તો મુશ્કેલ છે. મારી પાસે જમીન હતી, એનો બજારભાવ કાઢીએ તો કેટલી કિંમત થાય, એના પરથી ધારી લે.'

'પણ આ તો ખેતીની જમીન હતી.' રાઘવે યાદ દેવડાવ્યું.

'હા, તું તો જાણે છે, પપ્પાના કોર્ટ કેસ વિશે.'

'તારા કાકા કેસ પતાવવા માટે માની ગયા?' રાઘવે આશ્ચર્ય દાખવ્યું.

'હા, પણ આજના ઈન્ટરવ્યૂ સાથે એ વાતને કોઈ નિસ્બત નથી.'

'સારું, પણ જમીન પર મકાન બાંધવાનો ખર્ચ ક્યાંથી આવ્યો?'

'શુક્લાજી અને એમના થોડા દાનવીર મિત્રોએ કૉલેજ માટે ફાળો ઊભો કરી આપ્યો.'

'પણ શુક્લાજી પાસે આટલા પૈસા ક્યાંથી આવ્યા? તને ખબર જ હશે કે ગંગા ઍક્શન પ્લાનમાં જે મોટો ભ્રષ્ટાચાર થયો એમાં શુક્લાજીનું નામ ખરડાયું છે.'

'ના, મને એવી કંઈ ખબર નથી અને ગંગાટૅક સિવાય બીજી કોઈ વાત કરવામાં મને રસ નથી. કૉલેજ વિશે તને પૂરતી માહિતી મળી ગઈ હોય તો આપણે ઈન્ટરવ્યૂ પૂરો કરીએ?' મેં નારાજભાવે કહ્યું.

'હા, અને સૉરી ગોપાલ, તને ગુસ્સે કરવાનો મારો ઈરાદો નહોતો, પણ હું બધી બાજુને ન્યાય મળે એવો બૅલેન્સ્ડ રિપોર્ટ લખીશ.' આવું કહીને રાઘવે પેન બાજુએ મૂકી.

રાઘવને વળાવવા હું કૅમ્પસના ગેટ સુધી ગયો, 'ગરમી કેટલી છે! તેં કહ્યું હોત તો તને લેવા માટે અમારી કાર મોકલી આપત.' રાઘવના પપ્પાના જૂના સ્કૂટર તરફ જોતાં મેં કહ્યું.

'આ જ ઠીક છે. મારે હજી ઘણી જગ્યાએ જવાનું છે.' રાઘવ હૅલ્મેટ પહેરતાં બોલ્યો.

'તને એન્જિનિયરિંગની ખોટ સાલે છે?' મેં પૂછી નાખ્યું.

'ના. હું ક્યારેય એન્જિનિયર હતો જ નહીં.' રાઘવે બહુ સહજભાવે જવાબ આપ્યો.

મેં ક્યારનું તૈયાર રાખેલું બ્રહ્માસ્ત્ર છેવટે છોડ્યું, 'તું BHUનો સ્ટુડન્ટ હતો. અમારી ફૅકલ્ટી લિસ્ટ પર તારું નામ શોભશે. આવી જા અહીં!'

'હું, અહીં? ના ભઈ, મારી પાસે નોકરી છે.' રાઘવે સ્કૂટર પર બેસતાં કહ્યું.

'પણ અહીં તારે વધુ કામ નહીં કરવું પડે. બસ, ઈન્સ્પેક્શનની તૈયારીમાં અમને થોડી મદદ કર, પછી અઠવાડિયે એક આંટો મારીશ તોયે ચાલશે અને હા, તારા છાપામાં મળે છે એનાથી વધુ પૈસા આપીશું.' મેં ઑફર મૂકી.

પણ બીજાને કદાચ લલચામણી લાગે એવી આ ઑફર રાઘવે તરત નકારી કાઢી.

'પણ કેમ?' મેં પૂછ્યું.

'કોઈ ભ્રષ્ટાચારીના બિઝનેસમાં મારે નથી જોડાવું.'

'શું કહ્યું?' હું ભડક્યો.

'આ શુક્લાની કૉલેજ છે.' રાઘવ બોલ્યો.

'મારી છે.' મેં ભારપૂર્વક કહ્યું.

'તું કૉલેજ ચલાવીશ, પણ માલિક તો શુક્લા જ છે ને!'

'તો શું થઈ ગયું? અને, અમારી કૉલેજ હજી શરૂ નથી થઈ ત્યાં તું કઈ રીતે અમારા પર ભ્રષ્ટાચારનો આરોપ મૂકી શકે?'

'ભ્રષ્ટાચારના પૈસે આ મકાન બંધાયું છે.'

'રાઘવ, આ મકાન મારી મહેનતથી બન્યું છે. રાત-દિવસ જોયા વિના ત્રણ વરસ કરેલી મજૂરીનું આ ફળ છે અને તું આજે અહીં ઊભો રહીને આવું બોલે છે?'

'શુક્લા ગંગા ઍક્શન પ્લાનમાંથી વીસ કરોડ રૂપિયા ખાઈ ગયો છે. સરકારે આ પૈસા આપણી ગંગાનદીની સફાઈ કરવા માટે આપેલા.'

'એ માત્ર આક્ષેપ છે. અદાલતમાં હજી કંઈ પુરવાર નથી થયું.' મેં શુક્લાનો બચાવ કર્યો.

પણ રાઘવે બોલવાનું ચાલુ રાખ્યું, 'પ્લાન માટે સરકારે પૈસા આપ્યા. એ પછી તરત શુક્લાએ ઠેકઠેકાણે જમીન ખરીદવાનું શરૂ કર્યું. આ કૉલેજમાં પણ એનું ઈન્વેસ્ટમૅન્ટ છે. સામાન્ય પરિવારમાંથી આવતા શુક્લાને આટલા બધા પૈસા ક્યાંથી મળ્યા? ગોપાલ, તું બધું જાણતો જ હશે અને તોયે તેં આંખ આડા કાન કરી રાખ્યા છે.'

'કોઈ પુરાવો છે તારી પાસે આ બધાનો?'

'હજી સુધી તો નથી, પણ તું હૃદય પર હાથ રાખીને કહે કે શુક્લા ચોખ્ખો માણસ છે?'

રાઘવના આ શબ્દો સાંભળીને મારી ધીરજનો બંધ તૂટી ગયો, 'તને મારી અદેખાઈ આવે છે.' મેં ગુસ્સામાં આવી જઈને કહી દીધું.

'શું?' રાઘવના ચહેરા પરનું આશ્ચર્ય નકલી નહોતું.

'આજે હું આ સ્થાને પહોંચ્યો છું, એ તારાથી સહન નથી થતું. તેં માની લીધેલું કે હું જીવનભર ધૂળ ફાકતો રહેવાને સર્જાયો હતો. મિસ્ટર JEE, જે છોકરાને AIEEEમાં તમારાથી નીચી રૅંક મળી હતી એ કઈ રીતે આટલો આગળ નીકળી ગયો હં...?' મારા રોષનો જ્વાળામુખી ફાટી પડયો.

રાઘવે હાથ ઊંચો કર્યો, 'શાંત પડી જા દોસ્ત, આ કંઈ તારા-મારા વચ્ચેનો અંગત ઝઘડો નથી.'

'તો શું છે, મિસ્ટર રિપોર્ટર?'

'મારું કામ છે સત્ય શોધી કાઢવાનું, બસ!' આટલું કહીને રાઘવે સ્કૂટર ચાલુ કર્યું. હું કોઈ પ્રતિભાવ આપી શકું એ પહેલાં તો રાઘવ દૂર નીકળી ગયો. પાછળ ઊડેલી ધૂળથી મારી આંખો ભરાઈ ગઈ. બહુ પીડા થઈ.



અમારી કૉલેજ ફૅકલ્ટીના વીસેય મૅમ્બર્સ સવારે આઠ વાગે કૅમ્પસમાં પહોંચી ગયા. છેલ્લી ઘડી સુધી સફાઈ કરતા રહેલા કર્મચારીએ જમીનને ચકચકાટ કરી નાખેલી. ધૂળ કે કચરાનું ક્યાંય નામોનિશાન નહોતું. કમ્પ્યૂટર રૂમમાં બધું બરાબર ચાલતું રહે, એની જવાબદારી અમારા આઈટી સ્પેશિયાલિસ્ટે સંભાળી લીધેલી. AICTE ઈન્સ્પેક્શનના દિવસે લાગતું હતું, જાણે અમે બધાં કોઈ આકરી પરીક્ષા આપવા માટે તૈયાર થયા હતા. ઈન્સ્પેક્શન કમિટીનું કામ પતી ગયા બાદ એમના માટે હોટલ તાજગંગામાં ડિનર રાખ્યું હતું.

સવારથી પાંચમી વાર મેં કૅમ્પસના ગેટ સુધી ચક્કર મારી લીધું, 'સરખા ઊભા રહો અને મહેમાન આવે એટલે સેલ્યુટ કરજો.' મેં ત્યાં ઊભેલા સિક્યુરિટી ગાર્ડને ધમકાવ્યો.

'શું કામ આટલું ટૅન્શન લો છો, ડિરેક્ટર ગોપાલ! હું બેઠો છુંને, બધું સંભાળી લઈશ.' ડીન શ્રીવાસ્તવે મને સધિયારો આપ્યો.

અને ખરેખર એમણે પરિસ્થિતિ સંભાળી લીધી. ઈન્સ્પેક્શન ટીમ અગિયાર વાગે પધારી. એના લીડર NIT દિલ્હીના ભૂતપૂર્વ પ્રોફેસર, ઝૂલે યાદવ હતા. મારી ઑફિસની અંદર થોડી જ વારમાં શ્રીવાસ્તવ સાથે એ આડીઅવળી વાતમાં ઊતરી પડયા.

હળવા થઈ ગયેલા વાતાવરણમાં અચાનક મિસ્ટર ભણસાળી નામના ઈન્સ્પેક્ટરે પૂછ્યું, 'તમારી મશીનિંગ લૅબમાં કેટલા લેથ મશીન્સ છે?'

શ્રીવાસ્તવે જવાબ આપ્યો, 'આઠ મશીન છે. પછી આપણે ત્યાં રાઉન્ડ મારવા જઈશું.'

'શ્રીવાસ્તવસર, આટલી ગરમીમાં એવા આંટા મારવાની જરૂર છે?'

યાદવે પૂછ્યું.

'સર, આ તો તમારા ટીમ મૅમ્બરે પૂછ્યું એટલે!' શ્રીવાસ્તવે નમ્રભાવે કહ્યું.

બધાની આંખો ભણસાળી તરફ વળી, જાણે એણે કંઈ ન કરવાનું કરી નાખ્યું હોય, પણ ભણસાળીની નજર મારા પર હતી, 'ડિરેક્ટર, તમારી ઉંમર બહુ નાની લાગે છે.'

'સર, હું નાનો જ છું.' મેં કહ્યું.

'તમારું ક્વૉલિફિકેશન?'

'સર, આ કૉલેજ મેં બનાવી છે અને અહીં બેસ્ટ ગણાય એવા સ્ટાફની ભરતી કરી છે.'

'પણ...' ભણસાળીને આગળ બોલતા અટકાવીને શ્રીવાસ્તવ ઊભા થયા, 'સર, મારી ઑફિસમાં જઈએ? ત્યાં હું તમારા બધા સવાલના જવાબ આપીશ.'

એમને ત્યાં બેસાડીને શ્રીવાસ્તવ પાછા મારી પાસે આવ્યા, 'ડરવાની જરૂર નથી. ભણસાળી નવો છે. બાકીના છ જણ એક અક્ષર પણ નહીં બોલે. લંચ તૈયાર છે?'

'હા, કેટરર તમારા ઑર્ડરની રાહ જ જુએ છે.'

'અને કમિટીને આપવાનાં કવર?'

'એ પણ તૈયાર છે.'

'લંચ પતી ગયા પછી આપજો. કેટલાં છે?'

'બે લાખ યાદવને અને બીજાઓને માથાદીઠ પચીસ હજાર!'

'ભણસાળીને પચાસ હજાર આપજો.' આવી સૂચના આપીને શ્રીવાસ્તવે પૂછ્યું, 'મીઠાઈમાં શું છે?'

'મગની દાળનો હલવો.' મેં કહ્યું.

'વાહ, મારી મનપસંદ ડીશ.' કહીને ડીન વિદાય થયા.



ડિનર માટે હોટલ તાજગંગાનો પ્રાઈવેટ રૂમ બુક કર્યો હતો. ઈન્સ્પેક્શન ટીમના સભ્યો ઉપરાંત કૉલેજના ફૅકલ્ટી મૅમ્બર્સ, અમને મદદરૂપ થયેલા સરકારી અધિકારીઓને પણ આમંત્રણ અપાયેલું. એ લોકો પરિવારસહિત પધાર્યા હતા. ગંગાટૅકના બજેટમાં સોએક જણના ફાઈવસ્ટાર ડિનરનો ખર્ચ ઉમેરાઈ ગયો.

ઍડમિશન હજી શરૂ નહોતાં થયાં. કૉલેજને એક પૈસાનીયે આવક થાય એ પહેલાં છ કરોડ રૂપિયાની ચટણી થઈ ગયેલી.

પણ શુક્લાજીને ફિકર નહોતી, 'આપણે બધો ખર્ચ પાછો મેળવી લઈશું.' મારા હાથમાં વ્હીસ્કીનો ગ્લાસ પકડાવતાં એ બોલ્યા.

મારી આંખો રૂમમાં ફરી વળી, 'આમાંથી કમસેકમ ત્રીસ લોકોને આપણે પૈસા ખવડાવ્યા છે.'

મારી વાત સાંભળીને શુક્લાજી હસી પડયા, પણ મને આમાં કોઈ રમૂજ નહોતી લાગતી. 'આપણે શું ખોટું કામ કરવું હતું? એક કૉલેજ તો શરૂ કરવી હતી.' મેં થોડી કડવાશથી કહ્યું.

'બેટા, આવું જ ચાલે. આપણે ત્યાંની ઍજ્યુકેશન સિસ્ટમ જો સરળ, સ્વચ્છ હોત તો આ પ્રોફેસરો, પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિઓ અને સૉફ્ટવૅર કંપનીઓ, કૉલેજ શરૂ કરત પણ સિસ્ટમ સડેલી છે. એ લોકો હાથ નહીં બગાડે એટલે પછી આપણે આમાં ઝુકાવીએ.'

'આપણે કમાઈશું ક્યારે? પાંચ લાખ રૂપિયા તો આજે ઈન્સ્પેક્શન ટીમના ખિસ્સા ભરવામાં વપરાઈ ગયા.' મેં ચિંતા વ્યક્ત કરી.

'એ લોકોને થોડા વધુ આપી દે.'

'કેમ? શ્રીવાસ્તવસરે તો કહ્યું કે માન્યતા મેળવવા માટે આટલા પૂરતા છે.'

'માન્યતા તો મળી જશે, પણ આપણે તો એમની પાસેથી ગંગાટૅકના વખાણ સાંભળવા છે. કૉલેજના માર્કેટિંગમાં કામ લાગશે. લીડરને બીજા પચાસ હજાર પહોંચાડી દો અને બાકીનાને દસ, દસ! હું પૈસાની વ્યવસ્થા કરું છું.' શુક્લાજીએ હાથમાં ફોન લેતાં કહ્યું. કોઈની સાથે વાત કરીને એ મને બુફે ટેબલ ભણી દોરી ગયા.

'કલાકમાં પૈસા આવી જશે.' એમણે કહ્યું.

'શુક્લાજી, તમે કયા ભરોસે આટલા રૂપિયા મારા હાથમાં મૂકી દો છો? મારી દાનત બગડી તો?'

મારો પ્રશ્ન સાંભળીને શુક્લાજી હસ્યા, 'બચ્ચા, તારા ઘરપરિવારમાં કોઈ નથી. તું કોના માટે ચોરી કરવાનો?'

૨૧

શ્રીવાસ્તવે ખાતરી આપ્યા મુજબ AICTEની માન્યતા સમયસર આવી ગઈ. હવે ઍડમિશન શરૂ કરવાને આડે એક જ વિઘ્ન હતું. અમારી કૉલેજને સ્ટેટ યુનિવર્સિટી સાથે સાંકળવી જરૂરી હતી, પણ ત્યાંનો વાઈસ ચાન્સેલર મંગેશ તિવારી મહિનાઓથી અમારી અરજી ઉપર ચપ્પટ થઈને બેસી ગયેલો.

'આપણે એને બજારભાવથી બમણા પૈસા ઑફર કર્યા છે, પણ સાલો માનતો નથી.' શુક્લાજીની ઑફિસમાં બેસીને બેદીએ ઉકળાટ ઠાલવ્યો.

'એને કેટલા જોઈએ છે?' મેં પૂછ્યું.

'સવાલ પૈસાનો નથી. કોણ જાણે કેમ એના દિમાગમાં આપણા માટે અણગમો ભરાઈ બેઠો છે. આપણા ફોન પણ નથી ઉપાડતો.'

'તો પછી શું રસ્તો છે?'

'ક્યાંકથી ઓળખાણ કાઢવી પડશે. કોઈ રાજકારણીને વચ્ચે ન લાવીએ તો વધુ સારું. તિવારી આપણા ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટ પ્રધાન સાથે ભણતો હતો.' બેદીએ કહ્યું.

'પ્રધાનની દીકરી મારી જૂની સ્કૂલફ્રેન્ડ છે.' મેં કહ્યું.

'જે કરવું હોય એ જલદી કરો. આવતા અઠવાડિયે ઍડમિશન ઓપન થઈ જવા જોઈએ. બધાં છાપાંમાં આખા પાનાની જાહેખબર આપી દો.' શુક્લાજીએ કહ્યું.



નછૂટકે મારે ફરીથી આરતીને ફોન કરવો પડયો. હું એને હવે માત્ર કામ માટે જ ફોન કરતો હતો, એવા પુષ્કળ મહેણાંટોણાં મારીને આરતીએ છેવટે એના પપ્પા સાથે વાત કરી અને એમને ઘેર બીજે દિવસે સવારે આઠ વાગ્યાની મિટિંગ ગોઠવી આપી. જોકે બદલામાં મારે એને બીજે દિવસે મળવાનું વચન આપવું પડયું.



'તેં તો ઘેર આવવાનું જ છોડી દીધું. કેમ, હવે આરતી સાથે દોસ્તી તૂટી ગઈ?' મિસ્ટર પ્રધાન બોલ્યા.

અમે એમના સ્ટડીરૂમમાં બેઠા હતા. આરતીના દાદા, ભૂતપૂર્વ મુખ્યમંત્રી બ્રીજપ્રધાન, દીવાલ પર લટકતી એમની તસવીરમાંથી અમને નિહાળી રહ્યા હતા.

'એવું નથી અંકલ, પણ હમણાં કામમાંથી ફુરસદ નથી મળતી.' મેં જવાબ આપ્યો.

'હા, મેં તારી કૉલેજ વિશે સાંભળ્યું. શુક્લાજી એની સાથે સંકળાયેલા છે ને?'

'હા. બધી સત્તાવાર વિધિ પતી ગઈ છે, પણ હવે એક જ કામ બાકી રહ્યું છે અને એમાં તમારી મદદની જરૂર છે.' મેં નમ્રતાભેર તિવારીવાળા પ્રૉબ્લેમનું વર્ણન કર્યું.

સાંભળીને પ્રધાને એનો સેલફોન ઉપાડયો. તિવારી સાથે વાત કરી અને એ જ બપોરે વાઈસ ચાન્સેલરની ઑફિસમાં અમારી મિટિંગ નક્કી કરી નાખી.

'થેંક્યુ વેરી મચ.' મેં ઊભા થતાં કહ્યું.

'યુ આર વેલકમ, પણ તેં તિવારીને પૈસા પહોંચાડી દીધા છે?' પ્રધાને અણધાર્યો પ્રશ્ન કર્યો.

હું નીચું જોઈ ગયો. આરતીના પપ્પા સાથે આવી વાત કરતાં મને સંકોચ થતો હતો.

'હું જાણું છું કે શિક્ષણનો ધંધો કેવી રીતે ચાલે! તિવારી બુદ્ધિજીવી હોવાનો દાવો કરે છે. મોટી મોટી વાતો કરે છે, પણ પૈસા લીધા વિના કામ કરતો નથી. મેં બસ, તમારી મુલાકાત ગોઠવી આપી, પણ હવે આ મામલામાં મને વધુ નહીં ઘસડતા.'

'જી સર.' મેં કહ્યું અને પછી ઉમેર્યું, 'હું પણ એ બધી લેતીદેતીમાં નથી પડતો. મારે માત્ર કૉલેજ ચલાવવી છે.'

'તો એ બધા કાળાં કામ શુક્લાજીના માણસો કરે છે?' પ્રધાને પૂછ્યું.

'હા.' મેં નીચી નજરે જવાબ આપ્યો.

'ગુડ, તો તો તું મારા જેવો છે. આપણે ભલે પ્રામાણિક રહીએ, પણ ખોટા ધંધા કરવાવાળા સાથે બાખડીએ નહીં, એમાં જ શાણપણ છે.'

પ્રધાન સામે માથું નમાવીને મેં એમના ઘેરથી વિદાય લીધી.



આરતી અને હું 'કાફે કૉફી ડે'માં બેઠેલા. આ એ જ જગ્યા હતી, જ્યાં કરિયર ફેરમાં થઈ ગયેલી ધમાલ પછી સુનીલ મને લઈ આવેલો.

ક્રીમ કલરના ચીકન સલવાર-કમીઝમાં આરતી ભારે સોહામણી લાગી રહી હતી. કાફેમાં બધાંની નજર એના પર ઘૂમી ગયેલી.

'આપણે વારંવાર આવી કૉફી મિટિંગ માટે મળવું જોઈએ. પછી ભલે આપણા બેમાંથી કોઈ કૉફી ન પીતું હોય.' આરતીએ એના ચૉકલેટ મિલ્ક શેક વિથ આઈસક્રીમમાં સ્ટ્રો ડુબાડતાં કહ્યું, મેં બ્લેક ટી મગાવેલી.

'રાઘવને નહીં ગમે.' હું બોલ્યો.

'કેમ વળી, દસ વર્ષથી તું મારો બેસ્ટ ફ્રેન્ડ છે, કૉફી માટે તને મળું તો એનું શું બગડી જવાનું? અને હા, હવે તો એ રિપોર્ટરસાહેબને મને મળવાનોય ટાઈમ નથી મળતો.'

'એણે મારો ઈન્ટરવ્યૂ કર્યો છે. કેવી રીતે એક સીધાસાદા, સ્થાનિક છોકરાએ કૉલેજ શરૂ કરી, એ વિષયમાં!'

'સાચી વાત છે. આ મોટી સિદ્ધિ કહેવાય.'

'ખાસ કરીને મારા જેવા નિષ્ફળ-ડફોળ માટે!'

'મેં એવું ક્યાં કીધું?' કહીને આરતીએ બે ચૉકલેટ ચીપ મફીન્સનો ઑર્ડર આપ્યો. એનું ચાલે તો દુનિયામાં ચૉકલેટ સિવાય ખાવા જેવી બીજી કોઈ વસ્તુ ન મળે.

'તેં નોકરી શોધી?' મેં પૂછ્યું.

'વારાણસીથી બહાર જવાનો વિચાર તો હવે માંડી વાળ્યો છે, પણ અહીં એક ઑફર મળી છે, વિચારું છું.'

'કેવી ઑફર?'

'કેન્ટોનમૅન્ટ એરિયામાં નવી રમાડા હોટલ ખૂલવાની છે. ત્યાં ગેસ્ટ રિલેશન્સ ટ્રેઈની તરીકેની પોસ્ટ માટે મેં અરજી કરેલી. આવતા મહિનાથી કામે લાગવાનું છે.'

'વાહ, હા પાડી દે. તું કંઈ ઘરમાં બેસી રહે એવી નથી.'

આરતીની આંખ અચાનક ભીની થઈ ગઈ, 'શું થયું?' મેં એને ટિશ્યૂ આપતાં પૂછ્યું.

'એક વાર હું અહીં જોડાઈ ગઈ તો પછી મમ્મી-પપ્પાને નિરાંત થઈ જશે. કહેશે કે, નોકરી સારી છે, ઘરની નજીક છે. હવે વારાણસીમાં જ રહી જા. પણ એને બદલે હું મોઢું ચઢાવીને ઘરમાં બેસી રહું તો કદાચ

કંટાળીને એ લોકો મને બહારગામ કોઈ ઍરલાઈનમાં જોડાવાની રજા આપી દે!'

'આમાં શું રડવા બેઠી? હોટલની નોકરી સારી છે. આમેય તે હૉસ્પિટૅલિટી કોર્સ તો કર્યો છે.'

'હૉસ્પિટૅલિટી નહીં ઍવિયેશન.'

'સારું, પણ ઍરહોસ્ટેસ બને તોયે તારે મહેમાનની સેવા જ કરવાની છેને! હવે આ કામ હોટલમાં કરે તો શું વાંધો છે? આજે ટ્રેઈની તરીકે જોડાઈશ તો કાલે ઑફિસર અને પછી એક દિવસ જનરલ મૅનેજરની પોસ્ટ પર પહોંચી જઈશ. તું સ્માર્ટ છે. આ ક્ષેત્રમાં બહુ જલદી આગળ વધી જઈશ.'

'ખરેખર?' આરતીએ ગાલ પરના આંસુ લૂછતાં, નાના બાળકની જેમ પૂછ્યું, પણ હું જવાબ આપવાને બદલે એની સામે તાકી રહ્યો. ભીની થઈને ઑર સુંદર બની ગયેલી આરતીની આંખોમાં હું ખોવાઈ ગયો.

'શું થયું, મારું આઈ-લાઈનર રેળાઈ ગયું?' આરતીએ કરેલા સવાલની સાથે હું હોશમાં આવ્યો.

'વધુ વિચાર્યા વિના હોટલમાં ટ્રેઈની તરીકેનો જૉબ લઈ લે. પછી ન ગમે તો છોડી દેજે. રાઘવ શું કહે છે?'

'કંઈ નહીં.'

'મતલબ?'

'આ ઑફર આવ્યા બાદ અમે મળ્યા જ નથી. મેં એને ફોન કરેલો, પણ આ વિશે પૂછ્યું તો રાઘવે કહી દીધું કે તારી ઈચ્છા હોય એ પ્રમાણે કરજે! હમણાં તો એ કોઈ સ્ટોરી કરવા માટે ગામડામાં ગયો છે.'

'તું અહીં રહે તો તમારા બંને માટે સારું જ છે ને!' મેં પરાણે ડહાપણભર્યા શબ્દો ઉચ્ચાર્યા.

'પણ રાઘવ આવું કંઈ નથી બોલતો.' આરતી મોઢું ફુલાવીને બોલી.

'ભલે મોઢેથી ન બોલે, પણ મનમાં જાણતો હશે.' મેં વધુ દંભ કર્યો.

'મને તો લાગે છે, એને મારા કામમાં કોઈ રસ નથી. હા, કાલે ઊઠીને કોઈ ભ્રષ્ટાચારના સ્કેન્ડલમાં મારું નામ આવે તો કદાચ રાઘવ મારી સામે જુએ!' આરતીએ હળવા સૂરે ફરિયાદ કરી, અને એની અપેક્ષા મુજબ મેં સામે સ્મિત આપ્યું.

'ક્યારે તારી કૉલેજ બતાવીશ?' બહાર નીકળીને એની કાર તરફ

જતાં આરતીએ પૂછ્યું.

'બસ, હજી બે અઠવાડિયાં ખમી જા!'

'આજે હું કેટલું હસી, કેટલું રડી! તને મળીને બહુ સારું લાગ્યું.' આરતી બોલી.

'મને પણ! જોકે તેં મને વધુ રડવાનો મોકો ન આપ્યો.' હું બોલ્યો.

આરતી હસીને મને ભેટી પડી. હંમેશ કરતાં આજે એ વધુ સમય મને વળગી રહી અને પછી અળગી થતાં બોલી, જૂના દોસ્ત એટલે જૂના દોસ્ત, ગોપાલ. બૉયફ્રેન્ડ ને એ બધું ઠીક છે, પણ બાળપણની મિત્રતાને તોલે એ ન આવે અને ન તો જૂના મિત્રની જેમ એ આપણને સમજી શકે!'

સાંભળીને મને કોઈ ખુશી ન ઊપજી. આરતીના મોઢેથી મિત્ર કે બેસ્ટ ફ્રેન્ડ્સ કે ઓલ્ડ ફ્રેન્ડ્સ જેવા શબ્દ સાંભળવાનું મને ક્યારેય નહોતું ગમ્યું. મેં હાથ હલાવીને બાય કહી દીધું.

મારો સેલફોન રણક્યો. સામે છેડેથી બેદીએ હરખ કર્યો, 'વાઈસ ચાન્સેલરનો ફોન આવી ગયો. આપણે મળવાનું છે. પ્રધાન સાથેની એની જૂની દોસ્તી આપણા કામમાં આવી ગઈ.'

'જૂના દોસ્ત એટલે જૂના દોસ્ત!' મેં ફિક્કુ હસીને કહ્યું.

૨૨

ગંગાટૉકના ઉદ્‌ઘાટન વખતે જિંદગીમાં પહેલી વાર મેં સૂટ પહેર્યો.

કૉલેજના ત્રણ રૂમને અમે ઍડમિશન સેન્ટરમાં ફેરવી નાખેલા. ત્યાં ઈન્ફર્મેશન બુકલેટ્સથી માંડીને ફૉર્મ અને પેન સુધીની બધી વસ્તુ મુકાઈ જાય, એનું ધ્યાન રાખવા માટે હું પોતે, આગલી રાતે મોડે સુધી ઊભો રહ્યો હતો અને પછી ઑફિસમાં જ સૂઈ ગયેલો.

શુક્લાજીએ ઉદ્‌ઘાટનને સફળ બનાવવા માટે કોઈ કસર નહોતી છોડી. રીબન કાપવા માટે ખુદ મુખ્યમંત્રી પધારવાના હતા. એમની સાથે બે મંત્રી પણ આવવાના હતા. એમના સિક્યુરિટી ગાર્ડ્સ આગલે દિવસે કૅમ્પસની સુરક્ષા વ્યવસ્થા તપાસી ગયેલા. કૉલેજનું ઑડિટોરિયમ હજી તૈયાર નહોતું થયું, એટલે મેદાનમાં મોટા શામિયાણા નીચે એક ટેમ્પરરી સ્ટેજ ઊભું કરી દેવાયેલું.

શહેરના પ્રતિષ્ઠિત ગણાતા બે હજાર જેટલા લોકોને આમંત્રણ મોકલાયાં હતાં. ભોજનની વ્યવસ્થા હતી એટલે એમાંથી કમસેકમ અડધા લોકો તો આવશે, એવી ગણતરી મુકાયેલી. આમ જનતાને અહીં સુધી લાવવા માટે ચાર બસ અને પત્રકારો માટે એક ડઝન કાર બુક થઈ ગયેલી.

છેલ્લા ત્રણ દિવસથી શહેરના લગભગ તમામ અખબારોમાં અમારી જાહેરખબર છપાતી રહેલી. એમાં દસ લાખનો ખર્ચ થઈ ગયો, પણ શુક્લાજીના કહેવા પ્રમાણે ઉદ્‌ઘાટનનો પ્રસંગ એક જ વાર આવવાનો હતો. આખા શહેરને ખબર પડવી જોઈએ કે વિધાનસભ્ય શુક્લાએ ઈન્સ્ટિટ્યૂટ સ્થાપેલી.

મકાનની સાજસજાવટને છેલ્લો ઓપ અપાઈ ગયો, એ જોઈને સવારે સાડા પાંચે હું મારી ઑફિસમાં એક ઝોકું મારી લેવા ગયો, પણ સાડા છ વાગે શુક્લાજીના ફોને મને જગાડી દીધો, ‘આજનું છાપું જોયું?’ એમણે મોટે સાદે પૂછ્યું.

મેં ધારી લીધું કે એ દિવસે છાપામાં છપાયેલી મોટી જાહેરખબર જોઈને એ ઉત્સાહમાં આવી ગયેલા, ‘ના, હજી કૅમ્પસમાં છાપાં નથી

આવ્યાં.' મેં કહ્યું.

'આવું કઈ રીતે બન્યું?' એમણે પૂછ્યું.

'સાહેબ, બહુ મહેનત કરીને જાહેરખબર...' મારું વાક્ય એમણે પૂરું ન થવા દીધું.

'જાહેરખબર નહીં, સાલા બેવકૂફ, હું દૈનિકમાં છપાયેલા લેખની વાત કરું છું.' શુક્લાજીની ત્રાડ સાંભળીને મારી રહીસહી ઊંઘ ઊડી ગઈ. આટલાં વર્ષોમાં એમણે મને ગાળ આપવાનું તો બાજુએ રહ્યું, ક્યારેય ઊંચે અવાજે પણ નહોતો બોલાવ્યો.

'કયો લેખ?' મેં પૂછ્યું.

'છાપું વાંચીને મને ફોન કર.' સામે ફોન મુકાઈ ગયો.

મેં તાબડતોબ પ્યૂનને બજારમાંથી છાપાં લાવવા માટે દોડાવ્યો. કલાક પછી છાપાં આવ્યાં ત્યારે ખબર પડી કે શુક્લાજી શું કામ આટલા ગુસ્સામાં હતા.

'દૈનિક' અખબારના છઠ્ઠા પાના પર મોટું મથાળું હતું – 'શહેરમાં આજે નવી એન્જિનિયરિંગ કૉલેજ ખૂલશે. ભ્રષ્ટાચારના પૈસે?'

મને આંચકો લાગ્યો અને પછી લેખક તરીકે રાઘવ કશ્યપનું નામ વાંચીને તો હું રાતોપીળો થઈ ગયો. દાંત ભીંસીને મેં લેખ વાંચવાનું શરૂ કર્યું.

રાઘવે લેખની શરૂઆતમાં તો ગંગાટૅક વિશે મેં આપેલી માહિતી લખી હતી. એમાં કંઈ વાંધાજનક નહોતું. લેખની સાથે છપાયેલો મારો અને શુક્લાજીનો ફોટોગ્રાફ પણ સારો લાગતો હતો, પરંતુ ગંગાટૅક પછી રાઘવે શુક્લાજી તરફ નાળચું ફેરવ્યું, અને પછીના શબ્દો બંદૂકના ધડાકા જેવા હતા.

'વાચકોને જાણવામાં રસ પડશે કે આપણા વિધાનસભ્ય રમણલાલ શુક્લા, ગંગાટૅકના ટ્રસ્ટી બૉર્ડ પર છે. કૉલેજનું મકાન ઊભું કરવામાં એમણે આર્થિક મદદ કરી છે. ગંગાટૅક કૅમ્પસની ફરતે જે ખાલી પ્લોટ છે એની કિંમત પાંચથી દસ કરોડની વચ્ચે અંકાય છે અને એ શુક્લાજીની માલિકીની છે. તો સવાલ હવે એ છે કે શુક્લા પાસે આટલા પૈસા આવ્યા ક્યાંથી? ગંગા ઍક્શન પ્લાનમાં કરોડો રૂપિયાની ગોલમાલ થઈ હોવાના સમાચાર ત્રણ વર્ષ પહેલાં આવેલા. એ જ અરસામાં શુક્લાજીએ આ કૉલેજના મકાનનું ભૂમિપૂજન કરેલું. ભ્રષ્ટાચારમાં ખરડાયેલી પ્રતિમાને ફરી ઊજળી કરવા માટે વિધાનસભ્યએ આ કૉલેજ ઊભી કરી છે? લોકો

ગંગામાં પોતાના પાપ ધોવા ડૂબકી મારે છે, પણ શુક્લાએ ગંગા સામે જે પાપ કર્યું છે એ ધોવા માટે હવે મથી રહ્યા છે?'

ગાળ બોલીને મેં છાપાંનો એક ખૂણામાં ઘા કર્યો. ત્યાં શુક્લાજીનો ફોન આવ્યો, 'આ રિપોર્ટર તારો ઈન્ટરવ્યૂ લઈ ગયેલો ને?' એમણે પૂછ્યું.

'હા, એ મ... મારો સ્કૂલફ્રેન્ડ છે.' મેં બીતાંબીતાં કહ્યું અને પછી ઝટ દઈને ઉમેર્યું, 'પણ બીજા કોઈ પેપરમાં આવી સ્ટોરી નથી.'

'બીજા પેપર ગયા ખાડામાં! 'દૈનિક' અહીંનું સૌથી મોટું અને પાવરફૂલ ન્યૂઝપેપર છે. મુખ્યમંત્રીએ ઉદ્‌ઘાટનમાં આવવાનું માંડી વાળ્યું.' શુક્લાજીના ગુસ્સાનો પાર નહોતો.

'તો ઉદ્‌ઘાટન કોણ કરશે?'

'પ્યૂન પાસે કરાવી લો.'

પછી ધીમે ધીમે શુક્લાજીનો રોષ અને મારો ડર ઓછો થયો. એમણે યેનકેન પ્રકારે શિક્ષણખાતાના રાજ્યકક્ષાના મંત્રીને ઉદ્‌ઘાટનમાં આવવા માટે મનાવી લીધા. મુખ્યમંત્રીના નામની તકતી પર એમના જુનિયર મંત્રીના નામનું સ્ટીકર બનાવીને ચોંટાડી દેવાયું. આમંત્રિતોની વચ્ચે અમે જાહેર કર્યું કે છેલ્લી ઘડીએ કોઈ મહત્ત્વનું કામ આવી પડવાથી મુખ્યમંત્રી આવી નહોતા શક્યા.

શુક્લાજી સ્ટેજ પર ચઢયા, પણ એક મિનિટની અંદર ભાષણ પૂરું કરીને ઊતરી ગયા. 'મારે આજે ચાર-પાંચ ગામડાંની મુલાકાતે જવાનું છે. ખેડૂતોને મારી જરૂર છે. મને રજા આપો. આજનો બાકીનો કાર્યક્રમ અમારા ડિરેક્ટર ગોપાલ મિશ્રા સંભાળી લેશે.'

પત્રકારોએ એમને 'દૈનિક'માં છપાયેલા લેખ વિશે પૂછવાની કોશિશ કરી, પણ 'નો કમેન્ટ' કહીને શુક્લાજી કારમાં બેસી ગયા. થોડી વાર બાદ રસ્તામાંથી એમણે મને ફોન કર્યો, 'મારે 'દૈનિક'ના તંત્રી સાથે વાત કરવી છે.'

'જરૂર. હું આજે જ ફોન કરીને મુલાકાતનો સમય નક્કી કરી નાખું છું. સર, ઍડમિશનના ફૉર્મ લેવા માટે સારો ધસારો છે.' મેં કહ્યું, પણ શુક્લાજીને અત્યારે એ વાત સાંભળવાની ફુરસદ નહોતી.

'આ નાલાયક છાપાવાળાને ખબર છે કે આપણે એમને કેટલી જાહેરખબરો આપીએ છીએ!' બોલીને એમણે લાઈન કાપી નાખી.



છાપામાં જાહેરખબર આપનારાઓની તાકાત કેટલી હોય છે, એ સામાન્ય વાચકો નથી જાણતા હોતા.

એ દિવસે હું 'વારાણસી ટાઈમ્સ'ના માર્કેટિંગ હેડ અમર ત્રિવેદીની ઑફિસમાં બેઠો હતો. કૉલેજમાં ખાલી બચેલી બેઠકો ભરી દેવા માટે અમે ફરીથી છાપામાં મોટી જાહેરખબરો આપવાનો નિર્ણય લીધેલો.

'તમે અમને મીડિયા પાર્ટનર બનાવી દો ને!' અમર ત્રિવેદીએ સૂચન કર્યું.

'એ વળી શું?' મેં પૂછ્યું.

'જાહેરખબરથી થોડા વધુ પૈસા આપો તો અમે છાપામાં તમારા વિશે સારા લેખો છાપશું. એ બહાને અમારાં પાનાં ભરાશે અને તમને સારી પબ્લિસિટી મળશે. આ પાર્ટનરશિપમાં બંને પક્ષે ફાયદો છે.'

પણ દૂધનો દાઝ્યો છાશ પણ ફૂંકીને પીએ. મેં કહ્યું, 'અમારા વિશેના લેખમાં સારી વાતો જ લખાશે એની શું ખાતરી?'

'તમે જ લેખ લખીને મોકલી આપજો. અમે છાપી દઈશું.' ત્રિવેદીએ કહ્યું. આ વિષય પર વધુ વિચારવાનું કહીને હું ત્યાંથી નીકળ્યો. મારું બીજું સ્ટોપ 'દૈનિક' અખબારનું કાર્યાલય હતું.

હું ત્યાંના સેલ્સ મૅનેજર શૈલેષ ગુપ્તાની ઑફિસમાં જઈને બેઠો. ગંગાટૅક તરફથી સહુથી વધુ જાહેરખબરો અને પૈસા 'દૈનિક'ને અપાયેલા. ગુપ્તા મને ખુશ રાખવા માટે આતુર હતો.

પછી જે બન્યું એ લંબાણપૂર્વક વર્ણવવાનો અર્થ નથી. ટૂંકમાં કહેવું હોય તો એ દિવસે પુરવાર થઈ ગયું કે અખબારમાં તંત્રી વિભાગ નહીં, પણ ઍડ્વર્ટાઈઝિંગ અને માર્કેટિંગવાળાનો પાવર વધુ હોય છે.

'દૈનિક'માં રાઘવ કશ્યપે લખેલા લેખથી હું નારાજ હતો એ જોઈને ગુપ્તા મને અખબારના મુખ્ય તંત્રી એટલે કે ઍડિટર-ઈન-ચીફ અશોકકુમાર પાસે લઈ ગયો. પહેલાં તો એમણે મારા ગુસ્સાને ગણકાર્યો નહીં. રાઘવના લેખમાં એમને કંઈ વાંધાજનક નહોતું લાગતું અને મેં વધુ બબડાટ કર્યો, તો અશોકકુમારે સંભળાવી દીધું કે મને પ્રતિષ્ઠાની એટલી ચિંતા હતી તો MLA શુક્લા જેવા માણસ સાથે શું કામ કૉલેજ ખોલી!

શૈલેષ સમજી ગયો કે મામલો સુધરવાને બદલે વણસવાની તૈયારીમાં હતો. એની ઑફિસમાંથી હું રીતસર ધમકી આપીને નીકળેલો કે મને સરખો, અને સંતોષકારક જવાબ નહીં મળે તો હું ભવિષ્યમાં એમને એકેય પૈસાની જાહેરખબર નહીં આપું. 'આવતા એક અઠવાડિયામાં મારું

ઍડ્વર્ટાઈઝિંગ બજેટ પાંચ લાખ રૂપિયાનું છે. તમે આડા ચાલ્યા તો હું વારાણસી ટાઈમ્સને આપી દઈશ.' મેં રીતસર ચેકબુક હલાવતા કહ્યું હતું.

જાહેરખબરની આવક વિના કોઈ છાપાં કે મૅગેઝિન ટકી ન શકે. તોતિંગ જાહેરખબર આપતી કંપની રિસાય તો બધાંનું આવી બને. વ્યવહારુ સેલ્સમૅનેજર શૈલેષ ગુપ્તાએ મને થોડી વાર મુખ્ય તંત્રીની ઑફિસની બહાર બેસવાની વિનંતી કરી.

થોડી વાર પછી મને અંદર બોલાવીને એમણે કહ્યું કે અશોકકુમાર પોતે એમએલએ શુક્લા સાથે વાત કરીને મામલો ઠંડો પાડી દેશે.

'આપણા સંબંધ જળવાઈ રહેશે.' ગુપ્તાએ રાજીપો દાખવી લીધો, પણ મારા માટે એટલું પૂરતું નહોતું. 'રાઘવે મારી માફી માગવી પડશે.' મેં મારી છેલ્લી શરત મૂકી.

શૈલેષ તરત માની ગયો. થોડા ખચકાટ બાદ તંત્રી અશોકકુમારે પણ નમતું જોખી દીધું. એમણે રાઘવને બોલાવ્યો. એ લોકોના દબાણને વશ થયા વિના રાઘવને છૂટકો નહોતો.

'આઈ એમ સૉરી.' તંત્રીની કૅબિનમાં લાચાર થઈને રાઘવે ઉચ્ચારેલા એ ત્રણ શબ્દ મારા કાન માટે મધુર સંગીત સમાન હતા.

ઉદારભાવે હું સામે કહેવા ગયો કે, 'ઈટ્સ ઓ.કે.' પણ એ સાંભળવાની પરવા કર્યા વિના રાઘવ ધમ-ધમ કરતો કૅબિનમાંથી બહાર નીકળી ગયો.

૨૩

'રાઘવ સાથે તારે ઝઘડો થયો?' આરતીએ હંમેશ મુજબ રાતે મોડેથી ફોન કર્યો હતો.

'એણે તને કહ્યું?' મેં પૂછ્યું.

'અરે ભઈ, આવતે અઠવાડિયે અમારી હોટલનું ઓપનિંગ છે. એટલી સરસ જગ્યા છે કે મેં વિચાર્યું કે બીજા લોકો જુએ એ પહેલાં સ્પેશિયલ પરમિશન લઈને તમને બતાવી દઉં. પણ ત્રણેય જણ સાથે જઈએ એવું સાંભળતાની સાથે રાઘવ ભડકી ગયો. શું થયું?'

'કંઈ ખાસ નહીં. કામકાજને લગતી વાત હતી, પણ હવે બધું થાળે પડી ગયું છે.'

'ઠીક છે. તને કાલે ફાવશે?'

'હા.'

'ગુડનાઈટ, ડિરેક્ટર સાહેબ.'



રમાડા હોટલની બહાર સિક્યુરિટી ગાર્ડને પોતાનું સ્ટાફકાર્ડ બતાવીને આરતી મને અંદર લઈ ગઈ. મરુન કલરની બનારસી સાડીના યુનિફૉર્મમાં એ રોજ કરતાં સાવ જુદી લાગતી હતી. એણે ખભા પાસે લગાડેલા બેજ પર લખેલું – આરતી પ્રતાપ પ્રધાન – ગેસ્ટ રિલેશન્સ ટ્રેઈની.

હોટલના અતિથિસંપર્ક વિભાગમાં આરતીની ટ્રેઈનિંગ શરૂ થઈ ગયેલી.

હોટલની અંદર ઓપનિંગ પહેલાંની, છેલ્લી તૈયારીઓ ચાલુ હતી. લૉબીમાં ઈટાલિયન માર્બલના ફ્લૉર પર પોલિશિંગ થઈ રહ્યું હતું. એમાંથી રસ્તો કાઢતાં આરતી મને રેસ્ટોરાં ભણી લઈ ગઈ, 'અહીં બાર છે – ટોક્સિક.'

વારાણસીમાં પાપ ધોવા આવતા લોકો ચોખ્ખા થઈને નવાં પાપ

કરવા તૈયાર થઈ જાય એ માટે હોટલવાળાએ પૂરેપૂરી સુવિધા રાખેલી. આરતીએ હોંશેહોંશે મને બધું બતાવ્યું.

'તમે લોકો મને કેમ કંઈ કહેતા નથી?' એણે અચાનક પૂછ્યું.

'શું?'

'રાઘવને તારી સાથે શું વાંધો પડયો?'

'એણે એના ન્યૂઝપેપરમાં અમારી કૉલેજ વિશે જે લખ્યું, એ અમને ગમ્યું નહીં. એણે માફી માગી લીધી. વાર્તા પૂરી.' મેં ટૂંકો જવાબ આપ્યો, પણ સાથે સાથે આરતી પાસે વચન લીધું કે મેં એને જે વાત કરી એ રાઘવના કાન સુધી નહીં પહોંચે.

આરતીએ કહ્યું કે એણે તો રાઘવને એ પણ નહોતું કહ્યું કે, આજે અમે મળવાનાં હતાં.

માનવસંબંધો પણ કેવા અજીબ હોય છે! એક જણને થોડું કહેવાનું, બીજાથી થોડું છુપાવવાનું અને છેલ્લે બધાએ ગૂંચવાઈ જવાનું.

'આંગન' નામની ઈન્ડિયન ફૂડ પીરસતી રેસ્ટોરાં અને પછી જિમ્નેશિયમ બતાવીને આરતીનું દિમાગ પાછું બીજા પાટા પર ચઢી ગયું, 'મને કોઈ વાર બહુ ગિલ્ટી ફિલ થાય છે કે મેં તારી અને રાઘવની દોસ્તી તોડાવી નાખી.'

'એવું કંઈ નથી.' હું બોલ્યો.

'નાનાં હતાં ત્યારે આપણા ત્રણની કેવી પાકી દોસ્તી હતી! તો પછી શું થઈ ગયું?' એકાએક આરતીની આંખોમાં પાણી ધસી આવ્યાં.

'જિંદગી છે, આવું બધું ચાલ્યા કરે.' મેં કહ્યું.

'હું ન હોત તો તમારા બંનેના સંબંધ આટલા બગડત નહીં.'

'ના. હું તારે લાયક નહોતો. રાઘવનો આમાં કંઈ દોષ નથી.'

'શું કામ આવું બોલે છે?' ખાલી જિમ્નેશિયમમાં આરતીના અવાજના પડઘા પડયા, 'ગોપાલ, તું બહુ સારો માણસ છે અને આપણી વચ્ચેના વર્ષોના સારા સંબંધને તું કેમ ભૂલી જાય છે?'

'એ જુદી વાત છે, પણ જવા દે. આપણે લંચ માટે ક્યાં જવાનું છે?' મેં વિષયાંતરનો પ્રયાસ કર્યો.

પણ આરતી વાત છોડવા તૈયાર નહોતી, 'ગોપાલ, છોકરીઓ તમારાથી જુદી રીતે વિચારે છે. કોઈની લાગણીનો પડઘો પાડવામાં ક્યારેક સમય કામ કરી જાય તો ક્યારેક સામેવાળી વ્યક્તિ કેટલી કોશિશ કરે છે એ!'

'મારી કોશિશ ઓછી પડી.' મેં કહ્યું.

'ના, તેં વધુ પડતી કરી નાખી. તું એવા સમયે આવ્યો, જ્યારે હું હજી કોઈ વાત માટે તૈયાર નહોતી. તું બહુ મોટી અપેક્ષાઓ રાખીને બેસી ગયેલો. તને મારો સહારો જોઈતો હતો, પણ મારામાં એટલી શક્તિ નહોતી કે કોઈને ટેકો આપી શકું.' આરતી બોલી.

'આ વળી શું માંડયું છે? અત્યાર સુધીનો મારો પર્ફોર્મન્સ કેવો હતો. એના પર આજે ફેંસલો સુણાવવાનો છે?' મેં થોડા હળવા સૂરે કહ્યું.

'મારે બસ કહેવું હતું કે... ખબર નહીં મારે બસ વાત કરવી'તી તારી સાથે.'

'કે પછી કોઈ તારી વાત સાંભળે એ જોઈતું હતું?' મેં પૂછ્યું. અમે એકબીજાં સામે જોઈ રહ્યાં.

'હા, ગોપાલ, તેં સાચું કહ્યું. તું મને બરાબર ઓળખે છે.'

'વધુ પડતો ઓળખું છું.' મેં સ્મિત કરતાં કહ્યું.

'લંચ આપણે સ્ટાફ કેન્ટીનમાં લઈશું. એ પહેલાં રૂમ જોવા છે?' આરતીએ પૂછ્યું. મેં હા પાડી અને લિફ્ટમાં આરતી મને ત્રીજે માળે લઈ ગઈ. એની પાસે બધા રૂમનું માસ્ટર કી-કાર્ડ હતું.

'સાચું કહું, આ રીતે કોઈને હોટલમાં લઈ આવવાની મંજૂરી નથી.' આરતી બોલી.

'તો?' ગોપાલને લાગ્યું કે આરતી હવે જલદીથી અહીંથી નીકળવાનો ઈશારો કરી રહી હતી.

આરતીએ સ્મિત આપ્યું, 'મારા કહેવાનો મતલબ એ કે તું મારા માટે કેટલો ઈમ્પૉર્ટન્ટ છે! તારે ખાતર હું મારી નોકરી જોખમમાં નાખી દેવા તૈયાર થઈ છું.'

'શું કામ ફિકર કરે છે? આ લોકો તને કાઢી મૂકે તો મારે ત્યાં આવી જજે.' મેં કહ્યું અને અમે ખડખડાટ હસી પડયાં. વર્ષો પછી આવી હળવી પળ આવી હતી. સ્કૂલના દિવસો યાદ આવી ગયા, જ્યારે ક્લાસમાં કોઈ ઓડકાર ખાય કે ટીચરના ચાળા પાડે તોય અમે હસી હસીને લોથપોથ થઈ જતા.

આરતીએ ૩૧૦૩ નંબરનો રૂમ ખોલ્યો. મેં મારી જિંદગીમાં આવી ભવ્યતા, સાહ્યબીનાં દર્શન નહોતાં કર્યાં. પછીની વીસ મિનિટ અમે નાનાં બાળકોની જેમ રૂમની લાઈટ સ્વીચ, બાથરૂમના નળ સાથે રમતા રહ્યા. આરતી સાથે હું ક્યારેય આવી જગ્યાએ એકલો નહોતો રહ્યો. ધીમે ધીમે મેં

વાતાવરણમાં થોડો નશો ભળતો અનુભવ્યો. કદાચ આરતીને આવું નહીં લાગ્યું હોય, પણ આ નશો માથા પર ચઢી બેસે એ પહેલા મેં ઘડિયાળમાં જોઈને કહ્યું, 'હવે જવું જોઈએ.'

અમે રૂમની બહાર નીકળ્યાં ત્યાં જ બ્રાન્ડ ન્યૂ સૂટ પહેરીને સામેથી આવી રહેલો માણસ દેખાયો, 'આરતી?' એણે થોડા આશ્ચર્યથી કહ્યું.

આરતીના ચહેરાનો રંગ ઊડી ગયો. 'સર' એ માત્ર એટલું બોલી શકી. મેં સામેવાળાના સૂટ પર લગાડેલો ટેગ વાંચ્યો – બિનાયક શાસ્ત્રી... બૅંક્વેટ મૅનેજર.

'આરતી, તું અહીં શું કરે છે?' શાસ્ત્રીએ પૂછ્યું.

'સર, આ મિસ્ટર ગોપાલ મિશ્રા છે. આપણા નવા ક્લાયન્ટ!'

'પણ હજી તો હોટલનું ઓપનિંગ પણ નથી થયું.' બિનાયકે શંકાશીલ અવાજે કહ્યું.

'હેલો' મેં હાથ લંબાવતાં કહ્યું, 'હું ગંગાટૅક ગ્રૂપ ઑફ કૉલેજિસનો ડિરેક્ટર છું.' એણે મારી સાથે હાથ મિલાવ્યા.

'અમારી કૉલેજનો એક કાર્યક્રમ અહીં કરવાનું વિચારું છું.' મેં લિફ્ટ તરફ જતાં કહ્યું.

'કેવો કાર્યક્રમ?' શાસ્ત્રીએ પૂછ્યું.

'કૅમ્પસમાં પ્લેસમૅન્ટ માટે જે ટોપ કંપનીના એક્ઝિક્યુટિવ્સ આવે છે એમના માટે ડિનર.' હું બોલ્યો. આરતીએ મારી સાથે નજર મિલાવવાનું ટાળ્યું.

'જરૂર. અમે તમારી સેવામાં હાજર છીએ.' શાસ્ત્રીએ એનું કાર્ડ મને આપતાં કહ્યું.

'મારી ઑફિસવાળા તમારો કૉન્ટેક્ટ કરશે. થૅંક્યુ.' મેં લૉબીમાં પહોંચીને કહ્યું. આરતી સાથેના લંચનો પ્રોગ્રામ તો હવે પડી ભાંગેલો. પ્રૉફેશનલ સ્માઈલ આપીને એ રિસેપ્શન ડેસ્કની પાછળ જતી રહી.

મને બહાર મૂકવા આવેલા શાસ્ત્રીને અચાનક પ્રશ્ન થયો, 'પણ તમને રૂમ જોવાની કેમ જરૂર પડી?'

'ફોરેનથી આવતા અમારા મહેમાનો માટે.' મેં ગપ્પું હાંક્યું અને શાસ્ત્રીને બીજો કોઈ સવાલ જાગે એ પહેલાં સદ્નસીબે મારો ડ્રાઈવર કાર લઈને ત્યાં આવી પહોંચ્યો.

૨૪

પછીના બે મહિનાની અંદર અમે કૉલેજમાં પહેલી બેચની બસોમાંથી એકસો એંસી સીટ્સ ભરી નાખી. આ પ્રોજેક્ટ શરૂ થયા બાદ પહેલી વાર મેં શુક્લાજીના એકાઉન્ટમાં પૈસા જમા કર્યા.

ગામડેગામથી ખેડૂતો, એમણે વર્ષોથી જમા કરેલી પૂંજી રીતસર કોથળામાં ભરીને લઈ આવેલા, 'મારા દીકરાને એન્જિનિયર બનાવી દો.' હાથ જોડીને એક ખેડૂતે કહ્યું.

અમારું કામ સહેલું થઈ ગયેલું. નોકરી અને લગનની બજારમાં B.Tech ડિગ્રીની કિંમત બહુ સારી ઊપજે છે. ગંગાટેકને આશાવાદી છોકરાઓ મળી ગયા. ડીન શ્રીવાસ્તવ અને એમના વીસ પ્રોફેસરોએ મળીને ક્લાસ સંભાળી લીધા. મારે બીજાં ઘણાં કામ હતાં. હૉસ્ટેલમાં કેન્ટીન, નવા સ્ટાફની નિમણૂક, બાકી રહેલું બાંધકામ...

અઠવાડિયે એક વાર ફેકલ્ટી મૅમ્બર સાથે ડિનર લેવાનું થતું. મોટે ભાગે એમાં કૉલેજ વિશે વાતો થતી. મારે બીજા એવા કોઈ મિત્રો નહોતા, જેમની સાથે બહાર જઈ શકું. ઘણી વાર હું શુક્લાજીને ઘેર જતો.

'તું ઇન્સ્ટિટ્યૂટનો ડિરેક્ટર છે. ક્યાં સુધી તારા જૂના ખખડધજ મકાનમાં રહીશ?' એક સાંજે વ્હીસ્કીના ચાર-પાંચ પેગ પેટમાં ઉતારી દીધા બાદ શુક્લાજીએ પૂછ્યું.

'મોટે ભાગે તો હું ઑફિસમાં જ સૂઈ જાઉં છું, પણ ફેકલ્ટી બંગલો બહુ જલદી તૈયાર થઈ જશે.' મેં કહ્યું.



મારી જિંદગીમાં આરતીનું પુનરાગમન થયેલું. આરતી એકમાત્ર એવી વ્યક્તિ હતી જેને હું કોઈ કામ વિના પણ મળતો હતો.

રમાડા હોટલનું ઓપનિંગ થયું, એ દિવસે મેં આરતીને ફૂલ અને ચૉકલેટનું બૉક્સ મોકલ્યાં. એના માટે આ મહત્ત્વનો દિવસ હતો. જોકે મેં મોકલેલા ગુલાબનો રંગ લાલ નહીં, સફેદ હતો. વ્હાઈટ ફોર ફ્રેન્ડશિપ!

'હેય થૅંક્સ, તું કેટલો સ્વીટ છે.' આરતીનો એસએમએસ આવ્યો.

પચાસ વાર વાંચીને મેં જવાબ આપ્યો, 'યુ આર વેલકમ. ભવિષ્યમાં બહુ મોટી વ્યક્તિ બની જનારી સ્ત્રી માટે!'

'આજે કેમ આટલી સારી સારી વાતો કરી રહ્યો છે?' દસ મિનિટ બાદ આરતીનો મૅસેજ આવ્યો.

જવાબમાં મેં ત્રણ સ્માઈલી મોકલ્યા. :) :) :)

આરતીએ થોડી વાર બાદ પુછાવ્યું, 'સાંજે સાત વાગે કાફે કૉફી ડેમાં મળે છે?'

'જરૂર.' મેં તરત જવાબ આપ્યો.

સાંજે સિગરામાં આવેલા કાફે કૉફી ડેમાં અમે મળ્યાં. આરતીએ ઉત્સાહભેર એના વ્યસ્ત દિવસનું વર્ણન કર્યું. ઍરહોસ્ટેસ નહીં બની શક્યાનો એનો અફસોસ ઓગળી ગયેલો.

'આજે તો આપણે મળ્યાં, પણ એ સિવાય રોજ સાંજે તું શું કરતો હોય છે?' આરતીએ પૂછ્યું.

'ખાસ કંઈ નહીં. કૅમ્પસમાં જ હોઉં છું.'

'અરર, કોઈ મિત્રો નથી?'

'કૉલેજમાં મારી સાથે જે લોકો કામ કરે છે, એમની કંપની મળી રહે છે.'

'ગોપાલ, તને ખરેખર મિત્રોની જરૂર છે. મને જો, મારી પાસે તો તું છે.' આરતી બોલી.

'અને રાઘવ?' મેં પૂછ્યું.

'રાઘવ એના ન્યૂઝપેપરમાંથી ક્યાં ઊંચો આવે છે?' આરતીએ આટલું કહીને ઉમેર્યું, 'આખો દિવસ કામ કર્યા પછી સાંજ તો કોઈ દોસ્ત સાથે વિતાવવી જોઈએ.'

રાઘવને આરતી માટે સમય નહોતો. મને બીજા કોઈ મિત્રો નહોતા. હું અને આરતી ફરીથી દોસ્ત બની ગયાં. એવાં દોસ્ત જે પોતપોતાનું કામ પતાવીને અઠવાડિયે બે-ત્રણ વાર સાંજે મળે. અમે નવી નવી રેસ્ટોરાં અને કાફેમાં જઈને બેસતાં, કોઈ વાર ફિલ્મ જોવા જતાં, કોઈ વાર રવિદાસ પાર્કમાં ચાલવા જતાં.

આ નવી દોસ્તીમાં અમુક વણલખ્યા નિયમ હતા. અમે ફોન પર લાંબી લાંબી વાતો કરવાને બદલે એકબીજાને એસએમએસ મોકલી દેતા હતા. ભૂતકાળને નહોતા ઉખેળતા અને ટૅન્શન થાય એવા વિષય પર

બોલવાનું ટાળતા. હું આરતીને ક્યારેય સ્પર્શ નહોતો કરતો. હા, એ ક્યારેક વાતો કરતાં મારો હાથ પકડી લેતી. ફિલ્મ જોવા જતી વખતે થિયેટરમાં અમે સાથે જવાનું કે બહાર નીકળવાનું ટાળતા. આમેય વારાણસીમાં બીજાં છોકરા-છોકરીઓ આવું જ કરતાં હતાં. આરતીના સેલફોન પર રાઘવનો કૉલ આવે ત્યારે હું દૂર હટી જતો અને રાઘવને કામમાંથી ફુરસદ મળે ત્યારે આરતી એને મળવા જતી રહેતી. મારી અને આરતીની મુલાકાતો વિશે રાઘવ નહોતો જાણતો.



કૉલેજના ઉદ્‌ઘાટનના દિવસે જે ધમાલ થઈ ગઈ, એ પછી રાઘવ જાણે મારા જીવનમાંથી અદૃશ્ય થઈ ગયેલો, પણ ગમે તે કરો. કૂતરાની પૂંછડી આખરે વાંકી જ રહે. એણે ફરીથી અમારી દિશામાં એક મિસાઈલ છોડી.

રાઘવ ઘણી વાર કાળાબજાર કરતા રેશનશૉપના દુકાનદારો, ગેરકાયદે વેચાતા એલપીજી સિલિન્ડર્સ, લાંચિયા આરટીઓ ઑફિસરો પર લખતો, પણ ભારતમાં તો આ રોજનું થયું. કોને એમાં રસ હોય? હુંયે એના લેખો પર ઝાઝું ધ્યાન નહોતો આપતો. કૉલેજ ખૂલ્યાના લગભગ મહિના બાદ એક સવારે છાપામાં રાઘવના નામ સાથે મેં એક ન્યૂઝસ્ટોરી વાંચી. મથાળું હતું – વારાણસી નગર નિગમમાં ખાયકી અને બિલ્ડરોની બદમાશી.

નિયમોની ઐસીતૈસી કરીને નગરનિગમે કયાં કયાં મકાનોને, કેવી કેવી ગેરકાનૂની બાંધકામની મંજૂરીઓ આપી દીધેલી. એનું વર્ણન રાઘવે કરેલું ત્યાં સુધી તો મેં નિરાંતે વાંચ્યું, પણ પછી ગંગાટૅકનું નામ વાંચીને હું ભડક્યો.

રાઘવે લખેલું – ખેતીની જમીન પર રાતોરાત રહસ્યમય રીતે કૉલેજ બાંધવાની પરવાનગી અપાઈ ગઈ અને કૉલેજ બાંધવામાં એફએસઆઈ નિયમોનો છડેચોક ભંગ થયો છે.

ચિઢાઈને મેં પેપરનો ઘા કર્યો. આ પહેલાં રાઘવે સમસ્યા ઊભી કરી ત્યારે મેં શુક્લાજીને માંડ માંડ મનાવેલા. મેં એમને ખાતરી આપી હતી કે રિપોર્ટરે માફી માગી લીધી અને ભવિષ્યમાં એ આપણી વિરુદ્ધ કંઈ નહીં લખે. મને ખાતરી હતી કે રાઘવ હવે પેલા દિવસના 'સૉરી'નો બદલો લઈ રહ્યો હતો.

અપેક્ષા મુજબ ધૂંવાંપૂંવાં થતા શુક્લાજીનો ફોન આવ્યો. એમને આ રિપોર્ટની પાછળ પોતાના રાજકીય વિરોધીઓનો હાથ દેખાતો હતો, પણ મેં એમના ભેજામાં ઉતારી દીધું કે રાઘવ જ અમારી પાછળ પડી ગયો હતો અને એને પાઠ ભણાવવાની જરૂર હતી. રાઘવની સાન ઠેકાણે લાવવાની જવાબદારી શુક્લાજીએ પોતે ઉપાડી લીધી.

‘દૈનિક’માં રિપોર્ટ વાંચ્યા બાદ વારાણસી નગર નિગમે પોતાની આબરૂ બચાવવા માટે અમારા કૅમ્પસમાં સીધા બે બુલડોઝર મોકલી દીધાં. એની સાથે આવેલો અમૃત રાવ બહુ પ્રામાણિક, કડક અધિકારી હોવાની છાપ હતી, પરંતુ શુક્લાજીએ એને પણ ખરીદી લીધો.

સિમેન્ટની કોથળીમાં બે લાખ રૂપિયા રોકડા ભરીને મેં રાવને આપ્યા અને બુલડોઝરને ધોયેલા મૂળાની જેમ પાછા ન મોકલાય એટલે અમારી અડધી બંધાયેલી મશીનિંગ લૅબોરેટરીમાંથી મશીનો બહાર કાઢી લઈને રાવને કહ્યું, ‘આને તોડી નાખો.’

૨૫

'દૈનિક'ના માલિકોએ રાઘવને નોકરીમાંથી કાઢી મૂક્યો. આ સમાચાર મેં આરતી પાસે સાંભળ્યા. એની સામે મેં ખોટો અફસોસ દાખવ્યો, પણ મારા મનમાં તો હર્ષના ફટાકડા ફૂટયા.

આ શુભ સમાચાર સાંભળ્યા બાદ સાંજે ઘેર જઈને મેં મારી રીતે ઉજવણી શરૂ કરી. વ્હીસ્કીએ અડધી રાતે એની અસર દેખાડી. મેં રાઘવને ફોન કર્યો. એણે તરત ઉપાડયો.

'બીજી વાર સૉરી સાંભળવા ફોન કર્યો છે?' મારો અવાજ સાંભળતાની સાથે એણે કહ્યું.

'રાઘવ, શું કામ મારા પર ગુસ્સે થાય છે?' મેં શાંત અવાજે પૂછયું.

'ગુસ્સે તો હું એવા લોકો પર જ થાઉં છું, જેમની મને પરવા હોય.'

'તને તારી નોકરીની તો પરવા હતી.'

'બાય, ગોપાલ.'

'રાઘવ, મેં તને ચેતવેલો કે અમારા વિશે નહીં લખતો.'

'મારે શું લખવું એ તારે શીખવાડવાની જરૂર નથી.'

'અરે હા, તું તો BHUનો સ્કોલર છે. મારા જેવા અભણ માણસ કેવી રીતે તને કંઈ શીખવાડી શકે?' મેં કહ્યું. વ્હીસ્કી મારો આત્મવિશ્વાસ વધારી રહી હતી.

'ગોપાલ, સવાલ ડિગ્રી કે ઍજ્યુકેશનનો નથી. તું તારી જાતને જો! તું કઈ હદે પહોંચી ગયો છે. મને તો માનવામાં નથી આવતું.'

'હા, તને માનવામાં નથી આવતું કે ગોપાલ આજે આટલો અમીર અને સફળ છે અને JEE પાસ કરનારો રાઘવ બેરોજગાર છે.'

'ગોપાલ, આજે નહીં ને કાલે, મને તો નોકરી મળી જશે, પણ તું તારા એમએલએને કહી દેજે કે એમણે ભલે મને 'દૈનિક'માંથી કઢાવ્યો, પરંતુ પાપ એક દિવસ છાપરે ચઢીને પોકારશે.'

'રાઘવ, મારે ત્યાં નોકરી પર આવી જા.'

રાઘવે લાઈન કાપી નાખી...



'રૅવૉલ્યુશન 2020' – રાઘવ આ નામનું ન્યૂઝ પેપર શરૂ કરવાનો હતો. એની જાણ પણ મને આરતી પાસેથી થઈ.

રાઘવે 'દૈનિક'ની નોકરી ગુમાવી એ પછી આરતી એની ફુરસદનો વધુ ને વધુ સમય રાઘવ સાથે વિતાવતી હતી, પણ એક સાંજે મેં એને મળવા માટે મનાવી લીધી.

આરતી જ્યાં નોકરી કરતી હતી, એ જ રમાડા હોટલની કૉફીશૉપમાં અમે મળ્યાં. રજાનો દિવસ હતો. ઘણા સમય બાદ મેં આરતીને સાડીની જગ્યાએ બ્લેક જીન્સ અને ઑરેન્જ ટીશર્ટમાં જોઈ. જોકે દરેક કપડામાં એ સુંદર જ લાગતી હતી.

આરતી હજીયે નહોતી જાણતી કે રાઘવે શું કામ 'દૈનિક' છોડવું પડ્યું. રાઘવે એને કહેલું કે એ હવે કોઈની નોકરી કરવા નહોતો માગતો અને આરતીએ માની લીધેલું. એને ખબર નહોતી કે શુક્લાજી સાથે દુશ્મની વહોરી લીધા બાદ રાઘવને વારાણસીના કોઈ મોટા અખબારમાં નોકરી નહોતી મળવાની.

'પોતાનું અખબાર શરૂ કરવું કંઈ ખાવાના ખેલ નથી. પહેલી જરૂર તો પૈસાની પડશે.' હું બોલ્યો.

'પૈસા નહીં, અખબારના પાના પર શું છપાય છે એ વધુ મહત્ત્વનું છે.' આરતીએ કહ્યું.

'ખરેખર? આરતી, તારા જેવી અક્કલવાળી, વ્યવહારુ છોકરી પણ આવું માની શકે?'

'ગોપાલ, તું કૉલેજ શરૂ કરી શકે તો રાઘવ એક ન્યૂઝપેપર નહીં?'

'મને વિધાનસભ્ય શુક્લાનો ટેકો હતો. એની પાસે પૈસા છે અને ઊંચે સુધી સંપર્ક છે.'

'રાઘવને શુક્લા માટે ભારે નફરત છે. એ કહે છે કે વારાણસીમાં અત્યાર સુધી શુક્લા જેવો ભ્રષ્ટ રાજકારણી બીજો કોઈ નથી પાક્યો.' આટલું કહીને આરતીએ હાથ હલાવ્યો, 'આપણે શું કામ રાજકારણની ચર્ચા કરવી જોઈએ?'

'અચ્છા, તો આ રિવૉલ્વિંગ...'

'રિવૉલ્વિંગ નહીં, રૅવૉલ્યુશન, એટલે ક્રાંતિ. રાઘવનું આ લક્ષ્ય છે. એ કહે છે કે ૨૦૨૦ની સાલ સુધીમાં ભારતમાં મોટી ક્રાંતિ થશે. સત્તા યુવાનોના હાથમાં આવશે અને આપણે જૂની ભ્રષ્ટાચારી સિસ્ટમ

ઉખાડીને ફેંકી દઈશું.' આરતી એના પ્રેમીના શબ્દો ઉચ્ચારી ગઈ.

'રાઘવ વારાણસીમાં બેઠો બેઠો આ કરશે?' મેં સહેજ રમૂજથી પૂછ્યું.

'હાસ્તો. શહેરનાં બાળકોને આ ભ્રષ્ટાચારી અને અન્યાયી સમાજવ્યવસ્થા ઝાઝી નડતી નથી. મોટાં શહેરોમાં સારી કૉલેજો છે, ત્યાં વસતાં છોકરા- છોકરીઓને એમના ગમતા ક્ષેત્રમાં આગળ વધવાની તક મળે છે. ક્રાંતિની શરૂઆત નાના શહેરમાંથી થવી જોઈએ.'

'રાઘવે તને ઘણું શીખવાડી દીધું.'

'લોકોના પાપ ધોનારા વારાણસીમાંથી આ ક્રાંતિની શરૂઆત થાય, એનાથી રૂડું શું?' આરતીના અવાજમાં ઉત્સાહ ટપકતો હતો. કદાચ એને રાઘવની આ જ વાત ગમતી હતી. ગમે તે સંજોગોમાં પૂરા જોશ સાથે લડવા તૈયાર થઈ જવું, પછી ભલેને કલ્પના અને વાસ્તવિકતા વચ્ચે લાખો જોજનનું અંતર હોય. કદાચ છોકરીઓને વાસ્તવિકતા નહીં ગમતી હોય.

હું એને કલ્પનાના આકાશમાંથી ધરતી પર લઈ આવ્યો, 'છાપું ચાલશે કેવી રીતે? ક્રાંતિ આવે ત્યાં સુધી કાગળ, પ્રિન્ટિંગ અને પ્રચારના પૈસા કોણ આપશે?'

આરતી સહેજ ધીમી પડી, 'રૅવૉલ્યુશન 2020' કોઈ મોટું ન્યૂઝપેપર નથી. એમાં એક મોટું પાનું હશે. એક તરફ સમાચાર અને બીજી તરફ લગ્નવિષયક જાહેરખબરો છપાશે. શરૂઆતમાં આ માટે કોઈ ચાર્જ નહીં લેવાય. પછી જોઈશું. સાથેસાથે નોકરીની જાહેરખબર પણ લેવાનો ઈરાદો છે. મોટા છાપા કરતાં એનો ભાવ બહુ ઓછો હશે અને વર-કન્યા કે નોકરી માટેની જાહેરાતો સ્થાનિક લોકોમાંથી જ આવશે એટલે અહીં રહેતા માણસોને વધુ રસ પડશે.'

'હં.'

'અને, આ પ્રોપર ન્યૂઝપેપર નથી. એટલે રાઘવને કોઈ નિયમો કે બાધાઓ નહીં નડે. એ પોતાની ઈચ્છા પ્રમાણેના અહેવાલો અને લેખો છાપી શકશે.'

'પણ આમાંથી એ પૈસા નહીં કમાય.' મેં મહત્ત્વનો મુદ્દો ઉખેળ્યો.

'તો શું થઈ ગયું? દુનિયામાં પૈસા જ સર્વસ્વ નથી.' આરતીએ પ્લેટમાંથી ચૉકલેટ મફીન ઉપાડતાં કહ્યું.

'ફાઈવસ્ટાર હોટલમાં બેસીને કેક ખાતાં ખાતાં આવું બોલવાનું

સહેલું છે.' મેં આરતીના હાથ તરફ ઈશારો કરતાં કહ્યું, આરતીએ હસીને મફીન પાછું પ્લેટમાં મૂકી દીધું.

'મને તો પૈસા ગમે છે.' મેં કહ્યું.

'એમાં ખોટું શું છે? પૈસા કે ક્રાંતિ, તમારું દિલ કહે ત્યાં જવાનું!' આરતી સરળભાવે બોલી.

બિલ ચૂકવીને અમે બહાર નીકળ્યાં, 'તારે ક્યાંય પહોંચવાની ઉતાવળ છે?' મેં પૂછ્યું.

'ખાસ નહીં, કેમ?'

'ઘણાં વખતથી મેં ગંગામાં નાવ નથી ચલાવી.' હું બોલ્યો.

૨૬

અસ્સી ઘાટ પર બેઠેલા ફૂલચંદે મને દૂરથી ઓળખી લીધો. જોકે મને સૂટમાં જોઈને એને થોડી નવાઈ લાગી, થોડી રમૂજ પણ થઈ.

નાવમાં આરતી બેઠી. એની પાછળ હું બેસવા જતો હતો ત્યાં ફૂલચંદે મારા હાથમાં કાગળનું એક નાનું પડીકું આપ્યું, 'શું છે?' મેં પૂછ્યું.

'મસ્ત ચીજ છે. અઘોરી સાધુઓ પાસેથી લઈ આવ્યો છું. તમારી પાસે માચીસ તો છે ને!'

આરતી સમજી ગઈ. એણે મને લુચ્ચું સ્મિત આપ્યું. હું ઘાટ પર જઈને પાનવાળાની દુકાનમાંથી થોડી સિગારેટ અને માચીસ લઈ આવ્યો.

'નાવમાં બેઠાને કેટલા દિવસ થઈ ગયા, રાઘવ!' નદીમાં થોડે આગળ પહોંચ્યા બાદ આરતી બોલી.

'રાઘવ નહીં, મારું નામ ગોપાલ છે.'

'સૉરી, સૉરી.'

'વાંધો નહીં.'

નાવને હું નદીની સામે પાર લઈ ગયો. હલેસાં ચલાવવાની આદત છૂટી ગયેલી. થોડી વારમાં બાવડા દુ:ખવા લાગ્યા.

વારાણસીના મુખ્ય ઘાટ પર એકથી બીજે છેડે મંદિરો અને જૂનાં મકાનોની હારમાળા છે, પણ નદીની બીજી તરફ રેતી સિવાય બીજું કંઈ નથી. કોઈ રડયોખડયો ટૂરિસ્ટ આવી પહોંચે, એના માટે એકમાત્ર ચાવાળો ત્યાં હતો. નાવને એક ઝાડ સાથે બાંધીને અમે જમીન પર ઊતર્યાં. સંધ્યાટાણે આકાશ કેસરવર્ણું થઈ ગયેલું, 'થોડું ચાલીએ.' આરતીએ પવનની દિશામાં ચહેરો ફેરવતાં કહ્યું.

અહીં કોઈ ભીડભાડ નહોતી અને નહોતો કોઈ ઘોંઘાટ. અમે પણ કંઈ બોલ્યા વિના થોડી વાર ચાલતાં રહ્યાં.

'ફૂલચંદે આપ્યું એનો ટેસ્ટ કરવાનો છે?' આરતીએ અચાનક પૂછ્યું. મેં પૅકેટમાંથી એક સિગારેટ કાઢી અને એમાંથી તમાકું ખોતરીને અંદર ગાંજો ભર્યો. સળગાવીને પહેલો દમ ભરવા જતો હતો ત્યાં આરતીએ

પૂછ્યું, 'હું પણ ટ્રાય કરું?' મેં નકારમાં માથું ધુણાવ્યું.

આરતીના સેલફોનની રિંગ વાગી. પર્સમાંથી કાઢીને એણે સ્ક્રીન પર જોયું અને મને ચૂપ રહેવાનો ઈશારો કરતાં બોલી, 'હાય!' વગર કહ્યે હું સમજી ગયો કે સામે છેડે રાઘવ હતો.

'હા, હું હજી હોટલમાં છું. અહીં તો કામ કરી કરીને દમ નીકળી જાય છે. રજાને દિવસે પણ દોડવું પડે. જો એક બસ ભરીને ફ્રેન્ચ ટૂરિસ્ટ આવી પહોંચ્યા... બાય, હા, મને પણ તું બહુ યાદ આવે છે.' આરતીએ ફોન બાજુએ મૂકીને મારી સામે હાથ લંબાવ્યો, 'એક કશ મારવા દે.'

'ગાંડી થઈ છે કે શું?' મેં કહ્યું.

'કેમ, હું છોકરી છું એટલે? તુંયે વારાણસીના બીજા પુરુષો જેવો જ છે.'

'મોઢું ગંધાશે.'

'તો એક સુગંધી બનારસી પાન ખાઈ લઈશ. આપને હવે!'

આરતીએ મારા હાથમાંથી સિગારેટ લઈને બે-ચાર ફૂંક મારી અને પછી બબડી, 'મને તો કંઈ અસર વર્તાતી નથી.' ચા પીને અમે ઊભાં થયાં.

આરતી પાણીની નજીક ગઈ, 'હમણાં સામે કિનારે આરતી થશે અને પાણીમાં દીવા તરતા મુકાશે. આપણે અહીંથી જોઈએ.'

'મોડું થઈ જશે.' મેં આકાશમાં પથરાઈ રહેલા અંધકારને જોતાં કહ્યું.

'પણ મને અહીં ગમે છે. આવ, તું પણ બેસ.' બોલતાં આરતી રેતીમાં બેસી પડી. હું એની બાજુમાં જઈને બેઠો.

'રાઘવ પાછો ફોન કરશે.' મેં કહ્યું.

'કરવા દે! 'દૈનિક'માં નોકરી કરતો હતો ત્યાં સુધી એને મારા માટે એક મિનિટનીયે ફુરસદ નહોતી અને હવે નવરો પડ્યો, તો રોજ ફોન કરે છે. પણ જોઈ લેજે, એક વાર એનું 'રૅવૉલ્યુશન 2020' શરૂ થઈ ગયું પછી પાછો મને ભૂલી જશે.'

'રાઘવ ખરેખર પેપર કાઢવાનો છે?' મેં પૂછ્યું.

'હા, બે અઠવાડિયાંમાં પહેલો અંક આવી જશે.'

મેં સિગારેટ પૂરી કરીને નદી સામે જોયું. દુનિયા આખી અહીં એના પાપ ધોવા આવતી હતી, પણ એમાંથી કોઈને ક્યારે પણ વિચાર આવ્યો હશે કે એમણે પાછળ છોડેલાં પાપ, વારાણસીને કેટલાં સતાવશે? ગાંજાએ મને થોડી વાર માટે ફિલસૂફ બનાવી દીધો.

મેં મુઠ્ઠી ઉઘાડબંધ કરીને આંગળાને થોડી કસરત આપી. હજી હલેસાં ચલાવીને સામે પાર પહોંચવાનું હતું. આરતીએ મારો જમણો હાથ ખોળામાં લઈને, માલિશ કરવાનું શરૂ કર્યું. મેં સહેજ નવાઈથી એની સામે જોયું. વર્ષો પછી એણે આવું કર્યું હતું.

'સારું લાગે છે?' એણે પૂછ્યું.

મેં જવાબ ન આપ્યો.

'આજે પૂર્ણિમા છે.' આરતીએ આકાશમાં હવે સોળે કળાએ પ્રકાશી રહેલા ચંદ્રને જોતાં કહ્યું અને પછી અચાનક એણે જોરથી આંખો પટપટાવી. મને લાગ્યું કે એની આંખમાં રેતી ગઈ હશે, પણ પછી આછું ડૂસકું સંભળાયું.

'શું થયું, આરતી?' પૂછતાંની સાથે આરતી મારા ખભે માથું મૂકીને રડી પડી.

'બોલ તો ખરી.' મેં મૂંઝાઈને કહ્યું.

'મને રાઘવની બહુ ચિંતા થાય છે. એ હારી તો નહીં જાયને!' આરતીએ તૂટક તૂટક અવાજે કહ્યું. મેં એના માથે હાથ મૂક્યો. આરતીએ મારી છાતીમાં મોઢું છુપાવી દીધું.

મારી દશા બહુ વિચિત્ર હતી. હું જે છોકરીને પ્રેમ કરતો હતો એ અત્યારે મને વળગીને, એના પ્રેમી માટે રડી રહી હતી. જોકે મને જે થોડીઘણી ચીડ ચઢી એ પછી આરતીના સ્પર્શથી મળેલા સુખમાં ઓગળી ગઈ. મેં એના માથામાં હાથ ફેરવતાં આશ્વાસનના થોડા ઠાલા શબ્દો ઉચ્ચાર્યા.

'ગોપાલ, તું મારી કેટલી કાળજી રાખે છે.' આરતી ગણગણી, 'તારા સિવાય, જેના ખભે માથું નાખીને રડી શકું એવું બીજું કોઈ નથી.'

આરતીએ ઊંચું જોયું. અમારા ચહેરા વચ્ચે હવે સળીભર અંતર હતું. અસર ગાંજાની હતી, વાતાવરણની કે પછી આરતીના શબ્દોની, પણ જાત પરથી મારો કાબૂ છૂટી ગયો. મેં આરતીના હોઠ પર હોઠ મૂકી દીધા. એણે મારા ચુંબનને પ્રતિસાદ આપ્યો નહીં. જોકે થોડી વાર દૂર પણ ન હટી.

પછી અચાનક ભાન થયું હોય, એમ મને ધક્કો મારીને ઊભી થઈ ગઈ, 'આઈ એમ સૉરી.' મેં કહ્યું, પણ આરતી જઈને નાવમાં બેસી ગઈ.

પાછા ફરતી વખતે વાત કરવાનું તો બાજુએ રહ્યું. આરતીએ મારી સામે જોવાનું પણ ટાળ્યું. નાવમાં શક્ય હતું એટલું અંતર રાખીને એ બેઠી.

કિનારે પહોંચીને એણે કંઈ બોલ્યા વિના ચાલતી પકડી, 'ક્યાં જાય

છે? હું તને મૂકી જાઉં છુંને!' મેં કહ્યું.

'હું ઑટોરિક્ષામાં જતી રહીશ.' કહીને ઉતાવળે પગલે આરતી મારી નજરથી ઓઝલ થઈ ગઈ.

૨૭

પપ્પાના અવસાન પછીયે મારી ઊંઘ આટલી હદે વેરણ નહોતી થઈ. આંખ મીંચાતાની સાથે જ અસ્સી ઘાટ પર મને છોડીને જઈ રહેલી આરતીની પીઠ નજરે પડતી. રાતે ઊંઘ નહોતી આવતી અને દિવસભર કોઈ કામમાં મન નહોતું લાગતું.

ભગવાને સ્ત્રીના નાજુક હાથમાં એવી તે કેવી શક્તિ મૂકી હતી, જે કામગરા, વ્યસ્ત અને અતિ મહત્ત્વાકાંક્ષી પુરુષને પણ નકામો બનાવી દે!

ત્રીજી રાતે હું પથારીમાં પડખાં ઘસતો હતો ત્યાં બે વાગે સેલફોન પર આરતીનો મૅસેજ આવ્યો – મને કૉલ કે મૅસેજ નહીં કરતો.

મને સમજાયું નહીં. મેં ક્યારે એને કૉલ કે મૅસેજ કરેલો? ઘાટ પર બનેલી ઘટના બાદ એવી હિંમત જ ક્યાં હતી! મેં ચોથી-પાંચમી વાર વાંચ્યું, ત્યાં પાછું બીપ બીપ થયું. આરતીનો બીજો મૅસેજ આવ્યો – 'ક્યારેય નહીં.'

હવે મને થોડું થોડું સમજમાં આવ્યું. આરતીને પણ મારી જેમ ઊંઘ નહીં આવતી હોય. આ વિચારની સાથે પછી તો જાતજાતની કલ્પનાઓના ઘોડા હું દોડાવવા લાગ્યો. આરતી મને યાદ કરતી હશે? એવું સાંભળેલું કે છોકરી ના પાડે તો એની હા સમજવી...

મેં એને મૅસેજ મોકલ્યો – 'ઓ.કે.' પછી કલાક સુધી રાહ જોઈ. સામેથી જવાબ ન આવ્યો, પણ પછી મને ઊંઘ આવી ગઈ અને સપનામાં આરતી સિવાય બીજું કોણ આવવાનું હતું?



સવારે મારા અખબારના પાનાની વચ્ચેથી એ-થ્રી સાઈઝની એક ગુલાબી રંગની પેપરશીટ બહાર સરી પડી. પહેલાં તો મને લાગ્યું કે કોઈ ટ્રાવેલ એજન્સી કે ટ્યૂશન ક્લાસની જાહેરખબર હશે, પણ બીજી નજરે કાગળના મથાળે મોટા અક્ષરે છપાયેલા શબ્દ દેખાયા – 'રૅવૉલ્યુશન 2020.'

તો રાઘવનું આ નવું પેપર હતું! મારા હોઠ પર તુચ્છકારભર્યું સ્મિત આવી ગયું, 'ચાલો, જોઈએ કે તંત્રીસાહેબે આજે એમના પહેલા અંકમાં શું લખ્યું છે!' મેં વાંચવાની શરૂઆત કરી.

'બસ બહુ થઈ ગયું.' આ મથાળાની સાથે તંત્રીએ વાચકોને પત્ર લખ્યો હતો, 'સહુથી મોટા બદમાશો જ્યાં નેતા થઈને બેઠા હોય એવા સમાજને તમે શું કહેશો? પાવર ધરાવતી દરેક વ્યક્તિ જ્યાં ભ્રષ્ટાચારી હોય, એવી રાજ્યવ્યવસ્થામાં તમે શું કરશો? ભારતની પ્રજાએ ઘણું સહન કરી લીધું. નાનપણથી આપણને કહેવાતું આવ્યું છે કે ભારત ગરીબ દેશ છે, કારણ? દુનિયામાં એવાં અનેક રાષ્ટ્રો છે. જ્યાં સામાન્ય નાગરિક, ભારતના આમઆદમીથી પચાસગણી વધુ આવક રળે છે. આનો અર્થ એવો સમજવો કે એ લોકોમાં આપણાથી પચાસગણી વધુ આવડત છે? ભારતીય ખેડૂત મહેનત નથી કરતો? ભારતીય વિદ્યાર્થી ભણતો નથી? આપણને કામ નથી કરવું? શું કામ, શું કામ, આપણા માથે કાયમી ગરીબીનો અભિશાપ ઠોકી બેસાડાયો છે?'

રાઘવની સુફિયાણી વાતો વાંચીને મને વધુ હસવું આવ્યું. ચાનો ઘૂંટ ભરીને મેં આગળ વાંચ્યું :

'આનો અંત લાવવો જ પડશે. સિસ્ટમને ઉપરથી નીચે સાફ કરવી પડશે. મહાન ક્રાંતિવીર ચે ગુએવેરાએ એકવાર કહેલું કે, "સત્તા કોઈ સફરજન જેવું ફળ નથી, જે ઝાડ પરથી ટપકીને સીધું તમારા ખોળામાં પડે. જે લોકો સત્તા પર કબજો કરીને બેસી ગયા છે, એમની પાસેથી ઝૂંટવી લેવી પડે." આપણે રૅવૉલ્યુશન, ક્રાંતિ શરૂ કરવાની છે, જે આપણી ભ્રષ્ટાચારી રાજકીય અને સામાજિક વ્યવસ્થામાં ધરમૂળથી પરિવર્તન લાવે, જે ફરીથી લોકોના હાથમાં સત્તાનો દોર આપે અને રાજકારણીઓને રાજા નહીં, પણ સેવકનો દરજ્જો આપે.

'અલબત્ત, આ ચમત્કાર રાતોરાત નથી સર્જાવાનો. કદાચ હજીયે વધુ પીડામાંથી પસાર થયા બાદ ક્રાંતિનો જન્મ થશે. ભારતમાં યુવાવસ્તી વધી રહી છે. એમના માટે વધુ કૉલેજો, નોકરીઓની જરૂર પડશે. બહુ જલદી એની તંગી વર્તાવા માંડશે. લોકોને ભાન થશે કે કોણ એમને મૂરખ બનાવી રહ્યું છે. કદાચ હજી બીજાં દસ વર્ષ નીકળી જશે. મેં એને રૅવૉલ્યુશન 2020નું નામ આપ્યું છે. 2020 એવું વર્ષ હશે જ્યારે એક ઝુંબેશ, ભારતની નસેનસમાં પેઠેલા સડાને ખેરવી નાખશે. દેશભરની કૉલેજો ઈન્ટરનેટના માધ્યમથી જોડાઈ જશે. જ્યાં સુધી પરિસ્થિતિ નહીં

સુધરે ત્યાં સુધી આપણે હડતાલ પાડીશું. બધું કામકાજ ઠપ્પ કરી નાખશું. યુવાનો એમના ક્લાસ અને ઑફિસ છોડીને સડકો પર ઊતરી આવશે. ભારતના આમઆદમીને ઈન્સાફ મળશે અને ગુનેગારોને સજા થશે.

અને, આ બધાનો આરંભ વારાણસીમાંથી થશે. આ જ લક્ષ્ય સાથે અમે તમારા માટે લઈ આવ્યા છીએ, 'રેવૉલ્યુશન 2020.'

લિ. રાઘવ કશ્યપ.
તંત્રી.

લેખની નીચે અણઘડ હાથે દોરાયેલો ભારતનો નકશો હતો. એમાં વારાણસી પર ટપકું હતું.

કૉલેજનો એકાઉન્ટન્ટ કોઈ કાગળ પર મારી સહી લેવા આવ્યો. મારો ચહેરો જોઈને એણે પૂછ્યું, 'સર, જોક વાંચો છો?'

મેં હા પાડી, પણ તંત્રીલેખની નીચે જે રિપોર્ટ હતો એ વાંચીને ઝાઝી રમૂજ થાય એવું નહોતું. વારાણસીમાં અંતિમવિધિનો સામાન વેચતી દુકાનોમાં, સાદા લાકડા પર કૃત્રિમ સુગંધ છાંટીને વેપારીઓ એને સુખડ તરીકે વેચતા હતા.

'સર, જાહેરખબર છે કે પોસ્ટર?' એકાઉન્ટન્ટે ગુલાબી પેપર તરફ જોતા પૂછ્યું.

'કોણ જાણે?' બોલીને મેં એની પાછળ નજર નાખી અને ફરીથી હસવાનો મોકો મળ્યો.

રાઘવે ફ્રન્ટ પેજ પર ભલે ધડાકાભડાકા કર્યા હોય, પણ બૅક પેજ પર ચીલાચાલુ લગ્નવિષયક જાહેરખબરો હતી. એમાંથી એક મેં મોટે સાદે વાંચી.

'જોઈએ છે સુંદર, શિક્ષિત, ગોરી, ઘરરખ્ખુ કુંવારિકા – પચીસ વર્ષના, સરકારી નોકરી ધરાવતા કાયસ્થ બ્રાહ્મણ એન્જિનિયર માટે. સંયુક્ત પરિવારમાં રહી શકે અને પરંપરાગત મૂલ્યોને માન આપતી હોય એવી કન્યાના વડીલોએ સંપર્ક કરવો.'

'સર, છોકરી શોધો છો?' એકાઉન્ટન્ટે પૂછ્યું, મેં મોઢું બગાડ્યું. એ કામ પતાવીને ગયો. મેં પેપર હાથમાં લીધું અને એના ટુકડે ટુકડા કરીને કચરાટોપલીમાં પધરાવી દીધા.



આરતીનો ફોન આવ્યો, 'હાય.'

'આરતી!' હું સહેજ અચકાઈને બોલ્યો.

'હં?'

'સૉરી, પેલે દિવસે હું હદ વટાવી ગયો.'

'ઈટ્સ ઓ.કે.' એણે કહ્યું.

'ઓ.કે, સાચે?'

'હા, તને પેપર કેવું લાગ્યું?' આરતીએ આસાનીથી વિષય બદલી નાખ્યો.

'પેપરની એક તરફ ક્રાંતિ, બીજી તરફ કન્યા જોઈએ છે... થોડું વિચિત્ર નથી લાગતું?'

'મેં તને કહેલું ને કે પેપર ચલાવવા માટે આવું કરવું પડે અને લોકોએ જબરદસ્ત રિસ્પોન્સ આપ્યો છે. દૈનિકના તંત્રીએ પણ રાઘવને ફોન કરીને અભિનંદન આપ્યા.'

આરતી રાઘવના પેપર વિશે ઉત્સાહભેર વાતો કરી રહી હતી, પણ મને એમાં રતીભાર રસ નહોતો. છેવટે મેં મારા મનની વાત કહી નાખી.

'આરતી.'

'શું?'

'હું તને પાછું ચુંબન કરું તો?'

'ગોપાલ?'

'એમાં આટલી ચમકી શું કામ જાય છે? આપણે એક વાર તો આ કરી લીધું યાદ છે ને?'

'ખબર નથી, શું થઈ ગયેલું.' આરતીએ વાતને વાળવા પ્રયત્ન કર્યો, પણ મેં મારો સવાલ દોહરાવ્યો, 'બોલને, ફરીથી હું એ કરું તો તું શું કરીશ?'

'ખબર નથી.'

'કદાચ હું કરીશ.'

'ના.'

'કદાચ.'

'કોઈ બીજી વાત કરીએ?' આરતી બોલી.

'આપણે પાછા મળશું?'

'ક્યાં?'

આહા, આરતીએ મારા સવાલના જવાબમાં હા કે ના નહોતી

પાડી. સમય પણ નહોતો પૂછ્યો. બસ મળવાનું ઠેકાણું પૂછેલું. એનો અર્થ કે આરતીને પણ મળવાની ઈચ્છા હતી. અરે, હું એને ચુંબન કરી બેસીશ એવું સાંભળ્યા પછીયે એ મને મળવા માગતી હતી. મારું મન બાગબાગ થઈ ગયું.

ખુશી પર માંડ માંડ લગામ તાણતા મેં કહ્યું, 'હું તને લેવા આવીશ. કેટલા વાગે તારી ડ્યૂટી પૂરી થાય છે?'

'છ વાગે. પણ આજે નહીં. રાઘવ અને થોડા દોસ્તો ભેગા થવાના છે.'

'પાર્ટી?'

'નાની સરખી! મોટી પાર્ટી કરવાના પૈસા રાઘવ પાસે નથી. જે હતું એ બધું પેપરમાં નાખી દીધું છે.'

'પૈસા જોઈએ તો હું આપું?'

'બસ કર ગોપાલ... કાલે મળીએ?'

'હું તને ફોન કરીશ.'

'ક્યાં મળશું?'

'એવી જગ્યાએ, જ્યાં કોઈ ખલેલ ન પાડે.'

આરતી ચૂપ થઈ ગઈ.

મેં કહ્યું, 'જ્યાં આપણે શાંતિથી વાત કરી શકીએ.'

૨૮

'તમારો રૂમ નંબર ૨૧૦૫ છે, મિસ્ટર મિશ્રા.'

રિસેપ્શન પર ઊભેલી સ્ત્રીએ નમ્રતાભર્યા સ્મિત સાથે ચાવી આપતાં પૂછ્યું, 'સામાન લઈ જવાનો છે?'

'બસ આટલો છે.' મેં મારા ખભે લટકાવેલી નાનકડી બૅગ તરફ ઈશારો કરતાં કહ્યું. વધુ એક પ્રૉફેશનલ સ્મિત આપીને રિસેપ્શનિસ્ટ મને લૉબીની વચ્ચોવચ આવેલા ગેસ્ટ રિલેશન્સ ડેસ્ક તરફ લઈ ગઈ.

'આ આરતી છે. તમને તમારા રૂમ તરફ લઈ જશે.' એણે મારો હવાલો ગેસ્ટ રિલેશન્સ ટ્રેઈનીના હાથમાં સોંપ્યો.

આરતીએ એના કમ્પ્યૂટર પરથી માથું ઊંચું કર્યું અને એનું મોઢું ખુલ્લું રહી ગયું, 'હેલો' મેં ઔપચારિકભાવે કહ્યું.

'ઓહ, હાય. આઈ મીન ગુડ ઈવનિંગ.' આરતીનો ચહેરો લાલ થઈ ગયો.

'આરતી, આ મિસ્ટર ગોપાલ મિશ્રા છે. ગંગાટૅકના ડિરેક્ટર. એમને રૂમ નંબર ૨૧૦૫માં લઈ જાવ.' રિસેપ્શનિસ્ટે કહ્યું.

'જી.' આરતી આંચકાથી જેમતેમ બહાર આવીને ઊભી રહી.

લિફ્ટ બીજે માળે પહોંચી ત્યાં સુધી બીજા માણસોની હાજરીને કારણે આરતી કંઈ બોલી ન શકી, પણ લિફ્ટમાંથી નીકળીને લૉબીમાં પગ મૂકતાંની સાથે જ એણે મારા પર પ્રશ્નોનો મારો શરૂ કર્યો. એક રાતના પાંચ હજાર રૂપિયાનું ભાડું ચૂકવીને મેં રમાડા હોટલમાં રૂમ બુક કર્યો. એમના માટે રૂમ બુક કરેલો ત્યારથી જ જોકે મારી વાર્તા તૈયાર હતી.

'ગોપાલ, તું અહીં શું કરે છે?' મારાથી બે ડગલાં આગળ ચાલતા આરતીએ દબાવેલા અવાજે પૂછ્યું.

'લંડનથી અમારી કૉલેજમાં એક સિનિયર પ્રોફેસર આવવાના હતા.'

'તો?'

'એમની મુલાકાત છેલ્લી ઘડીએ રદ થઈ.' મેં વિચાર્યું કે આટલા

પૈસા ખર્ચ્યા જ છે તો રમાડાની મહેમાનગતિનો સ્વાદ હું માણી લઉં.

'એના બદલે મને કહ્યું હોત તો રૂમ કૅન્સલ કરાવીને રીફંડ અપાવી દેત'

'શું કામ? આ પહેલાં હું ક્યારેય ફાઈવસ્ટાર હોટલમાં નથી રહ્યો. અણધાર્યો ચાન્સ મળ્યો છે, તો શું કામ જવા દેવો?'

અમે રૂમ પાસે પહોંચ્યાં. આરતીએ એના મૅગ્નેટિક કી-કાર્ડથી બારણું ખોલ્યું. સાડી અને અંબોડામાં બાંધેલા વાળમાં એ બેહદ સુંદર લાગતી હતી. અંદર જઈને મેં મારી બૅગ પલંગ પર નાખી.

'તમને લાઈટ સ્વીચ અને બીજી સુવિધાઓ બતાવી દઉં?' આરતીએ પ્રૉફેશનલ ટોનમાં પૂછ્યું.

મેં બત્રીસી દેખાડી, 'ના, એ બધું કોઈએ દેખાડી દીધું છે.'

'ગોપાલ, તું પાગલ છે.' કહીને આરતીએ રૂમની બહાર જવા પગ ઉપાડયો.

'રોકાઈ જા.' મેં સોફા પર બેસતાં કહ્યું.

'ના. હું ડયૂટી પર છું.'

'છ વાગ્યા પછી? સાડા પાંચ તો વાગી ગયા.'

'ના. ગેસ્ટના રૂમમાં હું કેવી રીતે આવું?'

'પણ આ ગેસ્ટને તો તું ઓળખે છે. બસ, બે મિનિટ.'

આરતીએ ખચકાઈને રૂમનો દરવાજો આડો કર્યો, પણ લોક કરવાનું ટાળ્યું અને પછી ડેસ્ક પાસેની ખુરશી પર બેસીને મારી સામે જોયું, 'ખોટ્ટાડા, ફોરેનથી કોઈ પ્રોફેસર નહોતો આવવાનો. તું જાણીજોઈને અહીં રહેવા આવ્યો છે.'

મારાથી હસી પડાયું, 'ડયૂટી પૂરી કરીને આવી જા.'

'ના, અમને એવી મંજૂરી નથી.'

'મંજૂરી હોય એવા જ કામ તું કરે છે?' મેં પૂછ્યું.

'ના, પણ...'

'તારામાં હિંમત નથી.'

'એવું નથી. તું તો મને જાણે છે.'

'કોઈને ખબર નહીં પડે. ડયૂટી પૂરી કરીને ચૂપચાપ અહીં આવી જા. મારી સાથે ડિનર લઈને, કલાકમાં પાછી જતી રહેજે.'

'રૂમ સર્વિસવાળાએ મને જોઈ લીધી તો?'

'એ આવે ત્યારે તું બાથરૂમમાં છુપાઈ જજે.'

'ઓહ નો.'

'સારું, તારા આવતાં પહેલાં હું જમવાનું મગાવી લઈશ.'

આરતીએ હોઠ ચાવતાં થોડી વાર વિચાર કર્યો અને પછી બોલી, 'સારું, પણ આવતી કે જતી વખતે મને કોઈ જોઈ ન લે એનું ધ્યાન રાખજે.'

'જરૂર. હું કોરીડોરમાં ઊભો રહીશ. કોઈ નહીં હોય ત્યારે ફોન પર તને ગ્રીન સિગ્નલ આપી દઈશ.'

આરતી ઊભી થઈને મારી પાસે આવી અને હળવે હાથે મારા માથા પર ટાપલી મારતાં બોલી, 'તારે ખાતર હું કેવા કેવા કામ કરું છું!' અને પછી હસીને રૂમમાંથી બહાર નીકળી ગઈ.

મેં રૂમસર્વિસને ક્લબ સૅન્ડવિચ, ચૉકલેટ કેક અને એક બૉટલ વાઈનનો ઑર્ડર આપ્યો. પછી નાહવા ગયો અને આખા અઠવાડિયામાં વાપરતો હતો એટલું ગરમ પાણી અને શૅમ્પુ પૂરાં કરીને બાથરૂમમાંથી નીકળ્યો.

આરતીએ સાડા છ વાગ્યે ફોન કર્યો, 'કોરીડોર ચેક કર.'

મેં રૂમની બહાર નીકળીને બંને તરફ જોયું. રસ્તો સાફ હતો, 'આવી જા.' મેં કહ્યું.

બે મિનિટ બાદ આરતી મારા રૂમમાં હતી. શિફ્ટ પૂરી થયા બાદ એ હવે જીન્સ અને વ્હાઈટ શર્ટ પહેરીને આવેલી.

'સ્ટુપીડ છે તું!' આરતીએ પથારી પર બેસી પડતાં કહ્યું, 'સારું છે કે હોટલવાળાએ હજી લૉબીમાં સીસીટીવી નથી લગાડયાં! તોયે અહીં આવતાં મારો જીવ એટલો ફફડતો હતો –!'

'પણ સહીસલામત આવી ગઈને! ચાલ, હવે ભૂખ લાગી છે?' મેં પૂછ્યું.

'કકડીને.' એણે જવાબ આપ્યો અને પછી ઉમેર્યું, 'આઠ કલાક હાઈ હીલ્સ પર ઊભી રહીને થાકી ગઈ છું. પ્લીઝ, મને અહીં પલંગ પર જમવા દેને.'

મેં પ્લેટ ભરીને એને પલંગ પર આપી અને પછી વાઈનની બૉટલ ખોલી.

'તું ક્યારથી વાઈન પીતો થઈ ગયો?' આરતીએ પૂછ્યું.

'શુક્લાજીની સાથે મેં બધું ટ્રાય કરી લીધું.'

'તને વાઈન ભાવે છે?'

'આમ તો હું વ્હીસ્કી પીઉં છું, પણ આજે તારા માટે વાઈન મગાવ્યો.'

'હં, પણ જ્યાં કામ કરું છું ત્યાં પીવું ન જોઈએ.'

'બસ એક ગ્લાસ.'

આરતીને વધુ આગ્રહ કરવાની જરૂર ન પડી. એણે ગ્લાસ લઈને ઘૂંટ ભર્યો, 'રાઘવને આવું કંઈ પીવાનો ઝાઝો શોખ નથી. કોઈ કોઈ વાર એ એટલો બોરિંગ લાગે છે!'

'હં' ઑસ્ટ્રેલિયન વાઈનની બૉટલ માટે મેં બે હજાર રૂપિયા ચૂકવેલા.

'ગુડ વાઈન, પણ હમણાં મને ચઢી જશે.' આરતીએ બીજો ઘૂંટ ભરતાં કહ્યું.

'વાંધો નહીં. મારો ડ્રાઈવર તને મૂકી જશે.'

આરતીએ કોઈ દુકાળિયા પ્રદેશમાંથી આવી હોય એમ સૅન્ડવિચ પર આક્રમણ કર્યું.

'ધીમેધીમે.' હું બોલ્યો.

'શું ધીમે, સવારના નાસ્તા પછી કંઈ ખાધું નથી.' એણે ભરેલા મોઢે કહ્યું.

'સ્કૂલમાં પણ તને મોઢામાં આમ ઠાંસી ઠાંસીને ખાવાની આદત હતી.' મેં યાદ દેવડાવ્યું.

'તું મારા ડબ્બામાં કંઈ રહેવા દેતો હતો, ત્યારેને!'

'એય, માત્ર એક વાર તારા ટિફિનમાંથી ચોરી કરેલી અને એ પણ જરા અમસ્તી. એની સજા આજ સુધી ભોગવું છું.'

'જા, જા, ટીચરે તને એક જ પિરિયડ માટે સજા આપેલી.'

'પણ તું તો આજ સુધી મારા માથે પડી છે ને!'

આરતીએ પ્લેટમાંથી એક ફ્રેન્ચ ફ્રાય લઈને મારા પર ફેંકી. નિશાન ચૂકી ગયેલી ફ્રાય સોફા પર પડી.

'અરર, લઈ લે જલદી! મારી હોટલ હું જ ગંદી કરવા બેસી ગઈ!' આરતીએ મોઢા પર હાથ મૂકીને કૃત્રિમ અફસોસ દાખવ્યો.

૨૯

આરતી હવે એના સેન્ડલ્સ કાઢીને પલાંઠી વાળીને, નિરાંતે પલંગ પર ગોઠવાઈ ગયેલી. મેં વાઈનની બૉટલ હાથમાં લીધી.

'હવે વધારે પીધું તો નક્કી નશો ચઢી જશે.' એણે કહ્યું, પણ પછી ગ્લાસ મારી સામે લંબાવ્યો. વાઈનની સીપ લઈને એણે ઘડિયાળમાં જોયું. સાડા આઠ વાગેલા.

'ક્યાં સુધી રોકાઈ શકે?' મેં પૂછ્યું

'નવ, હજી અડધો કલાક!' એણે કહ્યું.

'દસ?' મેં પૂછ્યું

એણે માથું ધુણાવ્યું, 'મોડું થયું તો મમ્મી હજારો સવાલ કરશે, પણ... એને કહું કે આજે ડબલ શિફ્ટ છે તો કદાચ...'

'કહી દે.' મેં તરત કહ્યું.

'પણ તો પછી મારે બીજા આઠ કલાક સુધી અહીં રહેવું પડશે.'

'એ તો બહુ સારું.'

'તારું ચસકી ગયું લાગે છે. બે વાગ્યા સુધી તારા રૂમમાં કેવી રીતે રહું?'

'કેમ નહીં? હજી આપણે કેટલી બધી વાતો કરવાની છે. બીજી વાર આવો મોકો ક્યાં મળવાનો?'

'મારા બૉયફ્રેન્ડને ખબર પડી તો...'

'તો?'

'મારું ખૂન કરી નાખશે.'

'સાચે એવું કરશે?'

આરતી હસી, 'ના, પણ હું કોઈ પુરુષના રૂમમાં આટલા કલાક હતી, એ જાણીને એને ગુસ્સો તો આવશે. કદાચ મારા હાથપગ તોડી નાખશે.' રોષે ભરાયેલા પુરુષ જેવી ઍક્ટિંગ કરીને એણે મારા તરફ ઓશીકું ફેંક્યું.

'ના. એને ખબર પડી કે તું બીજા કોઈ સાથે નહીં, પણ મારી સાથે

હતી તો ચોક્કસ તારું ખૂન કરી નાખશે.'

'પણ એને ખબર પડે તોને!' આરતી બોલી.

મેં ફોન તરફ આંગળી ચીંધી, 'મમ્મીને કહી દે. તારી ડબલ શિફ્ટ છે.'

'પણ પછી, સવારના બે વાગ્યા સુધી બકબક કરીને હું તારું માથું ખાઈ જઈશ.'

'આખી જિંદગી તેં એ જ કર્યું છે.'

આરતીએ મારી તરફ બીજા ઓશીકાનો ઘા કરીને ફોન હાથમાં લીધો.

'મમ્મી, આજે ડબલ શિફ્ટ કરવી પડશે. પેલી બેલાએ આજે પાછી ગુટલી મારી છે. જ્યારથી એની સગાઈ થઈ છે ત્યારથી દર ત્રીજે, ચોથે દિવસે રજા પાડવાના બહાનાં શોધે છે.'

સામેથી મમ્મી કંઈક બોલી અને આરતીના અવાજમાં ચીઢ આવી ગઈ, 'બેલાની સગાઈ થઈ, એટલે જરૂરી છે કે મારે પણ કરી નાખવી...? હા, હા... કરીશ એક દિવસ, પણ હમણાં મને કામ કરવા દે... હા, હોટલની કાર મને ઘર સુધી મૂકી જશે... હા, હા, બાય!'

આરતીએ પલંગ પર ફોન પછાડયો.

'શું થયું?' મેં પૂછ્યું.

'આ હિન્દુસ્તાની મા-બાપના દિમાગમાં એક અજબ પ્રકારનું સ્વિચ બૉર્ડ હોય છે. પહેલાં ક્લિક, ભણો, ભણો, ભણો અને પછી ક્લિક પરણો, પરણો પરણો!'

'કેમ તારે નથી પરણવું?'

'પરણીશ એક દિવસ, પણ તું ત્યાં પૂતળાની જેમ કેમ ઊભો છે? આવ બેસ અહીં.' આરતીએ પથારી પર હાથ મૂકતાં કહ્યું.

હું બેઠો, પણ એનાથી થોડો દૂર.

'મિસ્ટર ગોપાલ, તમે આ રૂમ માટે ખાસ્સી મોટી રકમ ચૂકવી છે. આરામથી બેસો.'

'હં.'

'ગેસ્ટ રિલેશન્સ ઑફિસર તરીકે મારી ફરજ છે કે મહેમાનની સગવડનું બરાબર ધ્યાન રાખવું.' આરતી હોટલના આદર્શ કર્મચારીની સ્ટાઈલમાં બોલી અને પછી હસી પડી. એના દાંત પર વાઈનનો રેડ કલર હતો, એને હસતી જોઈને. હું પાણી પાણી થઈ ગયો. મેં મારા શૂઝ અને

મોજાં ઉતારતાં પૂછ્યું, 'રાઘવને ફોન કરવો પડશે?'

'ના. એને તો અત્યારે મારું નામ પણ યાદ નહીં આવે. એ કોઈ મોટી સ્ટોરીની પાછળ પડયો છે.' આરતીએ પોતાના ગ્લાસમાં વાઈન રેડતાં કહ્યું.

'પણ એનો ફોન આવે તો?'

આરતીએ મારા મોઢા પર હાથ મૂકી દીધો, 'ફોન આવે તો હું સંભાળી લઈશ.' આરતીનો સ્પર્શ નાની ચિનગારી જેવો હતો.

'તો મિસ્ટર ડિરેક્ટર, હવે તમારી વાત કરો.'

'મારે તો બસ કામ, કામ ને કામ. કૉલેજ ચલાવવી ખાવાના ખેલ નથી.'

'બસ કામ?' આરતી એની મમ્મીની નકલ કરતાં બોલી, 'તારે લગન કરી લેવાં જોઈએ. હજી સુધી કેમ કુંવારો છે?' અમે હસીને જામ ટકરાવ્યા.

'પણ મારે હવે જલદી સગાઈ માટે હા પાડી દેવી પડશે. ઘરવાળાનું બહુ દબાણ છે.' આરતી થોડી ગંભીર થતાં બોલી.

'રાઘવ સાથે?'

'હાસ્તો. એ ભલે ના ના કરે, પણ હું જીદ કરીશ તો માની જશે.'

'તારાં મમ્મી-ડૅડી હા પાડશે?'

'અરે, એ લોકોને રાઘવ બહુ ગમે છે. દાદાના સમય સુધી અમારે ત્યાં બધાં રાજકારણમાં જતા હતા, પણ મારા ડૅડીએ પરંપરા તોડીને સિવિલ સર્વિસમાં ઝુકાવ્યું. એમને રાઘવની હિંમત માટે બહુ માન છે.'

'એ કમાતો નથી તોયે?'

'આજે નહીં તો કાલે કમાશે.' આરતીએ ખાતરીપૂર્વક કહ્યું અને પછી મારી સામે જોતાં બોલી, 'તું કેમ અમારા સગાંવહાલાંની જેમ વાત કરે છે?'

મેં જવાબ ન આપ્યો. આરતીએ રિમોટ લઈને ટીવી ચાલુ કર્યું, 'આ તો મહાબોરિંગ છે.' એણે ન્યૂઝ ચૅનલ્સ ફેરવતાં કહ્યું અને પછી ચૅનલ-V પર જઈને અટકી.

ત્યાં કોઈ આઈટમગર્લ રિમિક્સ કરેલા ગીત પર ડાન્સ કરી રહી હતી. આરતીએ આંખો ઝીણી કરી, 'હોઠ પર પ્લાસ્ટિક સર્જરી કરાવી છે, નાક પર પણ અને હા, લાગે છે કે બુબ જૉબ પણ!'

'શું?' આરતીના મોઢેથી આ શબ્દો સાંભળીને મને આંચકો લાગ્યો.

'બુબ જોબ! સ્તનનો શેપ સુધારવા માટે, એને વધુ મોટા બનાવવા

માટે!' આરતીએ કહ્યું અને પછી મારા ચહેરા પર આવી ગયેલા હાવભાવ જોઈને ખડખડાટ હસી પડી. મારા હાથ પર હળવો મુક્કો મારતાં એ બોલી, 'અરે, તું મારો બેસ્ટ ફ્રેન્ડ છે. તારી સામે તો હું કંઈ પણ બોલી શકું.'

એણે પાછી ચૅનલ બદલી. હવે સ્ક્રીન પર બીલી ક્રિસ્ટલ એના મોઢામાં ટુથપીક ચાવતાં ચાવતાં મેગ રાયનને કહી રહ્યો હતો, 'સ્ત્રી અને પુરુષ વચ્ચે ક્યારેય દોસ્તી ન થઈ શકે.'

'શું કરવા નહીં ભઈ, અમને જોને!' બોલીને આરતીએ વૉલ્યુમ વધાર્યું, 'વ્હેન હેરી મેટ સેલી! આ મારું ફેવરિટ મૂવી છે.'

'તેં જોયું છે?' મેં પૂછ્યું.

'હા, તેં?'

મેં માથું ધુણાવ્યું. હું ઇંગ્લિશ ફિલ્મો નહોતો જોતો.

'તો ચાલ, જોઈએ. હું તને આ પહેલાં શું થયું એ કહી દઉં.'

હું આરતીની નજીક જઈને બેઠો અને રૂમની લાઈટ્સ ઝાંખી કરી. આરતીએ ટૂંકમાં મને ફિલ્મની વહી ગયેલી વાર્તાનો સાર કહી દીધો.

હૅરી અને સેલી બેઉ જણ પોતપોતાની રીતે પોતપોતાની જિંદગી જીવતાં હતાં. વારંવાર મળે, ઝઘડે, પણ એમનો સંબંધ ખાસ કંઈ આગળ વધે નહીં.

હવે મને ફિલ્મમાં રસ પડયો. થોડી વાર બાદ આરતી બોલી, 'બાપ રે, આપણે તો વાઈનની આખી બૉટલ પૂરી કરી નાખી.' એણે બાજુમાંથી તકિયો ઉપાડીને મારા ખોળામાં મૂક્યો અને પછી એના પર માથું ઢાળીને આડી પડી.

થોડા ખચકાટ બાદ મેં એના માથા પર હાથ મૂક્યો. એણે વાંધો ન લીધો. એના વાળમાં આંગળીઓ ફેરવતાં મેં વિચાર્યું. મારા જીવનની આ સહુથી સુંદર, સહુથી સુખી ક્ષણો હતી. આટલો ખુશ, આ પહેલાં હું ક્યારેય નહોતો.

'આરતી.' મેં કહ્યું.

'શું?' આરતીએ ટીવી પરથી નજર ખસેડયા વિના પૂછ્યું.

'પેલે દિવસે તું ઘાટ પરથી કેમ ભાગી ગયેલી?'

'મારે એ વાત નથી કરવી. ફિલ્મ જોને!'

'તું પાછી ભાગી જઈશ?' મારા અવાજમાં આવી ગયેલો ભાર આરતીને વર્તાઈ ગયો. ટીવી મ્યુટ કરીને એ બેઠી થઈ.

'ગોપાલ, શું થયું તને?' એની જીભ પર હવે વાઈનની થોડી અસર હતી.

'તારે જવું હોય તો હમણાં જ જતી રહે.' મારા ગળે ડૂમો બાઝવા લાગેલો, 'કારણ કે તું મારી જિંદગીમાં થોડી વાર રહીને પછી જતી રહી તો...'

હું વધુ પડતું બોલી ગયેલો. ઑસ્ટ્રેલિયન વાઈને મારા હિન્દુસ્તાની દિલના દરવાજા ખોલી નાખેલા.

'ચૂપ કર.' આરતી પાછી મારા મોઢા પર એની હથેળી મૂકી દેતાં બોલી, 'તું ખરેખર ડ્રામાક્વીન, સૉરી ડ્રામાકિંગ છે.'

પણ હું નાટક નહોતો કરતો. આરતીથી દૂર રહેવાનો વિચાર પણ હવે મારા માટે અસહ્ય હતો.

'ગોપાલ, એકલતા તો મને પણ સાલે છે. બહુ એકલવાયું લાગે છે.' આરતી ધીમેથી બોલી.

'કેમ?'

'રાઘવ પાસે મારા માટે સમય નથી. મારાં મા-બાપને હું નોકરી કરું એ નથી ગમતું. કહે છે કે ડીએમની દીકરીએ શું કામ મજૂરી કરવી જોઈએ! મારી બધી બહેનપણીઓ પરણીને મા બનવા લાગી છે. હું જ એક વિચિત્ર છોકરી છું.'

'તું વિચિત્ર નહીં, બીજાથી અલગ છે.'

'શું કામ અલગ છું? બીજાઓ જેવી નૉર્મલ કેમ નથી, જે ઘરમાં બેસીને ખુશ રહે, પતિની રાહ જુએ!'

'એને નૉર્મલ નહીં પછાત કહેવાય.'

'રાઘવથી પણ હું થાકી ગઈ છું. મારે એને ટેકો આપવો છે, પણ કોણ જાણે કેમ, એ ઠેકાણે પડતો જ નથી. સ્વતંત્રતાના નામે એણે મોટા ન્યૂઝ પેપર સાથેનું જોડાણ નકારી કાઢયું, પણ આવું કરશે તો પૈસા કઈ રીતે કમાશે?'

'તેં તો થોડી વાર પહેલાં કહ્યું કે એક દિવસ કમાશે.' મેં યાદ દેવડાવ્યું.

'એ તો હું બીજાઓ સામે બહાદુરીનો દેખાડો કરવા માટે કહું છું, પણ તારી સાથે તો મોકળા મને વાત કરી શકુંને?'

'હાસ્તો.' મેં આરતીના ગાલ પંપાળતાં કહ્યું.

અમે પાછાં ટીવી પર ફિલ્મ જોવામાં પરોવાયાં. એક રાતે સેલી બહુ

ઉદાસ હતી. હૅરી એના ઘેર આવ્યો. સેલીને આશ્વાસન આપતાં આપતાં વાત ચુંબન સુધી પહોંચી ગઈ. સ્ક્રીન પર એ દૃશ્ય જોઈને મારી ઈચ્છાઓ જાગી ગઈ કે વાઈનની અસર હતી કે પછી આવી ક્ષણ ફરીને નહીં આવે એવો ડર હતો. મેં ઝૂકીને આરતીના હોઠ પર મારા હોઠ મૂકી દીધા. આરતી ચમકી ગઈ, પણ એણે વિરોધ ન કર્યો અને થોડી વાર બાદ એના હોઠે પણ મારી લાગણીનો પડઘો પડયો.

મારા માટે હવે ખુદને રોકવાનું અશક્ય હતું. આરતીના હોઠ, ગાલ, કપાળ, નાક, કાન, પાછા હોઠને હું પાગલની જેમ ચૂમતો રહ્યો. લાઈટ બંધ કરીને મેં એને બાહુપાશમાં જકડી લીધી.

'ગોપાલ, આ ખોટું થઈ રહ્યું છે.' આરતી બોલી.

'જાણું છું, પણ હવે નહીં રોકી શકાય!' કહીને મેં એના શર્ટના બટન પર હાથ મૂક્યો. આરતીએ મને રોકવાનો નબળો પ્રયાસ કર્યો, પરંતુ પછી એ પણ આવેશમાં તણાઈ ગઈ.

તોયે એના શરીર પરથી મેં વસ્ત્રનું છેલ્લું આવરણ દૂર કર્યું ત્યારે એ બબડી, 'મારો એક બૉયફ્રેન્ડ છે.'

'વર્ષોથી એ વાસ્તવિકતા સાથે હું જીવ્યો છું.'

'ગોપાલ, હું એવી છોકરી નથી.'

'તું એક અદ્ભુત છોકરી છે. દુનિયામાં તારા જેવી બીજી કોઈ નથી.' મેં એની નાભિને ચૂમતાં કહ્યું. આરતીને ચુંબન કરતાં આજે હું ધરાતો નહોતો. વર્ષોથી દાબી રાખેલા અરમાન આજે ધોધ બનીને વરસી પડેલા. હું અને આરતી એક થઈ ગયાં. દુનિયાનો હું સહુથી સુખી માણસ હતો. જાણતો હતો કે આ પળથી મારી જિંદગી સાવ બદલાઈ જવાની હતી. આરતીને હું વધુ પ્રેમ કરવા લાગેલો.

લોકો કહે છે કામાગ્નિ શાંત પડયા પછી પુરુષને સ્ત્રીથી થોડા દૂર જવાની ઈચ્છા થાય છે, પણ મને તો થતું હતું કે આરતીને હજી વધુ નજીક લાવું, જિંદગીભર એને મારાથી અળગી ન થવા દઉં, પણ આરતી હવે ક્યાંક દૂર તાકી રહેલી. એના ચહેરા પર કોઈ હાવભાવની લગભગ ગેરહાજરી હતી.

'આરતી, દુનિયામાં તારા જેવું બીજું કોઈ નહીં હોય!' મેં કહ્યું.

જવાબમાં આરતીએ માત્ર નાનું સ્મિત આપ્યું.

'આરતી, હું તારા વિના જીવી નહીં શકું!'

'પ્લીઝ, એવું નહીં બોલ.'

'સાચું કહું છું આઈ લવ યુ!'

'પ્લીઝ, હવે બસ કર.' બોલતાં આરતી પથારીમાં બેઠી થઈ ગઈ. એણે એના શરીરને ચાદરથી ઢાંકી દીધું.

'આરતી, શું થઈ ગયું છે તને?' મેં પૂછ્યું, ત્યાં જ એના ફોન પર મૅસેજટોન આવ્યો. આરતીએ ફોન ઉપાડીને મૅસેજ વાંચ્યો અને પછી ઊંડો શ્વાસ લઈને સામે જવાબ મોકલ્યો.

'હવે હું કપડાં પહેરી લઉં?' એણે પૂછ્યું.

'હં? હા...'

આરતી શરીરે ચાદર લપેટીને, નીચે પડેલાં એનાં કપડાં ઊંચકીને બાથરૂમમાં ગઈ. હું મૂંઝાઈ ગયો. આરતીનો મૂડ વારે વારે કેમ બદલાય છે? આજે જે થયું, એનાથી અમે એકમેકની નજીક આવશું કે વધુ દૂર થઈ જઈશું?

ઊભો થઈને હું કપડાં પહેરતો હતો ત્યાં આરતી પાછી રૂમમાં આવી, 'મારે ઘરે જવું છે.'

'પણ હજી બાર વાગ્યા છે. તારે તો બે વાગ્યા સુધી રહેવાનું છે ને?'

'ઘરમાં હું કહીશ કે શિફ્ટ વહેલી પૂરી થઈ ગઈ. આમેય બધાં ઊંઘમાં હશે. કોણ ટાઈમ ચેક કરવાનું છે?'

'નહીં જા. મારી પાસે આવીને બેસ. વાતો કર...' મારે આવું કહેવું હતું અને લોકો તો કહે છે કે છોકરીઓને વાતો કરવી ગમે છે.

'તું ડ્રાઈવરને બોલાવીશ?' આરતીએ પૂછ્યું.

'પાંચ મિનિટ, બસ પાંચ મિનિટ રોકાઈ જા.' મેં આજીજી કરી.

આરતી સોફા પર જઈને બેઠી, 'તું કેમ આટલી બધી ટૅન્શનમાં આવી ગઈ? હું તારો ગોપાલ છું. તને મારી જરાય પડી નથી?' મેં પૂછ્યું.

'હજીયે પુરાવાની જરૂર છે?' આરતી બોલી. હું એની બાજુમાં જઈને બેઠો. એના હાથ હવે ઠંડાગાર હતા.

'આરતી, આજે જે થયું એમાં કંઈ શરમાવા જેવું નથી. ઊલટું આપણા માટે તો આ બહુ ખાસ પળો હતી.'

'પણ હું હજી કોઈ બીજા સાથે જોડાયેલી છું.' આરતી બોલી.

'એવા માણસ સાથે, જે ક્યારેય તારી જરૂરતના સમયે તારી સાથે નથી હોતો?'

આરતીએ સહેજ આશ્ચર્યથી મારી સામે જોયું.

'આરતી, મેં ક્યારેય તારા અને રાઘવના સંબંધ વિશે કોઈ

ટીકાટિપ્પણ નથી કરી, પણ એનો અર્થ એવો નહીં કે હું બધું સમજતો નથી. એ માણસ તારે લાયક નથી. તને તો આ દુનિયામાં જેટલી ખુશી છે એ બધી મળવી જોઈએ.'

'ગોપાલ, હું સીધીસાદી છોકરી છું.'

'સીધીસાદી છોકરીને પણ પ્રેમ, સલામતી, ધ્યાન, આધાર, આ બધું જોઈએ, બરાબર?'

આરતી ચૂપ રહી.

'સીધીસાદી છોકરી એક દિવસ લગ્ન કરશે. એણે પૂછવાની જરૂર પડશે કે એનો પતિ એની સાથે એક સુખી પરિવાર ઉછેરી શકશે કે નહીં?' મેં કહ્યું. વર્ષો સુધી હું ખુદને બચાવપક્ષના કઠેડામાં મૂકતો રહેલો, પણ આજે મારામાં સામું આક્રમણ કરવાની તાકાત આવી ગયેલી.

'હું થાકી ગઈ છું. હવે ઘેર જઈશ.' કહીને આરતી ઊભી થઈ ગઈ. મેં ડ્રાઈવરને ફોન કર્યો. આરતીએ મને એની સાથે નીચે ઊતરવાની ના પાડી. રૂમમાંથી નીકળતાં પહેલાં એ મારી નજીક આવી. મને આશા જાગી, પણ માત્ર દોસ્તીભાવે મને ભેટીને એ નીકળી ગઈ. આરતીના ગયા પછી એની સુગંધ કલાકો સુધી રૂમમાં અને દિવસો સુધી મારા મનમાં મહેંકતી રહી.

૩૦

રમાડા હોટલની એ રાત પછી અમારા વચ્ચે બે દિવસ વાત ન થઈ. છેવટે મારી ધીરજ ખૂટી ગઈ. ત્રીજે દિવસે મેં આરતીને ફોન કર્યો.

'મમ્મી-ડૅડી અહીં જ બેઠાં છે. કાલે ઑફિસે જતાં પહેલાં સવારે કાફે કૉફી ડેમાં મળશું.' આરતીએ કહ્યું.

બીજે દિવસે પર્પલ સ્કર્ટ, વ્હાઈટ પ્રિન્ટેડ ટોપ અને ભીના વાળ સાથે આરતી કૉફીશૉપમાં દાખલ થઈ ત્યારે મારા સહિત, ત્યાં હાજર રહેલા બધા એને જોઈ રહ્યા, પણ આરતીએ બેસવાની સાથે જ કહી દીધું કે એની પાસે માત્ર વીસ મિનિટ હતી.

બે-ચાર આડાઅવળાં વાક્યોની આપ-લે પછી મેં સીધું પૂછી નાખ્યું, 'આરતી, તું મને પ્રેમ કરે છે?'

સાંભળીને ત્રાસ થતો હોય એમ આરતીએ ઊંડો શ્વાસ ખેંચીને જોરથી બહાર છોડયો.

'આરતી, વાત શું છે? હવે તો સ્વીકારી લે કે તને મારા માટે કેવી લાગણી છે!'

'તારે ખરેખર જાણવું છે કે મને અત્યારે કેવી લાગણી થાય છે?' આરતીએ પૂછ્યું.

''હા.

'અપરાધની. આઈ ફીલ ગિલ્ટી!'

'પણ શું કામ? આપણી વચ્ચે જે થયું એ પ્રેમ નહીં તો શું હતું?'

'ગોપાલ, તું હવે વારંવાર "પ્રેમ" શબ્દ વાપરવાનું બંધ કર. ઓ.કે.?' આરતી બોલી.

છોકરીઓને સમજવાનું મુશ્કેલ નહીં, અશક્ય છે. હું ચૂપ થઈ ગયો.

'રાઘવે મારું કંઈ બગાડયું નથી.' થોડી વાર બારીની બહાર જોયા પછી આરતી બોલી.

'અચ્છા તો વાત રાઘવની છે...'

'મારી વાત સાંભળી લે પહેલાં!' આરતી કડક અવાજે બોલી.

આદેશનું પાલન કર્યા વિના છૂટકો નહોતો. પુરુષોનો જન્મ જ સ્ત્રીઓને સાંભળવા માટે થાય છે.

'રાઘવ સચ્ચાઈના માર્ગ પર ટકી રહેવાનો સંઘર્ષ કરી રહ્યો છે. આ સહેલું નથી.' આરતી બોલી. મેં માત્ર માથું હલાવ્યું.

'મારે એની સાથે બેવફાઈ નહોતી કરવી જોઈતી. હું બહુ ખરાબ છું!'

મેં પાછું માથું હલાવ્યું.

'તને લાગે છે કે હું ખરાબ વ્યક્તિ છું?'

આરતીએ પૂછ્યું. હું મૂંગો રહ્યો.

'કંઈક તો બોલ.' એણે ચિઢાઈને મોટેથી કહ્યું.

'તેં કહ્યું કે મારે માત્ર સાંભળવાનું છે.' મેં એને યાદ દેવડાવ્યું.

'હા. મેં કહ્યું કે મારી વાત સાંભળ!'

'તો?'

'તો બોલ કંઈ!' આરતી વધુ ચિડાઈ. સ્ત્રી-પુરુષ વચ્ચે થતા સંવાદમાં આવું જ ચાલતું રહે. બોલે બંને જણ, પણ એક જણ શું કહેવા માગે છે એ બીજાને સમજાય જ નહીં. મેં છેવટે કહ્યું, 'આરતી, તું સમજદાર છોકરી છે. તું જાણે છે કે આપણું દિલ હા ન પાડે, ત્યાં સુધી આપણે અમુક કામ નથી જ કરતાં.

'તારા કહેવાનો મતલબ?' આરતીની ભ્રમર વંકાઈ.

'એ જ કે વર્ષોની મારી લાખ કોશિશ પછીયે તું મારાથી દૂર જ રહેલી, પણ એ રાતે તારા મનમાં એવું કંઈક તો આવી ગયેલું કે તેં હા પાડી દીધી.'

'મારી ભૂલ થઈ ગઈ.' આરતીના શબ્દો સાંભળીને મને ગુસ્સો આવી ગયો. મારા માટે જિંદગીનો જે ખાસ દિવસ હતો એને આરતી ભૂલમાં ખપાવી રહી હતી.

'તો આજે મને મળવા કેમ આવી?' મેં રોષ પર કાબૂ રાખતાં પૂછ્યું.

'કૉફી માટે મળ્યાં છીએ.' આરતી મારી સાથે નજર મિલાવ્યા વિના બોલી.

'આરતી, ખોટું શું કામ બોલે છે? આપણે માણસ છીએ. આપણી લાગણીઓ સમયની સાથે બદલાય, એમાં કંઈ શરમાવા જેવું નથી.'

આરતીની આંખોમાં પાણી તગતગી ઊઠયાં, 'ગોપાલ, બે જણના સંબંધમાં હંમેશાં એક વ્યક્તિ બીજાથી થોડી નબળી હોય છે, કાયમ નબળી

સ્થિતિમાં રહેવાનું સહેલું નથી.'

'એ વાત હું બરાબર જાણું છું.' મારાથી બોલાઈ ગયું. આરતીનાં ભવાં સંકોચાયાં. મેં તરત કહી દીધું, 'સૉરી, તારી વાત સાંભળું છું.'

'મમ્મી-ડૅડી મારાં લગ્ન માટે ઉતાવળાં થયાં છે. હું ક્યાં સુધી એમની વાત ટાળી શકીશ? પણ રાઘવ સમજવા તૈયાર નથી.'

'કેમ, એને તારી સાથે લગ્ન નથી કરવાં?'

'કરવાં છે, પણ હમણાં નહીં, થોડાં વરસ પછી. કોઈ વાર કહે છે કે સેટલ થઈ જવા દે, કોઈ વાર કહે છે એનું કામ બહુ જોખમી છે. મોટે ભાગે વ્યસ્ત હોવાનું બહાનું કાઢે છે, પણ પછી મારું શું?'

ક્યારેક સ્ત્રીઓ સાથે વાત કરતી વખતે માત્ર વચ્ચે વચ્ચે માથું હલાવી દેવાનું પૂરતું હોય છે. મેં પણ એમ કર્યું. આરતી આગળ બોલતી રહી, 'રાઘવ મને ચાહે છે. ઘણી વાર એટલા સ્વીટ એસએમએસ મોકલે છે... સારું લાગે છે...'

પાંચ મિનિટ સુધી રાઘવપુરાણ ચાલ્યું. કદાચ એ પોતાની જાતને આ બધું કહી રહી હતી. મેં સાંભળવાનો દેખાવ કર્યો, પણ મારું ધ્યાન એના કાનમાં ઝૂલી રહેલા ઈયરિંગ્ઝ પર હતું.

'થૅંક્યુ, મને સાંભળવા માટે.' છેવટે એણે કહ્યું.

'આરતી, માની લીધું કે તને રાઘવ સાથે થોડી તકરાર છે, પણ તું મારી પાસે કેમ આવી? મારી સાથે શું કામ સૂતી?' મેં છેવટે પૂછ્યું

'કારણ કે તું મને ગમે છે.' આરતીએ કહ્યું.

'અચ્છા?'

'હા, અને હું જાણું છું કે તારા દિલમાં મારા માટે કેવી જગ્યા છે! પણ ગોપાલ, મને ખરી ખુશી ત્યારે થશે જ્યારે તું તારા માટે કોઈ સારી છોકરી શોધી કાઢશે.'

'મને તારા સિવાય બીજી કોઈ નથી જોઈતી. જો તું નહીં તો કોઈ નહીં!' મેં કહ્યું.

'તું આવું બોલે છે તો મને બહુ ગિલ્ટ ફીલ થાય છે.' આરતી બોલી.

'મને હા પાડે કે ના, તને બધી બાજુએથી અપરાધભાવ જાગે છે.'

આરતીએ આછું સ્મિત આપ્યું, 'સ્ત્રીનું જીવન સહેલું નથી. અમને ડગલે ને પગલે અપરાધની લાગણી નડતી રહે છે.'

'તું અમસ્તી ગૂંચવણ ઊભી કરે છે, બધું છોડીને આવી જા મારી પાસે!'

'પછી રાઘવનું શું થશે?'

'તારા વિના મારું શું થશે? આરતી, તું મારી પેરણામૂર્તિ છે. તું સાથે હોઈશ તો હું મારી કૉલેજને ક્યાંની ક્યાં પહોંચાડી દઈશ! ઍવિયેશન, એમબીએ, મેડીસીન...'

'એ બધું કરવા માટે તને મારી જરૂર નથી.'

'તારી જરૂરત મારા જીવન માટે છે. તારા વિના હું કંઈ નથી.' હું ભાવાવેશમાં આવી ગયો, 'આરતી, દુનિયામાં સંબંધો જોડાતા ને તૂટતા રહે છે અને રાઘવ સાથે તો હજી તારાં લગ્ન પણ નથી થયાં. તું મારી પાસે આવી જા. એ એના જેવી છોકરીને શોધી લેશે. પત્રકાર, ચળવળવાદી કે એવી કોઈ...'

'ગોપાલ, પ્લીઝ, અત્યારે મારા પર કોઈ દબાણ નહીં નાખ.'

'અચ્છા.' મેં એના તરફ લાંબો કરેલો હાથ પાછો ખેંચી લેતાં કહ્યું.

આરતીએ એની રિસ્ટ વૉચમાં જોયું. મેં મારા ડ્રાઈવરને બોલાવ્યો.

'ઓહો, મર્સિડીઝ! તારી છે?' આરતીએ કાર જોઈને આંખો પહોળી કરી.

'ના. ટ્રસ્ટે ખરીદી છે. શુક્લાજી માટે. હમણાં ડિલિવરી લીધી.' અમે કારમાં બેઠાં.

'મિસ્ટર ગોપાલ, એક દિવસ તમારી પોતાની પણ હશે.' હોટલ પર પહોંચીને આરતી બોલી.

'ગાડી કે છોકરી?'

'બંને.' આરતીએ આંખ મીંચકારતાં કહ્યું.

'પાછી ક્યારે મળીશ?' મેં પૂછ્યું.

'ગોપાલ!'

'અરે, તું મળ તો ખરી! આપણે કંઈ નહીં કરીએ.'

'બધા પુરુષો આવું જ કહે છે.' બોલીને આરતી કારમાંથી ઊતરી ગઈ.



આ મુલાકાત પછી બે મહિના વીતી ગયા. હું અને આરતી મળતાં રહ્યાં. જોકે અમે જાહેરમાં મળવાનું ટાળતા. આરતી, એનાં માતાપપ્પા બહાર ગયાં હોય ત્યારે મને ઘેર બોલાવતી.

અમે એના રૂમમાં બેસીને કલાકો સુધી ગપ્પાં મારતાં. રમાડામાં જે

થયું એનો પસ્તાવો કે અફસોસ હવે આરતીમાંથી ઓછો થઈ રહ્યો હોય એવું લાગતું હતું. રાઘવને દગો આપ્યાનો અપરાધભાવ પણ ઓસરી ગયો હતો. પરંતુ મારા મોઢેથી પ્રેમ શબ્દ સાંભળતાની સાથે આરતી અસ્વસ્થ થઈ જતી. એટલે મેં એ વિષય છેડવાનું બંધ કરી દીધેલું.

એ દિવસે આરતી ઘરમાં એકલી હતી. એના ડૅડીને ઘૂંટણનો દુખાવો હેરાન કરવા લાગેલો. આરતીની મમ્મી એમને લઈને હૉસ્પિટલમાં ગઈ હતી.

આમ તો હું આરતીનો શારીરિક સંપર્ક, બને ત્યાં સુધી ટાળવાનો પ્રયાસ કરતો, પણ એ દિવસે તોફાનીમસ્તીમાં મેં એને એક ચુંબન કરી દીધું. આરતીએ વિરોધ ન કર્યો, પણ હું બીજી વાર કરવા ગયો તો એણે મને દૂર હડસેલી દીધો.

'બસ, આનાથી વધુ કંઈ નહીં! પછી મારા દિમાગમાં દિવસો સુધી જાતજાતના વિચારો આવીને મન ઉદાસ કરી નાખે છે.' એણે કહ્યું.

'વાંધો નહીં, મારી પણ એવી કોઈ ઈચ્છા નથી.' મેં કહ્યું.

'ખરેખર?' આરતીને નવાઈ લાગી.

કેસરી રંગના સલવાર અને સફેદ કુરતામાં આરતી મને દુનિયાની સહુથી સુંદર સ્ત્રી લાગતી હતી. એનાથી વધીને મને બીજું કંઈ નહોતું જોઈતું, પણ મેં મારી જાત સાથે એક શરત મૂકી હતી.

'રાઘવ તારા દિલમાંથી, દિમાગમાંથી પૂરેપૂરો નીકળી નહીં જાય ત્યાં સુધી નહીં.' મેં આરતીને કહ્યું.

'શું?'

'એ રાતે રમાડામાં માત્ર તારું શરીર મારી પાસે હતું. તારું હૃદય, તારો આત્મા નહીં. હવે બીજી વાર મને એવી અડધીપડધી આરતી નથી જોઈતી.'

'પણ લોકો એમ સહેલાઈથી, રાતોરાત આપણા મનમાંથી નથી નીકળતા.'

'જાણું છું, પણ તું કોશિશ તો કરે છે ને?'

'ખબર નથી. ગમે તેટલી ના પાડું, પણ હકીકત એ છે કે રોજ તને મળવાનું મન થાય છે.' આરતી મારી પાસે ખુરશીના હાથા પર આવીને બેઠી.

'તો તું હવે રાઘવને છોડી દેવા માટે તૈયાર છે?' મેં પૂછ્યું એ જ વખતે આરતીનો ફોન રણક્યો.

'એનો જ કૉલ છે.' આરતી બોલી.

'હાય.' આરતીએ ફોનમાં કહ્યું. એ મારી એટલી નજીક બેઠેલી કે મને સામે છેડેથી રાઘવનો અવાજ પણ સંભળાતો હતો.

'આજે આપણે પેપરની પાંચ હજાર કૉપી છાપી.' રાઘવે ઉત્સાહભેર ખબર આપ્યા.

'કૉંગ્રેચ્યુલેશન.' આરતી બોલી.

'હવે આપણને મોટી કંપનીઓ પાસેથી જાહેરખબર મળવા લાગશે. તું શું કરે છે?'

'હું આજે જલદી ઘેર આવી ગઈ. મમ્મી-ડૅડી હૉસ્પિટલમાં ગયાં છે. ડૅડીને કદાચ બંને ઘૂંટણ પર ઑપરેશન કરાવવું પડશે.'

'ઓહ.' રાઘવે કહ્યું. મેં આરતીના વાળ સાથે રમવાનું શરૂ કર્યું. એણે આંખો કાઢી, પણ મેં પરવા ન કરી.

'બીજા શું ખબર? આજે સાંજે શું કરે છે?' આરતીએ ફોનમાં પૂછ્યું.

'સોમવારનો અંક પૂરો કરવાની ધમાલમાં છું, પણ મોડી રાતે કૉફી માટે મળીએ.'

'ના રે, જેટલી વાર રાતે ઘરમાંથી બહાર નીકળું છું એટલી વાર મમ્મી મને બીજે અઠવાડિયે પરણાવી દેવાની ધમકી આપે છે.'

પણ તું હજી કેટલી નાની છે!

'ઘરવાળાને એવું નથી લાગતું. મારી ઉંમરની બધી કાકા-મામાની છોકરીઓ પરણી ગઈ છે.'

'તું હવે પાછી ઝઘડવા નહીં બેસી જતી. હું થાકી ગયો છું.' રાઘવ બોલ્યો.

'સારું.'

'આઈ લવ યુ, બાય.' રાઘવે શાણા બનીને છટકવાની પેરવી કરી.

'લવ યુ, બાય.' આરતીએ બોલીને ફોન બાજુએ મૂક્યો. મેં એના ચહેરા પરથી હાથ હટાવી લીધો.

'શું થયું?' આરતીએ પૂછ્યું.

'મેં કહ્યું ને કે હજીયે એ તારા દિલોદિમાગમાંથી નથી ગયો.'

'અમસ્તી વાતચીત હતી.'

'પણ તેં એને આઈ લવ યુ કહ્યું ને? હું બોલું છું ત્યારે તને નથી ગમતું.'

આરતીનો ચહેરો ઊતરી ગયો. એ બારી પાસે જઈને ઊભી રહી.

થોડી વાર બાદ એ ધીમેથી બોલી, 'ક્યાં સુધી હું આવી છેતરપિંડી કરીશ? ક્યારેક તો એને ખબર પડી જશે. એના બદલે હું જ એને કહી દઉં?'

'તું મારી સાથે રહીશ ને?' મેં કહ્યું. આરતીએ આવીને મારી છાતી પર માથું મૂકી દીધું.

'આરતી, મરતાં સુધી હું તને પ્રેમ કરીશ.'

આરતીના હાથ મારા ગળે વીંટળાઈ ગયા. થોડી ક્ષણો એમ ને એમ વીતી ગઈ. પછી આરતીએ ફરી પૂછ્યું, 'હું એને કહી દઉં?'

મેં માથું ધુણાવ્યું, 'ના... હું એને કહીશ.'

રાઘવનું નાક કાપીને મારે એના હાથમાં આપવું હતું.

૩૧

લોકો ઘર બદલતી વખતે સામાનની હેરફેરમાં પડતી તકલીફોની વાત કરે છે, પણ જૂના ઘરમાંથી નીકળતી વખતે મારો બધો સામાન એક મીની-વાનમાં આવી ગયો. મારાં કપડાં, પપ્પાનાં થોડાં જૂનાં પુસ્તકો અને ફેમિલી ફોટોગ્રાફ્સ, બસ!

મારે ત્રણ બેડરૂમ ધરાવતા ડુપ્લેક્ષ બંગલાની જરૂર નહોતી, પણ હું કૉલેજનો ડિરેક્ટર હતો. જૂના મકાનમાં કે હૉસ્ટેલની એક રૂમમાં રહેવું મારા હોદ્દા માટે શોભાસ્પદ નહોતું. નવો ડિરેક્ટર્સ બંગલો તૈયાર થઈ ગયેલો અને એને શણગારવાનું કામ કૉન્ટ્રેક્ટરે જ કર્યું હતું.

ફર્નિચર, ગાલીચા, વાસણ વગેરે ભરેલી ટ્રક નવા ઘરના કમ્પાઉન્ડમાં પ્રવેશી. હું બહાર લૉન પર ઊભોઊભો કામકાજ પર નજર રાખી રહ્યો હતો. એક મજૂરે જૂના ફોટોગ્રાફ્સ ઊંચા કરીને પૂછ્યું, 'આને ક્યાં રાખીએ?'

મેં નજીક જઈને એમાંથી ફ્રેમ કરેલો એક બ્લેક ઍન્ડ વ્હાઈટ ફોટોગ્રાફ મારા હાથમાં લીધો. એની અંદર એક ઝાડ નીચે બેઠેલા પપ્પા હુક્કો ગગડાવી રહ્યા હતા અને હું પાંચ વર્ષનો નાગોપૂગો, કોઈ સંકોચ વિના એમની બાજુમાં બેઠો હતો. મારા સ્મરણપટ પર પપ્પાની છેલ્લી છબી, એક વૃદ્ધ, બીમાર માણસ તરીકેની હતી, પણ આ તસવીરમાં એ યુવાન તંદુરસ્ત લાગતા હતા. પપ્પાના એક મિત્રએ, એમના દીકરાએ વિદેશથી મોકલેલા કૅમેરા વડે આ તસવીર ખેંચી હતી.

તસવીરમાં દેખાતું વૃક્ષ શોધવા માટે મેં કૅમ્પસમાં ચારેબાજુ નજર ફેરવી, પણ જડયું નહીં. અચાનક મારી આંખમાં ખારાશનો ડંખ લાગ્યો. પપ્પાના ગયા પછી, ચાર વર્ષમાં હું એકેય વાર એમને યાદ કરીને રડયો નહોતો, પણ કોણ જાણે આજે રડવાનું મન થતું હતું. પપ્પાએ મારી નિષ્ફળતાથી દુ:ખી થઈને એમના છેલ્લા શ્વાસ લીધા હતા. આજે એ જીવિત હોત તો મારું નવું ઘર જોઈને કેટલા ખુશ થાત.

'આગળના રૂમમાં રાખો.' મેં મજૂરના હાથમાં તસવીર આપતાં

કહ્યું.

સવારના દસ વાગતામાં બધો સામાન મારા ઘરની અંદર પહોંચી ગયો. મારા પહેલા અતિથિ તરીકે મેં શુક્લાજીને આમંત્રણ આપેલું. એમની મહેરબાનીથી આ બધું શક્ય બન્યું હતું. ઘરમાં ગૅસનો ચૂલો બરાબર કામ નહોતો કરતો. રસોઈયાએ હૉસ્ટેલના કીચનમાં જઈને રાંધવાની રજા માગી, પણ હું ભડકી ગયો. શુક્લાજી જમવા માટે આવવાના હતા. હૉસ્ટેલમાં બનતી રસોઈ પર મને ભરોસો નહોતો. 'હૉસ્ટેલનો ગૅસસ્ટવ અહીં લઈ આવો.' મેં આદેશ આપ્યો.

આ બધી ધમાલની વચ્ચે પણ આરતી સતત મારા મનમાં હતી. ઘરની પહેલી મહેમાન તરીકે એને બોલાવવાનો વિચાર મને આવેલો પણ પછી મેં માંડી વાળ્યો. નવા ઘરમાં એ પારકાની પ્રેમિકાના રૂપમાં આવે એ મારા મનને મંજૂર નહોતું. મેં એને પણ કહી દીધેલું કે રાઘવને મળીને બધી સ્પષ્ટતા થઈ જાય એ પછી જ હું એને મારી આરતી તરીકે આ ઘરમાં લઈ આવીશ.

આરતી સાથે હું એસએમએસની આપ-લે કરી રહ્યો હતો ત્યાં વચ્ચે ફોનની રિંગ વાગી. સામે શુક્લાજી હતા.

'હમણાં ને હમણાં ઘેર આવી જા.' એ બોલ્યા.

'પણ સર, હું ઘરમાં જ છું, મારા નવા ઘરમાં. આપણા બંગલામાં!' મેં કહ્યું.

'મારા માથે તો આભ તૂટી પડયું છે.' શુક્લાજીના અવાજમાં આજ પહેલા નહોતી સાંભળી એવી તાણ હતી.

'શું?'

'જલદી આવ. તારો એ નાલાયક ભાઈબંધ... હું એને નહીં છોડું...'

હું કંઈ વધુ પૂછવા જાઉં એ પહેલાં એમણે લાઈન કાપી નાખી. દોડાદોડ હું ઘરની બહાર નીકળ્યો. હૉસ્ટેલમાંથી ભારેખમ ગૅસસ્ટવ ઊંચકીને આવી રહેલા રસોઈયાને મેં કહ્યું, 'લંચ નહીં બનાવતા.'



શુક્લાજીના ઘરના વરંડામાં એમના માણસો ટોળે વળ્યા હતા. એમના ચહેરા જુઓ તો કોઈ શોકસભામાં આવ્યા હોય એવા હતા. ટેબલ પર ગુલાબી રંગના કાગળોનો પથારો હતો.

'શુક્લાજી ક્યાં છે?' મેં પૂછ્યું.

'ઊભા રહો. અંદર એ કોઈની સાથે ફોન પર વાત કરી રહ્યા છે.' એક માણસે કહ્યું.

'શું થયું?' મેં પૂછ્યું પણ કોઈએ જવાબ ન આપ્યો. ટેબલ પરથી મેં એક પેપર ઉપાડયું. આ તો રાઘવનું પેપર 'રૅવૉલ્યુશન ૨૦૨૦.'

મોટા અક્ષરે બાંધેલું મથાળું હતું – 'પવિત્ર નદીમાં ગંદકી ઠાલવીને વિધાનસભ્ય શ્રીમંત બની ગયા. નીચે શુક્લાજીનો ઝાંખો, બ્લેક ઍન્ડ વ્હાઈટ ફોટોગ્રાફ હતો. મેં રિપોર્ટ વાંચવાનું શરૂ કર્યું.

'દીમ્નાપુરા સ્યુએજ પ્લાન્ટ માટે સરકારે પચીસ કરોડ રૂપિયા મંજૂર કર્યા. એમાંથી વીસ કરોડ વિધાનસભ્યએ પોતાના ખિસ્સામાં સેરવી લીધા.'

મેં માથું ઊંચું કરીને તુચ્છતાભેર કહ્યું, 'આ તો બધા જૂના, ચવાઈ ગયેલા આક્ષેપો છે. રાઘવ ભલે જૂનાં મડદાં ઉખેળે, પણ કોણ એની વાત સાંભળવાનું?'

ત્યાં ઊભેલા લોકોમાંથી કોઈએ મારી વાતનો પ્રતિભાવ ન આપ્યો. આમેય ત્યાં જમા થયેલા પક્ષકાર્યકર્તાઓમાથી અડધા માટે તો કાળા અક્ષર કુહાડે માર્યા જેવો તાલ હતો અને બાકીના ડરી ગયેલા લાગતા હતા. મેં આગળ વાંચ્યું અને પછી શબ્દે શબ્દે રિપોર્ટની ગંભીરતા સમજાવા લાગી.

'સોમવારની વહેલી સવારે નવ વાગ્યામાં નાનાં બાળકોને, કમર સમાણાં ગટરના પાણી વટાવીને સ્કૂલે જતા જોયા. વાતાવરણમાં દુર્ગંધ માથું ફાટી નાખે એવી હતી. અહીં રહેતા લોકોને ખબર નથી પડતી કે આ શું થઈ રહ્યું છે! બસ, એટલી ખબર છે કે સરકારે ગંગાની સફાઈ માટે, ગંગા ઍક્શન પ્લાન(GAP)ની જાહેરાત કરી ત્યારથી શહેરમાં ગંદકી વધી ગઈ છે.

'લોકો ભલે અજાણ હોય, પણ 'રૅવૉલ્યુશન ૨૦૨૦'ની ટીમે શોધી કાઢયું છે કે આવું કેવી રીતે બન્યું અને સહુથી મોટા આઘાતની વાત એ છે કે આ ગંદકી ફેલાવવામાં સહુથી મોટો ભાગ આપણા વિધાનસભ્ય રમણલાલ શુક્લાના દીમ્નાપુરા સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટે ભજવ્યો છે.'

'આ વિરોધપક્ષનું કાવતરું છે' કોઈ બોલ્યું. મેં થડકતા કાળજે આગળ વાંચ્યું. રાઘવે લખેલા લાંબા લેખમાંથી જે નિષ્કર્ષ નીકળતો હતો એ ભયાનક હતો. ગટરોનાં પાણી સાફ કરીને પાછા નદીમાં ઠાલવવા માટે શુક્લાજીએ સરકાર પાસેથી ૨૫ કરોડ રૂપિયા લઈને દીમ્નાપુરા પ્લાન્ટ ઊભો કર્યાની જાહેરાત કરેલી. વર્ષોથી જોકે પ્લાન્ટ નિષ્ક્રિય પડી રહેલો

અને પછી જ્યારે શરૂ કરવાની ફરજ પડી ત્યારે નદી સાફ કરવાને બદલે વધુ ગંદી કરવાની રમત રમાઈ ગઈ. જે ગંદું પાણી પ્લાન્ટમાં પહોંચતું હતું. એમાંથી એંસી ટકા જરાય સાફ થયા વિના ત્યાંથી જઈને વરુણા નદીમાં ઠલવાઈ જતું હતું. થોડે આગળ પહોંચીને વરુણા નદી ગંગાને મળતી હતી. આ પ્લાન્ટ ઊભો કરનાર કન્સ્ટ્રક્શન કંપની વિધાનસભ્યના કાકા રોશન શુક્લાની હતી.

પ્લાન્ટની અંદર પંદર કરોડના ખર્ચે પંપ બેસાડયાની માહિતી શુક્લાએ સરકાર અને લોકોને આપી હતી, પણ 'રેવોલ્યુશન 2020' એ ખણખોદ કરીને શોધી કાઢેલું કે આવા કોઈ પંપ ખરીદાયા જ નહોતા. લેખની સાથે નકલી બિલોની કોપી અને ખાલી પ્લાન્ટની તસવીરો હતી. પ્લાન્ટમાંથી વરુણા નદીમાં કઈ જગ્યાએ ગંદું પાણી ઠલવાતું હતું, એનો નકશો જોઈને મારું માથું પણ ચકરાઈ ગયું. રાઘવે આ વખતે પાકું કામ કરેલું. ભ્રષ્ટાચારના પુરાવા એણે વાચકોની સામે રજૂ કયાર્ હતા. લોકોના રોષનો પાર નહોતો રહેવાનો. રાજકારણીઓ દરેક સરકારી યોજનામાં પૈસા ખાતા હોય છે એ હકીકત તો કદાચ લોકોને ન ગમે તોય લગભગ સદી ગયેલી, પરંતુ દેશની સહુથી પવિત્ર ગણાતી નદીના નામે લૂંટ ચલાવવી એટલું જ નહીં, એને વધુ ગંદી કરવી, આ પાપ કોણ માફ કરવાનું?

'મુખ્યમંત્રી લખનઉથી આવી રહ્યા છે.' કોઈ બોલ્યું, 'આ કોઈ ન્યૂઝપેપર નથી, સ્થાનિક ફરફરિયું છે. કેટલા જણ વાંચવાના?' શુક્લાજીનો અંગત સચિવ કોઈને કહી રહ્યો હતો. પાર્ટીના માણસોએ બજારમાંથી હાથ લાગી, એટલી કોપીઓ જપ્ત કરી લીધેલી, પણ 'રેવોલ્યુશન 2020,' બીજા અખબારોની અંદર મફત પેપરના રૂપમાં આવતું હતું. એમાંથી કેટલી કોપી કાઢીને બાળી નખાય?

આરતીનો ફોન આવ્યો, 'જોયું આજનું પેપર?'

'હા, મારા હાથમાં છે.'

'કેવા લોકો છે, નદી સાફ કરવાને બદલે વધુ ગંદી કરે છે.'

'પણ એ બહુ પાવરફુલ લોકો છે. રાઘવે ધ્યાન રાખવું જોઈએ.'

'પણ રાઘવે લોકોની સામે માત્ર સત્ય રજૂ કર્યું છે. કોઈકે તો આ કરવું પડે ને!'

'મેં એટલું જ કહ્યું કે રાઘવે સાવધાની રાખવી પડશે.' મેં ભારપૂર્વક કહ્યું.

'રાઘવ મુસીબતમાં છે?' આરતીના અવાજમાં હવે ચિંતા ડોકાઈ.

'મને શું ખબર?'

'પ્લીઝ ગોપાલ, તું અને એમએલએ શુક્લા…'

'હું કોઈ સ્કેમમાં, ભ્રષ્ટાચારમાં સંડોવાયો નથી.' મારો અવાજ ગુસ્સામાં ફાટી ગયો. બહારથી અચાનક ટ્રાફિક વધી ગયાનો ઘોંઘાટ સંભળાયો. હું મેઈન ગેટ તરફ ગયો.

'ગોપાલ, હું તારા પર કોઈ આક્ષેપ નથી મૂકતી. મારે એટલું જ કહેવું છે કે હું ભલે એને વફાદાર ન રહી હોઉં, પણ રાઘવને કોઈ નુકસાન કરી જાય એ મારાથી નહીં સહેવાય.' આરતી ધીમા અવાજે બોલી.

ગેટ પર ઊભેલી અડધો ડઝન ટીવી ચૅનલોની ગાડીઓ જોઈને મારી આંખો પહોળી થઈ ગઈ. પત્રકારોને અંદર આવતા રોકવા માટે ચોકીદારો મથી રહ્યા હતા.

'ગોપાલ, મને વચન આપ કે રાઘવને કંઈ નહીં થાય.' આરતી બોલી રહી હતી.

'આરતી, એ મારા હાથમાં નથી. બસ, હવે એટલી આશા રાખીએ કે રાઘવનું પેપર નાનું છે, એટલે રિપોર્ટ દબાઈ જશે અને વાતનો અંત ત્યાં જ આવી જશે.'

'એવું નહીં થાય.' આરતી બોલી.

'એટલે?'

'બધાંય મોટાં છાપાં અને ન્યૂઝ ચૅનલોના લોકો 'રેવોલ્યુશન ૨૦૨૦'ની ઑફિસમાં બેઠા છે.'

'ઓ…' મારા મોઢામાંથી ગાળ સરી પડી. દૂરથી વ્હાઈટ ઍમ્બેસેડર ગાડીઓનો કાફલો આવતો દેખાયો. કૅમેરા ક્લિક ક્લિક થવા લાગ્યા.

'આરતી, પછી વાત કરશું.' કહીને હું ઉતાવળે પગલે ઘર તરફ ધસી ગયો. સાચે જ આસમાન તૂટી પડયું હતું.

૩૨

મુખ્યપ્રધાનનું આગમન થતાંની સાથે આજુબાજુ ઊભેલા લોકો સાવધાનની મુદ્રામાં આવી ગયા. સત્તાની આભા એવી હોય છે કે દૂરથીયે દેખાય અને અસર કરે. શુક્લાજી બે હાથ જોડીને અંદરથી દોડતા આવ્યા.

'મીડિયાને કોણે બોલાવ્યું?' મુખ્યમંત્રીએ બહાર જમા થયેલા પત્રકારો અને ટીવી કૅમેરા સામે જોયા વિના પૂછયું. શુક્લાજીના ચહેરા પર પણ વિમાસણ પથરાઈ ગઈ.

'ચાલો અંદર.' મુખ્યમંત્રી બોલ્યા અને બેઉ નેતા શુક્લાજીની ઑફિસમાં જતા રહ્યા. બંનેના માણસો આપસમાં વાતચીત કરતા બહાર ઊભા રહ્યા. જોકે અહીં પણ તફાવત સ્પષ્ટ નજરે પડતો હતો. મુખ્યમંત્રીના માણસો માથું ઊંચું રાખીને ઊભેલા અને શુક્લાજીના માણસો જાણે જમીન પર લાદીઓ ગણતા હતા. હું બેમાંથી એકેય જૂથમાં ફીટ નહોતો થતો. રૂમના એક ખૂણે ખાલી ખુરશી શોધીને હું બેસી ગયો.

'ગોપાલ' થોડી વાર પછી સંભળાયેલી બૂમે મને ચમકાવી દીધો. શુક્લાજી મને ઑફિસમાં બોલાવી રહ્યા હતા. હું અંદર ગયો.

'આ ગોપાલ છે. સર, મારી કૉલેજ ચલાવે છે. મારો સહુથી વિશ્વાસુ અને તેજસ્વી...'

મુખ્યમંત્રીને મારી લાયકાતનું લિસ્ટ સાંભળવામાં રસ નહોતો. શુક્લાજીનું વાક્ય અડધેથી કાપી નાખતાં એમણે મને સીધું પૂછ્યું, 'આ જેણે કર્યું એને તમે ઓળખો છો?'

'રાઘવ કશ્યપ, સર. મારો દોસ્ત હતો, પણ હવે નથી.'

'એનું મોઢું બંધ ન રાખી શક્યા?'

'આપણે એને દૈનિકમાંથી કાઢી મુકાવ્યો તો એણે પોતાનું પેપર ચાલુ કર્યું. જોકે કોઈ વાંચતું નથી.'

'પણ મીડિયાના લોકો વાંચે છે. રાઘવનું ફરફરિયું ભલે લોકોમાં ઝાઝું વંચાતું ન હોય, પણ એક વાર એણે ઈન્ટરવ્યૂ આપવાનું કે જાહેરમાં પુરાવા રજૂ કરવાનું શરૂ કર્યું તો પરિસ્થિતિ વણસી જવાની.'

'એણે શરૂ કરી દીધું છે.' સાંભળીને બંને જાણે મારી સામે એવી રીતે જોયું, જાણે આમાં બધો વાંક મારો હોય.

'તમે એને સંભાળી નથી શકતા? માણસોને સંભાળ્યા વિના આવડી મોટી કૉલેજ કેવી રીતે ચલાવો છો?' મુખ્યમંત્રી ઘૂરક્યા.

'સંભાળવા'નો અર્થ હું સમજી ગયો. મેં કહ્યું, 'સર, એને ખરીદવાનું શક્ય નથી.'

આ શબ્દો ઉચ્ચારતી વખતે ક્ષણભર મને રાઘવ માટે અભિમાન થઈ આવ્યું.

'શક્ય નથી એટલે શું? દુનિયામાં દરેક માણસની કિંમત હોય છે. ચૂકવો અને ખરીદી લો.'

'સર, રાઘવ નહીં ખરીદાય. હું એને બચપણથી ઓળખું છું. પાગલ છે એ માણસ!'

'એને જીવતા રહેવું છે કે નહીં?' શુક્લાજી મોટેથી બોલ્યા. ત્યારે મને ખ્યાલ આવ્યો કે એમની આંખો લાલ થઈ ગયેલી.

મુખ્યમંત્રીએ માથું ધુણાવ્યું, 'શુક્લાજીની મનોસ્થિતિ અત્યારે ઠીક નથી.'

'ના, સીએમ સર, હું…' શુક્લાજી બોલવા ગયા, પણ નેતાએ એમને અટકાવ્યા, 'શુક્લાજી, શાંત થઈ જાવ. તમને ભાન છે કે શું થયું છે?'

વિધાનસભ્ય નીચું જોઈ ગયા. મુખ્યમંત્રીના અવાજમાં હવે રોષની છાંટ ભળી, 'તમે પ્લાન્ટ સમૂળગો બનાવ્યો જ નહીં? દસ-બાર ટકા આડાતેડા થાય એ તો કદાચ સમજી શકાય, પણ શુક્લાજી, ગંદું પાણી સીધેસીધું વરુણામાં ઠાલવી દેતાં તમને સહેજ પણ વિચાર ન આવ્યો? આ ગંગા માતા છે. લોકો આપણને મારી નાખશે.'

મેં બહાર જવાની તૈયારી કરી, પણ મુખ્યમંત્રીએ મને બેસી જવાનો ઈશારો કર્યો.

'સીએમ સર, હું મામલો સંભાળી લઈશ.' શુક્લાજી બોલ્યા.

'કેવી રીતે? પેલા પત્રકારને મારી નાખીને?'

'માફ કરો, એ તો હું ગુસ્સામાં બોલી ગયો.' શુક્લાજીએ ભૂલ સુધારવાનો પ્રયાસ કર્યો.

'ગુસ્સામાં આવી લોકો ન કરવાનું કરી બેસે છે. ગુસ્સે થયેલા મતદારો, આખી ને આખી સરકાર ઉખાડીને ફેંકી દેતા હોય છે. આ સ્કેમ રિપોર્ટ આપણને બહુ ભારે પડવાનો છે.'

'સર, તમે કહો એ કરવા તૈયાર છું.' શુક્લાજી દયામણા અવાજે બોલ્યા.

'રાજીનામું આપી દો.' આટલું બોલીને મુખ્યમંત્રી ઊભા થઈ ગયા.

'રમણ, આવતા વર્ષે ચૂંટણી છે. મેં અત્યાર સુધી ક્યારેય તમારા કામકાજમાં દખલ નથી દીધી, પણ આ વખતે તો હદ થઈ ગઈ.'

'શું?' શુક્લાજીનો ચહેરો ધોળીપૂણી જેવો થઈ ગયો.

'શુક્લાજી, ખોટું નહીં લગાડતા. ગરિમા જાળવીને રાજીનામું આપી દો તો શક્ય છે કે કાલે પાછા આવો.'

'નહીં તો?'

'શુક્લાજી, તમે મારા મિત્ર છો, પણ તમારી હકાલપટ્ટી કરવી પડે એવા સંજોગો ઊભા નહીં કરતો. મારે મન પક્ષનું હિત, મિત્રતાથી ઉપર છે.'

શુક્લાજીને પોતાની નૌકા ડૂબી રહી હોવાનું ભાન થવા લાગ્યું. ગુસ્સામાં એમની મુઠ્ઠીઓ વળી ગઈ.

'થોડું ખમી જાવ. તમે જરૂર પાછા ફરશો.' આટલું આશ્વાસન આપીને મુખ્યમંત્રી વિદાય થયા. બહાર પત્રકારોની ફોજ એમની રાહ જોતી ઊભી હતી.

'હું તો શુક્લાજીને અમસ્તો મળવા આવેલો.' મુખ્યમંત્રીએ હસતે મોઢે પત્રકારોને કહ્યું.

'દીમ્નાપુરા પ્લાન્ટ સ્કેમની બાબતમાં તમારે શું કહેવું છે?' સામેથી સવાલ આવ્યો.

'પરિસ્થિતિની પૂરેપૂરી જાણકારી મેળવ્યા પછી જ હું બોલી શકું. અત્યારે તો પક્ષનું નામ ખરડવા માટેની આ કોઈ ચાલ લાગે છે, પણ ભ્રષ્ટાચારના મુદ્દે અમારા પક્ષનું વલણ બહુ સ્પષ્ટ છે. આક્ષેપ થતાંની સાથે અમે અમારા નેતાઓને હોદ્દો છોડવાનું કહી દઈએ છીએ. સાચું-ખોટું ભલે પાછળથી પુરવાર થાય.'

'તો વિધાનસભ્ય શુક્લા રાજીનામું આપશે?'

'એ તો એમણે નક્કી કરવાનું છે.' મુખ્યમંત્રી આ શબ્દોમાં ભાવિનો સ્પષ્ટ સંકેત આપીને એમની ગાડીમાં બેસી ગયા.

હવે મારી કૉલેજનું શું થશે, એનો વિચાર કરતો હું શુક્લાજીની ઑફિસમાં ગયો. ત્યાં પક્ષનો એક કાર્યકાર્તા બોલી રહ્યો હતો, 'અમે એ પેપરની ઑફિસનો કચ્ચરઘાણ બોલાવી દઈશું.'

'બોલો શુક્લાજી, શું કરીએ? સીએમ શું કહીને ગયા?' બીજાએ પૂછ્યું.

'મને થોડી વાર એકલો છોડી દો.' શુક્લાજી બોલ્યા. થોડી જ વારમાં રૂમ ખાલી થઈ ગયો.

'મારી જરૂર છે?' મેં પૂછ્યું.

હંમેશાં ટટ્ટાર રહેતા શુક્લાજી આજે કોથળાની જેમ સોફામાં પડયા હતા, 'એની જાતનો...' એમના મોઢામાંથી ગંદી ગાળ સરી પડી. હું શું બોલું?

'સાલાને ઈલેક્શન લડવા માટે પૈસાની જરૂર હતી, ત્યારે મારી પાસે દોડી આવેલો. એને જિતાડવા માટે બધાં ગંદાંગોબરા કામ મેં કર્યાં. આખા રાજ્યમાં દારૂની મફત લહાણી કરી અને હવે એણે મારા કાંડા કાપી લીધા.'

'શુક્લાજી, તમે ભલભલી મુસીબતમાંથી પાર ઊતરી ગયા છો. આ વખતે પણ એવું જ થશે.'

'ગંગાને સાફ કરવાની કોને પડી છે? ગંગા ઍક્શન પ્લાનના નામે બધાએ પૈસા ખાઈ લીધા, પણ નામ મારું એકલાનું આવ્યું.'

મેં સહેજ અપરાધભાવ અનુભવ્યો. રાઘવે કદાચ મારા પ્રત્યેનું ખુન્નસ શુક્લાજી પર ઉતારેલું.

'પણ તું તો ગંગાટૅક સરખી રીતે ચલાવજે. અહીંનો કીચડ ત્યાં ન પહોંચવો જોઈએ.' શુક્લાજીએ મારા તરફ ફરીને કહ્યું.

'જી, સર.'

'એ લોકો મને જેલભેગો કરી દેશે.' શુક્લાજી શાંતભાવે બોલ્યા. રાજકારણના એ રીઢા ખેલાડીને ભવિષ્યનો અણસાર આવી ગયો હતો.

શુક્લાજી મારા પપ્પા સમાન હતા. એમની આંગળી પકડીને હું અહીં સુધી પહોંચ્યો હતો. જીવનમાં મારા પોતાના કહી શકાય એવા ગણ્યાગાંઠયા લોકો હતા અને શુક્લાજી એમાંના એક હતા. એ જેલમાં જાય એ કલ્પના મને કંપાવી મૂકે એવી હતી.

પરંતુ શુક્લાજી હવે સ્વસ્થ થઈ ગયેલા. ઊભા થઈને એ બેડરૂમમાં ગયા અને બે ચાવી ધરાવતી કીચેન લઈને પાછા ફર્યા, 'આ તું રાખ, હમણાં મારે લોકોની નજરે નથી ચઢવું.'

'આ તો તમારી નવી કારની ચાવી છે. હું કેવી રીતે લઉં?' મર્સિડીઝની ચાવી જોઈને મેં કહ્યું.

'લઈ લે. તું મારા દીકરા જેવો છે. હું ટ્રસ્ટમાં પણ થોડા પૈસા જમા કરાવી દઉં છું. કૉલેજને તારે મોટી બનાવવાની છે.'

'પણ હું એકલો કેવી રીતે બધું સંભાળીશ?' મારે ગળે ડૂમો બાઝી ગયો, 'તમે તો હજી મારું ઘર પણ નથી જોયું.'

'હમણાં મારા માટે અહીંથી નીકળવાનું મુશ્કેલ છે. બહાર મારા સગલા કૅમેરા લઈને વાટ જોતાં ઊભા છે.'

પછીના કલાકમાં શુક્લાજીએ મને એમના ડઝનબંધ બૅન્ક એકાઉન્ટ્સ અને કામકાજની સમજ આપી. આમ તો બીજા લોકો આ બધું સંભાળતા હતા. પણ શુક્લાજીએ કહ્યું, 'ઈમરજન્સીમાં જરૂર પડે તો આ બધું તારે જાણીને રાખવું સારું. ગંગાટૉક મારો સહુથી ચોખ્ખો, અત્યાર સુધી ડાઘરહિત રહેલો બિઝનેસ છે. એક દિવસ રાજકારણમાં પાછા ફરવા માટે કદાચ એ મારી સહાય કરશે.'

મારી સામે બેસીને એમણે રાજીનામાનો પત્ર લખ્યો અને મને જ લખનઉ ફૅક્સ કરવાનું કહ્યું. ફૅક્સ મશીન ચાલુ થયું ત્યારે શુક્લાજી બોલ્યા : 'આ બધું તારા દોસ્તના પાપે થયું. મેં એને નોકરીમાંથી કઢાવ્યો. એણે મને ગાદી પરથી હટાવી દીધો.'

'રાઘવે મારી જિંદગી બગાડવાની કોશિશ કરી છે. હું એનું આખું જીવન બરબાદ કરી નાખીશ.' મેં મારી જાતને આ ક્ષણે વચન આપ્યું.

૩૩

બીજા દિવસની સવારે વારાણસીના દરેક અખબારે, દીમ્નાપુરા પ્લાન્ટવાળી સ્ટોરી પહેલા પાને છાપી. લોકલ ટીવી ચૅનલ પર એની લાંબી લાંબી ચર્ચાઓ શરૂ થઈ ગઈ. હજી ગઈ કાલ સુધી સ્ટુપિડ પીંક પેપર' ગણાતા 'રેવોલ્યુશન 2020' માટે હવે પ્રશંસાના પુલ બંધાવા લાગેલા. વારાણસીમાં શુક્લાજી હવે વિલન હતા અને રાઘવ કશ્યપ બ્રાન્ડ ન્યૂ હીરો.

મારા ચાલીસ ઈંચના નવા એલસીડી ટીવી પર ચૅનલ ફેરવતાં ફેરવતાં હું એક જગ્યાએ અટક્યો. કોઈ ત્યાં રાઘવનો ઈન્ટરવ્યૂ લઈ રહ્યું હતું. રાઘવે ઘણું બધું વજન ગુમાવી દીધેલું અને એના ચહેરા પર રાતોના ઉજાગરા સ્પષ્ટ વર્તાતા હતા. લાંબા સમયથી વાળ ઓળવાનો કે દાઢી કરવાનોય સમય ન મળ્યો હોય એવો એનો દેખાવ હતો, પણ આંખોમાં ચમક હતી. ગર્વભેર એ પ્રશ્નના જવાબ આપી રહ્યો હતો.

'અમારા નાનકડા ન્યૂઝપેપર 'રેવોલ્યુશન 2020'માં મારા સહિત માત્ર ચાર જણનો સ્ટાફ છે. એમને ઝાઝો અનુભવ નથી, પણ પૂરી લગન અને ઝનૂન સાથે અમે કામ કરીએ છીએ...' આ દેશમાં અમારે પરિવર્તન લાવવું છે... એક એવા સમાજ માટે ક્રાંતિ લાવવી છે, જ્યાં પાવર નહીં પણ સચ્ચાઈ, ન્યાય અને સમાનતાનું મૂલ્ય વધુ હશે... માત્ર તાકાત કે રાક્ષસી સત્તા પર જ જે સમાજ ઊભો છે, એ કોઈ પશુરાજ્યથી કમ નથી. જિસકા ડંડા, ઉસકી ભેંસ એવા નિયમો માત્ર જંગલમાં ચાલે છે અને ત્યાં વસતા પ્રાણીઓનો વિકાસ થતો નથી... આપણે માણસ છીએ...'

મેં ટીવી સ્વિચ ઑફ કરી દીધું. આવી ફાલતુ વાતો સાંભળવાની મારામાં ધીરજ નહોતી. શુક્લાજીના માણસોમાં તો મારાથીયે ઓછી ધીરજ હતી.

થોડી જ વારમાં પક્ષના નીતેશ નામના કાર્યકર્તાનો ફોન આવ્યો, 'રાતે અમે લાકડીઓ ને હથોડા લઈને એની ઑફિસે પહોંચી ગયા. એનું એકનું એક કમ્પ્યૂટર, પ્રિન્ટિંગ પ્રેસ, ઑફિસનું ફર્નિચર બધાંયનો ભાંગીને

ભુક્કો બોલાવી દીધો.'

હું કામે જવા તૈયાર થયો. મારી મર્સિડીઝ બહાર ઊભી હતી. ઘરથી ઑફિસનું અંતર માંડ ૩૦૦ યાર્ડ હતું, પણ મારે હવે કારમાં જવું હતું.

મેં રાઘવનો વિચાર કર્યો. એની ચાંદની તો ચાર નહીં, એક જ દિનની પુરવાર થઈ. કાલે ભલે બહુ હોશિયારી મારી લીધી, આજે ભાંગીતૂટી ઑફિસની અંદર લમણે હાથ દઈને બેઠો હશે.

રાઘવ કશ્યપ, હું પરીક્ષામાં નાપાસ થયો ત્યારે તેં મને બીજી વાર ટ્રાય કરવાનાં ભાષણ આપ્યાં હતાં, પણ એ કદરૂપો, ડફોળ ગોપાલ મિશ્રા આજે મર્સિડીઝમાં બેઠો છે અને તું તારી ખેદાનમેદાન થઈ ગયેલી ઑફિસમાં! તું તારી જાતને બહુ હેન્ડસમ માને છેને, પણ જોઈ લેજે, બહુ જલદી તારી ગર્લફ્રેન્ડ મારી થઈ જશે. એ જ આરતી, જેને તું મારી પાસેથી ઝૂંટવી ગયેલો... મારું મગજ ઉછાળા મારી રહ્યું હતું.

'સર.' ડ્રાઈવરે કાર રોકીને મારી વિચારધારામાં ભંગ પાડયો. હું ઑફિસે જઈને, મારી લેધર આર્મચેર પર બેઠો. આંખો મીંચીને કલ્પના કરી કે આ બધા પછી આરતી મારી થઈ ગઈ, એવા શબ્દો સાંભળીને રાઘવનું મોઢું કેવું થઈ જશે!

રાઘવની ઑફિસમાં જઈને શું કહેવું, એની તૈયારીમાં હું લાગી પડયો. વર્ષોથી મનમાં ઘૂંટાઈ રહેલું ઝેર બહાર ઓકી નાખવાનો સમય આવી ગયો હતો. મારાં કપડાં, મારી કાર, મારી જિંદગી જોઈને એની આંખોમાં આવી જનારી ઈર્ષા મારે જોવી હતી અને પછી એ જ આંખોમાં, પ્રેમિકાને ગુમાવી દેવાની અસહ્ય પીડા પણ મારે નીરખવી હતી. વગર બોલ્યે મારે એ હરામખોર રાઘવને સંદેશો પહોંચાડી દેવો હતો કે હું, ગોપાલ મિશ્રા, એનાથી ચઢિયાતો, વધુ સારો પુરવાર થયો હતો.

મનગમતા વિચારોમાં આ વખતે આરતીએ ખલેલ પાડી, 'પેલા લોકોએ રાઘવના પ્રેસ પર હુમલો કર્યો.' એણે ફોન પર રડમસ સાદે કહ્યું.

'અરે!' મેં આશ્ચર્યનો દેખાવ કર્યો.

'આખું પ્રેસ તોડી નાખ્યું. હવે છાપું કેવી રીતે નીકળશે?' આરતીએ ચિંતા દાખવી, પણ મારું ધ્યાન મારા ટેબલ પર પડેલી ફાઈલો તરફ હતું.

રાઘવનું ફરફરિયું બહાર પડે, ન પડે, અહીં કોને એની પરવા હતી!

'તું સાંભળે છે?' આરતીએ પૂછયું.

મેં કહ્યું, 'વિધાનસભ્ય શુક્લાએ કદાચ જેલમાં જવું પડશે.'

'જવું જ જોઈએ, પૈસા ખાઈ ગયો અને આપણી નદીને ગટર

બનાવી દીધી.'

'તું કોના પક્ષમાં છે. એના કે મારા?' મેં ચિઢાઈને પૂછ્યું.

'કોના, કયા પક્ષમાં?' આરતી મૂંઝાઈ.

'તું મારી સાથે છેને!'

'હા, પણ હવે આપણે કંઈ કરતાં પહેલા રાઘવને થોડો સેટલ થવા દઈએ.'

'રાઘવ એની જિંદગીમાં ક્યારેય સેટલ થવાનો છે ખરો?' મેં પૂછ્યું. આરતી ચૂપ થઈ ગઈ.

'ઘેર આવ.' મેં કહ્યું.

'તારે ઘેર? તો છેવટે તું મને તારું નવું ઘર બતાવવા તૈયાર થયો ખરો!' આરતીનો મૂડ બદલાયો.

'હા.'

'કાલે મારી સવારની શિફ્ટ છે. બપોરે ત્રણ વાગે?'

'તને લેવા મારી કાર આવી જશે.' મેં કહ્યું.



આરતીના આગમનની રાહ જોતાં જોતાં મેં ટીવી ચૅનલ્સ ફેરવી.

'મેં કંઈ ખોટું કર્યું નથી.' શુક્લાજી એક ચૅનલ પર બોલી રહ્યા હતા. લોકોની સહાનુભૂતિ મેળવવા એમણે સામે ચાલીને ધરપકડ વહોરી લીધેલી. જેલમાં જતાં પહેલાં શુક્લાજીએ મને ફોન કર્યો ત્યારે એમના અવાજમાં કોઈ ચિંતા કે ટૅન્શન નહોતાં. કદાચ એમણે પક્ષ સાથે સોદાબાજી કરી લીધેલી કે પછી જાણતા નહોતા કે પક્ષે એમને બલિનો બકરો બનાવી દીધેલા, 'પૈસા આપીશ તો જેલમાં પણ હોટલ જેવી મહેમાનગતિ થશે.' એમણે મને કહેલું.

ઘરની બહાર કારનો અવાજ સંભળાયો. ધકધક થતા દિલે હું દરવાજા ભણી દોડયો.

૩૪

આરતી ગાડીમાંથી નીચે ઊતરી. એ હજી સાડીવાળા યુનિફૉર્મમાં હતી.

'અરે વાહ, તું તો બંગલામાં રહે છે!' એ બોલી.

મને કહેવાનું મન થયું કે બંગલો મારો નહીં, આપણો છે. પણ મારે ઉતાવળ નહોતી કરવી.

મેં ફરીફરીને આરતીને ઘર બતાવ્યું. ખાસ એના માટે પાથરેલો સિલ્કનો ગાલીચો, મોટું ટીવી, વેલ્વેટ સોફાસેટ, આઠ જણ બેસી શકે એટલું મોટું ડાઈનિંગ ટેબલ...!

'તારી કૉલેજ બહુ સારી ચાલતી લાગે છે!' આરતી હસીને બોલી.

'આ તો હજી શરૂઆત છે. તું મારી સાથે હશે તો જોજે, કૉલેજને હું ક્યાંની ક્યાં પહોંચાડી દઈશ. ત્રણ વર્ષમાં તો આપણને યુનિવર્સિટી સ્ટેટસ મળી જશે.'

આરતીને હું ઉપરના ફ્લૉર પર લઈ ગયો. ત્યાં ત્રણ બેડરૂમ હતા. મારા રૂમમાં મોટા પલંગની બાજુમાં, પપ્પા જેના પર બેસતા હતા એવી રોકિંગ ચૅર હતી. આરતી એના પર જઈને બેઠી. મેં પલંગ પર પડતું મૂક્યું.

'વરસાદ શરૂ થઈ ગયો.' આરતીએ બારીની બહાર જોતાં કહ્યું.

'એ સારા શુકન કહેવાય. આજે પહેલી વાર તેં આપણા ઘરમાં પગ મૂક્યો છે.'

આરતીની ભ્રમર ઊંચકાઈ.

'આ ઘર મેં મારા માટે નહીં, આપણા માટે બનાવ્યું છે.' છેવટે મેં કહી દીધું.

'ચલ જા ખોટ્ટાડા, મકાન બાંધવાનું શરૂ કર્યું ત્યારે તને ક્યાં ખબર હતી કે આપણે એક દિવસ સાથે હોઈશું.'

'એ સાચું, પણ ઘરને સજાવ્યું તો તારા માટે જ છે. બાકી, મને એકલાને આવડા મોટા ઘરની શું જરૂર પડે?'

'તું ઈન્સ્ટિટ્યૂટનો ડિરેક્ટર છે.'

આ બધી વાતચીત દરમિયાન પણ લાગતું હતું કે આરતીના દિમાગમાં કોઈ જુદા વિચારો ઘૂમી રહ્યા હતા, 'તારે રાઘવ વિશે વાત કરવી છે?' મેં પૂછ્યું.

'ના.' એ બોલી તો ખરી, પણ એનો ચહેરો હવે રડમસ થઈ ગયેલો.

'અહીં આવ.' મેં હાથ લાંબો કર્યો. ક્ષણભર આરતી ખચકાઈ, પણ પછી ખેંચાઈ આવી. મારા ચુંબનને એણે પ્રતિસાદ તો આપ્યો, પણ એની આંખમાં આંસુ હતાં. હંમેશની જેમ એણે મારી છાતીમાં મોઢું છુપાવી દીધું. આરતી જ્યારે પણ આવું કરે ત્યારે મને એવી લાગણી થતી કે મારે એને આખી દુનિયાથી બચાવવાની છે. હું જ એનો રક્ષક હતો.

'શું થયું, આરતી?' મેં પૂછ્યું.

'બસ, ખુશીનાં આંસુ આવી ગયાં. તું ક્યાંથી ક્યાં પહોંચી ગયો!' આરતી બોલી, પણ હું એના મનની વાત સમજતો હતો. મેં પૂછ્યું :

'રાઘવના શું ખબર?'

'એ લોકોએ રાઘવની ઑફિસ ખેદાનમેદાન કરી નાખી.'

'રાજકારણીઓ બહુ ઝેરીલા હોય છે. રાઘવ તો સહીસલામત છે ને?'

'હા, ભગવાનનો એટલો ઉપકાર, પણ બધાં કમ્પ્યૂટર્સ અને મશીનો તૂટીફૂટી ગયાં છે. રાઘવ નવો અંક કાઢવાની મથામણ કરી રહ્યો છે, પણ પૈસા નથી.'

'રાઘવને પૈસાની જરૂર છે? મારી પાસે કેમ નથી માગતો?' મેં કહ્યું. મારી સામે ઘૂંટણીયે પડીને ભીખ માગી રહેલા રાઘવની કલ્પના મને ગલગલિયાં કરાવી ગઈ.

આરતીએ માથું ધુણાવ્યું, 'તું તો રાઘવને જાણે છે. તારી પાસે તો ઠીક, અમારી પાસે પણ એ પૈસાની મદદ લેવા તૈયાર નથી.'

'તો?'

'કહે છે કે કોઈ રસ્તો શોધી કાઢશે.'

'આરતી, તું તો મારી સાથે છે ને?' મારાથી પુછાઈ ગયું.

'ગોપાલ, અત્યારે તારી સાથે આ પલંગ પર બેઠી છું. એનો શું અર્થ થાય?'

'અચ્છા અચ્છા' કહીને હું આરતીને નજીક ખેંચવા ગયો, પણ એ થોડી દૂર ખસીને મારી સામે બેસતાં બોલી, 'તું શું કામ મને આટલું પૂછપૂછ કરે છે? સમજ તો ખરો કે મારા માટે આ કેટલી મુશ્કેલ વાત છે.'

'શું?'

'રાઘવ સાથે સંબંધ તોડી નાખવો અને એ પણ આવા સમયે, જ્યારે એ મુસીબતમાં છે?'

'જિંદગીમાં ચડતીપડતી તો બધાને આવ્યા કરે.' મેં કહ્યું. રાઘવને મેં બીજે અઠવાડિયે મળવા જવાનું વિચારી લીધેલું.

'પણ કોઈની લાગણી તો સમજવી જોઈએને!'

આરતીની આ વાત સાંભળીને મને થોડો ગુસ્સો આવી ગયો, 'બબ્બે વાર એન્જિનિયરિંગની ઍન્ટ્રન્સ ઍક્ઝામમાં હું નપાસ થયો ત્યારે કોઈ મારી લાગણી સમજવા નહોતું આવ્યું. મારા પપ્પા ગુજરી ગયા ત્યારે કોણે મારી પરવા કરેલી? આરતી, મેં બધું સહન કરી લીધું અને રાઘવે પણ સંજોગોનો સામનો કરતાં શીખવું પડશે.'

'તમે પુરુષો, કેમ હંમેશાં એકબીજાની હરીફાઈ કરતા રહો છો?' આરતીએ ભવાં ચઢાવતાં પૂછ્યું.

'કેવી હરીફાઈ? રાઘવની આજે હેસિયત શું છે કે મને એની સાથે હરીફાઈમાં ઊતરવાની ઈચ્છા થાય?'

'તોયે એને કહેતાં પહેલાં આપણે થોડું થોભી જઈએ?'

આરતીને મેં વધુ બોલવા ન દીધી, 'તું કોઈ બીજાની પ્રેમિકા ગણાય, એ મારાથી હવે એક સેકન્ડ પણ વધુ સહન નહીં થાય.' કહીને મેં એની સાડીનો છેડો પકડી લીધો. હવે આરતીએ વધુ વિરોધ ન કર્યો. બરાબર વરસાદ પડતો હતો અને અંદર અમે પ્રેમમાં ભીંજાઈ રહ્યાં હતાં.

'મિસ્ટર ડિરેક્ટર, તમે તો કહેલું કે મારા દિલોદિમાગમાં રાઘવ સાવ નીકળી ન જાય ત્યાં સુધી તમે મારી નજીક નહીં આવો.' આરતીએ એના દેહ પર ફરી રહેલો મારો હાથ પકડી લેતાં કહ્યું.

'પણ એ તો હવે ગયોને?' મેં આરતીના ગાલ પર હાથ મૂક્યો.

'હં, એવું જ સમજી લેને હવે!' આરતી આંખો મીંચી જતાં બોલી.

આરતી વધુ નજીક આવી. કદાચ રાઘવને છોડી દેવા માટે એ જાતને વધુ ને વધુ મનાવી રહી હતી. મારા માટે તો આરતીથી વધીને બીજું કંઈ નહોતું. એ કહે તો આ મોટું ઘર, કામ, અરે આખી કૉલેજ છોડી દેવા માટે હું તૈયાર હતો.

કેટલો સમય વીતી ગયો, એનું અમને ભાન ન રહ્યું. પણ અચાનક આરતીએ મને ઢંઢોળ્યો, 'એય છ વાગી ગયા.'

'હજી દસ મિનિટ!' કહીને મેં એના ખભે માથું નાખી દીધું.

'આળસુના પીર, હવે ઊભો થા. ભૂખથી મારો જીવ નીકળી રહ્યો છે. આવડા મોટા ઘરમાં ખાવા માટે કંઈ મળશે કે નહીં?'

હું આંખો ચોળતો ઊભો થયો, 'બધું મળશે. રસોઈયાએ સવારથી તારી મહેમાનગતિ માટે તૈયારી આદરી દીધેલી.'

૩૫

ગરમાગરમ સમોસા, જલેબી, મસાલા ચીઝ ટોસ્ટ, મસાલા ચા...

'આ બધું તો પેટ બગાડવાનો ધંધો છે.' આરતીએ ડાઈનિંગ ટેબલ પર મારી સામે બેસતાં કહ્યું.

'હશે, પણ વરસાદ પડતો હોય ત્યારે તો આ જ ખાવામાં મજા આવે.' મેં કહ્યું.

ધીમેધીમે અંધારું ઊતરી આવ્યું. મેં ઘરની લાઈટ્સ ઑન કરી. આરતી હવે ચૂપ થઈ ગયેલી. મારે, અમે સાથે ગાળેલી બપોરની વાત કરવી હતી, પણ મોઢું બંધ રાખ્યું. છોકરીઓને અંગત ક્ષણો વિશે ચર્ચા કરવાનું કદાચ નથી ગમતું, પણ આપણે એ વાતનો સમૂળગો ઉલ્લેખ જ ન કરીએ તોયે એમને ખોટું લાગી જાય.

'વન્ડરફુલ.' મેં ધીમેથી વાત છેડી.

'સમોસા?' જાણતી હોવા છતાં આરતીએ અજાણ હોવાનો દેખાવ કર્યો.

'ના, જલેબી.' હું બોલ્યો અને કૃત્રિમ ગુસ્સો દાખવતાં આરતીએ પ્લેટમાંથી જલેબી ઊંચકીને મારા પર ઘા કર્યો. અમે હસી પડયાં.

થોડી વાર બાદ મેં કહ્યું, 'મારી જિંદગીની આ સહુથી યાદગાર બપોર હતી.'

'બસ, પુરુષોને એક જ વાતમાં રસ હોય.' આરતી બોલી.

મેં વિષય બદલ્યો, 'તું કહેતી હતી કે રાઘવના રિપોર્ટને કારણે તારા ઘરવાળાને પણ મુસીબત થઈ ગઈ.'

'હં... તું એટલું તો જાણે છે કે મુખ્યમંત્રીએ શુક્લાને કાઢી મૂક્યો. બરાબર? શુક્લાએ ભલે ટીવી પર કહ્યું કે એણે સામેથી રાજીનામું આપીને જેલમાં જવાની તૈયારી બતાવેલી, પણ હકીકત એ છે કે પાર્ટીએ આવું કરવાની ફરજ પાડી.'

'ખબર છે.' મેં કહ્યું.

આરતીએ ટેબલ પરથી કીટલી ઉપાડીને એના કપમાં વધુ ચા રેડી.

એને જોતાંજોતાં હું ઘડીક ભવિષ્યના સોહામણાં સપનાં જોવામાં ખોવાઈ ગયો. અમે સાથે રહેતાં હોઈશું. સવારે ઊઠીને સાથે બેડ ટી પીતાં હોઈશું. ના, ના, અગાસીમાં ઊગતા સૂરજને જોતા જોતા દિવસની પહેલી ચા પીશું... કે પછી બહાર હરિયાળી લોનમાં નેતરની ખુરશી પર બેસીને, ચા પીતાં પીતાં કલાકો સુધી ગપ્પાં મારતાં રહીશું... ગંગાટૉક કૉલેજ ઑફ હૉસ્પિટૅલિટીમાં પ્રિન્સિપાલની ખુરશી પર આરતી બેઠી હશે. દુનિયાની સહુથી સુંદર પ્રિન્સિપાલ પર કૉલેજના છોકરાઓ લાઈન મારવાની કોશિશ કરશે. મને હસવું આવશે, પણ કોઈ છોકરાએ હદ વટાવી તો એને કૉલેજમાંથી કાઢી મૂકીશ, અને...

‘તું સાંભળે છે?’ આરતીએ કપ પર ચમચી પછાડતાં પૂછ્યું.

હું મારા કલ્પનાવિશ્વમાંથી બહાર આવ્યો, ‘હા, હા, તું કહેતી હતી કે પાર્ટીએ શુક્લાજીને કાઢી મૂક્યા. તો?’

‘પાર્ટી પાસે આવતા વર્ષે ચૂંટણી લડી શકે એવો કોઈ બીજો મજબૂત ઉમેદવાર નથી.’

‘ક્યાંકથી મળી જશે.’

‘એમને એવો ઉમેદવાર જોઈએ જે જીતી શકે. વારાણસી એમના માટે પ્રતિષ્ઠાની બેઠક છે. અહીં હાર્યા તો નાક કપાઈ જાય.’

‘હા, પણ આની સાથે તને શું લેવાદેવા?’

‘એ લોકોની ઈચ્છા છે કે ડૅડી ચૂંટણી લડે.’

‘ઓહ.’ રહી રહીને મને આરતીના દાદા અને પાર્ટી વચ્ચેના સંબંધ યાદ આવ્યા. ત્રીસ વર્ષ પહેલાં એ પાર્ટીની ટિકિટ પર વારાણસીમાંથી જીતી ગયેલા.

‘રોજ ડઝનબંધ રાજકારણીઓ ડૅડીને મનાવવા આવે છે.’ આરતી બોલી.

‘એમને નથી લડવું?’ મેં પૂછ્યું.

આરતીએ નકારમાં માથું ધુણાવ્યું.

‘કેમ?’

‘ડૅડીને રાજકારણમાં રસ નથી અને એમની તબિયત પણ ક્યાં સારી રહે છે? ઘૂંટણની તકલીફ શરૂ થઈ ત્યાર પછી એ લાંબો સમય ચાલી કે ઊભા પણ નથી રહી શકતા. પ્રચાર કરવા કેવી રીતે નીકળે?’

‘હં.’

‘પણ સહુથી મોટો જોક તો મેં હજી તને સંભળાવ્યો નથી.’ આરતી

બોલી.

‘શું?’

‘હવે એ લોકો મને ચૂંટણી લડવાનું કહે છે.’ આરતી બોલતાં બોલતાં ખડખડાટ હસી પડી, પણ મને આમાં કંઈ હસવા જેવું લાગ્યું નહીં.

‘તારે વિચાર કરવો જોઈએ.’ મેં કહ્યું.

‘તારું ચસકી ગયું છે?’ આરતી બોલી, ‘હું અને રાજકારણ? મારે ઍરહોસ્ટેસ બનવું હતું, પણ મારી પાંખો કાપી નાખીને એમણે મને હોટલની નોકરી પર બેસાડી દીધી, ત્યાં સુધી તો જાણે ઠીક છે, પણ હવે ગામડે ગામડે રખડવાનું, ડોસાડગરાઓ સાથે બેસવાનું, તોબા ભઈ, મારાથી એ નહીં થાય.’

‘આરતી, એ જ તો ખરો પાવર, સત્તા છે અને આ દેશમાં સત્તાની મોટી કિંમત છે.’

‘મને કોઈ પાવર નથી જોઈતો. મારી પાસે અત્યારે જેટલું છે એનાથી મને સંતોષ છે.’

‘તું મારી સાથે સુખી છે?’ મેં પૂછ્યું.

‘થઈશ. બસ, થોડી ગૂંચવણમાંથી પાર ઊતરી જવા દે!’ આરતીએ આ શબ્દો મને નહીં, ખુદને સંબોધીને ઉચ્ચાર્યા હોય એવું મને લાગ્યું.

આરતી સાથે થોડો વધુ સમય ગાળવાની લાલચે, હું એને છેક એના ઘર સુધી મૂકવા ગયો. આરતીને ઘેર પક્ષના થોડા કાર્યકર્તાઓ આવવાના હતા.

છૂટા પડતી વખતે મેં પૂછી લીધું, ‘નક્કી, તારે વિધાનસભ્ય નથી બનવું?’

‘’ના. આરતીએ ભારપૂર્વક કહ્યું, અને પછી એના ચહેરા પર લુચ્ચું સ્મિત આવી ગયું, ‘પણ કદાચ મારા પતિની ઈચ્છા હોય તો એ બની શકે!’

હું કોઈ પ્રતિભાવ આપી શકું એ પહેલાં મારી સામે આંખ મીંચકારીને આરતી એના ઘર ભણી દોડી ગઈ.

અસમંજસમાં, હું થોડી વાર ત્યાં જ ઊભો રહી ગયો. આરતી શું કહેવા માગતી હતી? એ મને એમએલએ તરીકે જોવા ઈચ્છતી હતી? આડકતરી રીતે એણે મને કહી દીધેલું કે એ મને એનો પતિ માની બેઠેલી?



મને ખબર નહોતી કે વારાણસીની સેન્ટ્રલ જેલમાં પ્રાઈવેટ રૂમ હશે. ગાર્ડ મને માનસહિત સીધો શુક્લાજીના રૂમમાં દોરી ગયો. ફોન પર શુક્લાજીએ મને કહ્યા મુજબ હું મારી સાથે ફળોના ત્રણ મોટા બૉક્સ, જોહ્નની વૉકર વ્હીસ્કીની બે બૉટલ અને એક એક કિલો કાજુ અને બદામ લઈ ગયેલો.

શુક્લાજી એમના રૂમમાં કોલ્ડડ્રિન્ક પીતાં પીતાં, નાના કલર ટીવી પર કોઈ પ્રોગ્રામ જોઈ રહ્યા હતા. પંદર બાય દસ ફીટના રૂમમાં પથારી પર સ્વચ્છ ચાદર પાથરેલો પલંગ, ટેબલ, ખુરશી અને કબાટ જોઈને ઘડીભર લાગે કે આ કોઈ જેલની કોટડી નહીં, પણ સરકારી અતિથિગૃહનો રૂમ હશે. 'કેવી લાગે છે આ જગ્યા?' શુક્લાજીએ હળવા સૂરે પૂછ્યું.

રૂમ ખરાબ નહોતો, પણ શુક્લાજીના રાજમહેલ જેવા નિવાસસ્થાન સામે તો ઝૂંપડું જ ગણાય, 'બહુ ખરાબ! તમને અહીં જોવાનું નથી ગમતું!' મેં કહી દીધું.

શુક્લાજી ખડખડાટ હસી પડયા, 'રાજકારણમાં નવોનવો આવ્યો એ સમયની મારી હાલત તેં જોઈ નહોતી. ત્યારે તો રાતોની રાત મેં રેલવે પ્લૅટફૉર્મ પર વિતાવેલી. એની સરખામણીમાં તો આ સ્વર્ગ છે.'

પછીયે મારા ચહેરા પર પથરાયેલી રહેલી નારાજગી જોઈને એ બોલ્યા, 'બસ, વધુમાં વધુ છ મહિનાની તો વાત છે અને ત્યાં સુધી મારી બધી સગવડ અહીં સચવાય છે. તારે તાજગંગામાંથી કંઈ મગાવવું છે?'

'ના.' મેં માથું ધુણાવ્યું.

'કાર કેવી ચાલે છે?'

'સારી.'

'કૉલેજ?'

'ચાલે છે, પણ હમણાં કામકાજ થોડું ધીમું પડયું છે. પૈસા નથી.'

'પૈસાની વ્યવસ્થા તો હું કરી દઈશ.'

'શુક્લાજી, તમે હમણાં એ બધી માથાકૂટ રહેવા દો. આપણે કોઈ ઉતાવળ નથી કરવી.'

શુક્લાજી ટીવી સ્વિચ ઑફ કરીને મારી તરફ ફર્યા, 'તારા ભાઈબંધે આપણને હેરાન કરી નાખ્યાને?'

'એ મારો ભાઈબંધ નથી અને હવે તો એ ખલાસ થઈ ગયો છે. તમે જલદી પાછા આવી જશો.' મેં ખાતરીપૂર્વક કહ્યું.

'જેલમાંથી તો બહાર આવીશ, પણ પાર્ટીવાળા આવતી ચૂંટણીમાં

ટિકિટ નહીં આપે.' શુક્લાજીએ સ્વસ્થભાવે ભવિષ્યવાણી ઉચ્ચારી.

'હા, મેં પણ એવું સાંભળ્યું છે.'

'કોની પાસેથી?'

'ડીએમની દીકરી આરતીએ મને કહ્યું.'

'હા, તું એને ઘણા વખતથી ઓળખે છેને!' શુક્લાજીને યાદ આવ્યું.

'મારી સ્કૂલ ફ્રેન્ડ છે.' શુક્લાજીને આનાથી વધુ કંઈ કહેવાની મને જરૂર ન લાગી.

'ડીએમને ટિકિટ મળશે.' શુક્લાજીએ ધારણા બાંધી.

'એ ના પાડે છે અને છોકરીએ પણ ટિકિટની ઑફર નકારી કાઢી છે. એટલે તમને હજી ચાન્સ છે.' મેં કહ્યું.

'આ વખતે નહીં.' શુક્લાજીએ કહ્યું, 'જેલમાંથી નીકળ્યા બાદ થોડી રાહ જોવી પડશે.'

'તો કોઈ બીજાને શોધશે.' મેં કહ્યું.

'ડીએમના પરિવારમાંથી કોઈ ઊભું રહે તો ચોક્કસ જીતી જાય. લોકોમાં એમની સારી છાપ છે.' શુક્લાજી બોલ્યા.

'પણ એ ના પાડે છેને!'

'ડીએમની દીકરી સાથે તારા કેવા સંબંધ છે?'

શુક્લાજીએ અચાનક પૂછેલો આ સવાલ સાંભળીને હું હેબતાઈ ગયો. હું એમની સામે ક્યારેય ખોટું નહોતો બોલ્યો, પણ આ પ્રશ્નનો સાચો જવાબ આપવાનીયે મને ઈચ્છા નહોતી. હું મૂંગો રહ્યો.

'તને એ છોકરી ગમે છે?' શુક્લાજીએ બીજો સવાલ ફંગોળ્યો.

'જવા દોને વાત! અત્યારે તો મને મારા કામમાંથી માથું ઊંચકવાની ફુરસદ નથી.' મેં વાત ટાળવાનો પ્રયાસ કર્યો.

'સાવ ભોટ છે તું, અત્યારે હું આ કામની જ વાત કરું છું.' શુક્લાજી બોલ્યા.

'હં?' મેં આશ્ચર્યથી એમની સામે જોયું. જેલમાં પુરાયા પછીયે રાજકારણના આટાપાટા ખેલવાનો એમનો ચસકો મંદ નહોતો પડયો, 'તું એને પરણી જા. લંગડો ડીએમ કે એની દીકરી ભલે ચૂંટણી ન લડે, પણ જમાઈને જંગમાં ઉતારવા તૈયાર થઈ જશે.'

'એવું કઈ રીતે કહી શકાય?'

'બેટ્ટમજી, ભારતના રાજકારણમાં મેં પચીસ વર્ષ કાઢી નાખ્યાં છે. ડીએમ શું કરશે, એ મને ચોખ્ખું દેખાય છે. આજકાલમાં એ એની દીકરીને

પરણાવી નાખશે. જોઈ લેજે તું!'

'હા, એ આરતીનાં લગન માટે ઉતાવળા થયા છે.' મેં કહ્યું.

'તું એની સાથે લગ્ન કરી નાખ અને પછી ચૂંટણી લડવા અને જીતવા તૈયાર થઈ જા.'

હું મૂંગો રહ્યો, પણ શુક્લાજી હવે ઉત્સાહમાં આવી ગયેલા, 'વિચારતો કર, તું વિધાનસભ્ય બની ગયો, તો ગંગાટેક ક્યાંની ક્યાં પહોંચી જશે! આજે નહીં તો કાલે, હુંયે બીજી કોઈ બેઠક પર ચૂંટણી લડીને પાછો ફરીશ. આપણા બંને પાસે પાવર હશે તો આપણે આ શહેર પર, અરે આખા સ્ટેટ પર રાજ કરશું.'

'પણ મેં હજી લગ્નનો વિચાર નથી કર્યો.'

'વિચારવાનું નહીં, કરી નાખવાનું. તને લાગે છે, છોકરી હા પાડશે?'

મેં ખભા ઉછાળ્યા, ખબર નહીં.

'એની માને તારી કાર, તારા પૈસા બતાવ. દહેજ લેવાની ના પાડી દે. છોકરી ના કહેતી હોય તોયે મા એને મનાવી લેશે.'

'શુક્લાજી, હું રાજકારણી?'

'હા, રાજકારણી, વેપારી, શિક્ષણવાદી! પાવર, પૈસા અને પ્રતિષ્ઠાનું જાદુઈ મિશ્રણ થશે તો પછી તને આગળ વધતાં કોઈ રોકી નહીં શકે. પહેલી વાર તેં મારી ઑફિસમાં પગ મૂક્યો ત્યારે જ મેં જોઈ લીધેલું કે તું એક દિવસ આસમાનને આંબીશ.'

શુક્લાજીએ ગાર્ડ પાસે બરફ મગાવીને, બે ગ્લાસમાં વ્હીસ્કી રેડી. હું એમને જોઈ રહ્યો. આ દેશમાં કંઈ પણ કરવા-કરાવવા માટે પાવરની જરૂર હતી. પાવર એટલે હું લોકોને નહીં, લોકો મને પૈસા આપશે. ગંગાટેક આજે છે એનાથી દસગણી મોટી થઈ જશે અને હા, હું માત્ર પાવર કે પૈસાની લાલચે ક્યાં આરતી સાથે લગ્ન કરવાનો હતો? હું એને પ્રેમ કરતો હતો. એક ને એક દિવસ એ મારી પત્ની બનવાની હતી, તો પછી હમણાં શું કામ નહીં?

વર્ષોથી મારી અંદર ધરબાઈ રહેલી લઘુતાગ્રંથિની ગાંઠ મેં ઢીલી કરવાની કોશિશ કરી. ગોપાલ, આમાં કંઈ ખોટું નથી. તારા નસીબમાં મોટો માણસ થવાનું લખાયું છે. તને AIEEEમાં રેંક ન મળી. એકાદી મોલેક્યુલર ફોર્મ્યુલા તને ન આવડી તો એમાં શું થઈ ગયું? દુનિયામાં કરવા જેવાં બીજાં ઘણાં મોટાં, મહત્ત્વનાં કામો છે. તું ભલે કૉલેજમાં ન ગયો,

પણ આજે તારી કૉલેજમાં સેંકડો વિદ્યાર્થી ભણે છે. તારી પાસે મોટો બંગલો છે, મોંઘી કાર છે.

શુક્લાજીએ મારા હાથમાં ગ્લાસ આપ્યો.

'હું છોકરીને મનાવી લઈશ.' મેં કહ્યું.

'ચિયર્સ, જમાઈરાજા.' શુક્લાજી ગ્લાસ ઊંચો કરતાં બોલ્યા.

૩૬

'કામમાં છે?' મેં પૂછ્યું.

આરતીને મેં એની હોટલ પર ફોન કરેલો. સામે છેડેથી કોઈ ટૂરિસ્ટની ચીસાચીસનો અવાજ સંભળાઈ રહ્યો હતો.

થોડી વાર મને હોલ્ડ પર રાખીને, પછી આરતી વાત કરવા આવી, 'મારા તો કાન ફાટી ગયા.' એણે સહેજ થાકેલા અવાજે કહ્યું.

'એક દિવસ તું કૉલેજની માલિક હોઈશ. પછી તારે કોઈની ફરિયાદો ને ઘાંટાઘાંટ સાંભળવા નહીં પડે.' મેં કહ્યું.

'આવું તો ચાલ્યા કરે. બોલ, કેમ છે?'

'તું બોલ, કાલ રાતનું ડિનર કેવું રહ્યું?'

'મહાબોરિંગ. પક્ષ માટે પ્રધાન પરિવારની શું ફરજ છે, એનું લેક્ચર સાંભળતાં સાંભળતાં મને તો ડાઈનિંગ ટેબલ પર જ ઝોકાં આવવા લાગેલાં.'

'ટિકિટનું કંઈ નક્કી થયું?'

'આ પૉલિટિક્સ છે, ડિરેક્ટરસાહેબ. નિર્ણયો ઝટપટ નથી લેવાઈ જતા અને ચૂંટણીને હજી એક વર્ષની વાર છે.'

'રાતે છૂટા પડતી વખતે તું કંઈ કહેતી હતીને?'

'શું?'

'કે તારો હસબન્ડ એમએલએ બનશે કે એવું કંઈ...!'

'કહ્યું હશે. તો?' આરતીના અવાજ પરથી મેં એના ચહેરા પર પથરાઈ ગયેલું સ્મિત જોઈ લીધું.

'વિચારું છું કે હું અરજી મોકલી દઉં.'

'કઈ પોસ્ટ માટે, હસબન્ડની કે વિધાનસભ્યની?'

'ખબર નથી. જ્યાં વેઈટલિસ્ટ ટૂંકું હોય ત્યાં.'

આરતી હસી પડી, 'હસબન્ડની પોસ્ટ માટે બહુ લાંબી લાઈન છે.'

'લાઈન કુદાવતાં મને આવડે છે.'

'એ તો હું જાણું છું. ચાલ, હવે થોડું કામ કરવા દે. પછી નિરાંતે વાત

કરશું.'

'રાઘવને મળવા જવાનો છું.'

'મેં તો એની સાથે બોલવાનું જ બંધ કરી દીધું છે.' આરતી બોલી.

'કેમ?'

'થોડો ઝઘડો થઈ ગયો. દર વખતે હું જ સામેથી બોલવા જતી હતી, પણ આ વખતે નહીં જાઉં.'

'હં. તારી સામે કોઈ ગેસ્ટ ઊભા છે?'

'હા, જાપાનીઝ છે. એ લોકો બહુ નમ્ર હોય છે. મારો ફોન પતે એની રાહ જોતા ઊભા રહેશે.'

'એ લોકોને કહી દે કે તું તારા પતિ સાથે વાત કરી રહી છે.'

'શટઅપ, બાય.'

'બાય.' કહીને મેં ફોનને ચૂમી લીધો. ડેસ્ક પરના કૅલેન્ડરમાં મેં બીજા શુક્રવારે રાઘવ સાથેની મુલાકાતનો સમય નોંધી લીધો.



આ પ્રસંગ માટે ખાસ સીવડાવેલા સૂટ પર મેં ઈમ્પોર્ટેડ મોંઘા પરફ્યુમનો છંટકાવ કર્યો. આંખે રે-બૅન સનગ્લાસીસ ચઢાવીને મેં આયનામાં મારું પ્રતિબિંબ નિહાળ્યું. પછી લાગ્યું કે સનગ્લાસીસ મારા દેખાવમાં જરા વધુ પડતા લાગતા હતા. એટલે એને કાઢીને શર્ટના ખિસ્સામાં લટકાવી દીધા.

સેલફોન પર આવેલો આરતીનો મૅસેજ મેં ફરીથી વાંચ્યો – 'એને વધુ દુ:ખ થાય એવું નહીં કરતો.'

રાઘવની ઑફિસ નાદેશર રોડ પર હતી. ડ્રાઈવરે મને ત્યાં પહોંચાડયો તો ખરો, પણ ઑટોરિપેરિંગની દુકાનોની વચ્ચે 'રૅવૉલ્યુશન 2020'ની ઑફિસ શોધવાનું સહેલું નહોતું. રાઘવે અહીં એક ગૅરેજની અંદર એના છાપાની ઑફિસ ખોલી હતી.

એની ઑફિસમાં હું પ્રવેશ્યો ત્યારે કાચની નાની કૅબિનમાં રાઘવની સામે એક ખેડૂત જેવો લાગતો માણસ બેઠો હતો. કાચની આરપાર મને એટલું દેખાયું કે ખેડૂતના ખોળામાં નાનો, બીમાર જેવો લાગતો છોકરો હતો. કપડાં પરથી એ લોકો બહુ ગરીબ લાગતા હતા.

મને જોઈને રાઘવ એની નાનકડી કૅબિનમાંથી બહાર આવ્યો, 'ગોપાલ?' એના અવાજમાં આશ્ચર્ય હતું. મારા પર નારાજ હોય તોયે

એણે ચહેરા પર નહોતું દેખાવા દીધું.

'તારી સાથે થોડી વાત કરવી છે.' મેં કહ્યું.

'શું થયું? એમએલએ શુક્લાએ તને મોકલ્યો છે?'

'ના, અંગત વાત છે.'

'દસ મિનિટ બેસીશ? આ લોકો મને મળવા માટે સો કિલોમીટર દૂરથી આવ્યા છે. મુસીબતમાં છે. એમની વાત સાંભળી લઉં.' રાઘવે કેબિનમાં બેઠેલા માણસ તરફ ઈશારો કરતાં કહ્યું, 'અચ્છા.' મેં ઘડિયાળમાં જોતાં કહ્યું.

'અંકિત, આ મહેમાનનું થોડી વાર ધ્યાન રાખને!' રાઘવ એક અઢાર- ઓગણીસ વર્ષના લાગતા છોકરાને મારી જવાબદારી સોંપીને એની કેબિનમાં પાછો ગયો.

બેસીને સમય પસાર કરવા માટે મેં અંકિત સાથે વાત માંડી, 'સ્ટાફમાં બીજું કોઈ નથી?'

'મારા ઉપરાંત બે જણ હતા, પણ ઑફિસ પર હુમલો થયા બાદ કામ છોડી ગયા. એમના કરતાં એમનાં મા-બાપને વધુ ટેન્શન થઈ ગયેલું. વળી આ મહિને હજી પગાર નથી મળ્યો.' અંકિતે જવાબ આપ્યો.

'તેં કેમ હજી નથી છોડયું?' મેં પૂછ્યું.

'મારે અહીં રાઘવસર માટે રહેવું છે.'

'કેમ?'

'એ સારા માણસ છે.' અંકિતે આપેલો સીધોસાદો, ટૂંકો જવાબ મને ચાબખાની જેમ વાગ્યો.

'તમે લોકો હમણાં કામ કેવી રીતે કરો છો?' મેં તૂટીફૂટી ઑફિસ પર નજર ફેરવતાં પૂછ્યું.

અંકિતે ટેબલનું ખાનું ખોલીને એમાંથી એક મોટી પેપરશીટ કાઢી. એના પર હાથેથી થયેલું લખાણ હતું, 'સર લેખો લખે છે અને હું લગ્નવિષયક જાહેરખબરો લખું છું. બંને તરફનું પેપર ભરાઈ જાય. એ પછી અમે એની ફોટોકૉપી કઢાવીને વહેંચવાની કોશિશ કરીએ છીએ.'

'કેટલી કોપી?' મેં પૂછ્યું.

'લગભગ ચારસો. વધુ કાઢવાનો અર્થ નથી, કારણ કે હાથેથી લખેલું અને ફોટોકૉપી કરેલું પેપર કોને વાંચવું ગમે?'

'ચારસો કોપી ધરાવતા પેપરમાં જાહેરખબર કોણ આપે?'

મારા પ્રશ્નનો જવાબ આપવાને બદલે અંકિત ઊભો થઈ ગયો,

'મારે ફોટોકૉપી શોપમાં જવાનું છે, તમને વાંધો ન હોય તો!'

'ના, ના, ઈટ્સ ઑલરાઈટ.' અંકિતના ગયા બાદ મેં ખિસ્સામાંથી મારો સેલફોન કાઢ્યો. આરતીનો મૅસેજ હતો – સાવ નિષ્ઠુર નહીં થતો.

મેં ફોન ખિસ્સામાં મૂકી દીધો. ઑફિસમાં સખત ગરમી હતી. નવાનક્કોર બ્લેક સૂટમાં હવે મને બફારો થવા લાગેલો. પંખાની સ્વિચ શોધવા મેં આમતેમ નજર દોડાવી, 'સૉરી, પાવર નથી. એ લોકોએ કનેક્શન કાપી નાખ્યું.' પ્રવેશદ્વાર પાસે પહોંચેલા અંકિતે મને જાણ કરી.

જૅકેટ ઉતારીને મેં મારા શર્ટના ઉપલા બે બટન ખોલી નાખ્યા. સતત ઍરકન્ડિશન્ડ ઑફિસ અને ઘરમાં રહેવા ટેવાઈ ગયેલા મારા શરીરને હવે ગરમી સહન નહોતી થતી. અચાનક મને બાળપણમાં પપ્પા સાથે આવા જ ગરમ ઓરડામાં વિતાવેલા દિવસો યાદ આવી ગયા. કૅબિનમાં બેઠેલા બાપ-દીકરો પણ મારી જૂની યાદો તાજી કરાવી રહ્યા હતા.

ત્યાં થઈ રહેલી વાતચીતનો અવાજ બહાર સંભળાતો હતો. સહેજ આગળ ઝૂકીને મેં કાન સરવા કર્યા.

'મારી ઘરવાળી અને મોટો દીકરો તો મેં ગુમાવી દીધા. બસ, આ એક છોકરો બચ્યો છે. એને મારે મરવા નથી દેવો.' ખેડૂત ગળગળા સાદે બોલ્યો.

'વિષ્ણુજી, તમારી હાલત હું સમજું છું. દીમ્નાપુરા પ્લાન્ટ પર અમે મોટી સ્ટોરી કરેલી એના પરિણામે તો મારી ઑફિસમાં આટલી ભાંગતોડ થઈ.' રાઘવે કહ્યું.

'પણ તમે એક વાર આવીને અમારા રોશનપુરની હાલત તો જુઓ. ચારેકોર ગટરનાં પાણી અને ગંદકી ઉભરાય છે. ગામનાં અડધોઅડધ છોકરાં બીમાર છે અને એમાંથી છ તો મરી ગયાં.'

'રોશનપુરમાં બીજો પ્લાન્ટ છે. કદાચ ત્યાં પણ સરકાર સાથે કોઈ છેતરપિંડી કરી ગયું.' રાઘવ બોલ્યો.

'પણ કોઈ છાપાવાળા એના વિશે નથી લખતા. ખુરશી પર બેઠેલાઓ જવાબ નથી આપતા. હવે તમે અમારી એકમાત્ર આશા છો.' ખેડૂતે માથેથી પાઘડી ઉતારીને રાઘવના ટેબલ પર મૂકી.

'વિષ્ણુજી આ શું કરો છો?' રાઘવે ખેડૂતની પાઘડી એને પાછી આપતા કહ્યું, 'હું શું કરી શકું? મારું પેપર હવે બંધ પડી જવાની અણી પર છે. અમે હાથેથી લખીને જ વહેંચીએ છીએ. એ મોટે ભાગે કચરાપેટીમાં જાય છે.'

'મેં મારા દીકરાને કહેલું કે, વારાણસીમાં સહુથી પ્રામાણિક, સહુથી બહાદુર માણસ તમે જ છો.' ખેડૂતના અવાજમાં રીતસર ભક્તિભાવ ટપકતો હતો.

'પણ એનાથી શું ફાયદો?' રાઘવના ચહેરા પર લાચારી તરી આવી.

'કમસેકમ તમે એટલું તો કંઈ કરો કે સરકાર અમારાં બાળકો માટે ગામમાં ડૉક્ટર મોકલે. ગુનેગારને ભલે સજા ન થાય.'

રાઘવે થોડો વિચાર કર્યો અને પછી બોલ્યો, 'ઠીક છે. હું તમારા ગામડે આવીને, ત્યાંની સ્થિતિનો રિપોર્ટ બનાવીશ. અત્યારે તો જોકે ગણ્યાગાંઠયા માણસો જ વાંચશે. પેપર ટકી ગયું તો પછી મોટી સ્ટોરી કરીશ, પણ અત્યારે કોઈ વચન નથી આપતો.'

'રાઘવજી, તમારી મોટી મહેરબાની.' દૂર બેઠા બેઠા પણ ખેડૂતની આંખોમાં ઝબકી ગયેલું આશાનું કિરણ મને દેખાયું.

'અને મારા એક ફ્રેન્ડના પપ્પા ડૉક્ટર છે. એમને વિનંતી કરી જોઈશ કે તમારે ગામ આવીને બાળકોને તપાસે.' રાઘવ બોલીને ઊભો થયો.

'તમે ક્યારે આવશો?' રાઘવ સાથે ઊભા થયેલા ખેડૂતે પૂછ્યું.

'થોડી વાર બેસો. આજે જ તમારી સાથે આવું છું. ત્યાં પહોંચતાં કેટલી વાર લાગશે?'

'કમસેકમ પાંચ કલાક. ત્યાં જવા માટે ત્રણ બસ બદલવી પડશે.'

'વાંધો નહીં. તમે બેસો.' કહીને રાઘવ એના મુલાકાતીઓને કૅબિનની બહાર લઈ આવ્યો અને પછી મારી તરફ ફરીને બોલ્યો, 'બે મિનિટ, હું મારું ટેબલ સાફ કરી લઉં.'

ખેડૂત થોડી વાર પહેલાં અંકિતે ખાલી કરેલી ખુરશી પર આવીને બેઠો. અમે એકબીજાની સામે ઔપચારિક સ્મિત કર્યું.

'શું નામ છે?' ખેડૂતના ખોળામાં સૂતેલા છોકરા તરફ જોતાં મેં પૂછ્યું.

'કેશવ.'

થોડી વાર માટે મૌન છવાઈ ગયું. મેં મારા પેન્ટના ખિસ્સામાં આજ માટે ખાસ રાખેલી કારની ચાવી પર હાથ મૂક્યો.

'પપ્પા, હુંયે મરી જઈશ?' અચાનક છોકરો ધીમે સાદે બબડયો.

'ચૂપ, એવું નહીં બોલવાનું.' બાપે દીકરાના માથે હાથ મૂકીને પ્રેમાળ ગુસ્સો દાખવ્યો.

મને છોકરાની દયા આવી ગઈ. એને પણ મારી જેમ મોટો થયા બાદ માનો ચહેરો યાદ નહીં રહે.

રાઘવ એના ટેબલ પર પથરાયેલાં કાગળિયાં ભેગાં કરી રહ્યો હતો. એનું પેપર હવે વધુમાં વધુ એક અઠવાડિયાની અંદર બંધ થઈ જવાનું હતું. એની પાસે પૈસા નહોતા અને તોયે આજે એ સવાસો કિલોમીટર દૂરના કોઈ ગામડામાં જવા માટે તૈયાર થઈ ગયેલો અને એ પણ અજાણ્યા ગરીબ લોકોના કહેવાથી! દુશ્મનોએ એની ઑફિસ ભલે તોડીફોડી નાખી હોય, પણ રાઘવનું મનોબળ હજી અખંડ હતું.

'પણ હું એનાથી ચઢિયાતો છું.' મેં મર્સિડીઝની ચાવી મુઠ્ઠીમાં લઈને ખુદને યાદ કરાવ્યું.

કેશવ મારી સામે તાકી રહ્યો હતો. મેં અસ્વસ્થતા અનુભવી. મને લાગ્યું કે એ જાણે મને કોઈ સવાલો પૂછી રહ્યો હતો, જેના જવાબ મારી પાસે નહોતા.

'ગોપાલ, તું શું હતો ને શું થઈ ગયો?' મારા કાનમાં આ સવાલ અથડાયો.

મેં શર્ટના ખિસ્સામાંથી સનગ્લાસીસ કાઢીને બેધ્યાનપણે આંગળીમાં ઘુમાવવાનું શરૂ કર્યું. થોડી વારે ખ્યાલ આવ્યો કે કેશવની આંખો પણ સનગ્લાસીસની સાથે ફરી રહી હતી.

'જોઈએ છે?' મેં હાથ લંબાવ્યો.

કેશવ એના પપ્પાના ખોળામાં બેઠો થઈ ગયો. એના માંદલા ચહેરા પર ઉત્સુકતા ડોકાઈ. પપ્પાએ ના પાડી તોયે કેશવે મારા હાથમાંથી ચશ્માં લઈને પહેર્યાં અને પછી કહ્યું, 'બહુ મોટા છે.' ફેન્સી સનગ્લાસીસ પહેરેલો એનો ચહેરો વધુ દયામણો, ગરીબડો લાગતો હતો. મેં આંખો મીંચી દીધી. રૂમની અંદર ઉકળાટ વધી રહ્યો હતો. રાઘવ અંદર કોઈની સાથે ફોન પર વાત કરવામાં વ્યસ્ત હતો. મારું માથું ભમવા લાગ્યું. મને અંદરથી કોઈ પૂછી રહ્યું'તું :

'ગોપાલ, તું અહીં શું કામ આવ્યો છે? તારે રાઘવને બતાવી દેવું હતું કે આજે તું ટોચ પર અને એ તળેટીમાં છે.' પણ તને હવે ખરેખર લાગે છે કે તારી પાસે, સૂટ અને કાર છે, એટલે તું રાઘવથી ચઢિયાતો, રાઘવથી વધુ સારો માણસ છે?

'ગોપાલ,' રાઘવે અંદરથી બૂમ પાડી. હું કૅબિનમાં ગયો. પ્લાન તો એવો બનાવેલો કે રાઘવની ઑફિસમાં, એની સામે બેસતાં પહેલાં હું

સહજભાવે ખિસ્સામાંથી મર્સિડીઝની ચાવી કાઢીને ટેબલ પર મૂકીશ, પણ એવું કંઈ કરી ન શક્યો.

'બોલો.' રાઘવે કહ્યું, પણ મારી જીભ ઝલાઈ ગયેલી. અહીં આવતાં પહેલાં તૈયાર કરેલી સ્પીચનું મેં કેટલીય વાર રિહર્સલ કરી લીધેલું. રાઘવને કહેવાનું હતું કે એના જેવો જિંદગીમાં નિષ્ફળ ગયેલો માણસ આરતીને લાયક નહોતો. એને યાદ દેવડાવવાનું હતું કે એ ભલે JEEમાં રેંક મેળવી ગયો હોય, પણ લાઈફની રેસમાં એ મારાથી બહુ પાછળ રહી ગયેલો...

પણ આમાંથી એકેય શબ્દ ઉચ્ચારવાની શક્તિ હવે મારામાં નહોતી રહી. ડર લાગતો હતો કે રાઘવને નીચું દેખાડવાની કોશિશ કરીને હું પોતે વધુ નીચો પડી જઈશ.

'પેપર કેવું ચાલે છે?' મેં પૂછ્યું.

'જોઈ લે.' એણે હાથ હલાવતાં કહ્યું.

'પેપર બંધ થઈ ગયા પછી શું કરીશ?'

'આશા છે કે મારે ક્યાંય એન્જિનિયર તરીકેની નોકરી શોધવાનો વારો નહીં આવે, પણ ખબર નહીં...' રાઘવનો ચહેરો કહેતો હતો કે એણે ભવિષ્ય માટે ખાસ કંઈ વિચાર્યું નહોતું.

'ગોપાલ, ભૂતકાળમાં મેં ક્યાંક જાણે-અજાણે તારી લાગણી દુભાવી હોય તો માફ કરજે. તારી સાથે મને કોઈ અંગત દુશ્મનાવટ નથી.' રાઘવ બોલ્યો.

મારાથી રહેવાયું નહીં, 'રાઘવ, તું શું કામ આ બધું કરે છે? તું હોશિયાર છે. ધારે તો અમારી જેમ અમારાથીયે વધુ પૈસા કમાઈ શકે એમ છે.'

'ગોપાલ, કોઈકે તો આ કરવું પડેને! નહીં તો પરિવર્તન ક્યાંથી આવશે?'

'આખી વ્યવસ્થા, સિસ્ટમ સડી ગઈ છે. એક માણસ એને નહીં બદલી શકે.'

'જાણું છું.'

'તો?'

'વધુ નહીં, પણ દરેક જણ પોતાનાથી બને એટલું તો કરી શકેને, ભલેને સાવ થોડું! પરિવર્તન માટે ક્રાંતિની જરૂર છે અને સાચી ક્રાંતિ ત્યારે જ આવી શકે જ્યારે લોકો ખુદને પૂછવાનું શરૂ કરે કે મેં કેટલો ત્યાગ આપ્યો?'

'આ તો તારા છાપામાં છપાયેલા શબ્દો લાગે છે.' મેં તુચ્છભાવે કહ્યું. રાઘવ ચૂપ રહ્યો.

મારી પાસે પણ હવે કંઈ બોલવા લાયક નહોતું બચ્યું. હું ઊભો થયો. એ મને બહાર સુધી મૂકવા આવ્યો.

'તું ખરેખર મને અમસ્તો જ મળવા આવેલો?' રાઘવે પૂછ્યું.

'મને અહીં નજીકમાં થોડું કામ હતું. મારી કાર સર્વિસિંગમાં આપી છે. મેં વિચાર્યું કે એનું કામ પતે ત્યાં સુધી તને મળી લઉં.'

'સારું કર્યું. આરતીને પણ કોઈ કોઈ વાર મળતો જા.' રાઘવ સરળ ભાવે બોલ્યો, પણ આરતીનું નામ સાંભળતાની સાથે મારા દિમાગમાં ખતરાની ઘંટડી વાગી.

સહજતાનો દેખાવ કરતાં મેં કહ્યું, 'જરૂર મળીશ. કેમ છે આરતી?'

'હુંયે થોડા વખતથી એને નથી મળ્યો, પણ લાગે છે કે એ થોડી ટૅન્શનમાં છે. મારે એને મનાવવી પડશે. તુંયે આરતીને ફોન કરજે, એને ગમશે.' રાઘવે કહ્યું.

મૂંગા મોઢે, માત્ર માથું હલાવીને હું ત્યાંથી ચાલતો થયો.

૩૭

રેશમી સુંવાળા બિછાના પર આજે મને આરામ નહોતો. ઊંઘ વેરણ થઈ ગયેલી. મારા સેલફોન પર આરતીના ત્રણ મિસ્ડ કૉલ્સ હતા. મેં એને સામે ફોન કર્યો નહીં. ખબર નહોતી પડતી કે એને શું કહેવું?

પણ ફોનનો જવાબ ન આપ્યો તો આરતીએ મૅસેજ મોકલવાનું શરૂ કર્યું, 'શું થયું આજે?'

હું સમજી ગયો કે વાત કર્યા વિના આરતી આજે મારો પીછો નહીં છોડે. મોડી રાતે મેં એનો નંબર જોડયો.

'ફોન કેમ નહોતો ઉપાડતો?' આરતીએ પૂછ્યું.

'સૉરી, કૉલેજના ડીન ઘેર આવેલા. એ હમણાં ગયા.'

'તું રાઘવને મળ્યો?'

'હા.'

'પછી?'

'આજે એની ઑફિસમાં લોકોની બહુ ભીડ હતી. એકલા પડીને વાત કરવાનું શક્ય નહોતું.'

'ગોપાલ, એની સાથેનો સંબંધ તોડયા વગર હું તારી પાસે આવું છું એ નરી છેતરપિંડી, વિશ્વાસઘાત જ કહેવાય. તારાથી ન બોલાતું હોય તો હું એને કહી દઉં.'

'ના, ના, હું એને મળીને વાત કરી દઈશ.'

'મારાં મમ્મી-ડૅડીને પણ તારે જલદીથી મળવું પડશે. આવતે અઠવાડિયે એમણે એક નહીં ત્રણ ત્રણ છોકરા મને બતાવવાનો પ્રોગ્રામ ઘડી કાઢયો છે અને એ બધા રાજકારણીના દીકરા છે.'

'તારાં મા-બાપનું દિમાગ ઠેકાણે છે?'

'દીકરીની વાત આવે ત્યારે દરેક ભારતીય મા અને બાપનું દિમાગ ચસકી જાય છે. વધુ સમય એમને ટાળવાનું મારા માટે શક્ય નથી.' આરતી બોલી.

'ઠીક છે. હું કંઈ ચક્કર ચલાવું છું.' મેં ઓશીકું મારા તરફ ખેંચતાં

કહ્યું.

'જોયુંને એક વાર સાથે સૂતા એટલે સ્ત્રી-પુરુષના રોલની અદલાબદલી થઈ જાય. પહેલાં તમે અમારી પાછળ દોડો અને સેક્સ પછી અમારે તમારી પાછળ ભટકવું પડે.' આરતી થોડું ચિડાઈને બોલી.

'આરતી, એવું નથી. મને બસ બે દિવસનો સમય આપ.'

'સારું, પણ બે દિવસમાં તેં એને કહ્યું નહીં, તો હું કહી દઈશ અને હા, રાઘવ તને પૂછે તો કહેજે કે હજી આપણી વચ્ચે કંઈ નથી થયું.'

'મતલબ?'

એને લાગવું જોઈએ કે મેં એની સાથે કોઈ બેવફાઈ નથી કરી. એની સાથેનો સંબંધ તૂટ્યા પછી જ આપણે સાથે રહેવાનો વિચાર કર્યો, સમજ્યો?

'હા.' મેં કહ્યું. છોકરીઓ હાથે કરીને એમની જિંદગીમાં કેટલી ગૂંચવણો ઊભી કરતી હોય છે! સાચું બોલવામાં શું બગડી જાય?

'સચ્ચાઈ જાણીને એ ભાંગી પડશે.' આરતીએ વાત પૂરી કરી.

ફોન મૂક્યો ત્યારે હું ખરેખર થાકી ગયો હતો.



નદીના ઘાટ પર ભેગા થયેલાં લોકોનાં કપડાં એટલાં સફેદ હતાં કે મારી આંખો અંજાઈ ગઈ. મેં આજુબાજુ નજર ફેરવી. કોઈ પરિચિત ચહેરો દેખાયો નહીં. થોડા લોકો એક મૃતદેહને ઊંચકીને પાણી તરફ જઈ રહ્યા હતા.

'એને અગ્નિદાહ કેમ નથી આપતા?' મેં પૂછ્યું, પણ પછી તરત ભાન થયું કે મરનાર નાનું બાળક હતું અને એને પાણીમાં જ સમાધિ અપાશે. નજીક જઈને મેં લાશના મોઢા પરથી કફન હટાવ્યું. સાવ નાનો છોકરો હતો. એની આંખો પર સનગ્લાસીસ હતા.

'આને કોણે મારી નાખ્યો?' મેં ચીસ પાડી.

ચીસો પાડતો હું પથારીમાં બેઠો થઈ ગયો. રાતના ત્રણ વાગેલા. હું મારા બેડરૂમમાં હતો.

'દુઃસ્વપ્ન હતું.' હું મોટેથી બોલ્યો, પણ તોયે એની અસરમાંથી કળ વળતાં વાર લાગી અને ઊંઘ તો પાછી આવી જ નહીં.

મેં રાઘવ વિશે વિચાર્યું. એ માણસ તો બરબાદ થઈ ગયો હતો. એનું છાપું બંધ થઈ જશે. ક્યાંય નોકરી નહીં મળે. વારાણસીમાં તો નહીં જ

અને જ્યાં જશે ત્યાં શુક્લાના માણસો ભૂખ્યા વરુની જેમ એનો પીછો કરશે.

મેં આરતી વિશે વિચાર્યું, મારા જીવતા રહેવાનું સહુથી મોટું કારણ મારી આરતી! અઠવાડિયા પછી અમારી સગાઈ થઈ જશે અને પછી ત્રણ મહિનામાં લગ્ન... એક વર્ષમાં હું વિધાનસભ્ય બની જઈશ. પછી તો આંખના પલકારામાં મારી યુનિવર્સિટી માટેની માન્યતા મળી જશે. ગંગાટૅકનું ફલક વિસ્તરતું જશે. મેડિસીન, એમબીએ, ઍવિયેશન, કોચિંગ... ભારતના લોકોને શિક્ષણની એટલી ભૂખ છે કે આ ક્ષેત્રમાં પડયા બાદ મારા માટે તો આકાશ નાનું પડવાનું હતું.

આરતીને ઍરહોસ્ટેસ બનવું હતું, પણ હું તો એને એક આખું પ્લેન ખરીદીને આપી દઈશ. હું સમજીને જો મારી ચાલ રમ્યો, તો પક્ષમાં, પણ ઉપર ચઢતાં વાર નહીં લાગે. વર્ષો સુધી એકલો રહીને હું હવે થાકી ગયેલો. આરતી આવશે, અમારાં બાળકો થશે. મારો એક સુખી પરિવાર હશે. મોટા થઈને મારાં બાળકો મારો બિઝનેસ અને રાજકીય સામ્રાજ્ય સંભાળી લેશે. ભારતમાં લોકો આ જ રીતે મોટા માણસ બને છે. હું પણ ખૂબ ખૂબ મોટો બનીને બતાવી દઈશ.

'પણ રાઘવનું શું?' અચાનક મારા કાનમાં, મરીને જીવતા થયેલા કેશવે પૂછ્યું.

'ચૂપ, મને એની પરવા નથી. એણે હાથે કરીને ખુદના પગ પર કુહાડો માર્યો છે. એને ભાન હોવું જોઈતું હતું કે આ દેશની અંદર કોઈ ક્રાંતિ આવવાની નથી. ૨૦૨૦માં નહીં અને ૨૧૨૦માં પણ નહીં. આ ભારત છે. અહીં કંઈ બદલાતું નથી. રાઘવ, તું જહન્નમમાં જા!'

પણ કેશવ ચૂપ મરવા તૈયાર નહોતો. એણે મને પૂછ્યું, 'ગોપાલ, તું કેવી જાતનો રાજકારણી બનીશ?'

'મારે તારા કોઈ સવાલનો જવાબ નથી આપવો. શું કામ મને ડરાવવા આવ્યો છે. જા અહીંથી!' મેં મોટે અવાજે કહ્યું. જોકે હું જાણતો હતો કે રૂમમાં મારા સિવાય બીજું કોઈ નહોતું. કેશવ મારા મનમાં હતો.

થોડી વાર બાદ એ ફરીથી બોલ્યો, 'આરતીનું શું?'

'હું એને પ્રેમ કરું છું.' મેં તરત જવાબ આપ્યો.

'પણ એ તને પ્રેમ કરે છે?'

'હા. એ મને એના પતિના રૂપમાં જોવા માગે છે.'

'પણ એક વાર તારો અસલી ચહેરો એણે જોઈ લીધો, એક

ભ્રષ્ટાચારી અને કાવાદાવા ખેલનાર માણસ તરીકેની તારી ઓળખ એની સામે છતી થઈ ગઈ, એ પછી આરતી તને પ્રેમ કરશે?'

'આ બધું મેળવવા મેં સખત મહેનત કરી છે અને હજીયે કરું છું. હું સફળ વ્યક્તિ છું.'

'પણ માણસ તરીકે તું સારો છે, ગોપાલ? તું સારો માણસ છે?'

બહાર અજવાળું થવા લાગેલું. ઘડિયાળમાં પાંચ વાગ્યા હતા. હું ઊઠીને ઘરની બહાર નીકળ્યો. વહેલી સવારની તાજી, શીતળ હવામાં, મારા મનમાં ધખધખતો અગ્નિ સહેજ શાંત પડયો. ઝાકળથી ભીંજાયેલાં વૃક્ષો પર નાનાં પક્ષીઓ કલબલાટ કરી રહ્યાં હતાં. એમના માટે પૈસા, મર્સિડીઝ, બંગલાનું કોઈ મહત્ત્વ નહોતું. એ ગાતાં હતાં, કારણ કે એમને ગાવું હતું. પહેલી વાર મેં મારા કૅમ્પસમાં ઊગેલાં વૃક્ષો અને એના પર ટહુકી રહેલાં પક્ષીઓ તરફ ધ્યાન આપ્યું. એમના વિશે વિચાર્યું, સારું લાગ્યું.

લીલાંછમ ઘાસ પર ચાલતાં ચાલતાં મને સમજાયું કે કેશવ શું કામ વારંવાર મારી પાસે આવતો હતો. એક જમાનામાં હુંયે કેશવ હતો. એક મીઠડો, નિર્દોષ અને દુનિયાદારીથી બેખબર છોકરો! જિંદગીએ એક પછી એક થપાટ મારીને, મારી અંદર રહેલી નિર્દોષતાને ખતમ કરી નાખી. મેં મારી અંદર વસતા કેશવને મારી નાખ્યો. આ નિષ્ઠુર દુનિયાને કેશવની મીઠાશ કે નિર્દોષતાનો ખપ નહોતો, પણ તો પછી આગલે દિવસે હું રાઘવને કેમ પૂરેપૂરો કચડી ન શક્યો? કદાચ મારામાં વસતો કેશવ હજી સાવ મરી પરવાર્યો નહોતો. કદાચ આપણા બધામાં આવો એક કેશવ હોય છે, જે ક્યારેય પૂરો મરતો નથી. આપણે ભલે થોડો સમય એના પર અત્યાચાર કરીએ, પણ ભલાઈનો નાનકડોય અંશ બનીને કેશવ આપણી અંદર જીવતો રહે છે.

મેં આકાશ સામે જોયું. ભગવાન, મમ્મી, પપ્પા, હું શું કરું? મારી આંખોમાંથી આંસુની ધાર ફૂટી નીકળી. એક વૃક્ષ નીચે બેસીને લગભગ કલાક સુધી હું આક્રંદ કરતો રહ્યો.

જીવનમાં હંમેશાં આપણને ગમતું હોય, જોઈતું હોય એ જ નથી કરવાનું હોતું. ક્યારેક એવું પણ કરવું પડે, જે તમારે ખરેખર કરવું જોઈએ. છેવટે મેં નિર્ણય લઈ લીધો.



શુક્લાજી જેલના વરંડામાં બેઠા બેઠા સફરજન ખાઈ રહ્યા હતા. એક કૉન્સ્ટેબલ એમની બાજુમાં સફરજનની છાલ ઉતારીને એના ટુકડા કરવાની ફરજ બજાવી રહ્યો હતો.

'ગોપાલ, બેટા, આવ આવ.' કડક ઈસ્ત્રીવાળા શ્વેત કુરતો-પાયજામો પહેરીને બેઠેલા શુક્લાજીએ મને આવકાર્યો અને પછી કૉન્સ્ટેબલ તરફ ફરીને કહ્યું, 'ધીરજ, હવે મને મારા દીકરા સાથે વાત કરવા દે.' ધીરજ ઊભો થઈને ત્યાંથી ગયો.

'મેં એનું પ્રમોશન કરાવવાની ખાતરી આપી છે.' શુક્લાજી બોલ્યા.

'તમારી મદદની જરૂર છે.' મેં કહ્યું.

'બોલને, શું જોઈએ છે?'

'કૉલગર્લ્સ.'

સાંભળતાની સાથે શુક્લાજીના મોઢામાંથી હાસ્યનો ફુવારો છૂટી પડયો, 'અરે વાહ, મારો છોકરો મોટો થઈ ગયો.' થોડા શાંત પડીને એ આટલું બોલ્યા અને પાછા હસવા લાગ્યા.

'છોકરીઓ મારા માટે નથી.' મેં કહ્યું.

'અરે, હોય કંઈ?' બોલીને શુક્લાજીએ આંખ મારી અને પૂછ્યું, 'તું કેવડો થયો?'

'આવતે અઠવાડિયે ૧૧મી નવેમ્બરના દિવસે હું ચોવીસ વર્ષનો થઈશ.'

'આહા, તો તો તું હવે નાનો નથી રહ્યો. શરમાય છે શું કામ? બધા આ કરે છે.'

'શુક્લાજી, આવતે અઠવાડિયે જે ઈન્સ્પેક્શન ટીમ આવવાની છે, એમાંથી એક જણ છોકરીઓનો શોખીન છે. મારે કૉલેજમાં ફી વધારવી છે. એ માટે આ ઈન્સ્પેક્ટરની મંજૂરી જોઈશે. એને ખુશ રાખવો જરૂરી છે.'

'અચ્છા, અચ્છા.' બોલતાં શુક્લાજીએ પાયજામાના ચોરખિસ્સામાંથી સેલફોન કાઢયો અને એમાંથી કૉન્ટેક્ટ લિસ્ટ ચેક કરીને મને એક નંબર આપતાં કહ્યું, 'એનું નામ વિનોદ છે. ફોન કરીને મારું નામ આપજે. તારું કામ થઈ જશે.'

'થૅંક્યુ.' કહીને હું ઊભો થયો.

મારી સાથે ઊભા થયેલા શુક્લાજીએ મારા ખભા પર હાથ મૂકતાં કહ્યું, 'તુંયે મોજ કરી લેજે. એક વાર લગનની બેડીમાં બંધાઈ ગયો તો

પછી આ બધી મજા કરવાનો ચાન્સ નહીં મળે.'

મેં પરાણે સ્મિત આપ્યું.

'ડીએમની દીકરી સાથે તારું કેટલું આગળ વધ્યું? એનાં મા-બાપને સીધી વાત કરવાનો છે કે પહેલાં છોકરી સાથે પ્રેમનું નાટક કરીશ?' શુક્લાજીએ સાથે ચાલતાં પૂછ્યું.

'હજી વિચાર્યું નથી.' મેં ટૂંકો જવાબ આપ્યો.

શુક્લાજી જેલના દરવાજા સુધી મને મૂકવા આવ્યા.

'જિંદગીમાં એકની એક તક બે વાર નથી મળતી.' લોખંડનો દરવાજો બંધ થયો એ પહેલાં એમના આ છેલ્લા શબ્દો હતા.

૩૮

કૅલેન્ડરમાં ૧૦મી નવેમ્બર દેખાતી હતી. આવતી કાલે મને ત્રેવીસ વર્ષ પૂરાં થઈ જશે!

કૉલેજના થોડા છોકરા મને મળવા આવ્યા. એ લોકોને કૉલેજ ફેસ્ટિવલનું આયોજન કરવું હતું. મેં મંજૂરી આપી, પણ સાથે સાથે કહી દીધું કે બહારથી સ્પોન્સર્સ એમણે શોધી લાવવા પડશે.

એ લોકોના ગયા પછી એકાદ કલાક કૉન્ટ્રાક્ટર સાથે માથાકૂટ કરવામાં વીત્યો. બે ક્લાસરૂમની દીવાલમાં પાણીનું ગળતર થતું હતું.

બપોરે ઘેરથી ટિફિન આવ્યું. રોટલી, દાળ અને ભીંડાનું શાક. જમતાં જમતાં મેં આરતીને ફોન કર્યો, પણ એણે ઉપાડયો નહીં. લંચ પછી પ્લાન થયેલી મિટિંગોમાં રાત પડી જવાની હતી, એટલે આરતી સાથે વાત કરવાનું શક્ય નહીં બને, એ વિચારીને મેં પાછી ટ્રાય કરી.

સામે રિંગ વાગી, પણ આરતીને બદલે એની સાથે કામ કરતી બેલાએ જવાબ આપ્યો, 'આરતી કોઈ ગેસ્ટને અટેન્ડ કરવા ગઈ છે. એ આવે એટલે ફોન કરવાનું કહું?'

'હા.'

'અને હા, ઍડવાન્સમાં હેપી બર્થડે.' બેલાએ કહ્યું.

'તમને કેવી રીતે ખબર?' મેં આશ્ચર્યથી પૂછ્યું.

'અરે, આરતી કેટલા દિવસથી તમારી ગિફ્ટ માટે તૈયારી...' આટલું બોલીને બેલાને ભાન થયું કે એણે આરતીના સિક્રેટનો ભાંડો ફોડી નાખેલો, 'પ્લીઝ, એને કહેતા નહીં કે મેં તમને કહી દીધું. એ તમને સરપ્રાઈઝ આપવા માગે છે.' બેલા તતપપ થઈ ગઈ.

'નહીં કહું, પણ મારેય એને એક સરપ્રાઈઝ આપવી છે. એ તને કહું?' આવું બોલીને મેં બેલાને વાતોમાં લપટાવી દીધી. મારા પ્લાન વિશે ગપ્પાં હાંકીને એની પાસેથી જાણી લીધું કે આરતી શું કરવાની હતી!

'એ તમને ફોન પર કહેશે કે બહુ કામ છે. એટલે મળવાનું શક્ય નહીં બને, પણ પછી બપોરે અહીંથી છૂટીને, કેક અને ગિફ્ટની સાથે સીધી

તમારે ઘેર આવી પહોંચશે.' બેલાએ કહી દીધું.

વાત પૂરી કરીને મેં તરત વિનોદનો નંબર જોડયો, 'હું ગોપાલ! એમએલએ શુક્લાજી સાથે કામ કરું છું.'

'બોલો.'

'છોકરી જોઈએ છે!' આ સાંભળતાની સાથે એણે લાઈન કાપી નાખી. પાછો નંબર જોડયો, પણ એણે ઉપાડયો નહીં. થોડી વાર બાદ મારા સેલફોન પર કોઈ અજાણ્યો લેન્ડલાઈન નંબર ઝબકયો.

'વિનોદ બોલું છું. તમને છોકરી જોઈએ છે?'

'હા.'

'કલાકના ભાવે કે આખી રાત માટે?'

'એક બપોર માટે.'

'ગુડ. બપોરે ડિસ્કાઉન્ટ મળશે. કેટલી જોઈએ?'

'એક?' મેં ધીમેથી કહ્યું.

'અરે સાહેબ, બે લઈ લો. બીજી અડધા ભાવે આપી દઈશ.'

'અચ્છા?'

'કેવી છોકરી જોઈએ?'

મને જલદી જવાબ સૂઝયો નહીં. આ પહેલાં મેં કોઈ વાર કૉલગર્લ માટે ઑર્ડર નહોતો આપ્યો.

'જરા સારી ટાઈપની...' મેં કહ્યું.

'ઈન્ડિયન, નેપાળી કે ગોરી?' વિનોદે બીજો સવાલ કર્યો.

'તમારી પાસે ગોરી પણ છે?' મને નવાઈ લાગી.

'આ ટૂરિસ્ટ ટાઉન છે. ફૉરેનથી છોકરીઓ ફરવા આવે છે અને પછી એમાંથી થોડી અહીં ધંધે લાગી જાય છે.'

'મને ઈન્ડિયન છોકરી મોકલી આપ.'

'ક્યાં?'

'ગંગાટૅક કૉલેજ કૅમ્પસમાં, બપોરે બેથી છ.'

'કૉલેજમાં?' વિનોદને આંચકો લાગ્યો.

'ચિંતાની વાત નથી. હું કૉલેજનો માલિક છું. કેટલો ચાર્જ થશે?'

'વીસ હજાર.'

'એટલા બધા?'

'આ તો શુક્લાજીનું નામ સાંભળીને ઓછા કર્યા.'

'દસ.'

'પંદર.'

મારી ઑફિસના દરવાજે ટકોરા પડયા.

'અચ્છા, પંદર હજાર! કાલે બે વાગે ગંગાટૅક.' કહીને મેં ફોન મૂકી દીધો.

'સર, ફૅકલ્ટી મિટિંગ!' શ્રીવાસ્તવે દરવાજા પાસે ઊભા રહીને કહ્યું.

'હા, આવો ડીનસર.' મેં પ્યૂનને બોલાવીને ઑફિસની અંદર મિટિંગ માટે વીસ ખુરશી મુકાવી.

'છોકરાઓએ કહ્યું કે કાલે તમારો જન્મદિવસ છે.' ડીન બોલ્યા.

'બૉસ બનવામાં આ એક મજા છે. બધા તમારી ખુશામત કરવા લાગે.'

'એમણે તમારા માટે દસ કિલોની કેક મગાવી છે.' ડીને જાણ કરી.

'પ્લીઝ, ના.' બસો માણસની સામે બર્થડે કેક કાપવાના વિચારે મેં સંકોચ અનુભવ્યો.

'પ્લીઝ સર, એ લોકોની બહુ ઈચ્છા છે. તમે એમના માટે આદર્શમૂર્તિ છો.' ઑફિસમાં પ્રવેશતાં, યુવાન ફૅકલ્ટી મૅમ્બર જયંતે કહ્યું.

એ લોકોને ખબર પડે કે હજી બે મિનિટ પહેલાં મેં વિનોદ પાસે છોકરીઓ મગાવેલી, તો? – આ વિચાર આવતાંની સાથે મેં હડસેલી દીધો. બીજે દિવસે બપોરે ક્લાસ પત્યા બાદ દસ મિનિટનો બર્થડે કાર્યક્રમ નક્કી થઈ ગયો.

મિટિંગનો આરંભ થયો. જયંત અમારો પ્લેસમેન્ટ કો-ઑર્ડિનેટર હતો. અમારે ત્યાંથી પાસ થનારા વિદ્યાર્થીઓને સારી નોકરી મળી જાય, એ માટે પ્રયત્ન કરવાની જવાબદારી એની હતી. પહેલી બેચ પાસ થવાને હજી બે વર્ષની વાર હતી, પણ કંપનીઓ સાથે અત્યારથી સંપર્ક બનાવવો જરૂરી હતો.

'સર, કંપનીના એચઆર મૅનેજર્સ પૂછે છે કે એમને ઍપોઈન્ટમૅન્ટ દીઠ કેટલું કમિશન મળશે!' જયંતે કહ્યું, ત્યારે મને નવાઈ ન લાગી. પ્રાઈવેટ કૉલેજ ચલાવનારે દરેકેદરેક તબક્કે કોઈ ને કોઈને લાંચ આપવી પડે છે.

પણ મિકેનિકલ એન્જિનિયરિંગના પ્રોફેસર મિસિસ અવસ્થી આ સાંભળીને ચમકી ગયાં તેથી એમણે પૂછ્યું, 'કમિશન એટલે કે લાંચ આપવી પડશે? જયંતે માથું હલાવ્યું.

'પણ આ બધા પ્રતિષ્ઠિત કંપનીઓના મૅનેજર છે.'' અવસ્થીને

હજીયે માન્યામાં નહોતું આવતું.

મેં હાથ ઊંચો કર્યો, 'મૅડમ, આ તમારું ડિપાર્ટમેન્ટ નથી. મને કહો, તમારા ઍપ્લાઈડ મિકેનિક્સના કોર્સમાં કેમ ચાલી રહ્યું છે?'



ઘરમાં રસોઈ કરનારી બાઈએ, ડિનરમાં રોટલી અને દાળની સાથે ત્રણ શાક બનાવેલાં, પણ મને ભૂખ નહોતી. પથારીમાં પડયા-પડયા મેં પાછો ફોન ચેક કર્યો. આરતીએ આખો દિવસ ફોન નહોતો કર્યો. મેં મારા પ્લાન વિશે વિચાર્યું.

રાતે બરાબર બારના ટકોરે આરતીનો ફોન આવ્યો. મારું હેલો સાંભળતાંની સાથે એણે ગાવાનું શરૂ કરી દીધું, 'હેપી બર્થડે ટુ યુ, પ્રાણીબાગમાં જન્મેલો તું... ત્યાં હાથી હતા ને વાંદરા હતા... એના જેવો લાગે છે તું...'

સાંભળતાની સાથે હું જાણે બાળપણમાં પાછો ફર્યો. મારી આંખમાં પાણી તગતગી ઊઠયાં. ઘડીક મન થઈ ગયું કે મારો પ્લાન પડતો મૂકી દઉં, પણ પછી મન મક્કમ કરીને હું બોલ્યો, 'થૅંક્યુ, પણ હવે બસ કર. બાકીનું ગીત કાલે રૂબરૂમાં સંભળાવજે.'

'ઓ ગોપાલ, કાલે મારે ડબલ શિફ્ટ કરવાની છે. ફ્રન્ટ ઑફિસમાં અડધો સ્ટાફ વાઈરલ ફીવરના નામે રજા પર છે.' આરતીએ અફસોસના સૂરે કહ્યું.

હું જાણતો હતો કે એ ખોટું બોલતી હતી. તોયે મેં નાટક આગળ ચલાવ્યું. આરતી મને મારા બર્થડે પર નહીં મળે, એ માટે થોડી નારાજગી અને પછી સમજદારી દાખવી સાથે થોડી આડીઅવળી વાતચીત કરીને ફોન મૂક્યો.

ધડાધડ 'હેપી બર્થડે'ના મૅસેજીસ આવવા લાગ્યા. સરકારી અધિકારીઓ, કૉન્ટ્રાક્ટર્સ, ઈન્સ્પેક્ટર... મારી પાસેથી લાંચ લઈ ગયેલા બધા લોકોના! મને નવાઈ ત્યારે લાગી, જ્યારે શુક્લાજીનો ફોન આવ્યો, 'તુમ જિયો હજારો સાલ!'

'સર, તમને મારો જન્મદિવસ યાદ છે?'

'હાસ્તો, તું તો મારા દીકરા જેવો છે.' શુક્લાજી બોલ્યા.

'બસ, બસ!' મેં કહ્યું, તોયે નવ પછી દસમા છોકરાએ મારા મોઢામાં કેકનો વધુ એક ટુકડો નાખી જ દીધો.

અમે કૉલેજના મેઈન બિલ્ડિંગના પ્રવેશદ્વાર પાસે ભેગા થયા હતા. સ્ટાફ અને વિદ્યાર્થીઓ મને જન્મદિવસની મુબારકબાદી દેવા આવ્યા હતા. ફૅકલ્ટી મૅમ્બર્સ તરફથી મને ટી-સેટની ગિફ્ટ મળી. વિદ્યાર્થીઓએ મારા દીર્ઘાયુષ માટે પ્રાર્થના ગાઈ.

'સર, આશા રાખીએ કે તમારા આવતા જન્મદિવસે અહીં આપણી સાથે મિસિસ ડિરેક્ટર પણ હાજર હોય.' પહેલા વર્ષમાં ભણતા વાચાળ સુરેશે મોટે અવાજે કહ્યું. બધાએ તાળીઓ અને સીટીઓ સાથે વાત વધાવી લીધી.

સસ્મિત વદને મેં રિસ્ટવૉચમાં જોયું. બપોરના બે વાગેલા. બે હાથ જોડીને સહુનો આભાર માનીને મેં એમને વિદાય કર્યા અને પછી ઘર તરફ પગ ઉપાડયા.

'હેપી બર્થડે.' આરતીનો મૅસેજ મારા સેલફોન પર ચમક્યો.

'ક્યાં છે તું?' મેં પૂછ્યું.

'ડબલ શિફ્ટ હજી હમણાં શરૂ થઈ.' એણે જવાબ આપ્યો. ☹

સવાબે વાગે વિનોદનો ફોન આવ્યો. મારા હૃદયના ધબકારા વધી ગયા.

'છોકરીઓ વ્હાઈટ કલરની ટાટા ઈન્ડિકામાં છે. પાંચ મિનિટની અંદર કૅમ્પસમાં પહોંચી જશે.' વિનોદ બોલ્યો.

'સારું, હું સિક્યુરિટીને કહી રાખું છું.'

'રોકડા આપશો?'

'હા. કેમ તમે ક્રેડિટકાર્ડ પણ લો છો?' મેં કટાક્ષમાં પૂછ્યું. પણ વિનોદે ગંભીરતાપૂર્વક જવાબ આપ્યો, 'ફોરેનર્સ પાસેથી લઈએ છીએ, પણ રોકડા મળે તો વધુ સારું.'

ઘરના નોકરોને મેં એમના ઘેર મોકલી દેતાં કહ્યું કે ચાર-પાંચ કલાક

સુધી કોઈએ મને ખલેલ પાડવી નહીં. મેઈન ગેટ પર ફોન કરીને સૂચના આપી કે સફેદ રંગની ઈન્ડિકાને અંદર આવવા દેવી અને પછી બીજું કોઈ આવે તો ફોન પર મને જાણ કરવી.

થોડી જ વારમાં ડોરબેલ રણકી. બારણું ખોલ્યું તો સામે સફેદ પેન્ટ અને ઉપર ચળકતું બ્લ્યુ શર્ટ પહેરીને ઊભેલો માણસ દેખાયો. જોતાંની સાથે અણગમો ઊપજે એવા એ માણસની પાછળ બે છોકરી ઊભેલી. એ પણ કંઈ રૂપસુંદરીઓ નહોતી. એમાંથી એક જણે સસ્તો દેખાવ ધરાવતું નાયલોનનું ટૉપ અને જીન્સ પહેરેલાં. બીજીએ બ્રાઉન પેન્ટ પર જાંબુડી લેસ ધરાવતું સ્વેટર ચઢાવેલું.

પહેલી નજરે મને દેખાઈ આવ્યું કે આ છોકરીઓને વેસ્ટર્ન સ્ટાઈલનાં કપડાં પહેરવાની ફાવટ નહોતી, પણ કદાચ આવાં કપડાં પહેરવાથી એમને વધુ પૈસા મળતા હશે.

'ચાલશે?' પુરુષે પૂછ્યું.

બપોરના સમયે પણ ચહેરા પર હેવી મેકઅપનો થથેડો કરીને આવેલી છોકરીઓની સામે જોઈને મેં કહ્યું, 'ચાલશે.' એ ઘડીએ બીજી પસંદગીની તક પણ ક્યાં હતી?

'પૈસા?'

ખિસ્સામાં તૈયાર રાખેલું નોટોનું બંડલ મેં એ કદરૂપા માણસના હાથમાં પકડાવી દીધું.

'હું બહાર કારમાં રાહ જોઈશ.' એણે ખિસ્સામાં પૈસા મૂકતાં કહ્યું.

'કૅમ્પસની બહાર.' મેં આદેશ આપ્યો.

છોકરીઓ મારી પાછળ ઘરમાં આવી. અમે લિવિંગરૂમમાં સોફા પર ગોઠવાયાં.

'મારું નામ રોશની. તમે ગ્રાહક છો?' એમાંથી વધુ અનુભવી લાગતી છોકરીએ પૂછ્યું.

'હા.' મેં જવાબ આપ્યો.

'અમારા બંને માટે?'

'હા.'

'વાહ તમે તો સ્ટ્રોંગ મૅન લાગો છો!'

'આનું નામ શું?' મેં બીજી છોકરી તરફ જોતાં પૂછ્યું.

'પૂજા.'

'રોશની અને પૂજા. આ તમારાં સાચાં નામ તો નહીં જ હોય.' મારી

વાત સાંભળીને બેઉ જણ હસી પડી.

'ક્યાં કરવાનું છે?' રોશનીએ પૂછ્યું.

'ઉપર બેડરૂમમાં.' મેં કહ્યું.

'તો ચાલો.'

'શું ઉતાવળ છે?'

'રાહ શું કામ જોવાની?'

'મેં આખી બપોરના પૈસા ચૂકવ્યા છે. મારી ઈચ્છા થશે ત્યારે ઉપર જઈશું.'

'ત્યાં સુધી?' રોશનીએ થોડા મોટા અવાજે પૂછ્યું.

'બેસી રહો.' મેં કહ્યું.

'ટીવી જોઈએ?' પૂજાએ ધીમેથી પૂછ્યું. મેં એને રિમોટ આપ્યું. લોકલ કેબલ ચૅનલ પર 'મૈંને પ્યાર કિયા' હતું. હીરોઈન હીરોને કહી રહી હતી કે ફ્રેન્ડશિપમાં નો સૉરી, નો થૅંક્યુ! કોણ જાણે આનો શું અર્થ થતો હશે! થોડી વારમાં હીરોઈન ગાવા લાગી, 'કબૂતર જા...જા...' રોશનીએ સાથે ગણગણવાનું શરૂ કર્યું.

'પ્લીઝ, ચૂપ થઈ જા.' મેં કહ્યું. રોશનીના ચહેરા પર ખોટું લાગી ગયાનો ભાવ આવ્યો, પણ મને પરવા નહોતી. મેં એનું ગીત સાંભળવા માટે પૈસા નહોતા આપ્યા.

'ક્યાં સુધી આમ ને આમ બેસી રહેવાનું છે?' સાડા ત્રણ વાગે રોશનીએ પૂછ્યું.

'ઠીક છે ને, દીદી!' સલમાન ખાનને જોવામાં ખોવાઈ ગયેલી પૂજા બોલી. એના મોઢેથી બીજી છોકરી માટે વપરાયેલા 'દીદી' શબ્દ સાંભળીને મને થોડી નવાઈ લાગી.

ચાર વાગે ફિલ્મ પૂરી થઈ.

'હવે?' રોશનીએ પૂછ્યું.

'ચૅનલ બદલો.' મેં કહ્યું.

સાડાચારે લેન્ડલાઈન રણકી. મેં દોડીને ફોન ઉપાડયો.

'સર, એક મૅડમ તમને મળવા આવ્યાં છે.' સિક્યુરિટી ગાર્ડ રાજુએ કહ્યું.

'કોણ છે?'

'નામ આપવાની ના પાડે છે.'

'સારું. એને અંદર આવવા દે.' કહીને મેં ફોન મૂક્યો. આગંતુકને

અહીં સુધી પહોંચવામાં પાંચેક મિનિટ લાગવાની હતી.

મેં દોડીને મકાનનું મેઈન ગેટ અને ઘરનું બારણું ખોલી નાખ્યું અને પછી છોકરીઓને કહ્યું, 'ચાલો, જલદી ઉપર!'

'હવે મૂડ આવી ગયો?' રોશની હસી.

'ચાલો.' મેં ચપટી વગાડતાં થોડા કડક અવાજે કહ્યું. છોકરીઓ થોડી ગભરાઈને ઊભી થઈ ગઈ. એમને હું મારા બેડરૂમમાં લઈ ગયો.

પણ પછી હું મૂંઝાયો, 'હવે શું કરીએ?' મેં પૂછ્યું.

'શું? તારા માટે પહેલી વાર છે?' રોશની બોલી. બંને છોકરીઓએ એકમેકની સામે જોયું. કદાચ મનોમન મારા પર હસી હશે. પછી રોશનીએ મને કહ્યું, 'કપડાં ઉતાર.' અને પછી એમણે પણ કપડાં ઉતારવાનું શરૂ કર્યું.

'હવે જલદી પલંગ પર...' મેં એમની સામે ઝાઝું જોયા વિના આદેશ આપ્યો.

મારો અવાજ, વર્તણૂક જોઈને બંને છોકરીઓ હવે હસવાનું ભૂલી ગયેલી. બીકણ બિલ્લીની જેમ એ પલંગ પર જઈને બેઠી.

મેં દોડીને બેડરૂમની બારીમાંથી નીચે નજર નાખી. લાલ બત્તીવાળી સફેદ ઍમ્બેસેડર કાર ત્યાં આવીને ઊભી રહી અને પાછળની સીટ પરથી આરતી ઊતરી. એના એક હાથમાં મોટી સ્ક્રેપબુક અને બીજામાં રમાડા બેકરીનું બૉક્સ હતું.

આરતીએ ડોરબેલ વગાડી. જવાબ ન મળ્યો. અધખુલ્લા બારણાને ધક્કો મારીને એ ઘરની અંદર દાખલ થઈ.

'તું તો બહુ વિચિત્ર ઘરાક નીકળ્યો.' રોશની બબડી.

'શશ...' કરતો હું પલંગ પર બંને છોકરીની વચ્ચે જઈને આડો પડયો.

એમણે પોતાનું કામ શરૂ કર્યું અને મેં મારા શ્વાસોચ્છ્વાસ ગણવાનું! એ બેઉએ તો પોતાનાં કપડાં ઉતારી નાખેલાં, હવે રોશનીએ મારા જીન્સના બેલ્ટ સાથે કુસ્તી શરૂ કરી, 'એક... બે... ત્રણ...' શ્વાસો લેવાની મારી ગતિ ઝડપી થઈ રહી હતી.

ત્રેંસઠ... ચોંસઠ... અને પાંસઠમો શ્વાસ મેં લીધો. એની સાથે રૂમમાં ત્રણ સ્ત્રીની ચીસો સંભળાઈ.

'હેપી બર્થ... હે ભગવાન!' બેડરૂમના દરવાજા પાસે ઊભેલી આરતીનો અવાજ ફાટી ગયો. હું ચમકી ગયાનો દેખાવ કરતો પથારીમાં બેઠો થયો. આવા અનુભવોમાંથી કદાચ, આ પહેલાંયે પસાર થઈ ચૂકેલી રોશની અને પૂજા બાથરૂમ ભણી દોડયાં.

'આરતી.' બોલતાં હું ઊભો થયો, પણ હજી મારું શર્ટ હાથમાં લઉં ત્યાં તો આરતી દોડીને પગથિયાં ઊતરી ગઈ. એણે ફંગોળી દીધેલું કેકબૉક્સ અને સ્ક્રેપબુકને વટાવતો હું એની પાછળ દોડયો.

ઘરના દરવાજા પાસે મેં એનો હાથ પકડી લીધો, 'આરતી, તને ગેરસમજ થાય છે. આ છોકરીઓને તો શુક્લાજીએ મારી બર્થડે ગિફ્ટ તરીકે મોકલી છે.'

'મારો હાથ છોડ.' બોલતાં બોલતાં આરતી રડી પડી.

'શું કામ આટલી અપસેટ થાય છે? પૈસાવાળા લોકોમાં આવું ચાલ્યા કરે છે.' મેં કહ્યું.

સટાક દઈને મારા ગાલ પર તમાચો પડયો. એ તમાચા કરતાં જોકે આરતીની આંખમાં જે ભાવ હતા એ મને વધુ વાગ્યા. ગોપાલ, તને આવો નહોતો ધાર્યો!

'આરતી આ શું કહે છે?' જવાબમાં મારા ગાલે એક ઓર તમાચો

મારીને આરતી ઘરની બહાર દોડી ગઈ. મારામાં હવે ઊભા રહેવાની તાકાત નહોતી બચી. હું સોફા પર ઢગલો થઈ ગયો.

'અમારા બે જણ સાથે તો કંઈ કર્યું નહીં, તો પછી આ ત્રીજીને શું કામ બોલાવી?' પૂરાં કપડાં પહેરીને નીચે ઊતરેલી રોશનીએ પૂછ્યું. પૂજાએ ચૂપચાપ પગથિયાં પરથી કેકબૉક્સ અને સ્ક્રેપબુક ઉપાડીને મારી સામે ટેબલ પર મૂક્યાં.

'જાવ અહીંથી.' મેં નબળા અવાજે કહ્યું.

પછી બે કલાક સુધી હું એમ ને એમ બેસી રહ્યો. બહાર અંધારું ઊતરી આવ્યું. નોકરે આવીને ઘરની લાઈટ કરી. કોઈએ મને બોલાવ્યો નહીં.

સ્ક્રેપબુકના કવર પર લગાડેલી ગ્લીટર્સ લાઈટમાં ચમકતી હતી, છેવટે મેં એને ઉપાડવાની હિંમત કરી.

બ્લેક કલરના કવર પર વ્હાઈટ અક્ષરે લખ્યું હતું – 'આ કહાણી છે એક તોફાની છોકરાની અને એના જેટલી તોફાની નહીં એવી છોકરીની!' નીચે મસ્તીભર્યું હસી રહેલા નાના છોકરા અને છોકરીનો ચહેરો હતો.

મેં સ્ક્રેપબુક ઉઘાડીને પહેલું પાનું વાંચ્યું, 'બહુ વખત પહેલાંની વાત છે. તોફાની છોકરાએ ડાહી છોકરીની બર્થડે કેક ચોરી લીધી.'

આ શબ્દોની નીચે ગોપાલને ધમકાવી રહેલા ટીચર અને રડી રહેલી આરતીનાં કાર્ટૂન જેવાં ચિત્ર હતાં.

મેં પાનું ફેરવ્યું – 'પણ એ તોફાની છોકરો પછી તો ડાહી છોકરીનો ફ્રેન્ડ બની ગયો. એની દરેક બર્થડે પાર્ટીમાં એ હાજર રહેતો.'

આલ્બમના પછીના પાના પર આરતીની દસમાથી સોળમા વર્ષ સુધીની બર્થડે પાર્ટીની તસવીરો હતી. બધી પાર્ટીમાં કમસેકમ એવી એક તસવીર તો હતી જ જેમાં માત્ર હું અને આરતી હતાં.

આ ઉપરાંત સ્કૂલના દિવસોમાંથી સાચવી રાખેલી, કેટલીયે નાની-મોટી યાદગીરીઓ આરતીએ આ સ્ક્રેપબુકમાં લગાવી હતી. સાતમા ધોરણનું ટાઈમટેબલ, દસમા ધોરણમાં અમે પહેલી વાર જે રેસ્ટોરાંમાં ગયેલાં એનું બિલ, એની આઠમા ધોરણની સ્લેમબુકમાંથી ફાડેલું પાનું, જેના પર બેસ્ટ ફ્રેન્ડ તરીકે એણે મારું નામ લખ્યું હતું...

સ્ક્રેપબુકના છેલ્લા પાના પર આરતીએ લખેલું – 'જિંદગીની અત્યાર સુધીની સફર તારી સાથે કેટલી સોહામણી બની રહી! ભવિષ્ય પણ તારી સાથે વિતાવવાનાં સપનાં જોઉં છું. મારા જીવનસાથી, મારા

આત્માના સંગાથી. હેપી બર્થડે, ગોપાલ!'

સ્ક્રેપબુકના પાછલા કવર પર મોટા અક્ષરે 'G & A' લખ્યું હતું.

મેં કેકનું બૉક્સ ખોલ્યું. જમીન પર પટકાયેલી કેક, એના રંગઢંગ ગુમાવી બેઠેલી, પણ તોયે ચૉકલેટ કેક પરનું લખાણ મને વંચાયું – 'ચોરી થઈ છે, મારી કેકની અને મારા દિલની.'

નીચે 'હેપી બર્થડે ગોપાલ' લખ્યું હતું.

મોટી ઘડિયાળમાં રાતના બાર વાગ્યાના ડંકા પડયા.

'ગોપાલ, તારો જન્મદિવસ પૂરો થઈ ગયો.' હું જોરથી બોલ્યો.



આરતીને એ પછી ક્યારેય ફોન નહીં કરવાનો નિર્ણય મેં લીધેલો તો ખરો, પણ એનું પાલન મુશ્કેલ હતું. બીજે જ દિવસે મેં એને ફોન કર્યો, પણ એણે ઉપાડયો નહીં.

પછીના દિવસો દરમિયાન મેં વારંવાર એની સાથે વાત કરવાની કોશિશ કરી, પણ બધી નિષ્ફળતાને વરી. ઘણા દિવસો બાદ જોકે એક વાર, કદાચ ભૂલભૂલમાં એણે ફોન ઉપાડી લીધો, પણ મારો અવાજ સાંભળતાની સાથે કહી દીધું, 'હવે પછી ક્યારેય મને ફોન નહીં કરતો.'

આ શબ્દો તીરની જેમ મારા હૃદયને વાગ્યા, પણ હજી મારા પ્લાનનો બીજો હિસ્સો બાકી હતો. મેં 'દૈનિક'ના તંત્રી અશોકને ફોન કર્યો.

'પેપર કેવું ચાલે છે?' મેં પૂછ્યું.

'બહુ સરસ. તમારી પુષ્કળ જાહેરખબરો મળે છે. થેંક્યુ વેરી મચ!'

'મને તમારું એક કામ પડયું છે!' મેં કહ્યું.

'બોલોને!'

'એક જણને નોકરી પર રાખશો?'

'કોને?'

'રાઘવ કશ્યપને.'

'પેલા ટ્રેઈનીની વાત કરો છો, જેને તમારા શુક્લાજીના કહેવાથી જ અમે કાઢી મૂકેલો?'

'હા. એને પાછો રાખી લો.'

'શું કામ? એણે તો પોતાનું પેપર શરૂ કર્યું છે.'

'હા કરેલું, પણ હવે ખતમ થઈ ગયું છે. એ નોકરી વિનાનો છે.'

તંત્રીએ થોડો વિચાર કરીને કહ્યું, 'પાછો નોકરી પર રાખી તો શકાય, પણ એ માથા ફરેલો છે. પાછું ક્યાંક આડુંઅવળું લખી નાખ્યું તો તમે મારું ગળું પકડશો.'

'એને શિક્ષણના પાનાથી, અરે કોઈ પણ ક્ષેત્રના સ્કેન્ડલથી દૂર રાખજો.' મેં કહ્યું.

'ઠીક છે. હું એને ફોન કરીશ.'

'અશોકજી, તમારો ખૂબખૂબ આભાર. આવતે રવિવારે પહેલા પેજ માટે ગંગાટૅકની જાહેરખબર બુક કરી લેજો.'

'થૅંક્યુ મિસ્ટર મિશ્રા.'



મારા જન્મદિવસને બીજે અઠવાડિયે, બેદી એની સાથે બે કન્સલ્ટન્ટને લઈને મારી ઑફિસમાં આવ્યો. એમણે મારા ટેબલ પર બેચલર ઑફ મૅનેજમૅન્ટ સ્ટડીઝનો કોર્સ શરૂ કરવાની પ્રપોઝલ મૂકી. ડીન શ્રીવાસ્તવ પણ આવીને વાતમાં જોડાયા.

એન્જિનિયરિંગથી કેટલા ઓછા ખર્ચે અને વધુ સહેલાઈથી આ કોર્સ ભણાવી શકાય, એમાંથી કેટલી જંગી આવક થઈ જશે, વગેરેવગેરે મુદ્દા પર એમણે બોલવાનું શરૂ કર્યું, પણ થોડી જ વારમાં મારું દિમાગ બીજી દિશામાં જતું રહ્યું. કૉલેજને વધુ મોટી બનાવવામાં હવે મને રસ નહોતો. વરસે એકાદ કરોડ વધુ મળે તોય એનો શું અર્થ? મેં વિચાર્યું. એ ઘડીએ મને તો ઑફિસથી પણ દૂર ભાગી છૂટવાની ઈચ્છા થઈ રહી હતી.

મારો મૂડ સમજી જઈને એમણે પછી મિટિંગ ટૂંકમાં પતાવી.

મારા સેલફોન પર મૅસેજનો અવાજ આવ્યો, 'દૈનિક'ના માર્કેટિંગ મૅનેજર શૈલેષે લખ્યું હતું – 'રાઘવે ઑફર સ્વીકારી લીધી છે. કાલથી ઑફિસમાં આવશે.'

મેં જવાબ આપ્યો – 'ગ્રેટ. થૅંક્યુ વેરી મચ.' શૈલેષે વળતો મૅસેજ મોકલ્યો – 'રવિવારની જાહેરખબર માટે થૅંક્યુ! આશા રાખીએ કે આપણાં સંબંધ હવે વધુ મજબૂત બનશે.'

૪૧

લોકોનું ધ્યાન ખેંચવું હોય તો મોટી ગાડી બહુ કામમાં આવે. મારી બ્લેક મર્સિડીઝ, 'દૈનિક'ની ઑફિસ પાસે પહોંચી કે ત્યાં ઊભેલો વૉચમૅન પણ સાવધાનની મુદ્રામાં આવી ગયો.

અંદર પ્રવેશીને મેં રિસેપ્શનિસ્ટને કહ્યું કે, 'મારે રાઘવ કશ્યપને મળવું છે.' એ હજી આમતેમ તપાસ કરાવતી હતી ત્યાં ઉપરના ફ્લૉર પરથી મને જોઈ લેનારો, માર્કેટિંગ મૅનેજર શૈલેષ નીચે દોડતો આવ્યો, 'અરે, તમે અહીં કેમ ઊભા છો?' કહીને આદરભેર એ પોતે મને રાઘવના ક્યુબિકલ પાસે લઈ ગયો.

રાઘવ અને બીજો કોઈ માણસ એના ટેબલ પરના કમ્પ્યૂટરને કનેક્ટ કરવાની મથામણ કરી રહ્યા હતા.

'અરે, તું પાછો અહીં જોડાઈ ગયો?' હું આશ્ચર્યનો દેખાવ કરતાં બોલ્યો.

'ગોપાલ?' રાઘવ મને જોઈને ઊભો થયો.

'હું તો અહીં માર્કેટિંગ ડિપાર્ટમેન્ટમાં થોડા કામે આવેલો. ત્યાં તને જોયો!' મેં આટલું કહીને શૈલેષ સામે જોયું, 'થૅંક્યુ.' ઈશારો સમજીને માર્કેટિંગનો માણસ ત્યાંથી વિદાય થયો.

શૈલેષના ગયા બાદ રાઘવ બોલ્યો, 'વાત થોડી વિચિત્ર લાગે એવી છે, પણ 'દૈનિક'ના ઍડિટરે મને સામેથી ફોન કર્યો. આમેય મારી પાસે પૈસા ખૂટી ગયેલા. વિચાર્યું કે 'રૅવૉલ્યુશન 2020' ફરીથી શરૂ કરવા જેટલી મૂડી ભેગી થાય ત્યાં સુધી અહીં નોકરી કરી લઉં.'

'એક એક કપ ચા થઈ જાય?' મેં પૂછ્યું.

'જરૂર.' કહીને રાઘવ મને મકાનના બીજે માળે આવેલી સ્ટાફ કૅન્ટીનમાં લઈ ગયો.

ચા અને સમોસાની સાથે એણે નિખાલસ ભાવે વાત માંડી, 'અહીં મોટી ઑફિસ છે, પૈસા પણ ઠીકઠાક કહેવાય એટલા મળે છે, પણ 'રૅવૉલ્યુશન 2020'માં અમે જે કરતા હતા, લખતા હતા એ તો અહીં

થાય જ નહીં.'

મને કહેવાનું મન થઈ ગયું કે, 'બચ્ચા, 'રેવૉલ્યુશન 2020'માં તેં જે કર્યું, એના પરિણામે તો તું સડક પર આવી ગયો.' પણ મેં આવું કહ્યું નહીં. હું અહીં રાઘવને નીચાજોણું કરાવવા નહોતો આવ્યો.

'રાઘવ, નોકરી કંઈ ખરાબ નથી અને અહીં કે ત્યાં, તને તો પત્રકારિત્વ જ કરવું છેને!' મેં કહ્યું.

'હા, એટલે જ તો આ ઑફર સ્વીકારી લીધી. છ મહિનાનો ટ્રાયલ પિરિયડ રાખ્યો છે.'

'બસ, છ મહિના?' મને નવાઈ લાગી.

'હા, એ લોકોએ મને બીજા જુનિયર રિપોર્ટ્સના અહેવાલો, લેખો ઍડિટ કરવાની જવાબદારી સોંપી છે. બેઠો બેઠો બીજાઓનું લખાણ મઠારું છું. આ પોસ્ટ ભલે સિનિયર કહેવાય, પણ મને બહાર ઘટનાસ્થળે જઈને રિપોર્ટિંગ કરવાનું વધુ પસંદ છે. જોઈએ, હવે શું થાય છે!'

'રાઘવ, પગારમાંથી ઘરના ખર્ચા તો પૂરા થાય છે અને લગ્ન કરવા માટે પણ છોકરા પાસે નોકરીધંધો હોવો જરૂરી છે.'

સાંભળીને રાઘવ હસી પડયો. વર્ષોથી અમે અંગત વાતો નહોતી કરી, પણ એને મારા ઈરાદામાં કોઈ શંકા પડી હોય એવું લાગ્યું નહીં. રાઘવની આ પણ એક નબળાઈ કે ખાસિયત, જે કહો તે હતી કે પત્રકાર તરીકે એ ભલે મોટામાં મોટા ભ્રષ્ટાચારની જડ શોધી કાઢે, પણ અંગત જીવનમાં માણસો પર એ સહેલાઈથી વિશ્વાસ મૂકી દેતો હતો, 'લગન કોણ કરવાનું છે?' એણે હસતા ચહેરે પૂછ્યું,

'તું અને આરતી. બરાબરને?' આવું બોલતી વખતે મેં જબરદસ્તીથી ચહેરા પર સ્મિત ચોંટાડી રાખ્યું.

રાઘવે મારી સામે જોયું. આ પહેલાં મેં ક્યારેય એની સાથે આરતીના વિષય પર ચર્ચા નહોતી કરી. આરતીની વાત ક્યાં કરું, બીજી કોઈ વાતની ચર્ચા પણ વર્ષોથી અમે નહોતી કરી.

'રાઘવ, એક મિત્ર તરીકે વાત કરું છું. યાદ છેને, એક જમાનામાં આપણી વચ્ચે કેવી દોસ્તી હતી?' કહીને મેં સમોસું મોઢામાં મૂક્યું. એટલું તીખું હતું કે જીભ તતડી ગઈ.

રાઘવે માથું હલાવીને નાનો નિશ્વાસ નાખ્યો, 'આરતી અને મારી વચ્ચે હમણાં થોડો પ્રૉબ્લેમ ઊભો થયો છે.'

'ના હોય!' મેં કૃત્રિમ આશ્ચર્ય દાખવ્યું.

'હા, કેટલાંય અઠવાડિયાંથી અમે વાત સુધ્ધાં નથી કરી.'

'પણ થયું શું?' મેં પૂછ્યું.

રાઘવે એના સમોસા પર ટોમેટો સૉસ નાખવામાં થોડી સેકન્ડો વિતાવી અને પછી બોલ્યો, 'વાંક મારો છે. મારું પેપર શરૂ થયા પછી હું આરતીને વધુ સમય નહોતો આપી શકતો. મને ભાન પણ ન રહ્યું કે અમે એકબીજાંથી દૂર થઈ રહ્યાં હતાં. છેલ્લા થોડા મહિનાથી તો આરતી સાથેનો સંબંધ જાણે સાવ કપાઈ ગયો હોય એવું લાગે છે.'

'તમે બંનેએ શાંતિથી બેસીને આ વાતની ચર્ચા કરી?' મેં પૂછ્યું.

'ના. એવો વિચાર કર્યો, પણ થયું નહીં.'

'આરતી તને બહુ પ્રેમ કરે છે.' મેં કહ્યું.

'ખબર નહીં.' રાઘવ સૉસમાં ચમચી ફેરવતાં ગણગણ્યો.

'પણ મને ખબર છે. આરતીને હું બચપણથી જાણું છું. રાઘવ, એના માટે તું જ સર્વસ્વ છે.'

'ખરેખર?'

'હા, એને તારી સાથે લગ્ન કરવા હતા એ સાચું?'

'હા, પણ એ યોગ્ય સમય નહોતો. મને જો, આજે પણ મારી કારકિર્દી હતી ત્યાં ને ત્યાં જ અટકીને ઊભી છે.'

'તારી કારકિર્દી, તારું કામ બીજાથી અલગ છે. રાઘવ, બધી ચીજનું માપ માત્ર પૈસાથી નથી નીકળતું. બીજાઓને મદદ કરવાની બાબતમાં તું અમારા બધાથી આગળ નીકળી ગયો.'

'પણ હવે તો એમાંય હું પાછો પડી ગયો.'

'ના. તને એવું લાગે છે. અત્યારે તું મોટા પેપરમાં સબઍડિટર છે. આરતી સાથે લગ્ન કર્યા બાદ તો આગળ વધવાના બીજા રસ્તાય ખૂલી જશે.'

'મતલબ?'

'તું જાણે છે ને કે રાજકારણમાં પ્રવેશવા માટે આરતીના પરિવાર પર કેટલું દબાણ થઈ રહ્યું છે?' મેં પૂછ્યું પણ રાઘવ ચૂપ રહ્યો.

'જાણે છે ને?' મેં ફરીથી ભારપૂર્વક મારો સવાલ દોહરાવ્યો.

'એવું સાંભળ્યું છે.' રાઘવ નીચી નજરે બબડ્યો.

'આરતીના પપ્પા ચૂંટણી લડી શકતા નથી અને આરતીને લડવું નથી, પણ જમાઈ?'

રાઘવે ઊંચું જોયું, 'ખરું ચાલે છે તારું દિમાગ!'

'તું આરતીને પ્રેમ કરે છે?' મેં પૂછ્યું.

'પણ અમારા સંબંધ હવે પહેલા જેવા નથી રહ્યા.'

'તું કોશિશ કરીશ તો બધું ઠીકઠાક થઈ જશે. યાદ છેને, પહેલી વાર તેં કેવી રીતે એના પર જાદુ કરી દીધેલું!'

રાઘવે સહેજ શરમાઈને સ્મિત કર્યું. મેં મારી લાગણી પર મક્કમ કાબૂ રાખીને આગળ ચલાવ્યું, 'ફોન કરવાને બદલે સીધો એને મળવા માટે હોટલ પર પહોંચી જા. એક આખો દિવસ એના માટે જ રાખ. આરતીને એટલું જ જોઈએ છે. તારો સમય, તારી કાળજી! તું આપીશ એનાથી દસગણો વધુ પ્રેમ આરતી તને પાછો વાળશે.'

રાઘવ કંઈ બોલ્યો નહીં.

'મને વચન આપ કે તું આરતીને મળવા જશે.' મેં હાથ લાંબો કરતાં કહ્યું.

એણે હકારમાં માથું હલાવીને મારી સાથે હાથ મિલાવ્યો. અમે ઊભા થયા. મેં શુક્લાજીના શબ્દો દોહરાવ્યા, 'જિંદગી તને એકની એક તક બે વાર નહીં આપે.'

રાઘવ મને બહાર મારી કાર સુધી મૂકવા આવ્યો. જોકે કાર પર એનું ધ્યાન નહોતું.

'તું મારા માટે કેમ આટલું બધું કરે છે?' એણે પૂછ્યું.

હું કારમાં બેસી ગયો. બારીનો કાચ ઉતારીને કહ્યું, 'આરતી મારી બાળપણની દોસ્ત છે અને...'

'અને શું?' રાઘવે પૂછ્યું.

'અને દરેક જણે પોતપોતાથી બની શકે એટલું કરવું જોઈએ.' મેં કહ્યું અને ડ્રાઈવરે કાર સ્ટાર્ટ કરી દીધી.



આ મુલાકાત પછી મેં રાઘવ સાથે કોઈ સંપર્ક રાખ્યો નહીં. એણે ઘણી વાર ફોન કર્યો, પણ મેં ઉપાડયો નહીં કે ઉપાડયો તો બહુ વ્યસ્ત હોવાનું બહાનું કાઢીને તરત મૂકી દીધો.

તેમ છતાં એક વાર રાઘવે મને એટલું તો કહી જ દીધું કે હવે આરતીએ એની સાથે પાછું બોલવાનું શરૂ કરેલું.

'સરસ, પણ હમણાં મારી ઑફિસમાં ઈન્સ્પેક્શન ટીમ બેઠી છે એવું કહીને મેં લાઈન કાપી નાખી.

મેં મારા સ્વર્ગીય પપ્પાના સોગન ખાધેલા કે આરતીને ફોન નહીં કરું અને એણે પણ ન કર્યો. હા, એક વાર સવારે બે વાગે એણે મને ફોન કર્યો, પણ હજી એક રિંગ પૂરી વાગે ત્યાં તો પાછો મૂકી દીધો.

આરતીના ફોનનો જવાબ આપવામાં મારી પ્રતિજ્ઞાનો ભંગ નહીં થાય એવું મનને મનાવીને મેં એને વળતો ફોન કર્યો, પણ એણે ઉપાડયો નહીં.

સ્ત્રી અને પુરુષ વચ્ચે આ મિસ્ડ કૉલ, કૉલબેક વગેરેનું જે અજીબ નાટક ચાલે છે, એના પર એક આખું પુસ્તક લખી શકાય. હું સમજી ગયો કે આરતીએ એની કોઈ નબળી પળે મને ફોન જોડી દીધેલો, પણ હવે પસ્તાતી હશે. મેં પણ પછી એને હેરાન કરી નહીં.

એક વાર મને સખત કંટાળો આપી ગયેલા બિઝનેસ મૅનેજમૅન્ટ સ્ટડીઝના કન્સલ્ટન્ટને મેં પાછા બોલાવ્યા. ફાયદાનો ધંધો હતો. દર વર્ષે આપણી ઍજ્યુકેશન સિસ્ટમમાંથી નપાસ થયેલાં, હડધૂત થયેલાં લાખો બાળકો બહાર ફેંકાય છે. એમને ઝીલી લેવા માટે અમારે અમારી જાળ તૈયાર રાખવાની હતી.

કૉલેજ ફૅકલ્ટી સાથે હવે હું વધુ ને વધુ સમય ગાળતો હતો. ઘણી વાર સાંજે એ લોકો મારે ઘેર પણ આવતા. એમનો પગાર હું આપતો હતો એટલે મારા દરેક જોક પર હસવાનું, વાતે વાતે મારા વખાણ કરવાનું એમના માટે જાણે ફરજિયાત હતું. એ લોકોને હું મારા મિત્ર તો ન કહી શકું, પણ એમની હાજરીથી મારા ઘરનો ખાલીપો ભરાતો હતો.

ત્રણ મહિના વીતી ગયા. કૉલેજમાં BMSનો કોર્સ શરૂ થઈ ગયો. બેઠકો ભરાતાં વાર ન લાગી. કોઈ સત્તાવાર મિટિંગમાં જવું પડે એ સિવાય કૅમ્પસમાંથી હું ભાગ્યે જ બહાર નીકળતો. બીજી તરફ શુક્લાજીના કેસમાં નવીનવી ગૂંચવણો ઊભી થઈ રહી હતી. એમના કહેવા પ્રમાણે કેસનો નિવેડો આવવામાં વર્ષો નીકળી જવાના હતા. શુક્લાજીએ જામીન માટે અરજી કરી, પણ અદાલતે નકારી કાઢી. શુક્લાજીને લાગતું હતું કે મુખ્યમંત્રીએ એમની સાથે દગો કરેલો. એવું સંભળાતું હતું કે શુક્લાજી રાજકારણને અલવિદા કરી દેવા તૈયાર થાય તો પાર્ટી એમને જેલમાંથી છોડાવવાની વ્યવસ્થા કરવા રાજી હતી. દર મહિને ગંગાટૅકના હિસાબકિતાબ લઈને શુક્લાજીને મળવાનો નિયમ મેં જાળવી રાખેલો.

એક દિવસ રાઘવનો ફોન આવ્યો અને મેં ઉપાડયો નહીં તો એણે એસએમએસ મોકલ્યો, 'આવતા શનિવારે આરતી સાથે મારી સગાઈ છે,

તારે આવવાનું છે.'

આ દિવસ માટે હું મહિનાઓથી રાહ જોતો હતો, પણ મૅસેજ આવ્યો ત્યારે છાતી પર પૂરઝડપે દોડી આવેલી ટ્રેનની જેમ વાગ્યો. આવી પીડા કોઈ કેવી રીતે સહી શકે? મેં સામે સંદેશ મૂક્યો, 'અભિનંદન, પણ શનિવારે હું વારાણસીમાં નથી.'

રાઘવે તરત ફોન કર્યો અને મારે ઉપાડવો પડયો.

'ગોપાલ, તારી બેસ્ટ ફ્રૅન્ડની સગાઈ છે અને તું નહીં આવે?' એણે કહ્યું.

'દોસ્ત, મારે બહુ મહત્ત્વના કામે સિંગાપોર જવું પડે એમ છે. તું મારા વતી આરતીની માફી માગી લેજે.'

થોડી રકઝકના અંતે રાઘવે નમતું જોખ્યું, 'બે મહિના પછી, ૧લી માર્ચે અમારાં લગ્ન છે. એમાં તો તારે આવવું પડશે.'

'જરૂર આવીશ.' મેં ડેસ્ક કૅલેન્ડરમાં માર્ચની પહેલી તારીખ પર લાલ અક્ષરે કુંડાળું કર્યું.

રાઘવ સાથે વાત કરીને મેં આરતીને મૅસેજ મોકલ્યો – કૉંગ્રેચ્યુલેશન.

એની તરફથી કોઈ જવાબ ન મળ્યો.

હું મોટા ખાલીખમ ઘરમાં ચૂપચાપ એકલો બેસી રહ્યો. ઘર જેવો જ ખાલીપો મનમાં પણ હતો, જે હવે ક્યારેય નહોતો ભરાવાનો.

૪૨

માર્ચ મહિનાની પહેલી તારીખે મેં હોટલ તાજગંગામાં રૂમ બુક કર્યો. ચોથે માળે આવેલી રૂમને એક નાનકડી બાલ્કની હતી. ત્યાંથી હોટલનો પુલ અને ગાર્ડન દેખાતા હતા.

બે દિવસ પહેલા મેં મારા ફોનમાંથી સીમકાર્ડ કાઢીને ફેંકી દીધેલું. ઑફિસમાં સ્ટાફને કહેલું કે બે દિવસ માટે હું બહારગામ જાઉં છું. આખો દિવસ હું હોટલરૂમમાં ભરાઈ રહ્યો. રાતે આઠ વાગે બાલ્કનીમાં આવ્યો. આછા અજવાળામાં મેં ફરી એક વાર કાર્ડ વાંચ્યું.

શ્રીમતી અને શ્રી અનિલ કશ્યપ તરફથી તમને એમના સુપુત્ર રાઘવ અને આરતી (શ્રીમતી અને શ્રી પ્રતાપ બ્રીજ પ્રધાન, ડીએમની સુપુત્રી)ના શુભવિવાહમાં પધારવાનું હાર્દિક નિમંત્રણ છે.

સમય : સાંજે આઠ વાગે. ૧ માર્ચ, ૨૦૧૦

સ્થળ : પુલસાઈટ લૉન્સ, હૉટેલ તાજગંગા, વારાણસી.

બાલ્કનીમાંથી નીચેનું દૃશ્ય દેખાતું હતું. લગ્નની વિધિ થવાની હતી, એ ગલગોટાથી સજાવેલો મંડપ, નાનકડા સ્ટેજ પર હજી ખાલી દેખાતી બે ખુરશી પર ચઢીને કૂદકા મારી રહેલાં બાળકો, એક તરફ મોટી મ્યુઝિક સિસ્ટમ ચેક કરી રહેલો ડીજે, બીજી તરફ બુફે ટેબલ્સ... મહેમાનો આવવાના શરૂ થઈ ગયા હતા. ઉપર સુધી પહોંચતા શરણાઈના આછા સૂર સાંભળતો હું બાલ્કનીમાં ઊભો રહ્યો.

રાતે નવ વાગે જાનનું આગમન થયું. ડીજેએ મ્યુઝિકનો અવાજ વધાર્યો. જાનૈયાઓ નાચી રહ્યા હતા. બંધ ગળાનો, ક્રીમ કલરનો સૂટ પહેરીને ઘોડા પર બેઠેલો રાઘવ દૂરથી પણ બહુ સોહામણો લાગતો હતો. એની જગ્યાએ હું કદાચ વધુ મોંઘો સૂટ પહેરીને બેઠો હોત તોય આટલો દેખાવડો લાગત નહીં, 'પાછો નકામી સરખામણી કરવા બેસી ગયો?' મેં જાતને ધમકાવી નાખી.

આરતી મંડપમાં સાડા નવે આવી. જોનારા જોતા જ રહી ગયા. આટલી સુંદર દુલ્હન આ પહેલાં કોઈએ જોઈ નહીં હોય. આરતી

સ્વર્ગમાંથી ઊતરી આવેલી કોઈ અપ્સરા જેવી લાગતી હતી. વરમાળા આરોપવાની વિધિ દરમિયાન, વરવધૂને ઊંચકી લેવાની મસ્તી બંને પક્ષે ચાલી ત્યાં સુધી હું જોતો રહ્યો, પણ પછી સહન કરવાની તાકાત ખતમ થઈ ગઈ.

આરતીને દુલ્હનના વેશમાં જોવાની ઈચ્છા હતી, એ પૂરી થઈ ગયેલી. હવે આખી લગ્નવિધિ નિહાળવાની કોઈ જરૂર નહોતી.

બાલ્કનીમાંથી રૂમમાં પાછા ફરીને મેં દરવાજો બંધ કરી દીધો. પડદા ઢાળી દીધા અને નીચેથી આવતા અવાજ દબાઈ જાય એટલા જોરથી ટીવી ચાલુ કરીને બેસી ગયો.

સેલફોનમાં સીમકાર્ડ નાખ્યું. બે દિવસથી નિષ્પ્રાણ પડેલો ફોન જીવતો થયો. એક પછી એક મૅસેજ આવવા લાગ્યા. કૉલેજના ફેકલ્ટી મૅમ્બર્સ તરફથી ચાલીસ મૅસેજ હતા. એમાં દસ તો ખુદ ડીન તરફથી હતા. મોટે ભાગે એ કૉલેજના કામકાજને લગતા હતા. રાઘવે પાંચ મૅસેજ મોકલેલા. બધામાં એક વાત પુછાયેલી કે લગ્નનું કાર્ડ મળ્યું? એણે આ પૂછવા માટે જાણે કેટલા તો ફોન કર્યા હશે! પણ મને સહુથી મોટો આંચકો આરતીનો એક મૅસેજ જોઈને લાગ્યો. એણે લખેલું – 'આવજે, પણ ઈચ્છા થાય તો જ.'

જવાબ આપવાનો વિચાર આવ્યો, પણ પછી તરત ભાન થયું કે અત્યારે લગ્નમંડપમાં બેઠીબેઠી આરતી ફોન પરના મૅસેજ નથી વાંચવાની. મેં કૉલેજના ડીનને ફોન કર્યો.

'ડિરેક્ટર ગોપાલ, તમે ક્યાં છો? અહીં બધા ચિંતા કરે છે.' ડીનનો ચિંતાતુર અવાજ મારા કાને પડયો ત્યાં સુધી જાત પર રાખેલો બંધ તૂટવા લાગ્યો.

'ડીન શ્રીવાસ્તવ... ડીન શ્રીવાસ્તવ...'

'ગોપાલ, શું થયું?'

'મને અહીંથી લઈ જાવ.'

'ક્યાંથી?'

'તાજગંગા, રૂમ નંબર ૪૦૫... મને જલદી લઈ જાવ.' બોલતાં બોલતાં હું ભાંગી પડયો.

'આવું છું.' એમણે કહ્યું અને પછી એક કલાકની અંદર તો એમની કારમાં બેસીને અમે કૉલેજના કૅમ્પસ ભણી રવાના થઈ ગયેલા.

'તો શું...' શ્રીવાસ્તવ કંઈ બોલવા ગયા, પણ મારો ચહેરો જોઈને

ચૂપ થઈ ગયા.

પણ મારા માટે હવે ચૂપ રહેવાનું મુશ્કેલ હતું, 'ડીન શ્રીવાસ્તવ, મારે કામ કરવું છે. મારે હજી બહુ કામ કરવું છે. ગંગાટોકને બહુ ઉપર લઈ જવી છે. શિક્ષણના દરેક ક્ષેત્રમાં આપણી હાજરી વર્તાવી જોઈએ. મારે બીઝી રહેવું છે. મને કામમાં એટલો ડુબાડી દો કે કંઈ વિચારવા માટે સમય જ ન મળે.'

'પણ સર, તમે આટલું કામ કરો છો. હજી વધુ કેટલું કરશો?' ડીનના અવાજમાં મૂંઝવણ ડોકાઈ.

'ના, હજી વધુ કામ કરવું છે. આપણે હજી કોચિંગ ક્લાસીસ કેમ ચાલુ નથી કર્યા? એમાં મોટી કમાણી છે. જલદીથી એન્જિનિયરિંગ અને એમબીએ કોચિંગ માટેની પ્રપોઝલ તૈયાર કરી નાખો. ઓ.કે.?' મારો અવાજ ઊંચો જવા લાગ્યો.

'તમારી તબિયત તો સારી છેને?' ડીને પૂછ્યું.

'તમે મારી વાત સાંભળો છો કે નહીં? મને મારા ટેબલ પર કાલે ને કાલે આ નવી પ્રપોઝલ જોઈએ.' હું ચીસ પાડી બેઠો.

'સારું.' ડીને જવાબ આપ્યો. એ મને ઘેર મૂકીને નીકળી ગયા.

હું સીધો ડાઈનિંગ રૂમમાં બાર તરફ ગયો. ઈન્સ્પેક્ટર્સ માટે બ્લેક લેબલ વ્હીસ્કીની બૉટલ્સ લઈ આવેલા, એમાંથી ખોલીને મેં ગ્લાસ છલોછલ ભરી દીધો. એમાં સોડા કે પાણી ઉમેરવાની જગ્યા નહોતી બચી.

'સાહેબ, તમે ક્યાં હતા?' કામવાળી બાઈએ રૂમમાં આવીને પૂછ્યું.

'કામે ગયેલો.' મેં ગ્લાસમાંથી ઘૂંટ ભર્યો. વ્હીસ્કી આજે બહુ કડવી લાગી, પણ હું ગટગટાવી ગયો.

'જમવાનું?' બાઈએ પૂછ્યું અને મારી ના સાંભળીને જતી રહી.

મેં બુકશેલ્ફ પાસે જઈને ત્યાં મૂકેલી સ્ક્રેપબુક હાથમાં લીધી. વ્હીસ્કીનો બીજો ગ્લાસ ભર્યો. એક શ્વાસે એમાંથી અડધી ગળે ઉતારી ગયો, પણ પછી મારા પેટે બળવો પોકાર્યો.

હું જમીન પર ઢગલો થઈ ગયો. માથા નીચે સ્ક્રેપબુક રાખીને મેં આંખો મીંચી દીધી.

ઉપસંહાર

મેં હૉસ્પિટલની ઘડિયાળમાં જોયું. સવારના છ વાગી ગયેલા.

'તો દારૂ પીને આમ ઢળી પડવાની તમારી જૂની આદત છે.' મેં કહ્યું.

ગોપાલ થોડું શરમાળ લાગતું સ્મિત આપતાં બોલ્યો, 'જિંદગીમાં એવું પહેલી વાર ને એક જ વાર બનેલું. અને હા, કાલે રાતે તમારી સામે બીજી વાર થયું.'

મેં ગોપાલ સામે જોયું. એની ઉંમરના હિસાબે પહેલી નજરે એ કોઈ વિદ્યાર્થી જેવો લાગતો હતો, પણ પછી સહેજ ધ્યાનથી જુઓ તો એ યુવાનના ચહેરા પર માઠા, કડવા અનુભવોએ કરેલું લીંપણ દેખાઈ આવે. જિંદગીએ ભણાવેલા અઘરા પાઠે ગોપાલને એની ઉંમરથી જાણે બહુ મોટો કરી દીધેલો.

'તો એક વર્ષ પહેલાં આરતી અને રાઘવનાં લગ્ન થઈ ગયાં.' હું બોલ્યો.

'એક વર્ષ ને વીસ દિવસ પહેલાં.' ગોપાલે મારી ભૂલ સુધારતાં કહ્યું.

'પછી શું થયું?' મેં પૂછ્યું.

'શુક્લાજી હજી જેલમાં છે. દર મહિને હું એમને મળવા જાઉં છું. સમજાવવાની કોશિશ કરું છું કે એ કૉલેજનો એમનો હિસ્સો મને વેચી દે, જેથી કરીને આ કૉલેજ આખેઆખી મારી થઈ જાય. એમને પણ અત્યારે પૈસાની જરૂર તો છે જ. જોઈએ, હવે શું થાય છે!'

'પણ રાઘવ અને આરતીનું શું થયું?'

'એમની સાથે મારો સંપર્ક નથી રહ્યો. હું કૉલેજમાં જ રહું છું. બે મહિના બાદ ચૂંટણી છે. રાઘવ એમાં વ્યસ્ત છે.'

'એટલે?'

'એ ચૂંટણી લડી રહ્યો છે. આખા શહેરમાં એનાં પોસ્ટર લાગી ગયાં છે.'

'કિસ્મતે સાથ આપ્યો હોત તો પોસ્ટર પર એની જગ્યાએ તમારો ચહેરો હોત. આ વિચાર નથી આવતો?' મેં પૂછ્યું.

ગોપાલે ખભા ઉછાળ્યા, 'મારા કરતાં એ વધુ સારો વિધાનસભ્ય પુરવાર થઈ જશે. ચૂંટણી જીતી ગયા બાદ વધુમાં વધુ હું શું કરવાનો હોત? બસ, વધુ પૈસા બનાવત, પણ રાઘવ જીત્યો, તો સમાજમાં કંઈ પરિવર્તન આવવાની આશા છે.'

'તમે બહુ ઉદાર છો.' મેં કહ્યું.

ગોપાલે સહેજ ટટ્ટાર બેસીને, શરીર પરથી ચાદર હટાવતાં કહ્યું, 'પણ તોય હું સારો માણસ તો નથી જ. બરાબરને?'

'મેં ક્યાં એવું કહ્યું?' હું બોલ્યો.

ગોપાલે માથું ધુણાવ્યું, 'મેં તો તમને પહેલેથી કહી દીધેલું કે તમારી વાર્તામાં હીરો બનવાની મારી લાયકાત નથી.'

હું ચૂપ રહ્યો.

'પણ વીલન તો બની શકુંને?' ગોપાલની આંખોમાં ચમક આવી ગઈ.

'ગોપાલ, હું માત્ર લોકો વિશે લખું છું. એમને હીરો કે વિલન જેવા ખાનામાં નથી ગોઠવતો. અંતે વાંચનારા નક્કી કરશે કે તમને નાયક ગણવા કે ખલનાયક?'

'રાઘવ મારાથી દસ ગણો સારો માણસ છે.'

'શું કામ જાતને નીચી પાડયા કરો છો?'

'ચેતનજી, દિલ પર હાથ રાખીને કહો, હું સારો માણસ ગણાઉં કે નહીં?'

મને સમજાયું કે ગોપાલ માટે મારા અભિપ્રાયની બહુ મોટી કિંમત હતી, પણ માત્ર બોલવા ખાતર કંઈ પણ સારું બોલી નાખવાનો શું અર્થ? મારે પ્રામાણિકભાવે જવાબ આપવો હતો, એટલે થોડી વાર વિચાર કર્યો.

'જવા દો. કોઈ જવાબ આપવાની જરૂર નથી. ચાલો, બહાર એક આંટો મારીએ.' ગોપાલ પથારીમાંથી ઊભો થતાં બોલ્યો. હવે એની તબિયતમાં સુધારો થયાનું લાગતું હતું. અમે હૉસ્પિટલના ગાર્ડનમાં ગયા.

'ગોપાલ, આજે મને એટલું વચન આપો કે બીજી વાર આટલો દારૂ નહીં પીઓ.' હું બોલ્યો.

'નહીં પીઉં.'

'અને, બીજું વચન આપો કે તમે કોઈ જીવનસાથી શોધી લેશો.'

'એ વચન તો કેમ કરીને આપું?'

'આરતી બહુ યાદ આવે છે? એની ખોટ સાલે છે?' મેં પૂછ્યું પણ ગોપાલે જવાબ ન આપ્યો.

'લગ્ન પછી એને મળેલા?'

ગોપાલે નકારમાં માથું ધુણાવ્યું. હવે મને ખ્યાલ આવ્યો કે ગોપાલને મેં, મને રમાડા હોટલ પર મૂકી જવાનું કહ્યું, ત્યારે એ શું કામ ખચકાયો હતો!

મેં પાછું રિસ્ટવૉચમાં જોયું. ફ્લાઈટ ઊપડવાને હવે માત્ર બે કલાક હતા. મારે હજી હોટલમાં જઈને સામાન પૅક કરવાનો હતો. સમયસર ઍરપૉર્ટ પહોંચવા માટે ખાસ્સી દોડાદોડી થઈ જવાની હતી.

ગોપાલ મને બહાર કાર સુધી મૂકવા આવ્યો, 'ક્રાંતિ, રિવૉલ્યુશન આવશે. દેશની પરિસ્થિતિ એક દિવસ નક્કી બદલાશે, સુધરશે.' ગોપાલ બોલ્યો.

'હા.' મેં કહ્યું.

'તમે પણ એના વિશે લખજો. ગંગાટૅક એક વાર મોટી થઈ જાય પછી હુંય સિસ્ટમને બદલવાની કોશિશ કરીશ. સાચું કહું છું લોકોને પૈસા ભરેલાં કવર આપી આપીને હવે મને પોતાને ત્રાસ થવા લાગ્યો છે.'

'આપણે બદલવું અને બદલાવું પડશે.' મેં કહ્યું.

'બલિદાન બધાએ આપવું પડશે.' ગોપાલ બોલ્યો.

'હા.' મેં કહ્યું અને ડ્રાઈવરે ગાડી સ્ટાર્ટ કરી. ગોપાલે હાથ હલાવ્યો, 'આવજો સર!'



હોટલ પર પહોંચીને મેં ઉતાવળે પૅકિંગ કર્યું. નીચે ઊતરીને ચેકઆઉટ માટે ગયો, ત્યાં સાડી પહેરીને ઊભેલી એક સુંદર યુવતીએ પૂછ્યું, 'સર, અહીંની મુલાકાત સારી રહીને?'

મેં એ સ્ટાફ મૅમ્બરના ખભા પર દેખાતું નેમટૅગ વાંચ્યું – આરતી કશ્યપ. ગેસ્ટ રિલેશન્સ ઑફિસર. મેં જવાબ આપ્યો, 'હા, બહુ યાદગાર રહી.'

'જાણીને આનંદ થયો, સર.' એણે સસ્મિતવદને કહ્યું.

મારી કાર કેન્ટોનમૅન્ટ વિસ્તારમાંથી બહાર નીકળી. ટ્રાફિક સિગ્નલ પર મેં એક મોટા રાજકીય પક્ષનું હોર્ડિંગ જોયું. દૂરથી એના પરનું લખાણ નહોતું વંચાતું, પણ એના પર તસવીર કોઈ યુવાન ઉમેદવારની લાગતી હતી. મેં ગોપાલને ફોન કર્યો.

'સર, અહીં બધું ઠીકઠાક છે. તમે ફ્લાઇટના સમયે પહોંચી જશોને?' એણે પૂછ્યું.

'હા... ગોપાલ?'

'જી?'

'તમે સારા માણસ છો.'



વાચકની નોંધ

વાચકની નોંધ